# પંચકલ્યાણક પ્રવચનો


(સોનગઢ, વીંછીયા, લાઠી અને રાજકોટમાં
થયેલા પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત્સવ
દરમિયાન પૂજ્ય ગુરુદેવશ્રીના
વિશિષ્ટ પ્રવચનો વગેરેનો સંગ્રહ)




મોક્ષકલ્યાણક




જ્ઞાનકલ્યાણક



તપકલ્યાણક



જન્મકલ્યાણક



ગર્ભકલ્યાણક



: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ નં.—૨૫૯

# પંચકલ્યાણક પ્રવચનો

(સોનગઢ, વીંછીયા, લાઠી અને રાજકોટમાં થયેલા પંચકલ્યાણક—પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન પૂજ્ય ગુરુદેવશ્રીના વિશિષ્ટ પ્રવચનો વગેરેનો સંગ્રહ

સહજ ચિદાનંદ.

: પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ—૩૬૪૨૫૦

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પ્રથમ આવૃત્તિ　　　　પ્રત : ૫૦૦　　　　ઈ.સં. : ૨૦૧૭

પંચકલ્યાણક–પ્રવચનો (ગુજરાતી)ના

**✽ સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા ✽**

**ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
**મલાડ (મુંબઈ)**

પંચકલ્યાણક–પ્રવચનો (ગુજરાતી)ના

**✽ સ્થાયી કિંમત ઘટાડનાર પુરસ્કર્તા ✽**

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,**
**જલગાંવ (મહારાષ્ટ્ર)**


સહજ ચિદાનંદ.

**કિંમત રૂા. ૩૦=૦૦**

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
સોનગઢ (સૌરાષ્ટ્ર)
Mo : 09824944401

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# અર્પણ




અહો ! પોતાના પુનિત પ્રભાવ દ્વારા જેમણે અનેક મુમુક્ષુઓને મોક્ષમાર્ગમાં પ્રેર્યા છે.... અને ભ્રષ્ટ થતા અનેક જીવોને વાત્સલ્યપૂર્વક ફરી સન્માર્ગમાં દઢપણે સ્થાપિત કર્યા છે.... એવા આ ત્રિકાળ મંગળસ્વરૂપ પવિત્ર આત્મા પૂજ્ય ગુરુદેવશ્રીના કરકમળમાં આ 'પંચકલ્યાણક પ્રવચનો' અર્પણ કરતાં અતિ આનંદ થાય છે.

## હે કૃપાનિધિ ગુરુદેવ !

આપ આત્માર્થી જીવોનાં હૃદયના આરામ....અને જીવનના આધાર છો...આપના જ પુનિત પ્રતાપે સૌરાષ્ટ્રમાં જિજ્ઞાસુ ભક્તોને જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણક મહોત્સવો નજરે નિહાળવાનું સૌભાગ્ય પાંચવાર સાંપડ્યું છે....અને આપના જ પરમ પરમ પ્રતાપથી અમને અહીં શ્રી સીમંધરાદિ જિનેન્દ્ર ભગવંતોનો ભેટો થયો છે.....આવા આવા સર્વ મંગલ પ્રસંગોમાં આપનો જ મહાન ઉપકાર છે....આપ અમારા આત્મઉદ્ધારક છો....આથી અમારા અંતરમાંથી પોકાર ઉઠે છે કે.....

॥ સ્વસ્તિ શ્રી સદ્‌ગુરવે ॥

# પ્રસ્તાવના

અહો જિનેન્દ્રના પંચકલ્યાણક! શ્રી જિનેન્દ્રદેવના પંચકલ્યાણકનો મંગલ મહોત્સવ તે દુનિયાના સમસ્ત માંગલિક–મહોત્સવોમાં સર્વોત્તમ છે....એ પંચકલ્યાણકો સંસારમાંથી જીવોને ઓછા કરે છે ને મુક્તજીવોમાં વૃદ્ધિ કરે છે. એ પંચકલ્યાણક પ્રસંગે આખાય વિશ્વને પાવન કરતો દિવ્યપ્રકાશ સર્વત્ર ફેલાય છે....

મંગલ–આત્મા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે, સૌરાષ્ટ્રમાં એવા પંચકલ્યાણકના મંગલ મહોત્સવો ઊજવવાનું અને નિહાળવાનું સૌભાગ્ય ભારતના મુમુક્ષુઓને પાંચ વાર સાંપડ્યું છે.

–પંચકલ્યાણકનો પહેલો મહોત્સવ ઉજવાયો સોનગઢમાં–સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા સમયે (વીર સં. ૨૪૬૭માં)

બીજો મહોત્સવ પણ સોનગઢમાં ઊજવાયો,–સમવસરણમાં સીમંધર ભગવાનની (તેમ શ્રી કુંદકુંદાચાર્યપ્રભુની) પ્રતિષ્ઠા સમયે (વીર સં. ૨૪૬૮માં)

બાકીનાં ત્રણ મહોત્સવો વીંછીયા, લાઠી અને રાજકોટમાં પ્રતિષ્ઠા વખતે ઊજવાયા (વીર સં. ૨૪૭૫-૬માં)

અહો, એ પંચકલ્યાણકનાં પાવન દૃશ્યો! એ પ્રસંગનો મહિમા....એનો ઉલ્લાસ....નો એની ગંભીરતા..... તો નજરે નિહાળનાર જ જાણે, ખરેખર એ પંચકલ્યાણકનાં દૃશ્યો જોવાનું સૌભાગ્ય મળ્યું એ મુમુક્ષુઓનાં મહા સુભાગ્ય છે.... એ પંચકલ્યાણક જોયા પછી ઉલ્લાસમાન ભક્તોને તો એમ તાલાવેલી થાય છે કે અહા...તીર્થંકરપ્રભુના પંચકલ્યાણકોને નજરે ક્યારે નિહાળીએ?

સોનગઢ–પંચકલ્યાણકમાં પ્રભુજીના જન્મ, દીક્ષા વગેરે પ્રસંગે

મસ્ત હાથી ઉપર ધર્માત્મા બેઠા હોય....ને જિનેન્દ્રદેવની રથયાત્રા નીકળતી હોય–એવા એવા ભવ્ય પ્રસંગના મંગલદશ્યો જિનમંદિરમાં દેખી દેખીને આજે ફરીને એ પવિત્ર પ્રસંગો નીરખવાનું મન થયા વિના રહેતું નથી.

સૌરાષ્ટ્રમાં પાંચ વખત થયેલા પંચકલ્યાણક મહોત્સવમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ આધ્યાત્મિક ઉપદેશ દ્વારા જે પરમ કલ્યાણકારી અમૃતવર્ષા વરસાવી છે તેમાંથી કેટલીક આ પુસ્તકમાં ભરી છે.... એ ઉપરાંત તે મહોત્સવની થોડીઘણી યાદગીરીનો પણ 'મહોત્સવનાં સંસ્મરણો' તરીકે આમાં સમાવેશ કર્યો છે. એકંદર આ પુસ્તકમાં પંચકલ્યાણકના સુંદર સંસ્મરણો અને એ ઉપરાંત પંચકલ્યાણક પ્રસંગના ભક્તિપ્રેરક દશ્યો.....અપાયા છે. એ રીતે પંચકલ્યાણક મહોત્સવ સંબંધી એક સુંદર સંગ્રહ આ પુસ્તકમાં થયો છે.

પાંચ વખત પંચકલ્યાણક પ્રતિષ્ઠા દ્વારા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર હસ્તે એકંદર ૯૩ વીતરાગી જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ છે.....અને એ સમવસરણના ચૌમુખી પ્રતિમાજીની ચાર મુદ્રા ભિન્ન ભિન્ન ગણીએ તો પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તે ૧૦૦ વીતરાગી જિનમુદ્રાની પ્રતિષ્ઠા થઈ છે. તથા સોનગઢમાં સીમંધરપ્રભુના સમવસરણમાં પરમ ગુરુ શ્રી કુંદકુંદપ્રભુજીના પ્રતિમાજીની પ્રતિષ્ઠા પણ તેઓશ્રીના મંગલ હસ્તે થઈ છે. એ ઉપરાંત સોનગઢમાં શ્રી જૈન સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન વીર સં. ૨૪૬૪ના વૈશાખ વદ આઠમે થયું તે પ્રસંગે તેમાં મહાન પરમાગમ શ્રી સમયસારજીની વિધિપૂર્વક સ્થાપના પૂજ્ય ભગવતી બેનશ્રી ચંપાબેનના સુહસ્તે થઈ છે.

આ રીતે, મૂળનાયક શ્રી સીમંધરપ્રભુ જેવા વિદ્યમાન દેવાધિદેવ, શ્રી કુંદકુંદાચાર્યપ્રભુ જેવા પરમ ગુરુ અને શ્રી સમયસાર જેવું મહાન પરમાગમ શાસ્ત્ર–એ ત્રણેની સુપ્રતિષ્ઠાના ત્રિવેણીસંગમથી

સોનગઢ એક અજોડ તીર્થધામ તરીકે શોભી રહ્યું છે. આ બધા ઉપરાંત સૌથી મોટી વિશેષતા એ છે કે પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના સાક્ષાત્ કલ્યાણકારી અમોઘ ઉપદેશનો મહાન લાભ સોનગઢમાં નિરંતર મળી રહ્યો છે. દૂરદૂરના હજારો જિજ્ઞાસુઓ એ લાભ લેવા આવે છે ને પોતાને ધન્ય સમજે છે.... તથા જ્યાં જાય ત્યાં કહે છે કે : दूसरी सब जगह तो चाहे जाना बने या न बने लेकिन सोनगढ तो अवश्य जाना।

શ્રી વીતરાગ ભગવાનનાં દર્શન અને સમ્યક્ ઉપદેશનું સીધું શ્રવણ—એ બંનેનો યથાર્થ સુમેળ આજે ક્યાંય પ્રગટપણે જો દેખાતો હોય તો તે સોનગઢમાં છે...એ જાગૃત તીર્થની યાત્રા દરેક જિજ્ઞાસુઓએ જરૂર કરવી જોઈએ.

શ્રી દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના દર્શાવતા...તથા તેમનું સ્વરૂપ સમજાવતા....આ ગ્રંથની સ્વાધ્યાય દ્વારા જિજ્ઞાસુ જીવો દેવ-ગુરુ-ધર્મનું સત્યસ્વરૂપ સમજો અને તેમની પ્રભાવનામાં વૃદ્ધિ કરો.....

ચૈત્ર પૂર્ણિમા
વીર સં. ૨૪૭૭
સોનગઢ

વકીલ રામજી માણેકચંદ દોશી
પ્રમુખ
શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ

સહજ ચિદાનંદ.



# પ્રકાશકીય નિવેદન

પૂજ્ય ગુરુદેવશ્રીના સાતિશય પુનિત પ્રભાવથી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વીતરાગ દિગંબર જૈનધર્મના પ્રચાર-પ્રસારનું એક અમિટ આંદોલન પ્રસરી ગયું. તેઓશ્રીએ પોતાના સ્વાનુભવમુદ્રિત સમ્યક્ત્વપ્રધાન સદ્ઉપદેશથી શ્વેતામ્બર બહુલ પ્રદેશમાં રહી હજારો સ્થાનકવાસી-શ્વેતાંબરોની શ્રદ્ધામાં પરિવર્તન આવ્યું. ગામે ગામ દિગંબર જિનમંદિરો, સ્વાધ્યાયમંદિર મંગલ પ્રતિષ્ઠાઓ થવા લાગી. પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લેવા મુમુક્ષુઓનો ધોધ સોનગઢ આવવાં લાગ્યો.

આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સાતિશય પ્રતાપે સોનગઢનું સૌમ્ય શીતળ વાતાવરણ આત્માર્થીઓને આત્મસાધનાલક્ષી આધ્યાત્મિક પ્રવૃત્તિઓની મધુર સુગંધથી મઘમઘી રહ્યું છે.

આ પુસ્તકમાં વીંછીયા, રાજકોટ, લાઠી, સોનગઢ(સીમંધર ભગવાન જિનમંદિર), સોનગઢ (સમવસરણ મંદિર)ની પ્રતિષ્ઠા વખતે પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલ પ્રવચનોનું સંકલન છે. આ પ્રવચનોનું સંકલન મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીએ કરેલ છે.

આ પંચકલ્યાણક પ્રવચનના પઠનથી મુમુક્ષુ જીવો સમ્યક્ ઉપદેશ ગ્રહણ કરી પોતાનો મનુષ્યભવ સાર્થક કરે એ જ ભાવના સાથે...

પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૨૮મો
જન્મજયંતી મહોત્સવ
તા. ૨૮-૪-૨૦૧૭

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ

# અનુક્રમણિકા

## વીંછીયા પંચકલ્યાણક

અશુદ્ધ ઉપયોગ તે અધર્મ શુદ્ધ ઉપયોગ તે ધર્મ ............................. ૪
ધર્મી જીવની ભાવના ........................................................ ૨૪
વીંછીયાના વનમાં વૈરાગ્યભાવના ......................................... ૩૯
અરિહંતદેવના દિવ્યધ્વનિનો સાર ......................................... ૪૨
ભવક્લાંત જીવોનો વિસામો ................................................. ૬૪
વીંછિયામાં થયેલા પંચકલ્યાણક મહોત્સવનાં સંસ્મરણો .................. ૭૬

## રાજકોટ પંચકલ્યાણક

અનાદિનું અજ્ઞાન ટળીને ભેદજ્ઞાન કઈ રીતે થાય ? ....................... ૮૮
ધર્મીનું કાર્ય શું અને અધર્મીનું કાર્ય શું ? ................................... ૯૫
ભગવાનની દીક્ષા અને મુનિદશા ......................................... ૧૦૪
અરિહંત ભગવાને કરેલો સ્વતંત્રતાનો ઉપદેશ .......................... ૧૧૨
મુક્તિનો ઉપાય : ભેદજ્ઞાન ............................................... ૧૨૪
રાજકોટમાં થયેલ પંચકલ્યાણક મહોત્સવનાં સંસ્મરણો ................ ૧૩૪

## લાઠી પંચકલ્યાણક

કઈ પ્રવૃત્તિથી જીવને ધર્મ થાય ? ........................................ ૧૪૬
અનંત જન્મ-મરણમાં રખડાવનારી મોહની ગાંઠ ક્યારે છૂટે ? ........ ૧૫૯
જ્ઞાનસમુદ્રમાં ઊછળતા વૈરાગ્યતરંગો .................................. ૧૭૩
દુંદુભીના દિવ્યનાદ વચ્ચે ભગવાનના દિવ્યધ્વનિની ઘોષણા .......... ૧૯૦
જિનવરતુલ્ય જિનપ્રતિમા ................................................. ૨૧૨
લાઠીમાં થયેલા પંચકલ્યાણક મહોત્સવનાં સંસ્મરણો .................. ૨૧૭

## સોનગઢ પંચકલ્યાણક (જિનમંદિર)

સીમંધરનાથની પ્રતિષ્ઠા ................................................... ૧૧૪
ભગવાનના ભક્તના હૃદયમાં ઊછળતી ભક્તિની લહરીઓ .......... ૨૩૦
વીતરાગના ભક્ત કેવા હોય ? .......................................... ૨૪૭

શ્રી સીમંધરનાથની પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી વહેલી
ભક્તિ-સરિતા ........................................................ ૨૫૯
ભગવાનની ભાવના કોને જાગે ? ........................................ ૨૭૧
પ્રકાશ પહેલાંની સંધ્યા ................................................ ૨૭૨
જેનાથી જન્મમરણનો નાશ થાય એવી ભગવાનની ભક્તિ ............ ૨૭૩
કોનું નામ વીતરાગનો ભક્ત ? .......................................... ૨૭૪
વીતરાગમુદ્રિત જિનપ્રતિમા .............................................. ૨૭૫
ભક્તો કહે છે—'અમને ભગવાન ભેટ્યા.....' ........................ ૨૭૭
ભગવાનની વ્યવહારસ્તુતિ પણ કોને હોય ? ............................ ૨૭૯
ભગવાનનો ભક્ત શું કરે....? ............................................ ૨૮૧
ભગવાનનાં દર્શન ........................................................ ૨૮૨
સાચી ભક્તિનું ફળ મુક્તિ ................................................ ૨૮૩
સોનગઢમાં થયેલા પંચકલ્યાણક મહોત્સવનાં સંસ્મરણો .............. ૨૮૬

## સોનગઢ પંચકલ્યાણક (સમવસરણ)

સમવસરણ પ્રતિષ્ઠા મહોત્સવના સંસ્મપણો ............................ ૨૯૫
સમવસરણમાં બિરાજમાન સીમંધર જિનેન્દ્રની સ્તુતિ ................ ૨૯૯
સીમંધરભગવાનના સમવસરણમાં શ્રી કુંદકુંદાચાર્યદેવ
ગયેલા તે પ્રસંગનું વર્ણન ................................................ ૩૦૨
વિદ્યમાન તીર્થાધિપતિસીમંધર ભગવાન
(પ્રભુજીના સંબંધમાં જાણવાયોગ્ય કેટલીક વિગતો) .................. ૩૦૪
પૂ. ગુરુદેવશ્રીના શુભહસ્તે પ્રતિષ્ઠિત થયેલા
૯૭ વીતરાગી જિનબિંબો ................................................ ૩૦૮



# જયવંતો જિનબિંબ જગતમેં

જયવંતો જિનબિંબ જગતમેં, જિન દેખત નિજ પાયા હૈ,
વીતરાગતા લખ પ્રભુજીકી, વિષયદાહ વિનશાયા હૈ;
પ્રગટ ભયો સંતોષ મહા ગુણ, મન થિરતામેં આયા હૈ,
જયવંતો જિનબિંબ જગતમેં, જિન દેખત નિજ પાયા હૈ,

અતિશય જ્ઞાન-શરાસનપૈ ધરિ, શુક્લધ્યાન શર બાયા હૈ,
હનિ મોહ-અરિ ચંડ ચૌકડી, જ્ઞાનાદિક ઉપજાયા હૈ;
જયવંતો જિનબિંબ જગતમેં, જિન દેખત નિજ પાયા હૈ.

વસુવિધિ અરિ હરિકર શિવથાનક, થિર સ્વરૂપ ઠહરાયા હૈ,
સો સ્વરૂપ શુચિ સ્વયંસિદ્ધ પ્રભુ, જ્ઞાનસ્વરૂપ મન ભાયા હૈ;
જયવંતો જિનબિંબ જગતમેં, જિન દેખત નિજ પાયા હૈ.

યદપિ અચેત તદપિ ચેતન કો, ચિતસ્વરૂપ દિખલાયા હૈ;
કૃતકૃત્ય જિનેશ્વર-પ્રતિમા પૂજનીય ગુરુ ગાયા હૈ;
જયવંતો જિનબિંબ જગતમેં, જિન દેખત નિજ પાયા હૈ.

ॐ

# પંચકલ્યાણક—પ્રવચનો

## (૧)

## વીંછીયા—પ્રતિષ્ઠા-
## મહોત્સવનાં પ્રવચનો


૧. ગર્ભકલ્યાણક પ્રવચન.....

૨. જન્મકલ્યાણક પ્રવચન.....

૩. દીક્ષાકલ્યાણક પ્રવચન.....

૪. જ્ઞાનકલ્યાણક પ્રવચન.....

૫. નિર્વાણકલ્યાણક પ્રવચન.....

મહોત્સવનાં સંસ્મરણો.....

# ભવથી નીવેડા


આ ચોરાશીના અવતારનો જેને ભય લાગ્યો હોય તે આત્માના શરણને શોધે. તે અંતરમાં એમ વિચારે કે અરેરે! શું ભવ જ કરવાનો મારો સ્વભાવ હશે! ભવરહિત શાંતિ ક્યાંય હશે? જેને અંતરમાં થાક લાગ્યો હોય તે વિસામો શોધે.

શ્રી ગુરુદેવ પરમ કરુણાથી કહે છે કે બાપુ! જો ભવભ્રમણથી તું થાક્યો હો તો તારા આત્મામાં શરણને શોધ. તારો આ આત્માને ઓળખીને તેનું જ શરણ કર. એ સિવાય બહારમાં બીજું કોઈ તને શરણરૂપ થાય તેમ નથી.

સૌથી પહેલાં સત્સમાગમે આત્માની સાચી સમજણ કરવી તે શુદ્ધોપયોગનું કારણ છે. અનંતકાળમાં જીવે બધું કર્યું છે પણ આત્માની સાચી સમજણ કદી કરી નથી. આત્માની સાચી સમજણ અપૂર્વ છે. જો એક સમય પણ આત્માને ઓળખે તો મુક્તિનો રસ્તો થયા વગર રહે નહિ. આજ સમજે...કાલ સમજેકે બે–પાંચ ભવે સમજે, પણ આ સમજ્યા વગર કદી ભવથી નીવેડા આવે તેમ નથી.

—વીંછીયા : પંચકલ્યાણક પ્રવચનોમાંથી

❀






શ્રી ચંદ્રપ્રભસ્વામીનું સનાતન જૈન મંદિર

વીંછિયા

# ૧ અશુદ્ધ ઉપયોગ તે અધર્મ શુદ્ધ ઉપયોગ તે ધર્મ

(શ્રી વીંછિયામાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન વીર સં. ૨૪૭૫ના ફાગણ સુદ ૪ના રોજ પ્રભુશ્રીના ગર્ભકલ્યાણક પ્રસંગે શ્રી પ્રવચનસાર ગાથા ૧૫૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

## (૧) કલ્યાણનો માર્ગ

જુઓ, આ પંચકલ્યાણક મહોત્સવના દિવસો છે. ખરેખર તો, સર્વજ્ઞ ભગવાન કેવા હોય અને તેમણે આત્માનું કેવું સ્વરૂપ કહ્યું છે તે ઓળખીને પોતાના આત્માનું ભાન પ્રગટ કરવું તે જ મહોત્સવ છે, તથા તે જ કલ્યાણનો માર્ગ છે. સુપાત્ર જીવોને દેવ-ગુરુ-ધર્મની ભક્તિ-પ્રભાવના તેમજ જિનમંદિર બંધાવવા વગેરેનો શુભભાવ હોય છે, પણ ત્યાં એકલા રાગનો હેતુ નથી, તેનું લક્ષ તો અંતરમાં વીતરાગભાવ પોષવાનું હોય છે. આત્માનો સ્વભાવ રાગરહિત છે, તે સ્વભાવના લક્ષ વગર પંચકલ્યાણક વગેરેના શુભભાવ જીવે પૂર્વે ઘણીવાર કર્યા ને તેમાં ધર્મ માની લીધો. પણ આત્માના ભાન વગર તેનું ભવભ્રમણ મટ્યું નહિ. અહીં તો આત્માનું અપૂર્વ ભાન પ્રગટીને ભવભ્રમણ કેમ મટે તેની વાત છે.

## (૨) અશુદ્ધોપયોગનું ફળ સંસાર; શુદ્ધોપયોગનું ફળ મોક્ષ

પોતાના રાગરહિત જ્ઞાનસ્વભાવના ભાન વગર અનાદિથી રાગ-દ્વેષ અજ્ઞાનભાવનો કર્તા થઈને આત્મા સંસારમાં રખડે છે. આત્માનું ભાન કરીને શુદ્ધોપયોગ પ્રગટ કરવાથી તે રખડવાનું ટળે છે. અશુદ્ધોપયોગ તે સંસારનું કારણ છે ને શુદ્ધ ઉપયોગ તે મુક્તિનું કારણ છે; તેથી ધર્મી જીવ તે અશુદ્ધોપયોગનો વિનાશ કરીને શુદ્ધોપયોગથી આત્મામાં જ લીન રહેવાની ભાવના કરે છે, તેનું વર્ણન આ ૧૫૯મી ગાથામાં કર્યું છે.

આત્મા સ્વયંસિદ્ધ અસંયોગી ચીજ છે, કોઈ ઈશ્વરે તેને ઉત્પન્ન કર્યો નથી અને તે નાશ થઈને કોઈ સંયોગોમાં ભળી જાય તેવો નથી. આત્મા સ્વતંત્ર ચૈતન્ય સ્વભાવની મૂર્તિ છે; પરદ્રવ્યના લક્ષે તેને જે શુભ કે અશુભ ઉપયોગ થાય તે બંધન છે, અશુદ્ધ ભાવ છે, તે આત્માના ધર્મનું કારણ નથી. શુભ કે અશુભ બંને ભાવોથી આત્માના સ્વભાવની ખીલવટ થતી નથી પણ બંધન થાય છે અને તેનાથી આત્માને શરીરાદિ પરદ્રવ્યોનો સંયોગ એટલે કે સંસાર થાય છે. શુભઅશુભ રાગરહિત આત્માના સ્વભાવની ઓળખાણ કરીને તેમાં રમણતા કરવી તે શુદ્ધોપયોગ છે, તે જ ધર્મ છે અને તે મોક્ષનું કારણ છે. અશુદ્ધ ઉપયોગ પરદ્રવ્યને અનુસરીને થાય છે અને તેના ફળમાં પણ પરદ્રવ્યનો જ સંયોગ થાય છે; શુદ્ધ ઉપયોગ સ્વદ્રવ્યને અનુસાર થાય છે ને તેના ફળમાં મુક્તદશા પ્રગટે છે.

## (૩) શુદ્ધઉપયોગ તે જ ધર્મ

શરીર અને કર્મ તો અજીવતત્ત્વ છે, તેમાં જીવનો ધર્મ નથી; હિંસા, ચોરી, કુસંગ વગેરે ભાવો તે પાપતત્ત્વ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, જીવોની દયા વગેરે ભાવો તે પુણ્યતત્ત્વ છે, તે પુણ્ય-પાપ તત્ત્વોમાં પણ જીવનો ધર્મ નથી. શુદ્ધજ્ઞાનમય જીવતત્ત્વના આશ્રયે જે સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે જ ધર્મ છે. અનાદિકાળથી જીવ સંસારમાં રખડી રહ્યો છે, તેમાં અનંતકાળે આ મનુષ્યદેહ પામીને જો આત્મા તરફ વલણ નહીં કરે અને અત્યારે સત્ નહિ સમજે, તો જન્મ-મરણનો અંત લાવવાની શરૂઆત પણ થશે નહિ. પુણ્ય-પાપરહિત ત્રિકાળી ચૈતન્યમૂર્તિ આત્મસ્વભાવની ઓળખાણ કરીને તેની રુચિ-પ્રતીત અને રમણતા કરવી તે જ શુદ્ધોપયોગ છે અને તે શુદ્ધોપયોગ જ મુક્તિનું કારણ છે. દેવ-ગુરુ વગેરે પરની ભક્તિનો શુભભાવ કે પરના અવિનયનો અશુભભાવ તે બંનેમાં પર તરફનું વલણ છે તેથી તે બંને ઉપાધિભાવ છે, તેમાં ધર્મ નથી.

## (૪) પ્રભુ! તારી ચૈતન્ય જાત!

પ્રભુ! તારી ચૈતન્ય જાત શું છે તે અહીં બતાવાય છે. જે આત્માઓ અંતર્સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતા દ્વારા રાગ-દ્વેષ ટાળીને પૂર્ણ પરમાત્મા થયા તે આત્માઓ જેવી જ તારી જાત છે, તેમનામાંથી રાગ-દ્વેષ ટળ્યા તેથી રાગ-દ્વેષ તે તારી જાત નથી, જેમ પાણીનો મૂળ સ્વભાવ ઠંડો છે, ઉષ્ણતા તેનું સ્વરૂપ નથી, તેમ આત્મામાં જે રાગ-દ્વેષની લાગણી થાય તે તેનું મૂળસ્વરૂપ નથી, મૂળસ્વરૂપ તો સિદ્ધસમાન પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ, રાગ-દ્વેષ રહિત છે. બહારના લક્ષે થતા શુભાશુભ ભાવથી બાહ્ય સંયોગ મળે પણ સ્વભાવ ન મળે. રાગ કે અશુભભાવ આત્માને આકુળતારૂપ દુઃખનું જ કારણ છે. શુભાશુભભાવ પરદ્રવ્યના સંયોગનું કારણ છે એમ કહેવું તે ફક્ત નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું કથન છે.

## (૫) બંધનભાવ અને ધર્મભાવ

પુણ્ય અને પાપ બંને સંયોગી ભાવો છે, તેનાથી નવું બંધન થાય છે. જે ભાવે આત્માને નવું બંધન થાય તે ભાવ ધર્મ ન હોય, જે ભાવધર્મ હોય તે નવા બંધનનું કારણ થાય નહિ. જો ધર્મભાવથી પણ બંધન થતું હોય તો જેમ જેમ ધર્મ વધતો જાય તેમ તેમ આત્માને બંધન પણ વધતું જાય. તો પછી આત્માની મુક્તિ ક્યારે થાય? માટે ધર્મ કદી બંધનનું કારણ થાય નહિ. તેમજ શુભ રાગભાવ તે બંધનનું કારણ છે, તેનાથી ધર્મ થાય નહિ. જો રાગભાવ ધર્મનું કારણ થતું હોય તો તો જેમ જેમ રાગ વધે તેમ તેમ ધર્મ પણ વધતો જાય, એટલે કેવળી ભગવાનને ઘણો રાગ થઈ જાય! પરંતુ એમ કદી બને નહિ. જે ભાવથી બંધન થાય તે ભાવથી ધર્મ નહિ અને જે ભાવથી ધર્મ થાય તે ભાવથી બંધન નહિ. જે ભાવે તીર્થંકરનામકર્મનું બંધન થાય તે ભાવ પણ આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ છે. બંધનભાવ છે. ને ચોખ્ખા શબ્દથી કહીએ તો તે અધર્મભાવ છે, કેમકે ધર્મભાવ વડે કર્મનું બંધન થાય નહિ.

## (૬) અંશે અધર્મ અને આખો અધર્મ

કોઈ કહે કે તીર્થંકર નામકર્મ બંધાયું તે ભાવમાં અંશે તો ધર્મ છે ને?—તો કહે છે કે ના; તીર્થંકરનામકર્મ જે ભાવે બંધાય તે ભાવ અંશે ધર્મ નથી પણ અંશે અધર્મ છે. અહીં 'અંશે અધર્મ' શા માટે કહ્યો? તેનો ખુલાસો : જે રાગભાવે તીર્થંકરનામકર્મ બંધાયું તે રાગભાવ તો અધર્મ જ છે, તેમાં કોઈ ધર્મનો અંશ નથી. પરંતુ તીર્થંકરનામકર્મ સમ્યગ્દષ્ટિને જ બંધાય છે, શુભરાગ વખતે સમ્યગ્દષ્ટિને આત્માનું યથાર્થ જ્ઞાન—શ્રદ્ધાન્ છે તેટલે અંશે ધર્મ છે ને જેટલો રાગ છે તેટલો અધર્મ છે. એ રીતે રાગ વખતે પણ તેની સાથે જ્ઞાનીને—સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ ધર્મના અંશો છે તે બતાવવા તેને રાગને 'અંશે અધર્મ' કહ્યો છે; રાગ વખતે તેમને મિથ્યાત્વરૂપ અધર્મ નથી તેથી તેને 'અંશે અધર્મ' કહ્યો; અને મિથ્યાદૃષ્ટિ તો તે રાગને જ ધર્મ માને છે તેથી તેને 'અંશે અધર્મ' નથી, પણ તેને તો આખે આખો અધર્મ છે, ધર્મ જરા પણ નથી.

## (૭) અશુદ્ધ ઉપયોગ તે અધર્મ; શુદ્ધ ઉપયોગ તે ધર્મ

સાચા દેવ-ગુરુની ભક્તિ, જીવોની અનુકંપા વગેરેનો ભાવ તે શુભભાવ છે, અને સાચા દેવ-ગુરુથી વિરુદ્ધ એવા કુમાર્ગની શ્રદ્ધા, કુશ્રવણ, કુવિચાર, કુસંગ તથા વિષય-કષાય વગેરે ભાવો તે અશુભભાવ છે. આ શુભ તે અશુભ બંને ભાવો આત્માને પરદ્રવ્યના સંયોગનું કારણ છે તેથી તે અધર્મ છે,—અશુદ્ધભાવ છે અને તે શુભ-અશુભભાવોથી રહિત થઈને આત્માના ધ્યાનમાં લીન થવું તે શુદ્ધભાવ છે, તે ધર્મ છે ને તે આત્માને મુક્તિનું કારણ છે. તેથી અશુદ્ધ ઉપયોગનો વિનાશ કરવા માટે અને શુદ્ધોપયોગથી આત્મામાં લીન રહેવા માટે ધર્મી જીવ કેવો અભ્યાસ કરે છે તેનું શ્રી આચાર્ય ભગવાન વર્ણન કરે છે :—

મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને
શુભમાં અયુક્ત હું 'ધ્યાઉં' છું નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯.

'અન્યદ્રવ્યમાં મધ્યસ્થ થતો હું અશુભોપયોગ રહિત થયો થકો તેમજ શુભોપયુક્ત નહિ થયો થકો જ્ઞાનાત્મક આત્માને ધ્યાઉં છું.— આ પ્રમાણે પરદ્રવ્યના સંયોગનું કારણ જે અશુદ્ધોપયોગ તેના વિનાશ માટે જ્ઞાની અભ્યાસ કરે છે. અહીં મુખ્યપણે મુનિની વાત છે.

## (૮) ધર્મ અને ધર્મનું મૂળ

આ જ્ઞેય-અધિકાર છે. શ્રી જયસેનાચાર્યદેવે આને દર્શનશુદ્ધિનો અધિકાર પણ કહ્યો છે. સમ્યગ્દર્શન તે ધર્મનું મૂળ છે, ને ચારિત્ર તે સાક્ષાત્ ધર્મ છે. તે ચારિત્ર કોઈ બાહ્ય ક્રિયાકાંડમાં નથી પણ આત્મામાં મોહ અને ક્ષોભરહિત વીતરાગી સામ્યભાવ પ્રગટે તે ચારિત્ર છે. વ્રત અને અવ્રત રહિત આત્માનો વીતરાગભાવ તે ચારિત્રધર્મ છે; તેનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર કદી ચારિત્રધર્મ હોતો નથી. જગતના બધા પદાર્થો જ્ઞેય છે, ને તે બધાને જાણનાર મારો જ્ઞાનસ્વભાવ છે; એ પ્રમાણે જ્ઞેયપદાર્થની પ્રતીત સાથે પોતાના પૂર્ણ જ્ઞાનસ્વભાવની પ્રતીત પણ આવી જાય છે, એટલે જ્ઞેય અધિકારમાં દર્શનશુદ્ધિનું વર્ણન પણ સમાઈ જાય છે. જે દર્શનશુદ્ધિ પ્રગટી તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. દર્શનશુદ્ધિ પોતે પોતાને જાણતી નથી પણ જ્ઞાન જ તેને જાણે છે.

## (૯) જ્ઞેયજ્ઞાયકસ્વભાવ

આત્મામાં જ્ઞાન સ્વભાવ છે એટલે તે બધાને જાણનાર છે. અને દરેક પદાર્થમાં પ્રમેયત્વ ગુણ છે એટલે કે બધા પદાર્થો જ્ઞાનમાં જણાવાયોગ્ય–જ્ઞેય છે. આ આત્મા પોતે જ્ઞાનરૂપ પણ છે ને જ્ઞેયરૂપ પણ છે. આત્માના જ્ઞાનમાં બધા પદાર્થો જણાય એવો સ્વભાવ છે. પદાર્થોનો સ્વભાવ એવો છે કે તે જ્ઞાનમાં જણાય, અને જ્ઞાનનો સ્વભાવ એવો છે કે તે પદાર્થોને જાણે. આત્માને પર સાથે આવો

જ્ઞેયજ્ઞાયક સંબંધ જ છે. એ સિવાય આત્મા પરમાં કાંઈ કરે કે પરવસ્તુ આત્મામાં કાંઈ કરે—એવો જ્ઞાનનો કે જ્ઞેયનો સ્વભાવ નથી. આવા સ્વભાવની પ્રતીત તે ધર્મનું મૂળ અને શરૂઆત છે.

### (૧૦) શુદ્ધોપયોગ માટે ધર્મી જીવની ભાવના

બધા પરજ્ઞેયો મારાથી ભિન્ન છે, હું તેનો જાણનાર જ છું, તેમાં કાંઈ કરનાર નથી, જ્ઞાન એ જ મારો સ્વભાવ છે, એ પ્રમાણે જ્ઞેયજ્ઞાયકનું ભેદજ્ઞાન અને જ્ઞાનસ્વભાવની પ્રતીત થયા પછી ધર્મી કેવી ભાવના કરે છે તેનું અહીં વર્ણન છે. ધર્મી જીવ એમ ભાવના કરે છે કે અશુભ કે શુભ ઉપયોગ રહિત થયો થકો, અને સમસ્ત પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થ થઈને હું જ્ઞાનસ્વરૂપ મારા આત્માને ધ્યાઉં છું. શુભ-અશુભભાવ રહિત આત્મસ્વભાવનું ભાન તો ચોથા ગુણસ્થાનથી જ થઈ જાય છે. હવે અહીં તો આચાર્યદેવ પોતાની વર્તમાન ભૂમિકાથી ચારિત્રદશાના શુદ્ધોપયોગની વાત કરે છે. શુભ-અશુભભાવો રહિત આત્માના સ્વભાવનું ભાન થયા પછી, ચારિત્રદશામાં જે શુભભાવ થાય છે તે પણ બંધનું કારણ હોવાથી તેને છોડીને હું આત્મસ્વભાવને ધ્યાઉં છું, એટલે સ્વદ્રવ્યને જ દૃષ્ટિમાં લઈને તેમાં ઠરું છું. આ શુદ્ધોપયોગ છે; તેમાંથી અશુદ્ધોપયોગનો વિનાશ થાય છે. જીવને પરદ્રવ્યના સંયોગનું કારણ અશુદ્ધોપયોગ છે—એમ ૧૫૬મી ગાથામાં અશુદ્ધોપયોગની વાત કરીને, તેના શુભ અને અશુભ એવા બે ભેદોનું વર્ણન ૧૫૭ તથા ૧૫૮મી ગાથામાં કર્યું; અને આ ૧૫૯મી ગાથામાં તે અશુદ્ધોપયોગનો નાશ કરવાના ઉપાયની વાત કરી છે.

### (૧૧) જીવ સંસારમાં કેમ રખડ્યો?

જીવે અનંતકાળમાં આત્માના સ્વભાવની વાત કદી રુચિથી સાંભળી નથી. જ્યારે સત્ સંભળાવનાર મળ્યા ત્યારે વાત કાને પડી પણ અંતરમાં તેની રુચિ પ્રગટ કરી નથી. આત્મસ્વભાવ સમજ્યા વગર અનંતવાર સમવસરણમાં જઈને સાક્ષાત્ તીર્થંકર ભગવાનની

પૂજા હીરાના થાળમાં કલ્પવૃક્ષનાં ફૂલ તથા ફળથી કરી. બહારમાં ભગવાન સામે જોયું પણ અંદરમાં પોતાનો આત્મા ભગવાન છે તેના સામે જોયું નહિ; તેથી પુણ્ય બાંધીને સંસારમાં રખડ્યો. કોઈ વાર દેવ થઈને સાક્ષાત્ તીર્થંકર ભગવાનના પંચકલ્યાણકમાં ગયો, પરંતુ તે વખતે માત્ર બાહ્યસંયોગ ઉપર દૃષ્ટિ રાખી અને પુણ્યક્રિયામાં આત્માનો ધર્મ માની લીધો તેથી સંસારમાં જ રખડ્યો. અંદર આત્માનો સહજ ચૈતન્યસ્વભાવ શું છે અને તેની ધર્મની ક્રિયા શું છે? તે વાતને ન સમજ્યો.

## (૧૨) ક્રિયાનું સ્વરૂપ

જુઓ! આ ધર્મની ક્રિયા કહેવાય છે. આત્માના સહજ સ્વભાવને ઓળખીને તેની શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મની પહેલી ક્રિયા છે. આ પ્રતિષ્ઠા-મહોત્સવમાં જે બહારની ક્રિયા દેખાય છે તે જડની ક્રિયા છે, અંદર શુભરાગ થાય છે તે આત્માની વિકારી ક્રિયા છે અને 'હું જડની ક્રિયાનો કર્તા નથી તથા રાગ મારો સ્વભાવ નથી' એમ જડની ને વિકારની ક્રિયાથી ભિન્ન ચૈતન્યસ્વભાવનું અંતરમાં ભાન કરવું તે ધર્મની ક્રિયા છે. એ પ્રમાણે ક્રિયાના ત્રણ પ્રકાર છે—(૧) જડની ક્રિયા (૨) વિકારી ક્રિયા અને (૩) ધર્મની ક્રિયા. શરીરાદિની હાલવા-ચાલવાની કે બોલવાની જે ક્રિયાઓ થાય છે તે જડની ક્રિયા છે, તેનું કારણ જડ છે; તે ક્રિયામાં આત્માનો ધર્મ કે અધર્મ નથી. આત્માની અવસ્થામાં જે શુભ અને અશુભ પરિણામ થાય તે અરૂપી વિકારી ક્રિયા છે. આ વિકારી ક્રિયા અધર્મ છે, તેમાં ધર્મ નથી. હવે ત્રીજી ક્રિયા ધર્મની છે. શરીરાદિ જડની ક્રિયા રહિત તેમજ રાગદ્વેષાદિ વિકારી ક્રિયા રહિત આત્માના ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપી જે પવિત્ર ક્રિયા છે તે ધર્મની ક્રિયા છે, ને તે ક્રિયા મોક્ષનું કારણ છે. સમ્યગ્દૃષ્ટિને તીર્થંકરનામકર્મના આસ્રવના કારણભૂત જે સોળ ભાવના હોય તે પણ શુભરાગની ક્રિયા છે, તેને જ્ઞાની ધર્મ માનતા નથી.

## (૧૩) સાચી ક્રિયાને જ્ઞાની સ્થાપે છે, અજ્ઞાની ઉથાપે છે

દરેક વસ્તુની સાચી ક્રિયાને જ્ઞાની સ્થાપે છે અને અજ્ઞાની તે ક્રિયાને ઉથાપે છે. તે આ પ્રમાણે—

**(૧) જડની ક્રિયા** : શરીરાદિ જડની ક્રિયા એની મેળે સ્વતંત્રપણે થાય છે, આત્મા તેને કરતો નથી—આમ જ્ઞાનીઓ જડની સ્વતંત્ર ક્રિયાને સ્થાપે છે; અને અજ્ઞાનીઓ કહે છે કે જડની ક્રિયા એની મેળે થતી નથી પણ આત્મા તેને કરે છે,—એટલે અજ્ઞાનીઓ જડની સ્વતંત્ર ક્રિયાને ઉથાપે છે.

**(૨) વિકારી ક્રિયા** : પુણ્યભાવ તે ધર્મની ક્રિયા નથી પણ વિકારી ક્રિયા છે—આમ જ્ઞાનીઓ વિકારની ક્રિયાને વિકારી ક્રિયા તરીકે સ્થાપે છે; અને અજ્ઞાનીઓ તે પુણ્યભાવને વિકારી ક્રિયા તરીકે ન માનતાં તેને ધર્મની ક્રિયા તરીકે માને છે, એટલે તેઓ વિકારની ક્રિયાને ઉથાપે છે.

**(૩) ધર્મની ક્રિયા** : વિકારરહિત આત્માના વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવ તે ધર્મની ક્રિયા છે—આમ જ્ઞાનીઓ ધર્મની ક્રિયાને સ્થાપે છે, અને અજ્ઞાનીઓ દેહની ક્રિયામાં તથા પુણ્યની ક્રિયામાં ધર્મ માનીને આત્માના ધર્મની સ્વતંત્ર ક્રિયાને ઉથાપે છે.

ટૂંકમાં, જ્ઞાની જગતમાં બધાય પદાર્થોની ક્રિયાને સ્વતંત્ર સ્થાપે છે અને અજ્ઞાની જગતના બધાય પદાર્થોની ક્રિયાને પરાધીન માનીને તેની સ્વતંત્ર ક્રિયાને ઉથાપે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયા કરે એમ જેણે માન્યું તેણે સાચી ક્રિયાને સ્થાપી નથી પણ ઉથાપી છે, અને એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કાંઈપણ ક્રિયા કરે નહિ—એમ માનવું તે જ દરેક દ્રવ્યની સ્વતંત્ર ક્રિયાનું સ્થાપન છે.

## (૧૪) અજ્ઞાન તે સૌથી મોટો દોષ છે

જીવ પોતાની જ ભૂલથી અનાદિથી રખડી રહ્યો છે. અજ્ઞાન તે સૌથી મોટો દોષ છે, અજ્ઞાન તે બચાવ નથી. લૌકિકમાં કાંઈક ગુન્હો

કરે અને પછી એમ કહે કે મને કાયદાની ખબર ન હતી. તો તે બચાવ કામ આવે નહિ. કેમકે અજ્ઞાન તે બચાવ નથી. તેમ આત્મસ્વભાવની સમજણ કરે નહીં અને પુણ્યને ધર્મ માને તો તે અજ્ઞાન છે–અપરાધ છે ને તેનાથી જીવ સંસારરૂપી જેલમાં રખડે છે. જીવને સત્ સંભળાવનાર ન મળ્યા માટે તે રખડ્યો—એમ નથી. પણ પોતે આત્મામાં સત્ સમજવાની પાત્રતા પ્રગટ ન કરી, તથા કોઈવાર સત્ સાંભળવા મળ્યું ત્યાં તેની રુચિ કરી નહિ ને અજ્ઞાનભાવનું સેવન ચાલું રાખ્યું તેથી જ રખડ્યો છે. તીર્થયાત્રા કરવાનો ભાવ કે જિનમંદિર બંધાવવાનો રાગ ભાવ તે ધર્મ નથી પણ પુણ્ય છે. પુણ્ય અને પાપ બંને ભાવ અધર્મ છે—એવી જેની માન્યતા નથી તે મિથ્યાદૃષ્ટિ છે–જૈન નથી.

## — : ટીકા :—

### (૧૫) અશુદ્ધોપયોગના વિનાશનો અભ્યાસ

"જે આ, પરદ્રવ્યના સંયોગના કારણ તરીકે કહેવામાં આવેલો અશુદ્ધ ઉપયોગ, તે ખરેખર મંદ-તીવ્ર ઉદયદશામાં રહેલા પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન થવાથી જ પ્રવર્તે છે, પરંતુ અન્ય કોઈ કારણથી નહિ. માટે બધાય પરદ્રવ્યમાં હું આ મધ્યસ્થ થાઉં. અને એમ મધ્યસ્થ થતો હું પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન નહિ થવાથી શુભ અથવા અશુભ એવો જે અશુદ્ધ ઉપયોગ તેનાથી મુક્ત થઈને, કેવળ સ્વદ્રવ્ય અનુસાર પરિણતિને ગ્રહવાથી જેને શુદ્ધોપયોગ સિદ્ધ થયો છે એવો થકો, ઉપયોગાત્મક વડે આત્મામાં જ સદા નિશ્ચળપણે ઉપયુક્ત રહું છું, આ મારો પરદ્રવ્યના સંયોગના કારણના વિનાશનો અભ્યાસ છે."

### (૧૬) શુદ્ધ અને અશુદ્ધ ભાવોની ઉત્પત્તિનું કારણ

પરિણતિ પરદ્રવ્યને અનુસરે તો અશુદ્ધ ઉપયોગ થાય છે, અને

પરિણતિ સ્વદ્રવ્યને અનુસરે તો શુદ્ધઉપયોગ થાય છે. અશુદ્ધ ઉપયોગ તે અધર્મ છે અને સંસારનું કારણ છે. શુદ્ધ ઉપયોગ તે ધર્મ છે ને મુક્તિનું કારણ છે. પુણ્ય અને પાપ એ બંને અશુદ્ધ ભાવો પરદ્રવ્યના આધીનપણાથી થાય છે તેથી તે ધર્મ નથી. આત્માના આધીનપણે શુભ-અશુભભાવની ઉત્પત્તિ થાય નહિ. આત્માનો જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ છે તે સ્વભાવને આધીન રહે તો શુભ-અશુભની ઉત્પત્તિ થતી નથી પણ શુદ્ધતા પ્રગટે છે. પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન હોવા છતાં નીચલી દશામાં ધર્મીને પણ પૂજા-ભક્તિ-વ્રત વગેરે શુભભાવ થયા વગર રહે નહિ, પણ તે જાણે છે કે શુભભાવ મારા સ્વદ્રવ્યને અનુસાર થતો નથી પણ પરદ્રવ્યને અનુસાર થાય છે. તેથી તે મારો સ્વભાવ નથી. એટલે ખરેખર તે ધર્મી જીવ શુભભાવને પોતાથી ભિન્ન પરજ્ઞેય તરીકે જાણે છે, ને આત્માની સન્મુખતાની ભાવના કરે છે. શુભભાવ થાય તેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરનું લક્ષ હોય છે ને અશુભભાવ થાય તેમાં સ્ત્રી, પુત્ર શરીરાદિ પરનું લક્ષ હોય છે. કોઈપણ શુભ-અશુભભાવ થાય તે પરની સન્મુખતાથી થાય છે, આત્માની સન્મુખતાથી શુભાશુભભાવની ઉત્પત્તિ થતી નથી પણ શુદ્ધભાવની જ ઉત્પત્તિ થાય છે. પોતાના સ્વરૂપમાં લીન ન રહી શકે ત્યારે ધર્મીને પણ પરદ્રવ્યને અનુસાર શુભ-અશુભ પરિણામ થાય છે, અને અશુભથી બચવા પૂજા-ભક્તિ-સ્વાધ્યાય વગેરે શુભભાવ થાય છે. જો શુભ-અશુભભાવ ન જ થાય તો વીતરાગ—કેવળી થઈ જાય અથવા જો પરદ્રવ્યની સન્મુખતા વખતે શુભભાવ ન થાય તો અશુભભાવ થાય કેમકે પરદ્રવ્યના લક્ષે કાં શુભ હોય ને કાં અશુભ હોય. ધર્મીને નીચલી દશામાં અશુભથી બચવા પૂરતો શુભભાવ થાય છે પણ તે પરના અવલંબને થાય છે, તેમાં ધર્મ નથી. આત્માના સ્વભાવના અવલંબને જો શુભાશુભભાવો થતા હોય તો તે ભાવો આત્માનો સ્વભાવ જ થઈ જાય, અને તે કદી ટળી શકે નહિ. આત્માના સ્વભાવમાં પુણ્ય-પાપ નથી તેથી આત્મસ્વભાવને અનુસરતાં પુણ્ય-પાપની ઉત્પત્તિ થતી નથી.

આત્માધીન પરિણતિથી પુણ્ય-પાપ ઉપજતા નથી પણ તે બંને ભાવો કર્મના મંદ–તીવ્ર ઉદય દશામાં રહેલા પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન થવાથી જ પ્રવર્તે છે, તેમાં ધર્મ નથી. આત્મા સ્વદ્રવ્યને આધીન ન પરિણમે અને પરદ્રવ્ય અનુસાર પરિણતિ કરે તો તે બંધનું જ કારણ છે. અજ્ઞાનીને સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતાનું ભાન નથી એટલે તે તો શ્રદ્ધા અપેક્ષાએ પણ પરદ્રવ્ય અનુસાર જ પરિણમે છે. ધર્મી જીવને સ્વાધીન આત્મતત્ત્વની દૃષ્ટિ હોવાથી શ્રદ્ધા અપેક્ષાએ તો તે સ્વદ્રવ્યઅનુસાર જ પરિણમે છે, છતાં હજી સંપૂર્ણપણે સ્વરૂપમાં ઠરાતું નથી ત્યાં અસ્થિરતાથી પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન થઈને પરિણમે છે તેટલી શુભાશુભભાવની ઉત્પત્તિ છે.

અહીં શ્રી આચાર્યદેવે સિદ્ધાંત મૂક્યો છે કે સ્વદ્રવ્ય અનુસાર પરિણમવું તે શુદ્ધતાનું કારણ છે ને પરદ્રવ્ય અનુસાર પરિણમવું તે જ અશુદ્ધતાનું કારણ છે. કોઈ કર્મ કે કુદેવાદિ પરવસ્તુઓ આત્માને અશુદ્ધતાનું કારણ નથી પણ તે પરદ્રવ્યને અનુસાર પરિણમવું તે એક જ અશુદ્ધતાનું કારણ છે.

'પરદ્રવ્યાનુસાર પરિણતિને આધીન' એટલે શું? કાંઈ પહેલાં પરદ્રવ્ય અનુસાર પરિણતિ થઈને પછી આત્મા તેને આધીન થયો—એમ નથી, પણ આત્મા સ્વદ્રવ્યને અનુસાર પરિણતિ ચૂક્યો તે જ વખતે પરદ્રવ્યને અનુસાર પરિણતિને આધીન થયો છે. પરદ્રવ્ય અનુસાર પરિણતિ થવાનો અને તેને આધીન થવાનો કાળ જુદો નથી.

આત્મા પોતે જો પરદ્રવ્યને અનુસાર પરિણમે તો જ અશુદ્ધતા થાય છે. જો સ્વદ્રવ્ય અનુસાર પરિણમે તો અશુદ્ધતા થતી નથી. એટલે, 'આત્માએ પૂર્વે અશુદ્ધભાવથી જે કર્મો બાંધ્યા તે કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે એકવાર તેમાં જોડાઈને વિકાર કરવો જ પડે'—આમ કોઈ અજ્ઞાની માને છે તે વાત તદ્દન જૂઠી છે; કેમકે તે વખતે પણ જો આત્મા સ્વદ્રવ્યને આધીનપણે પરિણમે તો તેને અશુદ્ધતા થતી નથી ને કર્મનો ઉદય પણ ટળી જાય છે.

## (૧૭) રાગ-દ્વેષ ટાળવા—એટલે શું?

વળી કોઈ અજ્ઞાની એમ માને છે કે પહેલા જે સમયે જે રાગ-દ્વેષ થયા તેને બીજા સમયે ટાળવા જુઓ, આમાં પણ પર્યાયદૃષ્ટિની સૂક્ષ્મ ભૂલ છે. શું પહેલા સમયના રાગ-દ્વેષ બીજા સમયે વિદ્યમાન છે? તારે કોને ટાળવા છે? પહેલા સમયના રાગદ્વેષનો બીજા સમયે તો અભાવ થઈ જ જાય છે, તેને ટાળવા પડતા નથી. રાગ-દ્વેષ ટાળવા ઉપર જેની દૃષ્ટિ છે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. ખરેખર રાગ-દ્વેષને ટાળવા પડતા નથી પણ બીજા સમયે પોતે સ્વભાવને આધીન પરિણમે તો રાગ-દ્વેષની ઉત્પત્તિ જ થતી નથી. એટલે રાગ-દ્વેષને ટાળ્યા એમ ઉપચારથી કહેવાય છે. સ્વભાવદૃષ્ટિ કરીને તેના આશ્રયે પરિણમતાં શુદ્ધતાનો ઉત્પાદ થાય છે ને અશુદ્ધતાનો ઉત્પાદ જ થતો નથી. એટલે સ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરીને સ્વભાવના આશ્રયે પરિણમવું તે જ ધર્મ છે.

(ફાગણ સુદ ૪ બીજી)

## (૧૮) શુદ્ધોપયોગ તે ધર્મ

આત્માનું સ્વરૂપ સ્વતંત્ર અને શુદ્ધ હોવા છતાં અનાદિથી પરદ્રવ્યના સંબંધે પોતે શુભ-અશુભભાવ કરે છે, તેથી તેને કર્મનું બંધન થાય છે. તે શુભ-અશુભભાવ આત્માને ધર્મનું કારણ નથી. આત્મા પોતાના જાણનાર-દેખનાર સ્વભાવનો આશ્રય કરે તો શુદ્ધોપયોગ થાય છે, તે ધર્મ છે.

## (૧૯) સ્વયંસિદ્ધ વસ્તુ

આ આત્મા દેહથી ભિન્ન સ્વયંસિદ્ધ વસ્તુ છે; કોઈ ઈશ્વરે તેને બનાવ્યો નથી. ઈશ્વર તો શુદ્ધ આત્મા છે તે કોઈનું કાંઈ કરતા નથી. વળી કર્તા કોઈ વસ્તુને તદ્દન નવી બનાવી શકે નહિ. સ્વયંસિદ્ધ નિત્ય

વસ્તુનો કર્તા કોઈ હોઈ શકે નહિ. જો વસ્તુનો કર્તા કહો તો તે વસ્તુ અનિત્ય ઠરે છે, કેમ કે કરાયેલી ચીજ અનિત્ય હોય છે. ત્રિકાળી વસ્તુને કરી શકાતી નથી. કાર્ય ત્રિકાળી વસ્તુ નથી પણ વસ્તુની અવસ્થા છે. દરેક સમયે પદાર્થની નવી નવી અવસ્થા થાય છે, તેનો કર્તા તે પદાર્થ પોતે છે. આત્મા અનાદિઅનંત પદાર્થ છે ને પોતાની શુદ્ધ કે અશુદ્ધ અવસ્થાનો પોતે જ કર્તા છે.

## (૨૦) સ્વદ્રવ્યાનુસાર પરિણતિ તે ધર્મ, પરદ્રવ્યાનુસાર પરિણતિ તે વિકાર

આત્મા અનાદિ અનંત જ્ઞાનનો નિધિ છે, તેવા આત્માને પુણ્યપાપ જેટલો માનવો તે અજ્ઞાન છે. જે પુણ્યપાપભાવ થાય છે તે અશુદ્ધ ભાવ છે, તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા તો ચૈતન્યશક્તિથી અખંડિત પ્રતાપવાળો છે, તે આત્માનો આશ્રય કરે તો શુદ્ધભાવ થાય છે.

અહીં આચાર્યદેવ કહે છે કે આત્મામાં અશુદ્ધોપયોગ થાય છે તે ખરેખર પરદ્રવ્યને અનુસાર પરિણતિને આધીન થવાથી જ થાય છે. કર્મ વગેરે નિમિત્તને કારણે અશુદ્ધોપયોગ કહેવો તે ઉપચાર માત્ર છે. જડ કર્મનો કોઈ વાર તીવ્ર ઉદય હોય છે ને કોઈ વાર મંદ ઉદય હોય છે, તે વખતે આત્મા પોતાના સ્વભાવને ન અનુસરતાં જો કર્મના ઉદયને અનુસરીને પરિણમે તો તેને વિકાર થાય છે. અને જો પોતાના સ્વભાવને અનુસરીને પરિણમે તો વિકાર થતો નથી. પોતાની અવસ્થામાં સ્વભાવને ભૂલીને કે સ્વભાવમાં અસ્થિર થઈને પરસન્મુખ પરિણમે તે અશુદ્ધોપયોગ છે. અજ્ઞાનીને તો સ્વભાવને ભૂલીને અશુદ્ધ ઉપયોગ થાય છે. ને જ્ઞાનીને સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ટકાવી રાખીને અસ્થિરતાથી અશુદ્ધ ઉપયોગ થાય છે. જ્યાં અંદરમાં ચૈતન્યદ્રવ્યનું અવલંબન ખસ્યું ત્યાં પરદ્રવ્યનું અવલંબન આવ્યા વગર રહેતું નથી. પુણ્ય-પાપના ભાવ પરદ્રવ્યના અવલંબને થાય છે અને ધર્મ

આત્મસ્વભાવના આશ્રયે થાય છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરદ્રવ્ય છે, તેના આશ્રયે આત્મામાં ધર્મ થતો નથી પણ રાગની ઉત્પત્તિ થાય છે. અને પરદ્રવ્યના આશ્રયે જે રાગ થાય છે તે રાગના અવલંબને પણ ધર્મની ઉત્પત્તિ થતી નથી. તથા આત્માની વર્તમાન અવસ્થાનું અવલંબન કરીને અટકે તોપણ વિકારની જ ઉત્પત્તિ થાય છે. જો આત્માના અખંડ જ્ઞાનસ્વભાવને ઓળખીને તેનું અવલંબન કરે તો તેના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ દશા પ્રગટે છે, તે મુક્તિનું કારણ છે. આત્માના અંતર્સ્વભાવના અવલંબન સિવાય બીજા કોઈનું પણ અવલંબન લ્યે તો તે પરદ્રવ્યાનુસાર પરિણતિ છે અને તેનાથી શુભ-અશુભભાવની ઉત્પત્તિ થાય છે, તે બંધનનું કારણ છે. અહો, સ્વદ્રવ્યાનુસાર પરિણતિ તે ધર્મ ને પરદ્રવ્યાનુસાર પરિણતિ તે વિકાર, આમ સમજે તો સ્વ-પરનું ભેદજ્ઞાન થયા વિના રહે નહિ અને તે જીવ પરદ્રવ્યાનુસાર પરિણતિને છોડીને સ્વદ્રવ્ય તરફ વળ્યા વગર રહે નહીં.

દેહ-મન-વાણીની ક્રિયા તો આત્મા વ્યવહારથી પણ કરી શકતો નથી, કેમ કે તે તો આત્માથી ભિન્ન પદાર્થ છે. પરના અવલંબને જે પુણ્ય-પાપ થાય છે તેનો કર્તા આત્મા વ્યવહારથી છે, પરમાર્થ સ્વભાવની દૃષ્ટિથી તો આત્મા તે પુણ્ય-પાપનો કર્તા પણ નથી. કર્મો આત્માને વિકાર કરાવતાં નથી, પણ આત્માની પરદ્રવ્ય અનુસાર પરિણતિ તે એક જ અશુદ્ધ ઉપયોગનું કારણ છે, અન્ય કોઈ કારણ નથી. આત્માનો સ્વભાવ અશુદ્ધોપયોગનું કારણ નથી. તેમ જ કર્મનો ઉદય વગેરે અન્ય કારણો પણ અશુદ્ધ ઉપયોગનું કારણ નથી. કર્મો તો આત્માના જ્ઞાનનું જ્ઞેય છે. પરદ્રવ્યસન્મુખ પરિણતિ તે એક જ અશુદ્ધતાનું કારણ છે અને સ્વદ્રવ્યઅનુસાર પરિણતિ તે એક જ શુદ્ધોપયોગનું કારણ છે; એક જ કારણ છે; બીજું કોઈ કારણ નથી— એમ અસ્તિ—નાસ્તિથી અનેકાન્ત છે. પરદ્રવ્યો આત્માને વિકાર કરાવે એમ માનવું તે એકાંત છે.

## (૨૧) આત્માનું કાર્ય

આત્મસ્વભાવને યથાર્થ સમજ્યા વગર અનંતકાળમાં જીવે વ્રતાદિ કર્યાં છે, પણ તેથી આત્મામાં ધર્મનો કાંઈ લાભ થયો નથી, ઊલટો તે વ્રતના રાગમાં ધર્મ માનીને જીવ અનંત સંસારમાં રખડ્યો છે. પરદ્રવ્યનું લેવાનું કે છોડવાનું કાર્ય આત્મા કરી શકતો જ નથી, તે તો જ્ઞાનનું જ્ઞેય છે અને રાગ-દ્વેષ થાય તેનો કરનાર–છોડનાર પણ આત્મા વ્યવહારથી છે, ખરેખર ધર્મી તેનો જ્ઞાતા જ છે. રાગને છોડું–એવી દૃષ્ટિથી રાગ છૂટતો નથી, પણ સ્વભાવના આશ્રયે રહેતાં રાગ-દ્વેષ થતા જ નથી, એટલે રાગ-દ્વેષ છોડ્યા એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

## (૨૨) સાચી મધ્યસ્થતા

રાગ-દ્વેષરૂપ અશુદ્ધઉપયોગ પરદ્રવ્યના આશ્રયે જ થાય છે, મારા સ્વદ્રવ્યના આશ્રયે અશુદ્ધતા થાય નહિ; તેથી અશુદ્ધ ઉપયોગના નાશ માટે આ હું સર્વે પરદ્રવ્યોમાં મધ્યસ્થ થાઉં છું. એટલે કે સર્વે પરદ્રવ્યોનું લક્ષ છોડીને આત્મસ્વભાવનો આશ્રય કરું છું. સર્વે પરદ્રવ્યો મારાથી ભિન્ન છે માટે તેમના પ્રત્યે હું અત્યંત મધ્યસ્થ થાઉં છું. ખરેખર પરદ્રવ્ય સામે જોઈને તેના પ્રત્યે મધ્યસ્થ થવાતું નથી, પણ સ્વદ્રવ્યમાં લીન રહેતાં સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે મધ્યસ્થતા થઈ જાય છે. સ્વદ્રવ્યમાં લીન રહેવું તે અસ્તિ છે ને પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થતા થવી તે નાસ્તિ છે.

## (૨૩) નિશ્ચયરત્નત્રયનું ખરું કારણ

હું સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે અત્યંત મધ્યસ્થ થાઉં છું–એમ કહ્યું; ત્યાં સમસ્ત પરદ્રવ્યમાં શું બાકી રહી ગયું? અહો! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વનું જ્ઞાન અને પંચમહાવ્રતરૂપ વ્યવહારરત્નત્રયનો આશ્રય પણ અહીં કાઢી નાંખ્યો. વ્યવહારરત્નત્રય પણ પરદ્રવ્યના અવલંબને છે, માટે તે પ્રત્યે પણ હું મધ્યસ્થ છું, એટલે તે

વ્યવહારરત્નત્રયનું અવલંબન છોડીને અભેદઆત્માનો જ આશ્રય કરું છું. શાસ્ત્રમાં વ્યવહારરત્નત્રયને નિશ્ચયરત્નત્રયનું કારણ કહ્યું હોય તે વાત ઉપચારની છે; અહીં વ્યવહારરત્નત્રયને હેય કહીને તેનો આશ્રય છોડાવ્યો છે; કેમ કે ખરેખર વ્યવહારરત્નત્રય તે નિશ્ચયરત્નત્રયનું કારણ નથી પણ સ્વદ્રવ્યાનુસાર પરિણતિ તે જ નિશ્ચયરત્નત્રયનું (શુદ્ધોપયોગનું) કારણ છે. વ્યવહારરત્નત્રય તે શુભોપયોગ છે ને નિશ્ચયરત્નત્રય તે શુદ્ધોપયોગરૂપ છે.

## (૨૪) જ્ઞાની કેવો અભ્યાસ કરે?

શ્રી આચાર્યદેવ કહે છે કે શુદ્ધઉપયોગને સિદ્ધ કરવા માટે હું સર્વ પરદ્રવ્યોમાં મધ્યસ્થ થઈને જ્ઞાનસ્વરૂપ મારા આત્માને જ ધ્યાવું છું. જુઓ, આ જ જ્ઞાનીનું કાર્ય છે ને આ જ જ્ઞાનીનો અભ્યાસ છે. જ્ઞાની પંચમહાવ્રતાદિ શુભરાગમાં રહેવાનો અભ્યાસ નથી કરતા, પણ શુદ્ધોપયોગમાં રહેવાનો અભ્યાસ કરે છે. અજ્ઞાની જીવ પરદ્રવ્યમાં રાગ-દ્વેષ કરીને અશુદ્ધતારૂપે જ થાય છે. એ સિવાય પરદ્રવ્યનું તો તે પણ કાંઈ કરી શકતો નથી. અજ્ઞાનીને સ્વ-પરના જુદાપણાનું ભાન પણ નથી એટલે તેને તો સદા ય પરદ્રવ્યાનુસાર પરિણતિથી અશુદ્ધોપયોગ જ થાય છે. જ્ઞાની સ્વ-પરની ભિન્નતાનું ભાન કરીને, સ્વદ્રવ્યાનુસાર પરિણતિથી શુદ્ધોપયોગમાં જ રહેવાની ભાવના કરે છે.

## (૨૫) ચારિત્રદશા પ્રગટ્યા પહેલાંનું કર્તવ્ય

હે ભાઈ! ચારિત્ર દશા પહેલાં વસ્તુની સાચી શ્રદ્ધા અને સાચું જ્ઞાન તો કરો. સાચા શ્રદ્ધા-જ્ઞાન વગરના વ્રત-તપ અને ચારિત્ર તે બધા રણમાં પોક સમાન છે, તેનાથી આત્માનું ભવભ્રમણ મટે તેમ નથી. મારા દ્રવ્યસ્વભાવમાં હું શાંતિનો સાગર છું, મારી સિદ્ધદશા મારામાં પડી છે—આવા મારા દ્રવ્યને હું ધ્યાવું છું, ને મારાથી ભિન્ન સર્વે પરદ્રવ્યોમાં હું મધ્યસ્થ થાઉં છું—આવી દશા તે મોક્ષનું કારણ છે. આવી દશા પ્રગટ્યા પહેલાં યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરવા તે પણ

સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ ધર્મ છે. પરદ્રવ્યાનુસાર જે પુણ્ય-પાપના ભાવ થાય તેમાં આત્માનો ધર્મ નથી. સ્વદ્રવ્યને અનુસાર જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, તે જ ધર્મ છે. આત્માનો ધર્મ આત્માની સન્મુખતાથી પોતાની નિર્મળ અવસ્થામાં જ થાય છે, એ સિવાય કોઈ પરની સન્મુખતાથી કે ક્યાંય પર્વત ઉપર, ગૂફામાં, મૂર્તિમાં કે દેહાદિની ક્રિયામાં આત્માનો ધર્મ નથી. આમ જાણનાર ધર્માત્મા સ્વસન્મુખ શુદ્ધોપયોગની જ ભાવના કરે છે કે હું–આત્મા, મારા સિવાય સર્વે પરદ્રવ્યોમાં રાગ-દ્વેષરહિત–મધ્યસ્થ થઈને, –અશુદ્ધોપયોગ રહિત થઈને, મારા શુદ્ધાત્મસ્વરૂપને જ નિશ્ચલપણે ધ્યાવું છું–આવી દશા પ્રગટે તે સાક્ષાત્ ધર્મ છે ને તે જ મુક્તિનું કારણ છે. હજી આ દશાનું ભાન પણ નથી અને પુણ્યથી–રાગથી ને જડની ક્રિયાથી ધર્મ માને છે તે તો ધર્મથી ઘણા દૂર, મિથ્યાદૃષ્ટિ છે.

## (૨૬) ભયંકર ભાવરોગ અને તેનાથી બચવાનો ઉપાય

પોતાના આત્મસ્વરૂપની ભ્રાંતિ એ જ સૌથી મહા પાપ છે, ને એ જ જન્મ-મરણનો ભયંકર ભાવરોગ છે. તે મિથ્યાભ્રાંતિ કેમ છેદાય? તેની વાત ચાલે છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે—

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર, ધ્યાન.

ગુરુઆજ્ઞા એટલે શ્રીગુરુએ જેવો આત્મસ્વભાવ કહ્યો તેવો સમજવો તથા તેનો વિચાર ને ધ્યાન કરવું તે જ ભાવરોગ ટાળવાનો ઉપાય છે. પહેલાં શુભ-અશુભરહિત ચૈતન્યસ્વરૂપ આત્મસ્વભાવનું ભાન કરવું તે જ આત્મભ્રાંતિથી છૂટવાનો ઉપાય છે.

## (૨૭) આત્માની પ્રભુતા

હું અનાદિઅનંત પવિત્ર ગુણોનો સાગર છું, જેટલા ગુણો સિદ્ધ ભગવાનના આત્મામાં છે તેટલા જ ગુણો મારામાં છે, સિદ્ધભગવાન જેવી જ મારી પ્રભુતા મારામાં ભરી છે,—આમ પોતાની પ્રભુતાનો

વિશ્વાસ કરે તો તેમાં ઠરવાનો અભ્યાસ કરે. પણ જીવને અનાદિથી પોતાની પ્રભુતાનો વિશ્વાસ આવતો નથી. કસ્તૂરિયા મૃગની જેમ અજ્ઞાની જીવ પોતાની પરમાત્મશક્તિને ભૂલીને બાહ્યમાં ભમે છે, તેથી સ્વદ્રવ્યનો આશ્રય ચૂકીને પરદ્રવ્યાનુસાર પરિણમે છે, તે અશુદ્ધોપયોગ છે. સાચું ભાન થયા પછી જે પરલક્ષે શુભાશુભ પરિણતિ થાય તે પણ અશુદ્ધોપયોગમાં આવે છે. અને સ્વભાવની પ્રભુતાને ઓળખીને તેમાં લીન રહેતાં શુભાશુભ પરિણતિ ન થાય તે શુદ્ધોપયોગ છે. અશુદ્ધ ઉપયોગ ટળીને શુદ્ધોપયોગ કેમ પ્રગટે તેની આ વાત ચાલે છે.

## (૨૮) ધર્મી જીવની શુદ્ધોપયોગભાવના

જ્ઞાની–મુનિ કહે છે કે–સ્વદ્રવ્ય તરફ વળતાં શુદ્ધોપયોગ થાય છે ને પરદ્રવ્ય તરફ વળતાં અશુદ્ધોપયોગ થાય છે; માટે સ્વ-પરદ્રવ્યોને ભિન્ન જાણીને હું સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે મધ્યસ્થ થાઉં છું; એ રીતે મધ્યસ્થ થઈને હું પરદ્રવ્યાનુસાર પરિણતિથી થતા અશુદ્ધોપયોગથી મુક્ત થાઉં છું અને કેવળ સ્વદ્રવ્યાનુસાર પરિણતિને ગ્રહવાથી શુદ્ધોપયોગરૂપ પરિણમું છું. અહીં જ્ઞાનપ્રધાન કથન હોવાથી અશુદ્ધોપયોગને છોડવાની વાત કરી છે, ખરેખર ‘અશુદ્ધોપયોગને છોડું’ એવા લક્ષે તે છૂટતો નથી, પણ સ્વદ્રવ્યને લક્ષમાં લઈને તેના ધ્યાનમાં ઠર્યો ત્યાં અશુદ્ધોપયોગ થયો જ નહિ, એટલે અશુદ્ધોપયોગને છોડ્યો–એમ કહેવાય છે. સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાને પણ આવા શુદ્ધોપયોગની જ ભાવના છે, વચ્ચે પ્રતિમા કે મહાવ્રતાદિનો શુભરાગ આવે તેવી ભાવના નથી ને તેમાં તે ધર્મ માનતા નથી. શુભ-અશુભ ઉપયોગ તો પરદ્રવ્યના સંયોગનું એટલે કે સંસારનું કારણ છે, ને શુદ્ધોપયોગ તે મુક્તિનું કારણ છે. શુદ્ધોપયોગ કહેતાં તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે.

## (૨૯) વસુબિંદુ પ્રતિષ્ઠાપાઠ

ભગવાન શ્રી કુંદકુંદસ્વામીના પટ્ટશિષ્ય એવા શ્રી જયસેનાચાર્યદેવે પ્રતિષ્ઠાપાઠ બનાવ્યો છે; શ્રી કુંદકુંદપ્રભુએ તેમને પ્રતિષ્ઠા પાઠ બનાવવાની આજ્ઞા કરી હતી; એ રીતે લગભગ બે હજારવર્ષ પહેલાં શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાનની પ્રતિષ્ઠાને માટે ગુરુકુંદકુંદસ્વામીની આજ્ઞાથી બે દિવસમાં જયસેનાચાર્યે આ પ્રતિષ્ઠાપાઠ બનાવ્યો હતો; તેથી શ્રી કુંદકુંદાચાર્યદેવે તેમનું નામ ‘વસુબિંદુ’ રાખ્યું. વસુ એટલે આઠ કર્મ અને બિંદુ એટલે તેનો નાશ કરનાર, એ રીતે આઠ કર્મોનો નાશ કરનાર એવો વસુબિંદુનો અર્થ છે. બે હજાર વર્ષ પહેલાં ચંદ્રપ્રભ ભગવાનની પ્રતિષ્ઠા માટે જે આ વસુબિંદુ-પ્રતિષ્ઠાપાઠ બન્યો તેનો ઉપયોગ આજે આ સૌરાષ્ટ્રમાં અહીં ચંદ્રપ્રભ ભગવાનની પ્રતિષ્ઠા માટે થાય છે. એ રીતે કુદરતી મેળ થઈ ગયો છે.

## (૩૦) શાસ્ત્રમાં આવતા વ્યવહારકથન અને તેનો પરમાર્થ આશય

એ પ્રતિષ્ઠાપાઠમાં જિનબિંબની પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવકનું વર્ણન આવ છે. તે શ્રાવક શ્રી આચાર્યદેવ પાસે જઈને આજ્ઞા માગે છે કે હે પ્રભો! હું આ લક્ષ્મીને કુલટા સમાન અને અનિત્ય જાણું છું. હે સ્વામી! આ અનિત્ય લક્ષ્મી ઉપરનો રાગ ઘટાડીને તેનો સદુપયોગ કઈ રીતે કરું? શ્રી જિનમંદિર બંધાવીને શ્રી અરિહંત ભગવાનની પંચકલ્યાણકપ્રતિષ્ઠાનો મહોત્સવ કરવાની મારી ભાવના છે. એ રીતે લક્ષ્મીનો સદુપયોગ કરીને મારું જીવન સફળ કરું, તે માટે હે નાથ! આજ્ઞા આપો. પછી શ્રી આચાર્યદેવ તેને આજ્ઞા આપતાં કહે છે કે ધન્ય છે, તું તારા કૂળમાં સૂર્યસમાન છે.

જુઓ, ખરેખર આત્મા પરદ્રવ્યનું કાંઈ ગ્રહણ કે ત્યાગ કરી શકતો નથી. લક્ષ્મી વગેરે જડ છે, આત્મા તેની ક્રિયા કરી શકતો નથી, છતાં પ્રતિષ્ઠાપાઠમાં લક્ષ્મીનો સદુપયોગ કરવાની વાત આવી, તે

વ્યવહારથી કથન છે, આત્મા લક્ષ્મીની ક્રિયા કરી શકે છે—એમ ત્યાં નથી બતાવવું, પરંતુ ત્યાં રાગ ઘટાડવાનું તાત્પર્ય છે. કથન તો નિમિત્તથી આવે પણ વસ્તુસ્વરૂપ લક્ષમાં રાખીને તેના ભાવ સમજવા જોઈએ. રાગરહિત આત્મસ્વભાવને જાણીને તેમાં ઠરવું તે સર્વ શાસ્ત્રોનું પ્રયોજન છે. શાસ્ત્રોમાં સૂત્રનું તાત્પર્ય દરેક સૂત્ર દીઠ જુદું હોય છે, કોઈવાર વ્યવહારનું, નિમિત્તનું કે સંયોગનું જ્ઞાન કરાવવા માટે અનેક પ્રકારનું કથન આવે, પણ શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગભાવ પોષવાનું જ છે. પરદ્રવ્યની ક્રિયા આત્મા કરી શકે છે એમ બતાવવાનું શાસ્ત્રનું પ્રયોજન નથી. છતાં જે ઊંધા અર્થ સમજે અને રાગભાવને પોષવાનો આશય કાઢે તે જીવ શાસ્ત્રના આશયને સમજ્યો નથી.

## (૩૧) આચાર્યદેવની ભાવના

અહીં શ્રી પ્રવચનસારની ૧૫૯ મી ગાથા ચાલે છે, તેમાં શ્રી આચાર્યદેવ કહે છે કે શુદ્ધોપયોગ પ્રગટ કરીને હું સદાય આત્મામાં નિશ્ચલપણે ઉપયુક્ત રહું છું. જોકે આ ટીકા લખાય છે ત્યારે તેમને શુભ વિકલ્પ વર્તે છે, પણ અંતર્ સ્વભાવના આદરમાં તે વિકલ્પનો નિષેધ વર્તે છે; તે વિકલ્પના આશ્રયમાં અટકવાની ભાવના નથી પણ શુદ્ધ આત્માના આશ્રયની જ ભાવના છે. તેથી કહે છે કે શુદ્ધ ઉપયોગ પ્રગટ કરીને હું સદા આત્મામાં જ નિશ્ચલપણે ઉપયુક્ત રહું છું—આ મારો શુદ્ધોપયોગનો અભ્યાસ છે.

## (૩૨) આત્માની સમજણ

સૌથી પહેલાં સત્સમાગમે આત્માની સાચી સમજણ કરવી તે શુદ્ધોપયોગનું કારણ છે. અનંતકાળમાં જીવે બધું કર્યું છે પણ આત્માની સાચી સમજણ કદી કરી નથી. આત્માની સાચી સમજણ અપૂર્વ છે. જો એક સમય પણ આત્માને ઓળખે તો મુક્તિનો રસ્તો થયા વગર રહે નહિં.

# ૨ ધર્મી જીવની ભાવના

(શ્રી વીંછીયામાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન ફાગણ સુદ પાંચમના રોજ પ્રભુશ્રીના જન્મકલ્યાણક પ્રસંગે પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન : પ્રવચનસાર ગા. ૧૫૯-૧૬૦)



શ્રી જિનેન્દ્ર ભગવાનનો જન્મકલ્યાણક મહોત્સવ, વીંછિયા

## (33) ધર્મીની વ્યાખ્યા

ધર્મ એટલે શું? ધર્મી જીવ કોને કહેવો? લોકો કહે છે કે અમારે ધર્મ કરવો છે. તો ધર્મ ક્યાંથી થાય? તે વાત કહેવાય છે. ધર્મ શરીરમાંથી ન થાય, વાણીમાંથી ન થાય, તેમ જ પૈસા વગેરેથી પણ ધર્મ થાય નહિ; કેમ કે તે તો બધા આત્માથી ભિન્ન અચેતન છે, તેમાં આત્માનો ધર્મ રહેલો નથી. વળી હિંસા-ચોરી વગેરે પાપભાવ, કે દયા-પૂજા વગેરે પુણ્યભાવથી પણ ધર્મ થતો નથી, કેમકે તે વિકારીભાવ છે. ધર્મ કરનારો આત્મા છે અને આત્માની દશામાં જ ધર્મ થાય છે. તે ધર્મ ક્યાંય બહારથી આવતો નથી પણ આત્માના જ આશ્રયે પ્રગટે છે.

આત્માની શુદ્ધ દશા તે જ ધર્મ છે. તે ધર્મનો કરનાર આત્મા પોતે જ છે. ધર્મ કરનાર આત્માથી જ ધર્મ થાય છે, પણ પૈસાથી, શરીરથી, પ્રતિમાથી કે દેવ-ગુરુ-શાસ્ત્રથી ધર્મ થતો નથી, તેમ જ તે તરફના શુભ રાગથી પણ ધર્મ થતો નથી. ધર્મ તે આત્માનો નિર્મળ વીતરાગી શુદ્ધપર્યાય છે. તે પર્યાય, પર્યાયી એવા આત્મામાંથી પ્રગટે છે. આત્મા ત્રિકાળ જ્ઞાનાદિ નિર્મળ ગુણોની ખાણ છે; શ્રવણ-મનન દ્વારા તેની ઓળખાણ કરતાં આત્મામાંથી જે નિર્મળ અંશ પ્રગટે તે અંશીનો અંશ-ધર્મ છે. આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન અનાદિ અનંત એકરૂપ છે તે અંશી છે અને તેના આશ્રયે જે નિર્મળ અંશ પ્રગટે છે તે અંશ છે. તે એક અંશમાં આખો આત્મા આવી જતો નથી.

## (૩૪) ધર્મની ક્રિયા

પોતાના આત્માનું સ્વરૂપ સમજ્યા વગર જગત બહારની ક્રિયામાં જે હા-હો-હરીફાઈ કરે છે તેમાં ધર્મ નથી. બહારની જડની ક્રિયાથી તો આત્માને પુણ્ય-પાપ પણ થતાં નથી. જો રાગ અને લોભ વગેરે કષાયને મંદ કરે તો પુણ્ય થાય છે અને તીવ્ર કષાય હોય તો પાપ થાય છે. બહારની ક્રિયા તો આત્મા કરતો જ નથી, તે તો જડના કારણે સ્વયં થાય છે. જડની ક્રિયા જુદી છે ને રાગ-દ્વેષની વિકારી ક્રિયા પણ જુદી છે, તથા ત્રિકાળી શુદ્ધ આત્મા તે બંનેથી જુદો છે; તેની ઓળખાણથી જે રાગરહિત શુદ્ધ અંશ પ્રગટે તે ધર્મ છે. તે ધર્મની ક્રિયા આત્માના જ આશ્રયે થાય છે.

આત્માની મહત્તા સમજ્યા વગર દેવ-ગુરુ-શાસ્ત્રની મહત્તા કરે તેથી કોઈ સ્થાને મુક્તિ થઈ જતી નથી. આત્માના મહિમાને ભૂલીને જે પરના મહિમામાં રોકાય છે તેને ધર્મ થતો નથી.

## (૩૫) ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ છઠ્ઠી-સાતમી ભૂમિકાએ આત્માની ચારિત્રદશામાં ઝૂલી રહ્યા છે, ક્ષણમાં વિકલ્પ તોડીને સ્વરૂપના



भरतक्षेत्रके महासमर्थ आचार्य श्री कुंदकुंदाचार्य देव

અનુભવમાં ઠરી જાય છે ને સિદ્ધ ભગવાન જેવા આનંદને ભોગવે છે, બીજી ક્ષણે વળી છઠ્ઠા ગુણસ્થાને આવતાં શુભવિકલ્પ ઊઠે છે. આવી દશામાં, 'જગતના જીવો ધર્મ પામે,' એવો શુભ વિકલ્પ તેમને ઊઠ્યો, ત્યાં બહારમાં જગતના ભાગ્યે આ સમયસાર–પ્રવચનસારાદિ મહાન શાસ્ત્રોની રચના થઈ ગઈ છે. તેમાં આત્માનું સ્વરૂપ શું છે તે કહે છે.

## (૩૬) શુદ્ધભાવ તથા અશુદ્ધભાવનું કારણ

આત્મા જ્ઞાયકમૂર્તિ છે, જે શુભ–અશુભ લાગણીઓ ઊઠે તે અશુદ્ધતા છે, તે આત્માનું સ્વરૂપ નથી. આત્માની અવસ્થામાં જે શુભ કે અશુભ લાગણીઓ પ્રગટે છે તે પરદ્રવ્યના અનુકરણથી પ્રગટે છે. આત્મસ્વભાવનું અનુકરણ કરે તો અશુદ્ધતા થતી નથી. અશુદ્ધતાનું કારણ પરદ્રવ્યને અનુસાર થતી પરિણતિ જ છે. અને શુદ્ધતાનું કારણ સ્વદ્રવ્યને અનુસાર થતી પરિણતિ જ છે. દયા, દાન, પૂજા, ભક્તિ, ત્યાગ વગેરે જેટલા વ્યવહારુ ધર્મક્રિયાના શુભ પરિણામ છે તે બધાય પરદ્રવ્યાનુસારી અશુદ્ધભાવ છે, તેના વડે ધર્મ થતો નથી. માટે અંતર્દષ્ટિ વડે આત્મસ્વભાવનું નિરીક્ષણ કરવું તેને ભગવાન સમ્યગ્દર્શનરૂપી ધર્મ કહે છે; તે સમ્યગ્દર્શન વીતરાગચારિત્રનું મૂળ કારણ છે અને વીતરાગચારિત્ર તે મોક્ષનું કારણ છે.

પરદ્રવ્યના લક્ષે અશુદ્ધ ઉપયોગ થાય છે ને તે અશુદ્ધ ઉપયોગના ફળમાં પણ પરદ્રવ્યનો જ સંયોગ થાય છે, પણ તેના વડે સ્વભાવની એકતા થતી નથી. અને શુદ્ધ ઉપયોગમાં પરદ્રવ્યનું લક્ષ હોતું નથી અને તે શુદ્ધ ઉપયોગ વડે પરદ્રવ્યનો સંયોગ થતો નથી, કેમકે તે તો આત્માનો સ્વભાવ છે. જેમાંથી અનંતા સિદ્ધપર્યાય પ્રગટે એવો હું ચૈતન્યનો ભંડાર છું મારી ચૈતન્યખાણમાંથી શુભ-અશુભભાવો પ્રગટતા નથી. –આવા ભાનપૂર્વક ધર્મી જીવ પરદ્રવ્યો પ્રત્યે મધ્યસ્થ થઈને શુદ્ધોપયોગનો અભ્યાસ કરે છે.

## (૩૭) ધર્મી જીવની ભાવના

—એવો ધર્મી જીવ કાયમ મોક્ષસુખના કારણરૂપ શુદ્ધોપયોગની ભાવના કરે છે. અહીં શુદ્ધોપયોગની ભાવના રાગરૂપ ન સમજવી પણ સર્વે પરદ્રવ્યો પ્રત્યે મધ્યસ્થ થઈને આત્મસ્વભાવનો આશ્રય કરે છે તે જ શુદ્ધોપયોગની ભાવના છે. ધર્મી જીવ પરદ્રવ્યો પ્રત્યે મધ્યસ્થ થઈને સ્વભાવનો આશ્રય કઈ રીતે કરે છે ? તે વાત આ પ્રવચનસારની ૧૬૦

મી ગાથામાં કરે છે—

णाहं देहो ण मणो ण चेव वाणी ण कारणं तेसिं ।
कत्ता ण ण कारविदा अणुमंता णेव कत्तीणं ।।१६०।।

હું દેહ નહિ, વાણી ન, મન નહિ; તેમનું કારણ નહિ,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહિ. ૧૬૦.

અર્થ—હું દેહ નથી, મન નથી, તેમજ વાણી નથી; તેમનું કારણ નથી, કર્તા નથી, કારયિતા (કરાવનાર) નથી, કર્તાનો અનુમોદક નથી.

## (૩૮) જન્મ-મરણની બેડી તોડવાની વાત

જેમ અંક અને અક્ષરને જાણ્યા વગર નામું લખી શકાતું નથી, તેમ આત્માના અંક અને અક્ષર એટલે આત્માનું ચૈતન્યચિહ્ન અને આત્માનો અવિનાશી સ્વભાવ, તેને જાણ્યા વિના ધર્મનું નામું થઈ શકે નહીં. ભાઈ, આ તો જન્મમરણની બેડી તોડવાની વાત છે. આ સમજ્યા વિના કોઈ રીતે જન્મ-મરણનો અંત આવે તેમ નથી. બાકી આ સમજ્યા વગર ભગવાનની મણિરત્નોનની પ્રતિમા બનાવે અને હીરાના થાળમાં કલ્પવૃક્ષના ફૂલથી પૂજા કરે, તોપણ તે શુભરાગ છે; આત્માનો સ્વભાવ તે રાગરહિત છે, તેને સમજે નહિ તો સંસારના જન્મ-મરણ ટળે નહિ. શુભરાગ તે ધર્મનો પંથ નથી. આત્માની ઓળખાણ કરીને તેનો આશ્રય કરવો તે એક જ ધર્મનો પંથ છે. અનંત જ્ઞાનીઓનો એક જ પંથ છે. કહ્યું છે કે 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' ત્રણે કાળે મોક્ષનો માર્ગ એક જ પ્રકારે છે.

## (૩૯) ધર્મીનો ધર્મ શરીર-મન-વાણીથી થતો નથી

ધર્મી જીવનું એંધાણ શું? —ધર્મી જીવના અંતરમાં કેવું ભાન હોય તેની આ વાત છે. ધર્મી જાણે છે કે હું આત્મા જ્ઞાતા છું અને શરીરાદિ બધા પરદ્રવ્યો તે જ્ઞેય છે. મારા જ્ઞાનસ્વરૂપથી શરીરાદિ જ્ઞેય પદાર્થો જુદાં છે. એટલે હું શરીર નથી, મન નથી તેમ જ વાણી પણ

હું નથી. તેથી તે શરીર-મન-વાણીથી મારો ધર્મ થતો નથી. —તો હવે શેનાથી ધર્મ કરશો? —આત્મા શરીર-મન-વાણીથી પાર, જ્ઞાનદર્શનનો પિંડ છે, તેમાંથી ધર્મની સ્ફુરણા થાય છે. આત્મા જ્ઞાનમૂર્તિ છે ને શરીર-મન-વાણી પરજ્ઞેયો છે; આત્મા તેમનો જાણનાર છે પણ તેમનું કાંઈ આત્મા કરી શકતો નથી. શરીરથી, મનથી કે વાણીથી આત્માનો ધર્મ થાય નહીં. આ શરીર અને ભાષા તો પરવસ્તુ છે ને અંદર છાતીના ભાગમાં એક સૂક્ષ્મ મન છે, તે જડપુદ્‌ગલોનું બનેલું છે, તે મન પણ પરવસ્તુ છે. આત્માનું તે મન તરફ જેટલું જોડાણ થાય તેટલો વિકાર થાય છે, તે વિકાર પણ આત્માનું સ્વરૂપ નથી. મન પરદ્રવ્ય છે, તે મનના અવલંબને પણ આત્માનો ધર્મ થતો નથી. આત્માનો જ્ઞાન-દર્શનસ્વભાવ મનાતીત અને વિકલ્પાતીત છે, તેને ઓળખીને તેમાં એકાગ્ર થતાં જેટલે અંશે મનથી વેગળો થઈ જાય તેટલો ધર્મ છે. આ ભાવ વિના ત્રણકાળમાં ધર્મ થતો નથી. આજ સમજે, કાલ સમજે કે બે-પાંચ ભવે સમજે, પણ આ સમજ્યા વગર કદી ભવથી નીવેડા આવે તેમ નથી.

## (૪૦) જ્ઞાન અને જ્ઞેયનું ભેદવિજ્ઞાન

પરથી જુદાપણું જાણ્યા વિના તેના પ્રત્યે મધ્યસ્થતા થાય જ નહિ ને સ્વરૂપમાં એકાગ્રતા થાય નહિ. આત્માને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન જાણીને ધર્મી જીવ પરદ્રવ્યો પ્રત્યે મધ્યસ્થ થાય છે, ને પોતાના સ્વભાવમાં ઠરે છે. ધર્મી જાણે છે કે વાણી પણ હું નથી, ને તે વાણીથી મારો ધર્મ થતો નથી. આત્મા વાણીને કરતો નથી અને વાણીથી આત્મા સમજાતો નથી. શરીર, મન, વાણી હું નથી, એનો અર્થ એ થયો કે શરીર, મન, વાણીની ક્રિયા આત્માને લીધે થતી નથી. વ્યવહારથી પણ આત્મા તેમનું કાંઈ કરે—એમ નથી. 'આત્માએ શરીરાદિનું કર્યું' એમ ભાષામાં આવે, પણ વસ્તુસ્વરૂપ તેનાથી જુદું છે. દૂર રહેલાં દેવ-ગુરુ-શાસ્ત્ર, અને નજીક રહેલાં શરીર-મન-વાણી તે બધાં મારાથી જુદાં છે, હું જાણનાર છું ને તે બધાં મારાં જ્ઞેયો છે. આમ જ્ઞાન અને જ્ઞેયને જુદાં

ઓળખીને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવી તે ધર્મ છે.

## (૪૧) પ્રતિષ્ઠાનો મહોત્સવ અને આત્માની સમજણ

આ તો ભગવાનની પ્રતિષ્ઠાનો મહોત્સવ ચાલે છે. ભગવાને જેવો કહ્યો તેવો આત્માનો મહિમા ઓળખવો તે જ સાચો મહોત્સવ છે.

વસુબિંદુ–પ્રતિષ્ઠાપાઠમાં જિનબિંબની પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવકનું વર્ણન આવે છે. તે શ્રાવક શ્રીગુરુ પાસે જઈને આજ્ઞા માંગે છે કે હે સ્વામી! હું આ લક્ષ્મીને કુલટા સ્ત્રી સમાન અને અનિત્ય જાણું છું, મારી લક્ષ્મીનો રાગ ઘટાડીને હું તેનો સદુપયોગ કરું એવું કોઈ કાર્ય બતાવો. શ્રી અરિહંત ભગવાનના પંચકલ્યાણક કરવાની મારી ભાવના છે. ત્યારે શ્રીગુરુ કહે છે કે–હે ભવ્ય! ધન્ય છે. તું તારા કુળમાં સૂર્ય સમાન છે; એમ કહીને જિનબિંબ પ્રતિષ્ઠા અને પંચકલ્યાણક મહોત્સવની આજ્ઞા આપે છે. તે મહોત્સવ અનંત ભવોનો નાશ કરનાર છે. અહીં બાહ્ય ક્રિયાની કે એકલા શુભરાગની વાત નથી, પણ પોતાના જ્ઞાતાદૃષ્ટાસ્વભાવના ભાનપૂર્વક તેમાં લીન થઈને તૃષ્ણા ઘટાડતાં અનંત અવતારનો નાશ થઈ જાય છે. પરમાર્થે તો, આત્મસ્વભાવની જે અનંતજ્ઞાનમય સંપત્તિ છે તેને પ્રગટ કરીને રાગનો વ્યય કરવો તે મહોત્સવ છે. મહોત્સવ કરનાર પોતાનો રાગ ઘટાડવા માટે પોતાની સંપત્તિનો વ્યય કરે. ખરેખર લક્ષ્મીનો વ્યય આત્મા કરી શકતો નથી પણ રાગ ઘટાડવાના ઉપદેશ માટે લક્ષ્મીના વ્યયની વાત વ્યવહારે કરી છે.

પ્રતિષ્ઠા કરાવનાર ગૃહસ્થને આચાર્યદેવ કહે છે કે હે ભાગ્યવાન્! તારો અવતાર સફળ છે કે તારા ઘરે આવો મહાન અવસર આવ્યો છે. સ્વર્ગ-મોક્ષના કારણરૂપ તારો સફળ અવતાર છે, તારા મહાભાગ્ય છે. **માત્ર લક્ષ્મી ખરચીને હો–હા કરી નાંખે અથવા માન લેવા માટે લક્ષ્મી ખરચે તેની આ વાત નથી. પણ**

**અંતરમાં રાગરહિત સ્વભાવનું જેને બહુમાન છે અને જડ લક્ષ્મી તે મારી ચીજ નથી**—એમ જાણીને જેને તેનું અભિમાન ટળી ગયું છે તે જીવ લક્ષ્મી ઉપરનો રાગ ઘટાડવા તૈયાર થયો છે. તેની વાત છે. અંતરમાં રાગરહિત જ્ઞાયકસ્વભાવનું ભાન હોય તો કલ્યાણ છે. જડની ક્રિયાનો સ્વામી ન થાય તેમજ શુભરાગને ધર્મ ન માને—એ પ્રમાણે જ્યાં જ્યાં જે જે યોગ્ય હોય ત્યાં ત્યાં તે તે સમજે, અને રાગરહિત સ્વભાવની દૃષ્ટિ રાખીને રાગ ઘટાડવાના સ્થાને રાગ ઘટાડે. અંતરમાં આત્માના ભાન વગર રાગ ઘટાડે તો પરમાર્થમાર્ગમાં તેની કાંઈ ગણતરી નથી. રાગ ઘટાડવાનો નિષેધ નથી પરંતુ અંતરમાં ભાન હોવું જોઈએ કે પૈસા કે મંદિર વગેરે જડની ક્રિયા તો આત્મા કરી શકતો નથી, અને જે શુભરાગ થાય તેનાથી પણ મને લાભ નથી. સ્વભાવના ભાનસહિત જેટલો રાગ ટળ્યો તેટલો લાભ છે. પહેલાં આત્માની સાચી સમજણનો મૂળ પાયો રાખીને પછી બધી વાત છે. સાચી સમજણ વગર કોઈ જીવ રાગને મંદ પાડે તો કોઈ જ્ઞાની ના કહેતા નથી, પરંતુ તેને આત્માનું અપૂર્વ કલ્યાણ થાય નહિ ને અનંતા જન્મ-મરણ મટે નહિ.

## (૪૨) નિશ્ચય અને વ્યવહારની કથનશૈલી

આત્મા પોતે દેહ-મન-વાણી નથી, તેમજ દેહ-મન-વાણીની ક્રિયાનું કારણ પણ આત્મા નથી. કોઈ કહે કે 'નિશ્ચયથી તો એમ છે કે આત્મા પરનું કાંઈ ન કરી શકે, અને વ્યવહારથી આત્મા પરનું કરે છે,'' તો એ વાત પણ જુઠ્ઠી છે. નિશ્ચયથી કે વ્યવહારથી કોઈ પ્રકારે આત્મા પરનું કરી તો શકતો જ નથી. 'નિશ્ચયથી ન કરે અને વ્યવહારથી કરે' એમ બે પ્રકારનું કથન છે પરંતુ વસ્તુનું સ્વરૂપ કાંઈ એવા બે પ્રકારનું નથી. નિશ્ચયની વાતને ઊભી રાખીને (લક્ષમાં રાખીને) વ્યવહારના અર્થ સમજવા જોઈએ. આત્મા શરીરાદિની કોઈ ક્રિયા કરી શકતો નથી—એવું જ વસ્તુસ્વરૂપ છે, તે નિશ્ચય છે, અને 'આત્મા શરીરાદિનું કરે છે' એમ શાસ્ત્રમાં વ્યવહારથી કથન હોય તે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



માત્ર નિમિત્તનાં કથન છે, પણ વસ્તુસ્વરૂપ નથી; શરીરાદિની ક્રિયા થતી હોય તે વખતે કેવું નિમિત્ત હતું તેનું જ્ઞાન કરાવવા માટે તે વ્યવહારનું કથન છે.

## (૪૩) ધર્મીના ધર્મનું માપ બહારની ક્રિયાથી નથી

ભગવાનના ગંધોદકનું પાણી લઈને માથે ચડાવે અને કહે કે હે ભગવાન! આપ સંસારથી તર્યા છો અને મને તારજો. –તો શું ભગવાન કોઈને તારતા હશે? કે ગંધોદકનું પાણી કોઈને તારતું હશે? એ તો માત્ર ભગવાન પ્રત્યેના વિનયની ભાષા છે, આત્માના અંતરનું પાણી ઉછળ્યા વગર (–પુરુષાર્થ વગર) મુક્તિ થાય નહિ. આત્માના અંતરનું પાણી બહારની ક્રિયા ઉપરથી ઓળખાય નહિ. જેમ હીરાનાં પાણીનું માપ ઝવેરી કરી શકે પણ અભણ ખેડૂત તેને પારખી શકે નહીં; તેમ ધર્મી જીવના અંતરનું પાણી આહારાદિ બાહ્યક્રિયા ઉપરથી જણાય નહિ. અમુક પ્રકારે આહાર કરે છે ને અમુક પ્રકારનો ત્યાગ છે–એમ બહારની ક્રિયા ઉપરથી ધર્મી જીવના ધર્મનું માપ થતું નથી, પણ અંતરમાં આત્મસ્વભાવની શ્રદ્ધા અને એકાગ્રતા કરીને કેટલો રાગ તોડ્યો તે ઉપરથી ધર્મીનું માપ થાય છે. અજ્ઞાનીઓ કહે છે કે 'આત્મામાં અનંતશક્તિ છે અને આત્મા સ્વતંત્ર છે—એમ જો તમે માનો છો તો છ મહિનાના ઉપવાસ કરી નાંખો ને?' પણ જ્ઞાની કહે છે કે ભાઈ! આત્માની શક્તિનું માપ બહારની ક્રિયાથી નથી. કોણ આહાર લ્યે? ને કોણ તેને છોડે? ચૈતન્યમૂર્તિ અરૂપી આત્મા છે તે જડ આહારને લેવા–મૂકવાની ક્રિયા કરી શકતો નથી.

## (૪૪) આત્માનો વ્યવહાર ક્યાં હોય?

અહીં આચાર્ય મહારાજ કહે છે કે–આત્મા શરીર-મન-વાણીનું કારણ નથી. શરીર-મન-વાણી તો જડ પુદ્‌ગલની રચના છે, ધર્મી જીવ પોતાને તેનું કારણ માનતા નથી, તેમજ જે ભાવે શરીર-મન-વાણીનો સંયોગ થાય તે ભાવનું કારણ પણ ધર્મી જીવ પોતાને માનતા નથી.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સ્વભાવદૃષ્ટિથી આત્મા વિકારનું કારણ છે જ નહીં. અને નિમિત્તથી પણ આત્મા શરીર-મન-વાણીનું કારણ નથી.

અજ્ઞાની કહે છે કે—બહારનો વ્યવહાર તો કરવો પડે ને? પણ ભાઈ! આત્મા પરમાં શું કરે? શું તારે જડની ક્રિયામાં આત્માનો વ્યવહાર મનાવવો છે? નિશ્ચય આત્મામાં અને વ્યવહાર બહારમાં—એમ નથી. આત્માનો વ્યવહાર આત્માની બહાર ન હોય; એટલે બહારની શરીર-મન-વાણીની ક્રિયા તો આત્મા વ્યવહારે પણ કરતો નથી. બહુ તો આત્મા પોતાના પર્યાયમાં તે તરફનો રાગ કરે, તેને જાણવો તે વ્યવહાર છે. ત્રિકાળી સ્વભાવમાં રાગ નથી ને પર્યાયમાં આ ક્ષણિક રાગ થાય છે—એમ તે રાગને જાણવો તે અસદ્ભુતવ્યવહાર છે. અને ત્રિકાળી રાગરહિત સ્વભાવને જાણવો તે નિશ્ચય છે. નિશ્ચયને જાણ્યા વિના વ્યવહારનું પણ સાચું જ્ઞાન થાય નહીં. ત્રિકાળી સ્વભાવ રાગરહિત છે તેને જાણે નહિ અને ક્ષણિક રાગને જ પોતાનું સ્વરૂપ માની લ્યે તેને તો વ્યવહારનું પણ સાચું જ્ઞાન નથી.

## (૪૫) આત્માના કારણે ભાષા બોલાતી નથી

આત્મામાંથી ભાષા ઉત્પન્ન થતી નથી તેમ જ આત્મા પોતે કારણરૂપ થઈને પણ ભાષાને ઉપજાવતો નથી. આત્માની ઈચ્છાના કારણે ભાષા થતી નથી, પણ જડ પુદ્ગલો સ્વયં ભાષારૂપે થાય છે. કેવળી ભગવાનને ઈચ્છા ન હોવા છતાં વાણી છૂટે છે અને ઘણા જીવોને ઈચ્છા હોવા છતાં તે ઈચ્છા અનુસાર વાણી નીકળતી નથી. કેમ કે વાણી આત્માના કારણે થતી નથી પણ જડના કારણે થાય છે. આ પ્રમાણે જડથી હું ભિન્ન છું—એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

## (૪૬) નિશ્ચય અને વ્યવહારનો વિરોધ કેમ ટળે?

ધર્મી જીવ ભેદજ્ઞાનવડે એમ જાણે છે કે દેહ-મન-વાણી હું નથી, તેનું કારણ હું નથી, તથા તેનો કર્તા નથી, કરાવનાર નથી અને તેની ક્રિયા સ્વયં થતી હોય તેનો હું અનુમોદનાર પણ નથી. શાસ્ત્રમાં આવા

સ્પષ્ટ કથન આવે ત્યાં અજ્ઞાની જીવ કહે છે કે "એ તો નિશ્ચયની વાત છે, નિશ્ચયથી આત્મા શરીરાદિનું ન કરી શકે પણ વ્યવહારથી કરે." નિશ્ચય શું અને વ્યવહાર શું? તેનું અજ્ઞાનીને ભાન નથી તેથી તે એમ માને છે કે વ્યવહારથી આત્મા બોલે, ને વ્યવહારથી આત્મા શરીરને ચલાવે. 'નિશ્ચયથી ન કરે ને વ્યવહારથી કરે' એમ અજ્ઞાની માને છે એટલે તેને કદી બે નયોનો વિરોધ ટળતો નથી; ને બે નયોનો વિરોધ ટાળીને તેને સ્વભાવમાં ઢળવાનું રહેતું નથી. એટલે તેને કદી બે નયોનો વિરોધ ટળતો નથી; ને બે નયોનો વિરોધ ટાળીને તેન સ્વભાવમાં ઢળવાનું રહેતું નથી, એટલે કે તેને અધર્મ ટળીને ધર્મ થતો નથી. નિશ્ચય અને વ્યવહારનો પરસ્પર વિરોધ છે, તે વિરોધ કઈ રીતે ટળે? નિશ્ચય જે કહે છે તે વસ્તુસ્વરૂપ છે અને વ્યવહાર કહે છે તે પ્રમાણે વસ્તુસ્વરૂપ નથી પણ ઉપચારથી કહ્યું છે—એમ સમજે તો બે નયોનો વિરોધ ટળે. પરંતુ નયોના કથનની અપેક્ષા સમજ્યા વિના બંનેને સાચા માની લ્યે કે આ પણ સાચું ને તે પણ સાચું, તો તેને બે નયોનો વિરોધ મટતો નથી એટલે કે તે મિથ્યાત્વ ટળતું નથી. નિશ્ચય કહે છે કે આત્મા શરીરાદિનું કાંઈ જ કરતો નથી; —એ તો યથાર્થ વસ્તુસ્વરૂપ જ છે; અને વ્યવહાર કહે છે કે આત્મા શરીરાદિની ક્રિયા કરે છે; —એ યથાર્થ વસ્તુસ્વરૂપ નથી પણ ઉપચારનું કથન છે, એનો અર્થ એમ છે કે ખરેખર આત્મા શરીરાદિનું કરે નહિ.

## (૪૭) ચૈતન્ય-મહિમા

જુઓ, આ તત્ત્વ સમજ્યા વિના બહારની ધામધૂમથી આત્માનું કલ્યાણ થાય તેમ નથી. લોકોને બહારનો દેખાવ દેખાય છે પણ અંતરમાં ચૈતન્ય હીરો, અનંતગુણનો ભંડાર, કેવળજ્ઞાનનો કંદ છે તેને દેખતા નથી. ભગવાન્! તારો અપાર મહિમા છે, તારા મહિમાને ભૂલીને બહારના પદાર્થોનો મહિમા કરી કરીને તું અનાદિથી રખડ્યો છે. તારા આત્માના મહિમાને ઓળખીને તેની શ્રદ્ધા કર તો આ જન્મ-મરણની રખડપટ્ટી ટળે. ભગવાનની વાણીથી પણ તારા મહિમાનો પાર

પડે તેમ નથી. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે—

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. ૨૦

પોતાના અંતરમાં જ્ઞાનદ્વારા અનુભવગોચર થાય તેવો આત્મા છે, પણ તે અનુભવ વાણીથી કહેવામાં આવી શકતો નથી અને વાણીદ્વારા આત્મા સમજી શકાતો નથી. શાસ્ત્રો કહે છે કે બારઅંગદ્વારા પણ માત્ર સ્થૂળતત્ત્વની વાતો આવી છે; સૂક્ષ્મતત્ત્વ તો કેવળી ભગવાનના અને જ્ઞાનીઓના અંતરમાં રહી ગયું છે. ભગવાનની વાણીમાંથી ગણધરદેવે જેટલું ઝીલ્યું તેનો અનંતમો ભાગ શાસ્ત્રમાં રચાયો છે, ને તેમાં સ્થૂલ કથનો છે. કોઈ અન્ય પદાર્થો સાથે મેળવીને ચૈતન્યના મહિમાનું પૂરું વર્ણન કરવાની તાકાત વાણીમાં નથી. જેમ તાજા ઘીનો સ્વાદ ચાખવામાં આવે છે પણ વાણીદ્વારા તેનું પૂરું વર્ણન થઈ શકતું નથી. તેમ ચૈતન્યનું પરિપૂર્ણ સ્વરૂપ જ્ઞાનમાં જણાય છે, પણ વાણીમાં તેને પૂરું કહી શકે તેવી તાકાત નથી; કેમકે વાણી તે આત્માના સ્વભાવથી અન્ય છે. જેમ કોઈ મોટો બારિસ્ટર ઘી ચાખે અને બે વર્ષનો બાળક ઘી ચાખે, ત્યાં તે બન્નેને ઘીના સ્વાદનું જ્ઞાન સરખું છે, પણ વાણીદ્વારા પૂરું કહેવા કોઈ સમર્થ નથી. તેમ ચૈતન્યમૂર્તિ આનંદકંદ આત્મસ્વભાવનું જ્ઞાન કરવામાં કેવળીભગવાન પૂરા છે, – બારિસ્ટર જેવા છે, ને અવિરતિ સમ્યગ્દષ્ટિને મતિ-શ્રુતજ્ઞાન છે, તે બાળક જેવા છે, પણ બંનેના જ્ઞાનની જાત એક છે, આત્માના અનુભવનો સ્વાદ બંનેને એક જાતનો છે. પરંતુ વાણીદ્વારા આત્માનું પૂરું વર્ણન કરવા કોઈ સમર્થ નથી.

### (૪૮) જ્ઞાયકમૂર્તિ આત્મા દેહ-મન-વાણીનો પ્રેરક નથી

જ્ઞાયકમૂર્તિ આત્મા દેહ-મન-વાણીનો કર્તા તો નથી, પણ દેહ-

મન-વાણીની જે ક્રિયા એની મેળે સ્વયં થતી હોય તેનો પ્રેરક પણ આત્મા નથી. આત્મા બોલવાની ઈચ્છા કરે, તે ઈચ્છા વિકાર છે, તે ઈચ્છાને લીધે પણ ભાષા થતી નથી. શરીર તે પુદ્‌ગલની આહારવર્ગણામાંથી થાય છે, ને ભાષા તો ભાષાવર્ગણામાંથી થાય છે, માટે શરીરના આ મોઢાથી કે ગળાથી પણ ભાષા બોલાતી નથી. કેમકે ભાષા અને શરીર બંનેના પુદ્‌ગલો જુદા છે. જ્યાં મોઢું પણ ભાષા બોલતું નથી ત્યાં આત્મા ભાષાને કરે એ વાત તો ક્યાં રહી? દેહ-મન-વાણી આત્મા સાથે એક ક્ષેત્રે રહેલાં છે, તે એક ક્ષેત્રે રહેલાં પુદ્‌ગલોનો પ્રેરક પણ આત્મા નથી, તો પછી પુસ્તક, પૈસા, લક્ષ્મી વગેરે દૂરના પદાર્થોની ક્રિયા આત્મા કેમ કરી શકે? આત્મા તો જ્ઞાયકમૂર્તિ છે ને તે બધા પદાર્થો જ્ઞેય છે. આત્માને અને તેને માત્ર જ્ઞેય-જ્ઞાયક સંબંધ સિવાય બીજો કોઈ સંબંધ નથી. આમ સમજ્યા વિના બીજો કોઈ ધર્મનો રસ્તો નથી. વીતરાગનો માર્ગ આ જ છે. પહેલાં સત્સમાગમે આવું વસ્તુસ્વરૂપ સાંભળીને અંતરમાં મનન અને વિચાર કરવો તે જ વ્યવહાર છે, એ સિવાય બહારની ક્રિયામાં વ્યવહાર નથી. શરીરની ક્રિયા થાય તો તે જડ પરમાણુની અવસ્થા છે, આત્મા તેની વ્યવસ્થા કરતો નથી. જડની અવસ્થા તે જ તેની વ્યવસ્થા છે, તે માટે તેને જ્ઞાનની જરૂર નથી. અજ્ઞાની જીવ પરપદાર્થોની વ્યવસ્થા કરવાનું અભિમાન કરે છે, પણ પરદ્રવ્યનો કર્તા કે પ્રેરક તો તે પણ નથી. જે પોતાને પરનો પ્રેરક માને છે તે મિથ્યાદૃષ્ટિ છે.

## (૪૯) અનેકાંત-ધર્મ

અજ્ઞાનીઓ કહે છે કે આ એકાંતનિશ્ચય છે. પણ તે અજ્ઞાનીને નિશ્ચય અને વ્યવહારનું ભાન જ ક્યાં છે? અનેકાંત કોને કહેવાય ને એકાંત કોને કહેવાય તેની પણ તેને ખબર નથી. આત્મા પોતાના જ્ઞાનની અવસ્થાને કરે પણ પરમાં કાંઈ ન કરે—એનું જ નામ અનેકાંત છે; અને એ પ્રમાણે સમજતાં પર પદાર્થોનો અહંકાર ટળીને પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળવું તે ધર્મ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## (૫૦) ધર્મની અપૂર્વતા અને તેની રીત

ધર્મ અદ્‌ભુત, અલૌકિક અને અનંતકાળે નહિ પ્રગટેલ એવી અપૂર્વ વસ્તુ છે. તે ધર્મ કેમ થાય અને આત્માના જન્મ-મરણનો અંત કેમ આવે તેની આ વાત છે. આ જ્ઞેયઅધિકાર છે, તેમાં ગર્ભિતપણે સમ્યક્ત્વ અધિકાર પણ આવી જાય છે. ધર્મી જીવ શરીરાદિ બધા પરજ્ઞેયોને પોતાથી ભિન્ન પરદ્રવ્ય સમજીને તે પ્રત્યે અત્યંત મધ્યસ્થ થઈને સ્વભાવ તરફ વળે છે. તેનું આ વર્ણન છે. હું જ્ઞાયક આત્મા શરીર-મન-વાણીનો કર્તા નથી, તેનો કરાવનાર નથી અને તેના કર્તાનો અનુમોદનાર પણ હું નથી, હું તો તેનો જાણનાર જ છું અને એ બધા જ્ઞેયો છે.—આમ જ્ઞેય-જ્ઞાયકનું ભેદવિજ્ઞાન કરીને જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવી તે અપૂર્વ સમ્યગ્દર્શન અને મુક્તિનું કારણ છે. સમ્યગ્દર્શન સમજવા માટે આ અધિકાર અમૂલ્ય અને અલૌકિક છે.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# 3 વીંછીયાના વનમાં વૈરાગ્યભાવના

(શ્રી વીંછીયામાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન ફાગણ સુદ છઠ્ઠના રોજ પ્રભુશ્રીના દીક્ષાકલ્યાણક પ્રસંગ બાદ દીક્ષા વનમાં પૂ. ગુરુદેવશ્રીનું વૈરાગ્યપ્રવચન.)

## (૫૧) દીક્ષા પહેલાં ભગવાનનું આત્મભાન

આજે ભગવાનનો દીક્ષાકલ્યાણક મહોત્સવ છે. અહીં તીર્થંકર ભગવાનનો જે દીક્ષાકલ્યાણક થાય છે તે તો સ્થાપના તરીકે છે. પૂર્વે જે તીર્થંકર ભગવાન થઈ ગયા તેમને જ્ઞાન વર્તમાનમાં યાદ કરીને સ્થાપના કરવામાં આવે છે. પૂર્વે અનંત તીર્થંકરો થઈ ગયા છે. તે તીર્થંકરદેવ મતિ-શ્રુત-અવધિ એવા ત્રણ જ્ઞાન સહિત જ જન્મે છે; અને કેટલાક ક્ષાયિકસમ્યગ્દર્શન સહિત જન્મે છે. માતાના પેટમાં આવ્યા ત્યારે પણ અંતરમાં જ્ઞાનમૂર્તિ આત્માનું ભાન છે. શરીર-મન-વાણીનો એક રજકણ પણ મારો નથી, અને જે ક્ષણિક શુભાશુભ વિકાર થાય છે તે કોઈ પરના કારણે થતા નથી, પણ મારા પુરુષાર્થની હીનતાથી થાય છે. તે શુભાશુભ વિકાર મારા સ્વભાવમાંથી આવતા નથી, ને તે મારું સ્વરૂપ નથી. હું અખંડ આનંદનો સાગર છું.—આવા ભાન સહિત ભગવાનનો આત્મા સ્વર્ગ કે નરકમાંથી આવે છે. શ્રી ઋષભદેવ ભગવાન પૂર્વ ભવે સર્વાર્થસિદ્ધિના દેવ હતા, ત્યાંથી ત્રણ જ્ઞાન સહિત મરુદેવી માતાની કૂંખે આવ્યા હતા.

જેમ શ્રીફળમાં ઉપલા છોલાં, કાચલી અને અંદરની રાતપ એ ત્રણેથી ટોપરાનો ગોળો છૂટો છે. તેમ આત્મા ચૈતન્યગોળો છે; તે, આ સ્થૂળ ઔદારિક શરીરરૂપ છોતરાં, કાર્મણ શરીરરૂપ કાચલી અને અંદરના રાગ-દ્વેષરૂપ રાતપ—એ ત્રણેથી છૂટો, ચૈતન્યબિંબ સહજાનંદ શાંતરસની મૂર્તિ છે. જેમ ટોપરાના મીઠા અને સફેદ ગોળામાં જે

રાતપ છે તે ખરેખર કાચલી તરફનો ભાગ છે, તેમ આત્મા આનંદ અને ચૈતન્યનો ગોળો છે તેમાં જે વિકારી લાગણીઓ થાય છે તે પરના આશ્રયે થાય છે, તે ખરેખર ચૈતન્યની જાત નથી.—આવું ભેદજ્ઞાન ભગવાનને મુનિ થયા પહેલાં હતું. અનંતા તીર્થંકરો આવા ભેદજ્ઞાન સહિત જ માતાની કૂંખે આવે છે. હું તીર્થંકરપણે અવતર્યો છું–એવો વિકલ્પ, તેમ જ મને ત્રણ જ્ઞાન છે એવો જે ભેદભાવ, તે રહિત અંતરમાં અભેદ નિર્વિકલ્પ આનંદનો કંદ ચૈતન્યસ્વભાવ છે, તેનું ભગવાનને ભાન હતું. અને એના પ્રતાપે જ તે તીર્થંકર થયા છે. આ પ્રમાણે અંતરની ઓળખાણ કરવી જોઈએ.

ભગવાન માતાના ગર્ભમાં આવ્યા તે પહેલાં છ મહિનાથી દરરોજ રત્નવર્ષા થતી હતી તેમ જ દેવો માતાની સેવા કરવા આવતા હતા. ભગવાનનો આત્મા તો બધા પ્રત્યે અંતરથી ઉદાસ હતો, તે શરીરને પણ પોતાનું માનતો ન હતો; માતાના પેટમાં હતા ત્યારે પણ 'આ માતાના પેટમાં હું રહ્યો છું, આ મારી માતા છે. આ મારા પિતા છે, આ ઇંદ્રો મારી સેવા કરે છે' આવો વિકલ્પ પણ રુચિથી ન હતો. આવા ભાનસહિત શ્રી ૠષભદેવ ભગવાનનો જન્મ થયો. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'–હું સિદ્ધ છું. ત્રિકાળ અખંડ જ્ઞાનસ્વરૂપ છું–આવા આત્મભાન સહિત ગર્ભમાં આવ્યા, એવા ભાનસહિત જન્મ્યા અને એવા ભાનસહિત ઊછર્યા.

## (૫૨) ભગવાનને વૈરાગ્ય

એકવાર ૠષભદેવ ભગવાનના રાજદરબારમાં દેવીઓ ભક્તિથી નૃત્ય કરતી હતી. ત્યાં તેમાંથી એક દેવીનું આયુષ્ય પૂરું થઈ ગયું. આવી ક્ષણભંગુરતા દેખીને ભગવાનના અંતરમાં એકદમ વૈરાગ્ય જાગૃત થયો અને તેઓ અનિત્ય-અશરણ વગેરે બાર ભાવનાઓનું ચિંતવન કરવા લાગ્યા.

## (૫૩) બાર ભાવનાઓનું ચિંતવન અને દીક્ષા

અહો! આત્મા નિત્ય વસ્તુ છે, ને આ શરીર તો સંયોગી ચીજ

છે. માતાએ ગોદમાં લીધા પહેલાં તો આ શરીર અનિત્યતાની ગોદમાં આવ્યું છે. જન્મ્યા પહેલાં જ તેને અનિત્યતા લાગુ પડી ગઈ છે. અને ક્ષણે ક્ષણે વિકારી પરિણામો થાય છે તે પણ અનિત્ય છે, પહેલી ક્ષણે થઈને બીજી ક્ષણે તે નાશ પામી જાય છે, મારો ચિદાનંદ આત્મા ધ્રુવ છે તે કાયમ એવો ને એવો ટકી રહે છે.....ધ્રુવરૂપ આત્મા એ જ મને શરણ છે. એ સિવાય બીજું કોઈ શરણ નથી. આત્માને પોતા સિવાય અન્ય કોઈ તીર્થંકરો-ગણધરો-મુનિઓ-ઇંદ્રો કે ચક્રવર્તીઓ શરણભૂત નથી, એક પોતાનો ધ્રુવસ્વભાવ છે તે જ શરણભૂત છે.....એવા પોતાના ધ્રુવસ્વભાવને ભૂલીને મિથ્યાત્વને લીધે જીવ અનંત સંસારમાં રખડી રહ્યો છે. સંસારમાં રખડતાં આ જીવે, પૂર્વભવની સ્ત્રીને માતા તરીકે અને પૂર્વભવની માતાને સ્ત્રી તરીકે અનંતવાર સેવી છે. પુણ્ય કરીને સ્વર્ગમાં અને પાપ કરીને નરક-નિગોદમાં જીવ રખડે છે. આવા સંસારને ધિક્કાર છે! સંસાર કોઈ બીજી ચીજ નથી પણ આત્માનો જ વિકાર છે.....આત્મા સદાય પવિત્ર મૂર્તિ છે, ને વિકાર તથા શરીર તે અશુચિમય છે.....ત્રિકાળ એકરૂપ મારો સ્વભાવ છે એટલે મારે મારા સ્વભાવથી એકત્વ છે.....હું એક જ્ઞાયકસ્વભાવ છું. શરીર અને રાગાદિ મારું સ્વરૂપ નથી, તેનાથી મારે અન્યત્વ છે.....પુણ્ય-પાપ આસ્રવ છે તે મારું સ્વરૂપ નથી.....સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં લીન થતાં સંવર-નિર્જરા પ્રગટ થાય છે.....આ સંસારમાં જીવને રત્નત્રયરૂપ બોધિની પ્રાપ્તિ જ અત્યંત દુર્લભ છે. પૂર્વે અનંતકાળમાં આત્માને બધું મળી ચૂક્યું છે, આત્માને અનંતકાળમાં નહિ મળેલ એક રત્નત્રય જ છે. —ઇત્યાદિ પ્રકારે બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન ભગવાન કરતા હતા. પછી લોકાંતિક દેવો આવીને પ્રભુની સ્તુતિ કરીને વૈરાગ્યને અનુમોદન આપે છે, અને દેવો દીક્ષાકલ્યાણક ઉજવવા આવે છે. અને ભગવાન દીક્ષા લઈને ચારિત્રદશા અંગીકાર કરે છે. એ બધું દૃશ્ય હમણાં અહીં થઈ ગયું છે.

## (૫૪) મોક્ષના કારણરૂપ ચારિત્રદશા

આત્માને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયા પછી પણ ચારિત્રદશા વગર મુક્તિ થતી નથી. ચારિત્રદશા કોઈ બાહ્ય વેષમાં નથી, પણ આત્માના સિદ્ધ જેવા અતીન્દ્રિય આનંદમાં લીન થતાં ત્રણ કષાયનો નાશ થઈને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની વીતરાગીદશા પ્રગટે છે, તે ચારિત્રદશા છે. એવી ચારિત્રદશા જેને પ્રગટી હોય તેને જ મુનિ કહેવાય છે. એવી ચારિત્રદશા વગર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ ધર્મ હોય, પણ મુનિદશા હોય નહિ.

ભગવવાનને પોતાના આત્માનો પરિપૂર્ણ આનંદ દૃષ્ટિમાં તો આવ્યો છે. પૂર્ણાનંદ સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન થયું છે. પોતાના આત્મામાં નક્કી થયેલું છે કે હું આ જ ભવે કેવળજ્ઞાન લઈને ભગવાન થવાનો છું; પરંતુ તીર્થંકર ભગવાનને પણ ચારિત્રદશા વગર કેવળજ્ઞાન થતું નથી. તેથી ભગવાનને વૈરાગ્ય થતાં તેઓ દીક્ષા અંગીકાર કરે છે. 'હું દીક્ષા લઈને મુનિ થાઉં, એવો વિકલ્પ તે તો રાગ છે, તે આત્માનું સ્વરૂપ નથી, તેમ જ બાહ્યમાં કેશલોચની કે વસ્ત્રો ઉતારવાની ક્રિયા જડની છે, આત્મા તેનો કર્તા નથી. આત્માને મુનિ થવાની વૃત્તિ ઊઠી તે રાગ છે, તે રાગને લીધે ચારિત્રદશા થતી નથી પણ સ્વભાવની લીનતાથી ચારિત્રદશા થાય છે. તેમ જ તે રાગને લીધે વસ્ત્ર ઉતરવાની ક્રિયા થતી નથી, પણ તે જડના સ્વભાવથી થાય છે.

આત્માને મુનિદશા પ્રગટ થતાં વસ્ત્રનો સંયોગ તેના કારણે સ્વયં ઉતરી જાય છે, ત્યાં આત્માના શુભવિકલ્પને નિમિત્ત કહેવાય, પણ ખરેખર તો વસ્ત્રના પુદ્ગલોમાં વર્તમાન પર્યાયનું તેવું જ પરિણમન થવાની લાયકાત હતી. આત્મા તેનો કર્તા નથી અને જે પંચમહાવ્રતનો શુભવિકલ્પ ઊઠ્યો તેને ચારિત્રદશાનું નિમિત્ત કહેવાય. પણ ખરેખર તો તે રાગ છે, તે વીતરાગચારિત્રનું કારણ નથી અને આત્મા તે વિકલ્પનો કર્તા પરમાર્થે નથી. આત્માના અંતર્ સ્વભાવમાં ઠરતાં વિકલ્પ છૂટી જાય છે. ભગવાને વસ્ત્ર છોડ્યા—એમ કથન આવે, પણ

ખરેખર તો સ્વરૂપમાં ઠરતાં રાગ છૂટી ગયો ને રાગ છૂટી જતાં તેના નિમિત્તરૂપ વસ્ત્રો સ્વયમેવ છૂટી જાયછે.

સ્વયં દીક્ષા અંગીકાર કરીને પ્રભુશ્રી આત્મધ્યાનમાં મગ્ન થયા, અને તરત જ તેમને સાતમું અપ્રમત્તગુણસ્થાન તથા મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. ત્રણેકાળના અનંત સંતોનો એક જ પ્રકાર છે કે આત્માના ભાનપૂર્વક પહેલાં તો મુનિ થવાનો વિકલ્પ ઊઠે પણ તેનો આશ્રય માને નહિ અને બાહ્યમાં પરિગ્રહનો સંગ હોય નહિ, પછી અંદર ચૈતન્ય ગોળામાં લીન થતાં મુનિઓને પ્રથમ સાતમી ભૂમિકા પ્રગટે છે. જેને મુક્તિ થાય તેને આ દશા આવ્યા વગર કદી મુક્તિ થાય નહિ. ગૃહસ્થપણામાં સમ્યગ્દર્શન અને એકાવતારીપણું થાય પણ આ દશા વગર કોઈ સમ્યગદૃષ્ટિને પણ ગૃહસ્થપણામાં મુક્તિ થઈ જાય નહિ.

## (૫૫) મુનિદશા કેવી હોય?

કોઈ જીવ દ્રવ્યલિંગી મુનિ થઈને એમ માને કે વસ્ત્ર છોડવાની ક્રિયા હું કરું છું તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. સાધુપદમાં સ્વરૂપના ભાનસહિત રાગ તૂટતાં શરીરની નિર્ગ્રંથતા તેના કારણે થઈ જાય છે, તે કાળે પુદ્‌ગલ પરાવર્તનનો કાળ જ તેવો હોય છે; આત્માનો સ્વકાળ પોતામાં ઠરવાનો છે. જ્યાં આત્માના સ્વકાળમાં ભાવનિર્ગ્રંથતા થઈ ત્યાં અનંતનુબંધી આદિ ત્રણ કષાયકર્મના પરમાણુઓનો નાશ થઈ જાય છે તે પુદ્‌ગલનો સ્વકાળ છે, અને બાહ્યમાં વસ્ત્રાદિ છૂટ્યા તે વસ્ત્રાદિના પરમાણુઓનો સ્વકાળ છે; એ પ્રમાણે દરેકનો સ્વકાળ સ્વતંત્ર હોવા છતાં, જ્યારે આત્મામાં ઠરવાનો સ્વકાળ હોય ત્યારે પરમાણુમાં ત્રણ કષાયકર્મ ન ટળે એમ બને નહિ અને વસ્ત્રાદિનો વિયોગ ન થાય એમ બને નહિ. આવો જ નિર્મળ મુનિદશાનો ને વસ્તુનો સ્વભાવ છે. અનાદિઅનંત સંતોની આવી જ દશા છે કે અંતરમાં એકદમ વીતરાગતા હોય ને બાહ્યમાં વસ્ત્રનો એક તાણો પણ ન હોય. શરીર ઉપર એક વસ્ત્રનો તાણો પણ રાખવાનું લક્ષ થાય અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની મુનિદશા ટકી રહે—એમ ત્રણકાળ

ત્રણલોકમાં હોઈ શકે નહિ. આ કોઈએ કલ્પેલો માર્ગ નથી. પણ આત્માના ભાનપૂર્વક લંગોટી રહિત મુનિદશા હોય એવો સનાતન અનાદિ વસ્તુસ્વભાવના પર્યાયનો ધર્મ છે. તે પર્યાયને અન્યથા માને તેણે મુનિદશાને કે વસ્તુસ્વભાવને જાણ્યો નથી. જોકે વસ્ત્રના ગ્રહણ-ત્યાગનો કર્તા આત્મા નથી, છતાં જ્યારે આત્મામાં ત્રણ કષાયના નાશરૂપ વીતરાગી ચારિત્રદશા પ્રગટે ત્યારે રાગ અને વસ્ત્રોનો સહજપણે અભાવ થયા વિના પણ રહેતો નથી, આવો જ નિમિત્તનૈમિત્તિક સંબંધ છે.

આ વાત કલ્પનાથી કહેવાતી નથી પણ ભગવાનના દિવ્યધ્વનિમાંથી કહેવાય છે; વીંછીયાના અહોભાગ્ય છે કે અહીં આ પંચકલ્યાણકનો મહાન ઉત્સવ થાય છે, ને આ વનમાં જ દીક્ષા કલ્યાણક થાય છે.

## (૫૬) એ ધન્ય અવસરની ભાવના

અહો, આજે મહા વૈરાગ્યનો દિવસ છે, પરમ ઉદાસીનતાનો પ્રસંગ છે. આજે ભગવાન વીતરાગીચારિત્રદશા ધારણ કરે છે. આ આત્માને પણ એવી ચારિત્રદશા વગર મુક્તિ નથી. અહીં તો ભગવાનની દીક્ષાની સ્થાપના છે, પણ આવા પ્રસંગે પોતે અંતરમાં એવી ભાવના કરે કે મને એવી પરમ વીતરાગી નિર્ગ્રંથદશા ક્યારે આવે? ક્યારે હું મુનિ થઈને આત્મધ્યાનમાં લીન થાઉં! હું ક્યારે એ વીતરાગી સંતોની પંક્તિમાં બેસું!—આવી ભાવના કોણ કરે? જેને આત્માના ચિદાનંદ રાગરહિત સ્વભાવનું ભાન હોય અને યથાર્થ મુનિદશા કેવી હોય તેની ઓળખાણ હોય તે જ આવી યથાર્થભાવના કરી શકે. આ મુનિદીક્ષાની સ્થાપનાનો નિક્ષેપ છે, પણ તે નિક્ષેપ કોણ કરે? સ્થાપના તે તો નિમિત્ત છે, પર છે, વ્યવહાર છે. ઉપાદાન વગર નિમિત્ત હોય નહિ, સ્વના ભાન વિના પરનું ભાન હોય નહિ અને નિશ્ચય વગર સાચો વ્યવહાર હોય નહિ. માટે જેને સ્વ-ઉપાદાનના નિશ્ચયસ્વભાવની ઓળખાણ હોય તે જ પર નિમિત્તમાં

સ્થાપનાનિક્ષેપરૂપ વ્યવહારને યથાર્થ જાણે. મુનિપદ તો રાગરહિત ચારિત્રદશા છે. પહેલાં જેને રાગરહિત આત્મસ્વભાવની ઓળખાણ થઈ હોય તે જ રાગરહિત થવાનો પુરુષાર્થ કરી શકે. પણ જે રાગને જ પોતાનું સ્વરૂપ માનતો હોય તે જીવ રાગરહિત થવાનો પુરુષાર્થ કોના જોરે કરશે? તેની રાગરહિત થવાની ભાવના પણ યથાર્થ ન હોય. ધર્મીને પોતાના જ્ઞાનમૂર્તિ રાગરહિત સ્વભાવની દૃષ્ટિ છે ને અવસ્થામાં નબળાઈથી રાગ છે, તે રાગને સ્વભાવની એકાગ્રતાના બળે ટાળીને મુનિ થવાની ભાવના છે. સહજ સ્વરૂપની એકાગ્રતા વિના 'રાગ છોડું' એવી હઠથી રાગ છૂટતો નથી. હઠથી બાહ્ય ત્યાગ કરી નાંખે તે ખરો ત્યાગ કહેવાય નહિ. 'રાગ ટાળું' એવી બુદ્ધિથી રાગ ટળતો નથી પણ ઉત્પન્ન થાય છે, છતાં તેને રાગ ટાળવાનો ઉપાય માને તો તે જીવ પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. ખરેખર રાગને ટાળવો પડતો નથી, પણ બીજા સમયે અંદરમાં ધ્રુવ સત્ સ્વભાવનો આશ્રય કરતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી, તેનું નામ રાગનો ત્યાગ છે. આ રીતે ભગવાન આત્માને રાગનો ત્યાગ નામમાત્ર છે, કેમકે રાગ સ્વભાવમાં નથી. આત્મા પોતાના સ્વભાવમાં એકાગ્ર થયો ત્યાં રાગને છોડવો પડતો નથી પણ સહેજે છૂટી જાય છે. અહા, આત્મા રાગને પણ છોડતો નથી તો પછી વસ્ત્રાદિ પરને આત્મા છોડે—એ કેમ બને? આમ હોવા છતાં, મુનિદશામાં વસ્ત્રનો સંયોગ રહે—એમ પણ ત્રણકાળમાં બનતું નથી. ત્રણકાળ ત્રણલોકમાં વસ્તુની પર્યાયનો એવો જ નિયમ છે કે છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલતા સંતને વસ્ત્ર રાખવાને વિકલ્પ પણ હોય નહિ. અહો, એ તો પરમ ઉદાસીનદશા છે, જેમ કાચબાને ભય થતાં પગ અને મોઢાને પેટમાં સંકોચી લ્યે છે તેમ મુનિની દશા ઇંદ્રિયો તરફથી સંકોચાઈને પોતાના સ્વભાવમાં વળી ગઈ છે, મુનિ પોતાના સ્વભાવમાં ગુપ્ત થઈ ગયા છે. મડદાંની જેમ શરીરના રજકણો કામ કરે છે, તેનું સ્વામિત્વ અંતરમાંથી ઊડી ગયું છે, એવા સંતનું શરીરનું રક્ષણ કરવાની કે તેને ઢાંકવાની વૃત્તિ ઊઠવાનો પણ અવકાશ રહ્યો

નથી. અહો, આત્માને એ દશા પ્રગટે તે ધન્યપળ છે! ધન્ય કાળ છે! ધન્ય ભાવ છે! એ ધન્ય અવસરની ભાવના કરતાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે—

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા;
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શ્રૃંગાર નહીં;
દ્રવ્ય–ભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો;
—અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

—આવી દશા વગર ત્રણકાળ ત્રણલોકમાં પૂર્ણદશાની પ્રાપ્તિ થતી નથી. શરીર-મન-વાણીની કોઈ ક્રિયા ઉપર આત્માનો અધિકાર નથી એવા અંતર્ભાન પૂર્વક શરીરશણગારની વૃત્તિ ટળી ગઈ છે, અંતરમાં ચૈતન્યના ધ્યાન માટે બાહ્યમાં સહજપણે મુખ્યપણે મૌનદશા વર્તે છે. મુનિવરોને સ્વભાવની લીનતામાં આવી ઉત્કૃષ્ટ વૈરાગ્યદશા હોય છે.

## (૫૭) વૈરાગ્યનું સ્વરૂપ

પરમાગમ શ્રી સમયસારમાં ભગવાન વૈરાગ્યનો અર્થ એમ કહે છે કે પુણ્ય-પાપથી રુચિ ખસેડીને આત્મસ્વભાવની રુચિ કરવી તે જ વૈરાગ્ય છે. ચૈતન્યમૂર્તિ આત્મા તરફ વળતાં પુણ્ય-પાપ પ્રત્યે વિરક્ત થઈ ગયો છે, સ્વભાવની રુચિ થઈ તે અસ્તિ અને સ્વભાવની રુચિ થતાં જ પુણ્ય પાપ બંનેની રુચિ ટળી ગઈ તે નાસ્તિ. અખંડાનંદ સ્વભાવની રુચિ થતાં 'પુણ્ય સારું અને પાપ ખરાબ' એવી ઊંધી માન્યતા ટળી ગઈ અને પુણ્ય-પાપમાં મધ્યસ્થતા થઈ ગઈ તે વૈરાગ્ય છે; તેને પાપનો તિરસ્કાર નથી ને પુણ્યનો આદર નથી; પણ પુણ્ય અને પાપ બંનેથી તે વિરક્ત છે.

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્ય પ્રાપ્ત મુકાય છે,
—એ જિનતણો ઉપદેશ તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦

શુભકર્મથી આત્માને લાભ થાય એવી જેની બુદ્ધિ છે તે જીવ કર્મમાં જ રક્ત છે, તેને સાચો વૈરાગ્ય હોતો જ નથી, ને તે કર્મને બાંધે છે. ધર્મી જીવ શુભ-અશુભ બંને કર્મોથી ભિન્ન આત્મસ્વભાવને જાણીને તે શુભ-અશુભ કર્મ પ્રત્યે વિરક્ત છે, તેથી તે મુક્તિ પામે છે. પુણ્ય અને પાપ બંને મારું સ્વરૂપ નથી એવા ભાનથી તે બંને પ્રત્યે મધ્યસ્થ થઈને પોતાના સ્વભાવના આશ્રયે થતા નિર્મળ પર્યાયને ભગવાન વૈરાગ્ય કહે છે.

## (૫૮) દીક્ષા બાદ, અંતરની શાંતિના શેરડાના અનુભવમાં ભગવાનને થયેલા એક વર્ષના ઉપવાસ

ચારિત્રદશા ધારણ કર્યા પહેલાં પણ ભગવાન ઋષભદેવને આત્મામાં નક્કી હતું કે આ ભવમાં જ હું કેવળજ્ઞાન અને મુક્તિ પામવાનો છું. પરંતુ સાથે સાથે એમ પણ નક્કી હતું કે પુરુષાર્થ વગર કેવળજ્ઞાન થતું નથી. જ્યારે હું પુરુષાર્થ વડે મુનિદશા પ્રાપ્ત કરીને આત્મધ્યાનમાં ઠરીશ ત્યારે જ કેવળજ્ઞાન થશે. ભગવાને જ્યારે દીક્ષા લીધી ત્યારે તેમની સાથે દેખાદેખીથી બીજા ચાર હજાર મોટા રાજાઓ પણ પોતાની મળે દીક્ષિત થઈ ગયા હતા. પણ તે તો માત્ર બાહ્ય નકલ હતી; અંદરમાં અક્કલ વગરની નકલ હતી. ઋષભદેવ ભગવાન તો આત્માના આનંદના અનુભવની લીનતામાં રહેતાં તેમને છ મહિના સુધી આહારની વૃત્તિ ન થઈ; પણ તેમની સાથે દીક્ષિત થયેલા રાજાઓ ક્ષુધા વગેરે સહન કરી શક્યા નહિ, તેથી તે બધા ભ્રષ્ટ થઈ ગયા. તેથી કહેવાય છે કે 'ભૂખે મરતાં ભાગી ગયા.' અંતરની શાંતિના શેરડા વગર સમતા ક્યાંથી રહે? 'મેં આટલા દિવસ આહાર ન કર્યો' એમ જ્યાં આહાર ન કરવાના દિવસો ગણાતા હોય તેને આત્માની સાચી સમતા ક્યાંથી રહે? તેનું લક્ષ તો આહાર ઉપર પડ્યું છે. આહાર અને શરીરાદિ બાહ્ય પદાર્થોનું લક્ષ છોડીને અંતરમાં પરમ આનંદના અનુભવમાં એકાગ્ર થતાં સાચી સમતા રહે છે. શ્રીઋષભદેવ ભગવાન આત્મામાં સ્થિર થતાં આહારનો વિકલ્પ તૂટી ગયો, છ મહિના પછી

આહારની વૃત્તિ ઊઠી પણ છ મહિના સુધી આહારનો યોગ ન બન્યો. ત્યાં ભગવાન તો આત્માના આનંદમાં મસ્ત છે, બહારમાં આહારનો સંયોગ તો તેટલો કાળ થવાનો જ ન હતો, તેથી ન થયો. બાહ્યદૃષ્ટિથી જોનારા અજ્ઞાની લોકો બાર મહિના સુધી આહાર ન થયો તેને ભગવાનનું તપ ગણે છે અને એની નકલમાં વર્ષીતપ કરે છે. પણ આહાર ન આવ્યો તે તો જડની ક્રિયા છે,, તેમાં તપ નથી. તપ તો આત્માના ધ્યાનમાં લીન થતાં સહેજે ઈચ્છા તૂટી જાય તેનું નામ છે. અંતરની દશાને ભગવાન દર્શન-જ્ઞાન-ચારિત્ર ને તપ કહે છે.

## (૫૯) પહેલાં સમ્યગ્દર્શન અને પછી સમ્યક્ચારિત્ર

પહેલાં તો સત્સમાગમે આત્માની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે, અને પછી તેમાં વિશેષ એકાગ્ર થતાં પાંચ ઈંદ્રિયોના વિષયોની ઈચ્છા સહેજે ઊડી જાય તેનું નામ ત્યાગ છે. સમ્યગ્દર્શન થતાં જ રાગની મીઠાશ તો ઊડી જાય છે એટલે વિષયોમાં સુખબુદ્ધિ રહેતી નથી. અવિરતિ સમ્યગ્દૃષ્ટિને રાગ થાય અને બાહ્યમાં સ્ત્રી આદિ સંયોગ હોય પણ તેને તેમાં ક્યાંય સુખબુદ્ધિપૂર્વકનો રાગ હોતો નથી, માત્ર આસક્તિનો રાગ હોય છે પછી આત્મામાં વિશેષપણે ઠરતાં આસક્તિનો રાગ પછી રહેતો નથી ને બાહ્યમાં પણ સ્ત્રી આદિ કાંઈ પરિગ્રહ હોતો નથી. આવી દશાને ચારિત્ર કહેવાય છે. જે જીવ વિષયોમાં સુખ માનતો હોય, તથા પુણ્યમાં અને તેના ફળમાં જેને મીઠાશ હોય તે તો મિથ્યાદૃષ્ટિ છે. આત્મામાં આનંદ નથી એમ જે માનતો હોય તે જ વિષયોમાં ને વિકારમાં સુખ માને છે. ધર્મી જીવને તો સુખસ્વરૂપી આત્માનું ભાન છે, પછી તેમાં ઠરતાં રાગ છૂટી જતાં 'બાહ્ય સ્ત્રી આદિને છોડી' એમ કહેવામાં આવે છે. ખરેખર 'હું રાણીઓને છોડું' એમ જ્ઞાનીનો અભિપ્રાય હોતો નથી. રાગ હતો ત્યારે રાણીનું નિમિત્તપણું હતું, પણ સ્વરૂપની ચારિત્રદશા વડે પોતાના ઉપાદાનમાંથી રાગ ટળી ગયો એટલે રાણીનું નિમિત્તપણું પણ છૂટી ગયું. તેથી 'રાણીઓને છોડી' એમ કહેવાય છે. આ સમજ્યા વગર

અને આવી દશા પ્રગટ કર્યા વગર કોઈ જીવ પરમાત્મા થઈ શકે નહિ.

## (૬૦) અહો, ધન્ય તે દશા!

અહો, ભગવાને આવા ભાનપૂર્વક ચારિત્રદશા લીધી અને વીતરાગી ધ્યાનમાં ઠર્યા. અહા, ધન્ય તે દશા!

—એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.....

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો;
સર્વ બંધનનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્ પુરુષને પંથ જો.....

અહો, અંતરના ભાન સહિતની નિર્ગ્રંથતા! શ્રીમદ્ રાજચંદ્રજીને આત્માનું ભાન છે તે ગૃહસ્થપણામાં આ ભાવના કરે છે. શ્રીમદે ૧૯૫૨ ની સાલમાં ૨૮ વર્ષની ઉંમરે આ ભાવના કરી છે. આવી ભાવના ભાવ્યા વગર અને તેવી સાક્ષાત્ દશા પ્રગટ કર્યા વગર કોઈ પણ જીવને કલ્યાણ થતું નથી. ચારિત્રદશા વગર એકલા સમ્યગ્દર્શનથી મોક્ષ થઈ જતો નથી. ૨૮ મૂળગુણ સહિત વીતરાગી ચારિત્રદશા તે સંતોનો સનાતન માર્ગ છે. આમાં એ ધન્ય અવસર એટલે આત્માની વીતરાગી દશાનો સ્વકાળ ક્યારે આવશે! તેની ઉગ્ર ભાવના કરી છે, દરેક જીવોએ આત્માનું ભાન કરીને એ ભાવના કરવા જેવી છે. એવી ભાવનાથી આત્માની રાગરહિત દશા થઈને કેવળજ્ઞાન થાય, તે જ કલ્યાણ છે.

આજનો પ્રસંગ મહા વૈરાગ્ય ભાવનાનો છે.

# ૪ અરિહંતદેવના દિવ્યધ્વનિનો સાર

શ્રી વિંછીયામાં પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન ફાગણ સુદ છઠ્ઠના દિવસે બપોરે પ્રભુશ્રીના કેવળજ્ઞાન કલ્યાણક પ્રસંગે ભગવાનના દિવ્યધ્વનિના સારરૂપે પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચનઃ



## (૬૧) સર્વજ્ઞદેવની દિવ્યવાણી અભેદ–એકાક્ષરી કેમ?

આજે સવારે દીક્ષા-કલ્યાણક થયો હતો અને અત્યારે ભગવાનના કેવળજ્ઞાન-કલ્યાણકનો ઉત્સવ થયો. ભગવાનના આત્માને સર્વજ્ઞપદ પ્રગટ્યું, અને સમવસરણમાં તેમનો ૐ એવો અભેદ નિરક્ષરી ધ્વનિ છૂટ્યો. સામાન્ય જીવોની ભાષામાં ક્રમ અને ભેદ પડે છે, તેમ ભગવાનની વાણીમાં નથી હોતું. ભગવાનની વાણી અભેદ, એક સમયમાં પૂરું રહસ્ય કહેનારી હોય છે. આમાં સૂક્ષ્મ ન્યાય રહેલો છે.

આત્મા જ્ઞાનાદિ અનંત ગુણનો અભેદ પિંડ છે, તેની શ્રદ્ધા અને જ્ઞાન થવા છતાં જ્યાં સુધી રાગ અને વિકલ્પ વર્તે છે ત્યાં સુધી વાણીમાં અભેદ-એકાક્ષરીપણું સહજ આવતું નથી. જ્યાં ચૈતન્યમાં ભેદ પાડનારા ઉપાધિ ભાવો છે ત્યાં વાણી પણ ભેદવાળી આવે છે. અભેદ ચૈતન્યની સ્થિરતા દ્વારા તે ચૈતન્યમાં ભેદ પાડનારા ઉપાધિભાવોનો

નાશ થતાં, અખંડ કેવળજ્ઞાનદશા વડે આત્મા પ્રત્યક્ષ જણાયો, અને ત્યારે વાણી પણ સહજપણે અભેદ થઈ ગઈ.

શ્રી અરિહંત ભગવાનને ૐ એવી એકાક્ષરી વાણી કેમ નીકળી ? તેની આ વાત થાય છે. આ અંતરની વાત છે. અભેદરૂપ ચૈતન્યસ્વભાવ કેવળજ્ઞાનીથી અનુભવમાં આવે ત્યારે વાણી પણ અભેદ નીકળે છે. જ્ઞાનમાંથી જાણવાનો ક્રમ ટળી ગયો, ત્યાં વાણીમાં પણ કથનનો ક્રમ ટળી ગયો. ત્યાં કાંઈ જ્ઞાનને કારણે તેવી વાણી નથી નીકળતી, તેમ જ જડ વાણીને કાંઈ ખબર નથી કે ભગવાનને કેવળજ્ઞાન થયું માટે હું અભેદપણે પરિણમું. છતાં પણ જ્ઞાનને અને વાણીને એવો જ સંબંધ છે કે જ્ઞાન પૂરું થાય ત્યાં વાણી પણ અભેદ થઈ જાય. જીવને કેવળજ્ઞાન થયું હોય અને વાણી ભેદવાળી હોય– એમ કદી બને નહિ. ભગવાનની દિવ્ય વાણી નિરાક્ષરી હોવા છતાં સાંભળનાર જીવોને તો તે સાક્ષરીપણે શ્રવણમાં આવે છે અને સૌ પોતપોતાની ભાષામાં, પોતાની યોગ્યતા અનુસાર સમજી જાય છે. ભગવાનનું શરીર સ્તબ્ધ–સ્થિર હોય છે, હોઠ અને મોઢું બંધ હોય છે ને ૐ એવો દિવ્યધ્વનિ સર્વાંગેથી છૂટે છે. તે એકાક્ષરી હોવા છતાં શ્રોતાજનોની પાત્રતા અનુસાર સાક્ષરીપણે સમજાય છે, એવો તેનો સ્વભાવ છે.

## (૬૨) ભગવાનની વાણી ધર્મવૃદ્ધિનું જ નિમિત્ત છે : સ્વાશ્રય કરે તે જ ભગવાનની વાણીને સમજ્યો છે

દિવ્યધ્વનિ છૂટે એવા પરમાણુ સમ્યગ્દર્શનની ભૂમિકામાં જ બંધાય છે, ને કેવળજ્ઞાનની ભૂમિકામાં જ તે છૂટે છે. પહેલાં પૂર્વભવોમાં ભગવાનને 'હું પરિપૂર્ણ અખંડાનંદ ચૈતન્ય પરમાત્મા છું, રાગનો એક અંશ પણ મારો નથી' એવું અપૂર્વ આત્મભાન તો હતું પણ હજી અસ્થિરતા હતી. પૂર્વે ત્રીજા ભવે દર્શનવિશુદ્ધિપૂર્વક એવો વિકલ્પ થયો કે અહો, હું પરિપૂર્ણ થાઉં, અને નિમિત્તથી કહીએ તો

'જગતના જીવો આત્માને સમજીને આ ધર્મ પામે'—એવો ધર્મવૃદ્ધિનો વિકલ્પ ઊઠ્યો. તેના નિમિત્તે તીર્થંકર નામકર્મના જડ રજકણો બંધાયા. પછી જ્યારે તે વિકલ્પ તૂટીને અભેદસ્વભાવ પ્રગટ થયો ત્યારે ૐ એવી અભેદવાણી ધર્મસભામાં છૂટી. પૂર્વે ભગવાનને ધર્મવૃદ્ધિના વિકલ્પથી બંધાયેલી તે વાણી જગતના જીવોને ધર્મવૃદ્ધિનું જ કારણ છે. ભગવાનની તે વાણીને કોણ સમજ્યો કહેવાય? ભગવાન પોતે આત્માના અભેદ સ્વભાવની દૃષ્ટિ અને સ્થિરતા કરીને ભગવાન થયા છે, અને ઉપદેશમાં પણ અભેદ આત્મસ્વભાવની દૃષ્ટિ અને સ્થિરતા કરવાનું જ ભગવાન બતાવે છે; ભગવાનની વાણી પરિપૂર્ણ રાગરહિતપણું જ બતાવે છે. રાગનો એક અંશ પણ આદરણીય નથી.—આમ જે સમજે તે જીવ ભગવાનની વાણીને સમજ્યો છે. જે કોઈ જીવ પાછો પડવાની કે પુરુષાર્થના શિથિલપણાની વાત કાઢે, અથવા રાગથી ધર્મ માને કે નિમિત્ત વગેરે પરનો આશ્રય માને તે જીવ ભગવાનની વાણીને સમજ્યો નથી. ભગવાનની વાણીમાં પરિપૂર્ણ સ્વાશ્રયનો જ ઉપદેશ છે. પહેલાં દૃષ્ટિથી સ્વાશ્રય થાય છે ને પછી સ્થિરતાથી સ્વાશ્રય થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સ્વાશ્રયે છે, સ્વાશ્રયને જ ભગવાને મોક્ષમાર્ગ કહ્યો છે, અને પરાશ્રયને બંધમાર્ગ કહ્યો છે. —આમ સમજીને જે જીવ પોતાના આત્મામાં સ્વાશ્રય પ્રગટ કરે છે તે જ ખરેખર ભગવાનના ઉપદેશને સમજ્યો છે. અને તેને જ ભગવાનની વાણી નિમિત્ત કહેવાય છે. સમજનાર જીવ સમજે છે તો પોતાની પાત્રતાથી જ, કાંઈ ભગવાનની વાણી તેને સમજાવી દેતી નથી. પણ નિમિત્ત તરીકે ભગવાનની વાણી કેવી છે તેની આ વાત છે. જેવો ભગવાનની વાણીનો આશય છે તેવો જ જીવ સમજે તો જ ઉપાદાન-નિમિત્તનો મેળ થાય છે. ભગવાનની અભેદવાણી કેવળજ્ઞાનના ભણકાર લેતી આવે છે, તે જીવોને ધર્મમાં આગળ વધવાનું જ નિમિત્ત છે. પૂર્વે પૂર્ણતાના વિકલ્પથી બંધાયેલી તે વાણી શ્રોતાઓને પરિપૂર્ણતા તરફ લઈ જવામાં જ નિમિત્ત છે.

ભગવાનનું સમ્યગ્દર્શન તે ભવમાં અપ્રતિહત હોય છે અને અપ્રતિહત સ્વરૂપસ્થિરતા વડે કેવળજ્ઞાન પ્રગટ કરે છે; ઇંદ્રો આવીને દિવ્ય સમવસરણની રચના કરે છે, બાર સભા ભરાય છે, અને પૂર્વે પૂર્ણતાના–ધર્મવૃદ્ધિના–વિકલ્પથી બંધાયેલો દિવ્યધ્વનિ સહજપણે છૂટે છે. તે વાણી શું કહે છે?

**(૬૩) ભગવાનની વાણી કહે છે કે.....**

ભગવાનની વાણી કહે છે કે હે જીવો! તમારા પરિપૂર્ણ આત્મસ્વભાવને ઓળખીને તેમાં ઠરો; આત્માના આનંદમાં ઝૂલો. અભેદ સ્વભાવમાં ઠરો.....સ્વભાવમાં ઠરો. તમે તમારા આત્મામાં પૂર્ણ સ્વતંત્ર છો; કર્મ વગેરે કોઈ પણ પદાર્થ આત્માને રોકતા નથી. આત્માને સમજીને ઠરવાનો બધો અવસર મળી ગયો છે. જે જીવે ખરેખર પોતાના ઉપાદાનમાં સ્વભાવ તરફની દૃષ્ટિ અને સ્થિરતાની વૃદ્ધિને સ્વીકારી છે, તેણે જ નિમિત્ત તરીકે અમારી વાણીને સ્વીકારી છે. સ્વભાવનીવૃદ્ધિને સ્વીકારી તે તેનું ઉપાદાન છે અને વાણી તેની નિમિત્ત છે–આવો ઉપાદાન-નિમિત્તનો મેળ છે.–આવું ભગવાનના ઉપદેશનું રહસ્ય છે.

પૂર્વે જ્યારે ભગવાનને વાણીના રજકણો બંધાણા ત્યારે નિમિત્ત તરીકે 'હું પૂરો થાઉં, પાછો ન પડું' એમ વિકલ્પ હતો, પણ પાછા પડવાનો વિકલ્પ ન હતો. તે ધર્મવૃદ્ધિના ભાવે બંધાયેલી વાણી જગતના જીવોને પણ પૂર્ણતા તરફ લઈ જવામાં જ નિમિત્ત છે. આત્માનો પૂર્ણ સ્વભાવ સમજીને તેનો આશ્રય કરવાનું જ ભગવાનની વાણી બતાવે છે, અને એ રીતે સ્વભાવ તરફ ઢળવામાં જ ભગવાનની વાણીનું નિમિત્તપણું છે. 'તું હમણાં નહિ સમજી શકે, તારાં કર્મ આકરાં છે માટે તારાથી પુરુષાર્થ નહિ થાય' એવું કહેનારી ભગવાનની વાણી નથી. આત્મા પોતાના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામીને ઠરે એવું જ એ દિવ્યવાણીનું નિમિત્તપણું છે. એ સિવાય બીજું

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ઊંધુ સમજે તે જીવ ભગવાનની વાણીને, સંતોના હૃદયને કે બાર અંગના રહસ્યને સમજ્યો નથી. ખરેખર તેણે ભગવાનની વાણી સાંભળી જ નથી.

ભગવાનની વાણીમાં શું આવ્યું? ભગવાનની વાણીમાં એમ આવ્યું કે આ જગતમાં છ દ્રવ્યો છે; જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. એ છ એ દ્રવ્યો સ્વતંત્ર છે. જીવ અનંત છે, પુદ્‌ગલો જીવથી અનંતગણા છે, ધર્મદ્રવ્ય એક છે, અધર્મદ્રવ્ય એક છે, કાળદ્રવ્ય અસંખ્યાત છે ને આકાશદ્રવ્ય સર્વવ્યાપક એક છે. તેમાં જીવદ્રવ્ય જ્ઞાનસહિત ચેતન છે. ને બીજા પાંચે દ્રવ્યો જ્ઞાન વગરના જડ છે. એ ચેતન અને જડ બધાય દ્રવ્યો પોતાના સ્વભાવથી પરિપૂર્ણ અને સ્વાધીન છે. દરેક દ્રવ્યમાં પોતપોતાના અનંતગુણો છે અને એકેક સમયમાં તે દરેક દ્રવ્યોમાં નવી નવી અવસ્થા થયા કરે છે; કોઈ બીજો તેનો કર્તા નથી. આત્માની અવસ્થા પણ સમયે સમયે સ્વતંત્રપણે થાય છે, તે અવસ્થા વડે, પરથી ભિન્ન આત્માને સમજીને અને પોતામાં ક્ષણિક અવસ્થાની દૃષ્ટિ છોડીને ત્રિકાળી પરિપૂર્ણ સ્વભાવની દૃષ્ટિ કરવામાં પોતે સ્વાધીન છે.—આવું રહસ્ય ભગવાનની વાણીમાં આવ્યું છે.

## (૬૪) ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અરિહંતોના માર્ગની જાહેરાત કરે છે

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ નીચેની ત્રણ ગાથામાં ભગવાનના દિવ્યધ્વનિનું રહસ્ય જાહેર કરતાં કહે છે કે આ જ એક મોક્ષનો પારમાર્થિક પંથ સર્વે અરિહંતોએ પોતે અનુભવીને જગતને દર્શાવ્યો છે—

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક પામીને
જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧.

અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિવડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને. ૮૨.

સ્વાશ્રયે પરિપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કર્યા પછી શ્રી તીર્થંકર ભગવાનની વાણી નીકળી કે—અરિહંત ભગવાનના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રાગ નથી, અપૂર્ણતા નથી, નિમિત્તનું અવલંબન નથી, તેમને પરિપૂર્ણ જ્ઞાન ખીલી ગયું છે; જે જીવ એવા અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે ખરેખર પોતાના આત્માને જાણે છે, ને તેનો મોહ અવશ્ય ક્ષય પામે છે. પછી શુદ્ધાત્મસ્વરૂપને પામીને તેના જ આશ્રયે રાગ-દ્વેષનો ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે. એ જ વિધિથી બધાય અરિહંત ભગવંતોએ કર્મનો ક્ષય કર્યો છે અને એ જ ઉપદેશ કર્યો છે, તેમને નમસ્કાર હો! અદ્ભુત રચના છે. ૮૦ મી ગાથામાં તો ક્ષાયિક સમ્યગ્દર્શનની વાત છે. શ્રી સીમંધર ભગવાન પાસે ગયા ત્યારે કુંદકુંદાચાર્યદેવે ક્ષાયિક સમ્યગ્દર્શનની વાત મુખ્યપણે સાંભળી હતી. ભગવાનની વાણીમાં તો બધું એક સાથે જ આવે છે પણ શ્રી કુંદકુંદાચાર્યદેવે ભગવાનની વાણીમાંથી ક્ષાયિક સમ્યગ્દર્શન નીતારી લીધું હતું. તેમ જ પોતાના આત્મામાં આ પંચમકાળે ક્ષયોપશમ સમ્યક્ત્વ હોવા છતાં, અપ્રતિહત સમ્યગ્દર્શનનું જોર હતું, તેનો આ ગાથામાં ભણકાર છે.

જેણે અરિહંત ભગવાનને જાણ્યા તેણે પોતાના આત્માનો પણ તેવો સ્વભાવ જાણ્યો એટલે તેને સ્વભાવના આશ્રયની પ્રતીત ખીલી ગઈ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટ થયું ને મોહનો ક્ષય થયો. શ્રી આચાર્યભગવાને તો અહીં મોહના ક્ષયની એટલે ક્ષાયિક સમ્યગ્દર્શનની વાત કરી છે, તેમાં ઊંડું રહસ્ય છે. જે સમ્યગ્દર્શનમાં વચ્ચે ભંગ પડ્યા વિના ક્ષાયિક સમ્યગ્દર્શન થવાનું છે તે સમ્યગ્દર્શન પણ ક્ષાયિક સમ્યગ્દર્શનની સમાન છે. હું જે સમ્યગ્દર્શનથી ઊપડ્યો

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

છું તેમાં પાછો પડ્યા વગર અપ્રતિહત ભાવે કેવળજ્ઞાન લેવાનો છું– એમ તે ભગવાનના આત્મામાંથી ધ્વનિ ઊઠ્યો છે.

અહા, જુઓ તો ખરા ગાથા!—

जो जाणदि अरहंत दव्वत्त गुणत्त पज्ञयत्तेंहि।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तास लयं।।८०।।

આમાં કેવળી ભગવાનના અંતરનું રહસ્ય ભરી દીધું છે. અરિહંત પરમાત્મામાં પૂર્ણતા છે, તેમનામાં જરાય રાગ-દ્વેષ નથી માટે મારામાં પણ નથી, તેમને અપૂર્ણતા નથી માટે મારામાં પણ નથી. આ પ્રમાણે, પર્યાયમાં રાગદ્વેષ અને અપૂર્ણતા હોવા છતાં તેનો નિષેધ કરીને, પૂર્ણ સ્વભાવની દૃષ્ટિમાં અપૂર્ણતાનો નાશ કરવાની દૃષ્ટિ થઈ ગઈ એટલે સમ્યગ્દર્શન થઈ ગયું. પછી એ જ પૂર્ણ સ્વભાવમાં લીનતા વડે મોહનો ક્ષય કરીને આત્મા પોતે પરમાત્મા થાય છે. એ પ્રમાણે કહીને પછી ૮૨ મી ગાથામાં આચાર્યભગવાન કહે છે કે—

सव्वे वि य अरहंता तेण विहाणेण खविद कम्मंसा।
किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।।८२।।

જુઓ તો ખરા, કુંદકુંદ ભગવાનના વચન ક્યાંથી આવ્યાં છે!! આવું એક વચન તો કોઈ લાવો. सव्वे वि य अरहंता–'બધાય અરિહંતોએ આમ કર્યું' એમ કહેવામાં પોતાની પ્રતીતનું બેહદ જોર છે. અને खविद कम्मंसा–કર્મોનો ક્ષય કર્યો–એમ ક્ષપકની જ વાત લીધી છે. આત્માના જ્ઞાનદ્વારા સ્વભાવનો આશ્રય કરીને જ સર્વે અરિહંતદેવોએ કર્મના અંશોને ક્ષપાવી નાખ્યા છે અને પછી તે ભગવંતોએ ઉપદેશ પણ એવો જ કર્યો છે. માટે તે એક જ મોક્ષમાર્ગ છે. બધાય અરિહંતો આ જ માર્ગે મોક્ષ પામ્યા છે, અને સમવસરણમાં દિવ્યધ્વનિ વડે જગતને આ જ માર્ગ ઉપદેશ્યો છે–એમ કહીને, સ્વભાવના ઉલ્લાસથી આચાર્યદેવ કહે છે કે णमो तेसिं–અહો, તે ભગવંતોને નમસ્કાર હો!

જે ભગવાનના શ્રીમુખે આવ્યું અને જેને આચાર્યદેવે અંતરમાં ઝીલ્યું તે જ અહીં કહેવાય છે. આ વિધિથી જ સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન પમાય છે, બીજી કોઈ વિધિ નથી. સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર બંનેમાં આચાર્યદેવે ક્ષાયિકભાવની જ વાત કરી છે. જેણે પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞનો નિર્ણય કર્યો તે જીવ રાગનો કે અપૂર્ણદશાનો આશ્રય ન કરે; કેમ કે ભગવાન સર્વજ્ઞદેવને અપૂર્ણતા કે રાગ નથી, તેથી આ આત્માને પણ રાગ કે અપૂર્ણતા તેનો સ્વભાવ નથી. સર્વજ્ઞભગવાન એક સમયમાં પૂરું જાણે છે. તેમ મારો પણ પૂરું જાણવાનો સ્વભાવ છે. આ પ્રમાણે, સર્વજ્ઞને જાણનાર જીવ, પોતાની અવસ્થામાં અધૂરું જ્ઞાન હોવા છતાં તે મારું સ્વરૂપ નથી પણ પૂરું જ્ઞાન તે જ મારું સ્વરૂપ છે—એમ પોતાના પૂરા સ્વભાવનો આશ્રય કરીને તેની પ્રતીતિ કરે છે.

### (૬૫) ભગવાન કહે છે કે સર્વજ્ઞ પરમાત્મા થવાની તાકાત તારામાં ભરી છે

ભગવાનનો ઉપદેશ આ જ છે કે હે ભવ્ય જીવો! તમે તમારા જ્ઞાનમાં સર્વજ્ઞનો નિર્ણય કરો. તમારા આત્મામાં પણ સર્વજ્ઞસ્વભાવ ભર્યો છે. ભગવાન થવાની પૂરેપૂરી તાકાત તમારામાં ભરી છે. તેની શ્રદ્ધા કરીને તેનું સેવન કરો તો પરમાત્મદશા પ્રગટ થાય. જેમ મોરના ઈંડામાં જ સુંદર રંગબેરંગી મોર થવાની તાકાત છે. તેથી તેમાંથી મોર થાય છે, તે મોર થવાની તાકાત ઈંડાની ઉપરના ફોતરામાંથી કે ઢેલની પાંખમાંથી આવી નથી. તેમ દરેક આત્મામાં પરમાત્મા થવાની તાકાત છે, તેનો વિશ્વાસ કરીને તેમાં એકાગ્ર થતાં તેમાંથી જ પરમાત્મદશા પ્રગટી જાય છે. તે પરમાત્મદશા કોઈ બહારના કારણોથી કે રાગથી થતી નથી. પૂર્ણસ્વભાવ તરફ ઢળતાં સમ્યક મતિશ્રુતજ્ઞાનરૂપી કળામાંથી કેવળજ્ઞાનરૂપી સંપૂર્ણ કળા ખીલી જાય છે. આત્માની કળા આ જાતની છે. એ સિવાય બહારની કળામાં ડહાપણ ચલાવે તે આત્માની કળા નથી. અખંડ સ્વભાવ તરફ ઢળનારા મતિ-શ્રુતજ્ઞાન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પણ પૂર્ણજ્ઞાન જેવાં જ છે, કેમ કે તે પણ અપૂર્ણતાનો નિષેધ કરીને પૂર્ણ સ્વભાવના આશ્રયે જ કાર્ય કરે છે. જે જ્ઞાન અપૂર્ણતાનો નિષેધ કરીને—એટલે કે વ્યવહારનો જ નિષેધ કરીને—પૂર્ણ સ્વભાવનો આદર અને આશ્રય કરે છે તે જ્ઞાન પૂર્ણતાને પામે છે.

'તમે આત્માનો ધર્મ નહિ કરી શકો, તમારે કોઈક બીજાની મદદ જોઈશે'—એમ ભગવાને પરાશ્રય બતાવ્યો નથી. ભગવાને તો સ્વાશ્રય બતાવ્યો છે કે આત્માની અંદર પૂર્ણ સામર્થ્ય છે, પોતાના જ આશ્રયે તે ધર્મ અને મુક્તિ પામે છે, તેમાં તેને કોઈ બીજાની મદદ છે જ નહીં. જેમ બેટરીમાં પાવર ભર્યો હોય છે તેથી ચાંપ દાબીને તે પાવર સાથે જોડાણ કરતાં પ્રકાશ પ્રગટ થાય છે, તેમ આત્મામાં પરિપૂર્ણ ચૈતન્ય પાવર ભર્યો છે, તેની શ્રદ્ધારૂપી ચાંપ દાબીને તેમાં એકાગ્ર થતાં ચૈતન્ય પ્રકાશ ખીલી જાય છે. ભગવાનના શ્રીમુખથી મુનિવરો, અર્જિકાઓ, શ્રાવક-શ્રાવિકા, દેવ-દેવી તેમ જ તિર્યંચો આદિની બાર સભામાં આવો ઉપદેશ નીકળ્યો અને અનેક જીવો તે સમજીને આત્મસ્વભાવના મહિમા તરફ વળતાં અપૂર્વ ધર્મ પામ્યા. અરિહંત ભગવાનને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે શુદ્ધ થઈ ગયા છે, ત્રણકાળ ત્રણ લોકનું જ્ઞાન એક સમયમાં વર્તે છે, ચાર અઘાતિ કર્મનો સંયોગ બાકી છે તેની પણ ત્રણકાળની અવસ્થાનું જ્ઞાન વર્તે છે, અને રાગ-દ્વેષ મોહનો સંપૂર્ણ ક્ષય થઈ ગયો છે. અહો! આવા અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જીવ જાણે તેને કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. આત્માના સર્વજ્ઞપદને જે સમજે તેને અલ્પકાળે પરમાત્મદશા થાય જ.

## (૬૬) અરિહંતોને નમસ્કાર

૮૨ મી ગાથામાં કુંદકુંદ પ્રભુએ કહ્યું કે 'ઉપદેશ પણ એમ જ કરી નિર્વૃત થયા; નમું તેમને.' ભગવાને પોતે સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યા પછી ઉપદેશ પણ એવો જ કર્યો—એમ અહીં ઉપદેશવાળા ભગવાનની વાત લીધી છે, એટલે તેમાં તીર્થંકરોની મુખ્ય વાત છે. તીર્થંકર

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ભગવંતો અપ્રતિહત પુરુષાર્થવાળા હોય છે. તેમણે પોતે જે વિધિએ કેવળજ્ઞાન લીધું તે જ વિધિએ અન્ય મોક્ષાર્થીઓને ઉપદેશ કર્યો. તેમને મારા ભાવે અને દ્રવ્યે ત્રિકાળ નમસ્કાર હો. અહાહા, અહીં કુંદકુંદાચાર્ય ભગવાન પોતે અરિહંતોને નમસ્કાર કરે છે. કુંદકુંદાચાર્યદેવ પોતે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આત્માની ચારિત્રદશામાં વર્તતા હતા. તેઓ મહાન સંત હતા.

## (૬૭) સંતોનું સ્મરણ અને સાધુપદનો મહિમા

પહેલાં શ્રી સર્વજ્ઞ અરિહંત ભગવંતોને વાણીમાં યાદ કર્યાં, હવે શ્રી સંતોને યાદ કરીએ છીએ. આજે સવારમાં ભગવાનના ચારિત્રનો દીક્ષા-કલ્યાણક પ્રસંગ થયો હતો, તેથી તે ચારિત્ર વિશેષ સ્મરણમાં આવે છે. જુઓ, ચારિત્રદશા અને સાધુપદ કેવું હોય! ગણધરદેવ પણ એ પવિત્ર પદને નમસ્કાર કરે છે. છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ ઊઠતાં ગણધરદેવ પણ નમસ્કાર મંત્ર બોલે છે, તેમાં કહે છે કે 'णमो लोए सव्व साहूणं'—એ રીતે જેના ચરણમાં શ્રી ગણધરદેવનો નમસ્કાર પહોંચે છે એવું સાધુપદ હોય છે.

પરમાગમ શ્રી ષટ્‌ખંડાગમમાં મંગલાચરણ તરીકે નમસ્કાર મંત્ર છે, તેની ધવલા ટીકામાં શ્રી વીરસેન સ્વામી જણાવે છે કે—'णमो लोए सव्व साहूणं' એ પદમાં જે 'लोए सव्व' એવા શબ્દ છે તે અંતદીપક હોવાથી ઉપરના ચારે પદમાં પણ તેનો અર્થ લઈ લેવો. તે આ પ્રમાણે—

णमो लोए सव्व अरहंताणं।
णमो लोए सव्व सिद्धाणं।
णमो लोए सव्व आइरियाणं।
णमो लोए सव्व उवज्झायाणं।
णमो लोए सव्व साहूणं।

એ રીતે તેમાં ત્રણકાળના બધાય પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યા

છે. એક ક્ષણ પહેલા સાધુ થયા હોય તેનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. ગણધરદેવ સીધી રીતે કોઈ સાધુને નમસ્કાર ન કરે, પણ જ્યારે નમસ્કાર મંત્ર બોલે ત્યારે 'णमो लोए सव्व साहूणं' એમ કહેતાં તેમાં લોકના સર્વે સાધુને નમસ્કાર આવી જાય છે. હે સંતો, હે મુનિઓ! બે ઘડીમાં બાર અંગની રચના કરનાર હું ગણધર, તે તમને નમસ્કાર કરું છું, —આવો વિકલ્પ છઠ્ઠી ભૂમિકાએ હોય છે. ત્યારપછી વંદવંદ્યકભાવનો વિકલ્પ હોતો નથી.

કેવળજ્ઞાનના ધણી શ્રી તીર્થંકર ભગવાન ત્રણ લોકના નાથ ચૈતન્ય બાદશાહ છે. અને ચાર જ્ઞાનના ધણી શ્રી ગણધરદેવ તે તેમના વજીર છે. તેઓ બે ઘડીમાં બાર અંગની રચના કરવાનું સામર્થ્ય ધરાવે છે. અહાહા! આવા ગણધરદેવ પણ જેને નમસ્કાર કરે એવા સાધુપદનો ને ચારિત્રદશાનો કેટલો મહિમા! આવી ઉત્કૃષ્ટ ચારિત્રદશા કુંદકુંદાચાર્ય ભગવાનને વર્તતી હતી. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રના ગણધરદેવ સર્વ સાધુને નમસ્કાર કરે તેમાં પંચમ કાળના સાધુ પણ ભેગા આવી જાય છે.

અહીં પ્રવચનસારની ૮૨ મી ગાથામાં અરિહંતોને નમસ્કાર કરતાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે હે નાથ! આપ જે માર્ગે પૂર્ણદશા પામ્યા તે જ માર્ગ અમને દેખાડીને આપ નિર્વાણદશા પામ્યા, આપને હું નમસ્કાર કરું છું. જેને ગણધરદેવ નમસ્કાર કરે છે એવા સાધુપદનો ધારક હું આપને નમસ્કાર કરું છું. કુંદકુંદાચાર્યદેવે પ્રવચનસારના મંગલાચરણમાં ગણધરાદિ સર્વ સંતોને પણ નમસ્કાર કર્યા છે. આ રીતે, ગણધરો અને મુનિઓ અરિહંતભગવાનને નમસ્કાર કરે છે. ગણધરદેવ નમસ્કાર મંત્ર દ્વારા મુનિઓને નમસ્કાર કરે છે. અને કુંદકુંદાચાર્યદેવ ગણધરાદિ સંતોને નમસ્કાર કરે છે. શુભ વિકલ્પ ઊઠ્યો છે તેથી પરને નમસ્કારનો ભાવ છે. ખરેખર તો તે રાગનો નિષેધ કરીને અંદર સ્વરૂપમાં ઢળતા જાય છે, તે જ ભાવ નમસ્કાર છે.

## (૬૮) સ્વતંત્રતાનો ઢંઢેરો

ભગવાનનો દિવ્યધ્વનિ કહે છે કે હે જીવો! તમે સ્વતંત્ર છો..... સ્વતંત્ર છો....સ્વતંત્ર છો, દ્રવ્યથી સ્વતંત્ર છો, ગુણથી સ્વતંત્ર છો ને પર્યાયથી પણ સ્વતંત્ર છો. પરાધીનતાને યાદ કરશો નહિ, તમારો વર્તમાન સમય તમારા હાથમાં છે. પૂર્વના વિકારનો તો વ્યય થઈ જાય છે, હવે વર્તમાન સમયને—વર્તમાન અવસ્થાને સ્વભાવ તરફ વાળવા તમે સ્વતંત્ર છો. તમારા કેવળજ્ઞાનની તૈયારી તમારા હાથમાં છે. તમે તમારા પરિપૂર્ણ સ્વભાવ તરફ વળો. વર્તમાનની અપૂર્ણતાનો આશ્રય કરશો નહિ, પૂર્વના વિકારી પર્યાયને યાદ કરશો નહિ, કેમ કે તેનો તો વર્તમાનમાં અભાવ છે. સંયોગ સામે જોશો નહિ, કેમ કે તેનો આત્મામાં ત્રિકાળ અભાવ છે.

## (૬૯) દિવ્યધ્વનિના શ્રોતાઓએ શું કર્યું?

આવો સ્વભાવ—આશ્રયનો ઉપદેશ સાંભળીને ઘણા પાત્ર જીવો પોતાના સ્વભાવ તરફ વળ્યા ને સમ્યગ્દર્શન પામી ગયા. ઘણા જીવોએ સ્વરૂપમાં ઠરીને ચારિત્રદશા પ્રગટ કરી. જેને ત્યાં એકેક સેકન્ડમાં કરોડો સોનામહોરોની પેદાશ થતી હોય એવા રાજાઓની આઠ-આઠ વર્ષની રાજકુંવરીઓ પણ ભગવાનનો ઉપદેશ સાંભળતાં, 'અહો, આવો મારો આત્મા!' એમ સ્વભાવની રુચિ કરતાં સમ્યગ્દર્શન પામી ગઈ. દેડકાં પણ સમ્યગ્દર્શન પામી ગયાં. દેડકાને પણ અંદર આત્મા છે ને! આત્મા ક્યા દેડકાના શરીરપણે થઈ ગયો છે? દેડકાને વ્યંજનપર્યાય નાનો છે, પણ આત્માના જ્ઞાનને નાના-મોટા વ્યંજનપર્યાય સાથે સંબંધ નથી. એક જીવ ૫૦૦ ધનુષ્યના વ્યંજનપર્યાયવાળો હોય અને બીજો જીવ ૭ ધનુષ્યના વ્યંજનપર્યાયવાળો હોય, તે બંને કેવળજ્ઞાન પામે તો ત્યાં બંનેનું કેવળજ્ઞાન સરખું જ છે. ક્ષેત્રની મોટાઈથી (વ્યંજનપર્યાયથી) આત્માની મહત્તા નથી, પણ ભાવની મોટાઈથી (અર્થપર્યાયથી) આત્માની મહત્તા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



છે. કોઈને ૫૦૦ ધનુષ્યનો દેહ હોય છતાં ઊંધા ભાવથી મરીને નરકે જાય, અને કોઈને નાનો દેહ હોય છતાં કેવળજ્ઞાન પામીને સિદ્ધ થાય. માટે હે ભાઈ! તું શરીરની આકૃતિનું કે આત્માના નાના-મોટા વ્યંજનપર્યાયનું લક્ષ છોડીને, આત્મા પોતાના જ્ઞાનસ્વભાવથી મોટો છે તે સ્વભાવને જો. જંગલમાંથી મોટા મોટા સિંહ-વાઘ ને રીંછ ત્રાડ પાડતા આવે છે ને ભગવાન પાસે આવતાં શાંત થઈને ઠરી જાય છે અને વાણી સાંભળીને અંતરમાં વળતાં તે પણ સમ્યગ્દર્શન પામે છે. મોટા ફણીધર ફૂંફાડા મારતા નાગ આવે, અને અંદર ઠરી જાય કે અહા! અમે તો અમૃતસ્વરૂપ છીએ. દાઢમાં ઝેર ભર્યું હોય પણ ભાન છે કે આ શરીર તે હું નથી, હું તો અમૃતમય ચૈતન્ય ભગવાન છું– આવો ભગવાનનો પ્રતાપ છે એમ નિમિત્તથી કહેવાય છે, ખરેખર તો તે દરેક જીવોની પોતાની લાયકાતનો જ પ્રતાપ છે.

## (૭૦) જૈનશાસન અને તેમાં કહેલો રાગ ટાળવાનો ઉપાય

ભગવાનને પૂર્વે છદ્મસ્થદશામાં પૂર્ણ થવાનો વિકલ્પ હતો ત્યારે વાણી બંધાણી, અને ભગવાન પૂર્ણ સર્વજ્ઞ થયા ત્યારે સહજપણે રાગ વગર અભેદ વાણી છૂટી; તેમાં અભેદ સ્વભાવ તરફ વળવાનો ઉપદેશ છે. જે જીવ અભેદ સ્વભાવને પકડી લ્યે તે જીવ ભગવાનની વાણીને સમજ્યો છે. અભેદ સ્વભાવને શ્રદ્ધા–જ્ઞાનમાં લઈને તેમાં ઠરવું તે જ જૈનશાસન છે, વચ્ચે ભેદ પડે ને રાગ થાય તે જૈનશાસન નથી. સાધકદશામાં રાગનો નિષેધ કરીને સ્વભાવ તરફ વળવા માટે રાગનું જ્ઞાન હોય છે, પણ જે રાગ થાય છે તે જૈનશાસન નથી, ને તે રાગ કરવાનો ઉપદેશ નથી. રાગ રહિત અખંડ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ કરીને રાગરહિતપણે ઠર્યો તે જ જિનશાસન છે. ખરેખર તો રાગનો નિષેધ પણ કરવો નથી પડતો, સ્વભાવ તરફ એકાગ્ર થતાં રાગનો નિષેધ થઈ જાય છે. 'રાગનો નિષેધ કરું' એમ વિકલ્પ કરવા જાય ત્યાં તો ઊલટી રાગની ઉત્પત્તિ થાય છે, અને તે રાગની ઉત્પત્તિને રાગ ટાળવાનો ઉપાય માને ત્યાં મિથ્યાત્વ થાય છે. તેથી અખંડાનંદ સ્વભાવની દૃષ્ટિ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કરીને તેમાં એકાગ્ર થવું તે એક જ રાગ ટાળવાનો ઉપાય છે. અંદરમાં આત્માની તૈયારી અને પાત્રતા હોય તો નાનું દેડકું પણ આવો સ્વભાવ સમજી જાય છે. અને જો આત્માની પોતાની પાત્રતા ન હોય તો મોટા મોટા શાસ્ત્ર ભણેલા વિદ્વાનો પણ સમજતા નથી; કાંઈ ભગવાન કોઈને સમજાવી શકતા નથી. ભગવાને તો દરેક આત્માની સ્વતંત્રતાનો ઢંઢેરો જાહેર કર્યો છે. જો ભગવાનને લીધે કોઈ સમજતું હોય તો, ભગવાને પોતે કહેલી સ્વતંત્રતા જ રહેતી નથી. જે જીવો પોતાની અંતરની પાત્રતાથી જાગીને સમજે છે તે જીવો વિનયથી ભગવાનમાં આરોપ કરીને કહે છે કે અહો, નાથ ! આપે પરમ ઉપકાર કરીને, અમને તાર્યા, આપે અમને આત્મા સમજાવ્યો. પણ યથાર્થ વસ્તુસ્થિતિનું તે વખતે અંતરમાં ભાન છે.

## (૭૧) શ્રોતાજનોની પાત્રતા અને દિવ્યધ્વનિનું નિમિત્તપણું


'તારો જ્ઞાનસ્વભાવ છે, જગતના બધા પદાર્થો પોતપોતાના સ્વકાળ પ્રમાણે પરિણમી રહ્યાં છે, તેમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. તારા વર્તમાન પરિણામ તારા દ્રવ્યમાંથી ક્રમબદ્ધ આવે છે. તું તારા વર્તમાન પરિણામને સ્વ તરફ વાળીને સ્વ દ્રવ્યને નક્કી કરી લે.' આવો અરિહંત ભગવાનનો ઉપદેશ સાંભળીને પોતાના પરિણામને સ્વભાવમાં વાળતાં કોઈ જીવો ગણધર થયા, કોઈ મુનિ થયા, કોઈ અર્જિકા થયા, કોઈ સમ્યગ્દર્શન સહિત વ્રતધારી શ્રાવક-શ્રાવિકા થયા, કોઈ સમ્યકદૃષ્ટિ થયા. તેમ જ કેટલાક જીવો માત્ર શુભરાગ કરીને પણ બહાર નીકળ્યા. જેને પૂર્વના મહાભાગ્ય હોય તેને ભગવાનના સમવસરણમાં ધ્વનિ સાંભળવાનો યોગ મળે, અને જેને વર્તમાન અપૂર્વ પાત્રતાનો પુરુષાર્થ હોય તેને જ તેની રુચિ થાય અને સમજાય. ભગવાનની વાણી તો અભેદ છે પણ દરેક જીવ પોતાની પાત્રતા અનુસાર સમજી જાય છે. ભગવાનનો ઉપદેશ સાંભળતાં કોઈ એમ સમજે કે 'ભગવાનની વાણીમાં મારા માટે એમ આવ્યું કે 'તું એકાવતારી છે', 'તું ભવિષ્યમાં કેવળજ્ઞાન પામીને મોક્ષ જઈશ,' 'તું

ત્રીજા ભવે ક્ષાયિક સમ્યગ્દર્શન પામીશ,' 'તું આ જ ભવે મોક્ષ જઈશ,' 'તું ભવિષ્યમાં તીર્થંકર થઈશ.'—ઈત્યાદિ પ્રકારે સાંભળનારા પોતપોતાની લાયકાત પ્રમાણે સમજી જાય છે, અને 'ભગવાને આજે આ પ્રમાણે કહ્યું' એમ પોતાની સમજણનો નિમિત્તમાં આરોપ કરીને કહે છે. વાણીમાં તો એક સાથે બધુંય આવે છે, પણ જે શ્રોતા પોતાની લાયકાતથી જેટલું સમજે છે તેને માટે તેટલું નિમિત્ત કહેવાય છે, જ્યારે શ્રી કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમન ખોવાઈ ગયો ત્યારે તે સંબંધી પૂછવા માટે નારદજી અહીંથી સીમંધરભગવાન પાસે ગયા હતા, તેમને વાણી સાંભળતાં પ્રદ્યુમનચરિત્ર સમજાયું, તે જ વખતે બીજા શ્રોતાઓમાં કોઈને દ્રવ્યાનુયોગ, કોઈને કરણાનુયોગ અને કોઈને ચરણાનુયોગ સમજાયો. ત્યાં પોતાની પાત્રતાથી સૌ જે જે સમજ્યા તે તે પ્રકારે ભગવાનની વાણીને નિમિત્ત કહે છે. નારદજી કહે કે આજે ભગવાને પ્રદ્યુમનચરિત્ર કહ્યું, દ્રવ્યાનુયોગ સમજનાર કહે છે કે આજે ભગવાને દ્રવ્યાનુયોગનો અપૂર્વ ઉપદેશ કર્યો, કરણાનુયોગ સમજનાર કહે કે કરણાનુયોગ કહ્યો, ને ચરણાનુયોગ સમજનાર કહે કે ચરણાનુયોગ કહ્યો. ત્યાં એક સાથે તે બધાને નિમિત્ત થાય તેવી ખાસ યોગ્યતા ભગવાનની દિવ્ય વાણીમાં જ છે, જે જીવ કેવળી ભગવાનના ઉપદેશને સમજે તેને કેવળજ્ઞાન થયા વિના રહે નહીં.

ભગવાનના દિવ્યધ્વનિમાં એક સાથે અનંતુ રહસ્ય આવે છે; વાણીદ્વારા કહેવામાં તેનો પાર આવે નહીં, ભગવાનનો આશય સમજી જાય તે પાર પામે.

# ૫ ભવક્લાંત જીવોનો વિસામો

વીર સં. ૨૪૭૫ ના ફાગણ સુદ સાતમના મંગળ દિવસે વીંછીયામાં ભગવાન શ્રી ચંદ્રપ્રભસ્વામી વગેરે જિનબિંબોની પંચકલ્યાણક પ્રતિષ્ઠા થઈ, તેમ જ ત્યાંના શ્રી જૈન સ્વાધ્યાય મંદિરમાં સમયસારજીની પ્રતિષ્ઠા થઈ, તે પ્રસંગે પૂ. ગુરુદેવશ્રીનું માંગળિક પ્રવચન, વીંછીયા–જિન મંદિરમાં પ્રતિષ્ઠિત શ્રી ચંદ્રપ્રભ ભગવાન તથા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના નિર્વાણ કલ્યાણકની તિથિ ફાગણ સુદ સાતમ છે અને પંચકલ્યાણક વિધાનમાં નિર્વાણકલ્યાણક પણ તે જ દિવસે ઉજવાયો હતો.)



ભગવાનની અંકન્યાસવિધિ કરતા પૂજ્ય ગુરુદેવશ્રી

## (૭૨) ભવભ્રમણનું કારણ : સ્વરૂપની અણસમજણ

આત્મા અનાદિ અનંત સ્વાભાવિક જાણનાર-દેખનાર પદાર્થ છે. તેને કોઈએ નવો બનાવ્યો નથી તેમ જ તેનો કદી નાશ થતો નથી. આ શરીર વગેરે પદાર્થો દેખાય છે તે જડ છે. આત્મા દેહ-મન-વાણીથી અતીત છે. અનાદિકાળથી આત્મા ક્યાં રહ્યો ? તેણે અનાદિથી પોતાના સ્વરૂપને ભૂલીને અજ્ઞાન ભાવે જન્મ મરણમાં રખડવામાં જ કાળ

વીતાવ્યો છે. અનાદિકાળથી સંસારમાં રખડતાં જીવ એક સેકંડમાત્ર પણ ધર્મને સમજ્યો નથી. જો સત્સમાગમે પોતાના આત્માને સમજીને ધર્મ પ્રગટ કરે તો જન્મ-મરણનો નાશ થયા વિના રહે નહિ. જીવે અનંતકાળમાં દયા, દાન, પૂજા, વ્રત, તપ, ત્યાગ વગેરે બધું કર્યું છે, પણ પોતાનું સ્વરૂપ તે રાગથી જુદું છે તે કદી સમજ્યો નથી. અનંતકાળથી પોતાનું સ્વરૂપ સમજ્યા વગર એક પછી એક જન્મ-મરણમાં અનંત દુઃખ ભોગવી રહ્યો છે. શ્રીમદ્ રાજચંદ્ર આત્મસિદ્ધિની પહેલી જ ગાથામાં કહે છે કે—

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત."

આત્માની અણસમજણ તે જ અનંત દુઃખનું કારણ છે, ને આત્માની સમજણ વડે જ તે અનંત દુઃખ ટળે છે. આત્મા પોતાના સ્વરૂપને સમજ્યા વગર જ અનંતકાળથી સંસારમાં રખડી રહ્યો છે. હે ભાઈ! હવે તું તારી દયા કર, દયા કર, સત્સમાગમે આત્માને ઓળખીને તારા આત્માને ચોરાશીના અવતારની રખડપટ્ટીથી હવે બચાવ.

## (૭૩) ભવભ્રમણથી થાકેલો જીવ ચૈતન્યના શરણને શોધે

આ ચોરાશીના અવતારનો જેને ભય લાગ્યો હોય તે આત્માના શરણને શોધે. તે અંતરમાં એમ વિચારે કે અરેરે! શું ભવ જ કરવાનો મારો સ્વભાવ હશે! કે ભવરહિત શાંતિ ક્યાંય હશે! આ અજ્ઞાનપણે પુણ્ય-પાપ કરીને ભવભ્રમણનાં દુઃખ ભોગવવા એવું મારું સ્વરૂપ ન હોય. આમ જેને ભવભ્રમણનો અંતરમાં ત્રાસ લાગતો હોય તે જીવ અંતરમાં ચૈતન્યના શરણને શોધે. ભવ એક પ્રકારના નથી પણ સ્વર્ગ, નરક, તિર્યંચ તેમ જ મનુષ્ય એ ચારે ગતિમાં જીવે અનંતવાર અવતાર કર્યા છે. આ લોકમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવ જન્મ્યો ને મર્યો ન હોય. જ્યાં આત્માના સહજ-આનંદમાં સિદ્ધ ભગવંતો બિરાજી

રહ્યા છે તે ક્ષેત્રમાં પણ જીવ અનંતવાર એકેન્દ્રિયપણે જન્મ્યો-મર્યો છે. હે ભાઈ! હવે તને જન્મ-મરણનો થાક લાગ્યો છે? જો થાક લાગ્યો હોય તો તે જન્મ-મરણથી છૂટવા માટે ચૈતન્ય-શરણને ઓળખીને તેના આશ્રયે વિશ્રામ કર. વિસામો કોને ન ગમે? જેને થાક ન લાગ્યો હોય તે વિસામાને ન શોધે. પણ જેને અંતરમાં થાક લાગ્યો હોય તે વિસામો શોધે.

અહીં શ્રી ગુરુદેવ પરમ કરુણાથી કહે છે કે બાપુ! જો ભવભ્રમણથી તું થાક્યો હો તો તારા આત્મામાં શરણને શોધ. તારા આત્માને ઓળખીને તેનું જ શરણ કર, એ સિવાય બહારમાં બીજું કોઈ તને શરણરૂપ થાય તેમ નથી. આત્મસ્વરૂપને સમજ્યા વગર પુણ્ય પણ તેં અનંતવાર કર્યાં, તે પુણ્ય તને શરણરૂપ થયાં નથી. માટે હવે સત્સમાગમે આત્મસ્વરૂપને સમજ. જે આત્મસ્વરૂપ અનંતકાળમાં તું સમજ્યો નથી તે આત્મસ્વરૂપ સત્સમાગમ વગર સમજાય તેમ નથી, તેમજ પોતાની મેળે એકલા શાસ્ત્ર-અભ્યાસથી, સ્વચ્છંદે સમજાય તેમ નથી, શુભરાગથી કે બાહ્ય ક્રિયાથી પણ તે સમજાય તેમ નથી, હે ભાઈ! ભવથી તું થાક્યો છે? તને કાંઈ આત્માની જિજ્ઞાસા જાગી છે? ભવથી ડરીને અને આત્માની રુચિ કરીને પાત્રતાથી જો એક વાર પણ સત્સમાગમ કરે તો ધર્મ ન સમજાય એમ બને નહીં. એક સેકંડ પણ ધર્મ સમજે તેને ભવભ્રમણનો અવશ્ય નાશ થઈ જાય છે.

## (૭૪) હે જીવ! સુખ અંતરમાં છે

આજે શ્રી જિનમંદિરમાં શ્રી ચંદ્રપ્રભસ્વામી અને શ્રી સીમંધરસ્વામી વગેરે ભગવંતોની પ્રતિષ્ઠા થઈ; તેમાંથી શ્રી સીમંધરભગવાન વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રે સમવસરણમાં ઉપદેશ આપે છે, તેમાં કહે છે કે હે આત્મા! તારો સ્વભાવ જ બેહદ સુખથી ભરેલો છે, સુખ અંતરમાં છે, બહારમાં તારું સુખ ક્યાંય નથી. જડ પૈસાના ઢગલાથી તારા આત્માની મોટપ નથી, અને રાગ વડે પણ

તારા આત્માની મોટપ નથી, અંતરમાં જે પરિપૂર્ણ ચૈતન્યમૂર્તિ સ્વભાવ છે તેનાથી જ તારી મોટપ છે, તેને તું ઓળખ. પોતાને ભૂલીને, પૈસા વગેરેમાં સુખ છે ને મારામાં નથી એમ જીવે અનાદિથી માન્યું છે તે તેની નપુંસકતા છે. જેમ નપુંસકને પોતામાં વિષય ભોગવવાની તાકાત નથી તેથી બીજાને વિષય ભોગવતા દેખીને તે રાજી થાય છે. તેમ અજ્ઞાની જીવ પોતાના પુરુષાર્થરહિત નપુંસક છે, તેથી તે પૈસા, શરીર, સ્ત્રી વગેરેમાં સુખ માને છે; પોતાના આત્મામાં સુખ છે તેને તે ભોગવતો નથી અને પરમાં સુખ માનીને રાજી થાય છે. મારામાં સુખ નહિ, ને પરમાં સુખ—એમ માનીને તે પોતાના આત્માનો અનાદર કરે છે. તેથી જ ભવભ્રમણમાં ભટકે છે. એવા ભવભ્રમણનો જેને હવે ભય લાગ્યો હોય તેને ભગવાન કહે છે કે હે જીવ! તારું સુખ બહારમાં નથી, પણ આત્મામાં જ છે; માટે તું આત્માની ઓળખાણ કર.

હે ભાઈ! 'તારા આત્મામાં જ સુખ છે' એ વાત સાંભળીને તને રુચે છે? જો આત્મસ્વરૂપ રુચે તો મુક્તિ થયા વગર રહે નહિ. પ્રભુ! અનંતકાળમાં તેં બધું કર્યું છે, પણ એક આત્મસ્વરૂપની સમજણ કદી પણ કરી નથી. તેથી જ તું અત્યાર સુધી સંસારમાં રખડ્યો. અનંત અનંતકાળથી જે આત્મસ્વરૂપને સમજ્યા વિના તું દુઃખી થઈ રહ્યો છે તે આત્મસ્વરૂપને સમજવું એ જ ધર્મની અપૂર્વ શરૂઆત છે. અજ્ઞાની જીવો પોતાની સ્વચ્છંદ કલ્પનાથી બીજી રીતે ધર્મની શરૂઆત માને છે, તે મિથ્યા છે.

## (૭૫) આત્મામાં સિદ્ધપણાની સ્થાપના

આજે અહીં શ્રી ચંદ્રપ્રભ ભગવાન તેમ જ ઉપર શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને પધરાવ્યા છે, તેમના પંચકલ્યાણક વિધિમાં આજે નિર્વાણ–કલ્યાણક ઊજવાયો, અને બરાબર આજે જ તે બંને ભગવંતોના નિર્વાણ-કલ્યાણકની તિથિ છે. એ રીતે પ્રતિષ્ઠાના મુહૂર્તનો અને નિર્વાણ-કલ્યાણકની તિથિનો કુદરતે મેળ આવી ગયો છે. વળી આ

સ્વાધ્યાય મંદિરમાં ગ્રંથાધિરાજ ભગવાન સમયસારની પ્રતિષ્ઠા થઈ છે. તેમાં શ્રી કુંદકુંદભગવાન શું કહે છે? જુઓ, મંગલાચરણ કરતાં કહે છે કે—

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं॥१॥

અહીં, સમયસારની શરૂઆતમાં જ આચાર્યભગવાન અંતરમાં સિદ્ધપણાનું પ્રસ્થાનું મૂકે છે. પહેલાં તો આત્મામાં સિદ્ધભગવાનને સ્થાપે છે તે જ ખરી સમયસારની પ્રતિષ્ઠા છે. સમયસાર એટલે શુદ્ધ આત્મા; પોતાના આત્મામાં 'રાગ તે હું' એવી મિથ્યા માન્યતાને ઊખેડી નાખીને, 'સિદ્ધભગવાન જેવો શુદ્ધ આત્મા હું છું.' એવી પ્રતીતિ કરીને શુદ્ધ આત્માને સ્થાપવો તેનું નામ સમયસારની પ્રતિષ્ઠા છે. આ ગાથામાં આચાર્ય ભગવાનનો નાદ છે કે હું સિદ્ધ છું, તમે સિદ્ધ છો. શ્રોતાઓને કહે છે કે—જીવો! તમે પણ સિદ્ધ છો, તમારા આત્મામાં સિદ્ધપણું સમાઈ જાય તેવી તાકાત છે, જે જ્ઞાન સિદ્ધને જાણીને પોતામાં સિદ્ધપણું સ્થાપે છે તે જ્ઞાનમાં સિદ્ધ જેટલી તાકાત છે. પોતાના આત્મામાં જે સિદ્ધપણાને સ્થાપે તે જીવ રાગનો કે અપૂર્ણતાનો આદર ન કરે, તેમ જ પરનું હું કરું કે પર મને મદદ કરે એમ પણ માને નહિ. પણ પોતે પોતાના સ્વભાવ તરફ વળીને અનુક્રમે સિદ્ધદશા જ પ્રગટ કરે, પછી તેને ભવભ્રમણ રહે નહીં.

આચાર્યભગવાન 'તું પામર છે' એમ કહીને શરૂઆત નથી કરતા, પણ શ્રોતાને પહેલેથી જ કહે છે કે તું સિદ્ધ છે. તારા અંતરમાં બેસે છે આ વાત? જેના અંતરમાં આ વાત બેઠી તેણે પોતાના આત્મામાં સિદ્ધપણાની સ્થાપના કરી, તે અલ્પકાળે સિદ્ધ થયા વિના રહે નહીં. હે ભાઈ! તારે આત્માનું સારું કરવું છે ને? તો સારું કરવાની પરાકાષ્ઠા શું? અર્થાત્ સૌથી ઉત્કૃષ્ટ સારું શું? તે નક્કી કર. સારું કરવાની છેલ્લી હદ સિદ્ધદશા છે. તે સિદ્ધદશા ક્યાંથી આવે છે?

આત્માના સ્વભાવમાં પૂરી તાકાત ભરી છે તેમાંથી જ તે દશા પ્રગટે છે. આ પ્રમાણે પૂર્ણતાના લક્ષે જ સાધકપણાની શરૂઆત થાય છે. જેમ કોઈને ૫૦૦૦ પગથિયા ઊંચે ડુંગર ઉપર ચડવું હોય તો તે તળેટીનું લક્ષ કરીને અટકતો નથી, પણ ઉપરની ટોચના લક્ષે વચલો બધો રસ્તો કપાઈ જાય છે. તેમ જેણે પોતાના આત્માની પૂર્ણ સિદ્ધદશા પ્રગટ કરવી હોય તેણે આત્માને સિદ્ધપણે પ્રતીતમાં લેવો જોઈએ. અધૂરી દશા કે વિકારનું લક્ષ કરીને અટકે તો સિદ્ધદશા થાય નહીં.

ચોવીસ તીર્થંકરોની સ્તુતિમાં આવે છે કે :—सिद्धाः सिद्धिं मम दीसंतु'—હે સિદ્ધ ભગવંતો ! મને સિદ્ધિ આપો. એમ પોતે સિદ્ધપદની માગણી કરે છે. 'તું સિદ્ધ છે' એમ સાંભળતાં જ જે શ્રોતાને અંતરમાં સિદ્ધપણાના ભણકાર જાગે છે તેને સિદ્ધ થવાની શરૂઆત થાય છે. 'સિદ્ધસમાન સદા પદ મેરો' એ વાત જેને રુચે તેણે પોતાના આત્મામાં સમયસાર ભગવાનની સ્થાપના કરી છે. આ, સમયસારની આધ્યાત્મિક પ્રતિષ્ઠા છે. હે ભાઈ ! આચાર્યભગવાન કહે છે કે તું સિદ્ધ છે. તારા સિદ્ધપણાની ના પાડીશ નહિ. હું સિદ્ધ છું–એમ ઉલ્લાસથી હા પાડીને સિદ્ધદશા તરફ ચાલ્યો આવજે. તારી અવસ્થામાં રાગ થાય છે તેની તો આચાર્યદેવને ખબર છે, છતાં આચાર્યભગવાન સ્વભાવદૃષ્ટિની મુખ્યતાથી તારા આત્મામાં પણ સિદ્ધપણું સ્થાપે છે. માટે તું પણ સ્વભાવદૃષ્ટિથી હા જ પાડજે. અત્યારે રાગ સામે જોઈશ નહિ. જેમ કોઈને ગામ-પરગામ જવું હોય અને તિથિ-વારનો મેળ ન હોય તો પહેલાં પ્રસ્થાનું મૂકે છે, ને પછી યોગ્ય તિથિ-વાર આવતાં ગામ જાય છે. તેમ આત્માને સિદ્ધગતિમાં ગમન કરવું છે, પણ અત્યારે આ પંચમકાળ છે તે સાક્ષાત્ સિદ્ધદશા માટે કવાર (અકાળ) છે. તેથી આચાર્યદેવે અત્યારે સિદ્ધપણાનું પ્રસ્થાનું કરાવ્યું છે. જેણે એવું પ્રસ્થાનું કર્યું તે પોતાના પુરુષાર્થનો સ્વકાળ આવતાં સાક્ષાત્ સિદ્ધ થઈ જશે. હે ભાઈ ! જો તારે આ સંસારમાંથી નીકળીને સિદ્ધમાં જવું હોય તો અત્યારે પ્રસ્થાનું કર કે 'હું સિદ્ધ છું.'

હે જીવ! જ્ઞાન-દર્શન સિવાય બીજો તારો સ્વભાવ નથી. શરીરાદિ પદાર્થો તારાથી જુદા જડ છે, તે પણ જગતના સત્ પદાર્થો છે, તેની હલન-ચલનાદિ ક્રિયાઓ તેનાથી જ થાય છે. છતાં, 'તે પર પદાર્થોની ક્રિયા મારે લઈને થાય છે, હું હોઉં તો તેની ક્રિયા થાય, નહિતર ન થાય' —આવો જે ભ્રમ છે તે સિદ્ધદશાએ પહોંચવામાં વચ્ચે મોટી શિલારૂપે વિઘ્નકર્તા છે. એ ભ્રમ ટાળીને, આત્માના સિદ્ધપદના સ્વીકાર વગર ધર્મની શરૂઆત થાય નહિ, અને ભવભ્રમણનો વિસામો મળે નહિ.

## (૭૬) ભવનો અંત અને સિદ્ધિનો પંથ

આ કાળે આ ભરતક્ષેત્રના જીવોને પ્રત્યક્ષ સિદ્ધદશા નથી, પણ કોઈ મહા ભાગ્યવંત વિરલા મુનિને ચારિત્રદશા પ્રગટે છે. અને બીજા પાસે લ્યો 'સિદ્ધ છું—હું સિદ્ધ છું' એમ આત્મામાં પ્રસ્થાનું કરીને તેના ઘોલનથી—ધ્યાનથી એકાવતારી થઈને કે બે-ત્રણ ભવે મુક્તિ પામે છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ પણ પોતાના આત્મામાં સિદ્ધપણું સ્થાપીને આ કાળે એકાવતારી કે બે-ત્રણ ભવે મુક્ત જનાર થઈ જાય છે. આચાર્યદેવ તો બધા આત્માને સિદ્ધપણે જ ભાળે છે, કેમ કે પોતાને સિદ્ધપણાની રુચિ છે ને અલ્પકાળે સિદ્ધ થવું છે. જેને જ્યાં રુચિ હોય તે ત્યાં ભાગ પાડતો નથી, પણ અખંડ માને છે. જેમ બાપની મૂડી એક લાખ રૂપિયાની હોય અને તેને ચાર પુત્રો હોય, તો ત્યાં તે દરેક પુત્ર કહે છે કે 'અમારી પાસે એક લાખની મૂડી છે.' ત્યાં ચાર ભાગલા પાડીને લક્ષમાં લેતો નથી. તેમ જ પાંચમી પુત્રી હોય તો તે પણ કહે કે 'અમારી પાસે એક લાખની મૂડી છે.' અંદરમાં પૂર્ણ સ્વભાવની મૂડી છે તેની જેને રુચિ નથી તે મમતાવડે બહારમાં પૂર્ણતા માને છે. અંદરમાં સ્વભાવની પૂર્ણતાનું લક્ષ નથી તેથી બહારમાં પૂર્ણતા માનીને તેનાથી પોતાની મોટપ માને છે. પણ જો લક્ષમાં તે રુચિની ગૂલાંટ મારીને સ્વતરફ વળે તો સ્વભાવની પૂર્ણતાને માને અને સંયોગનો પોતામાં અભાવ માને. જેમ કુંવારી બાલિકાનું સગપણ કરતાં જ તેનો

અભિપ્રાય ફરી જાય છે કે જ્યાં સગપણ થયું તે ઘર ને તે વર મારાં, આ ઘર કે આ ઘરની મૂડી મારી નથી. તેમ ધર્મી જીવે જ્યાં અંતર્સ્વભાવ સાથે સગપણ બાંધ્યું ત્યાં તેને અંતર્સ્વભાવની રુચિ થતાં બહારની રુચિ ટળી જાય છે. રાગ અને સંયોગ હોવા છતાં તે મારાં નથી, હું સિદ્ધસમાન છું—આમ ધર્મી જીવની દૃષ્ટિ પલટી જાય છે. આવી ઓળખાણ અને પ્રતીત કરવી તે જ સિદ્ધિનો પંથ છે. આ સિવાય બીજા કોઈ ઉપાયથી ભવનો આરો આવે તેમ નથી.

અહો! જગતના જીવોને અનંતકાળથી અપરિચિત એવો આ સિદ્ધિનો પંથ, તે એમ ને એમ ઝટ ક્યાંથી સમજાય? પોતાની ઊગ્ર પાત્રતા હોય તો તો ક્ષણમાત્રમાં સમજાઈ જાય તેમ છે, પણ જીવોની પાત્રતાની કચાશને લીધે સમજતાં વાર લાગે છે. માર્ગની તો તદ્દન સરળતા છે, પણ અનંતકાળથી અપરિચિત માર્ગ સત્સમાગમ વગર ક્યાંથી સમજાય? હજી સત્ય માર્ગ શું છે તે વાત સાંભળવા પણ ન મળતી હોય તે જીવો ક્યાંથી સમજે? સત્સમાગમે રુચિ ફેરવે તો એક ક્ષણમાં ફરી જાય છે. પહેલેથી જ આત્મામાં સિદ્ધપણું સ્વીકાર્યા વગર સિદ્ધ થવા તરફનો પુરુષાર્થ ઊપડે નહિ.' 'હું પામર છું, હું રાગી છું' એમ ગોખ્યા કરે તો સિદ્ધદશા તરફનો પુરુષાર્થ કોના જોરે ઉપડશે? જેમ કોઈને બે કલાકમાં ચાર ગાઉ દૂર જવું હોય તો તેટલી ઝડપથી પગ ઉપાડે તેમ, આત્માનો પૂરો સિદ્ધ સમાન સ્વભાવ છે તેને દૃષ્ટિમાં લ્યે તો પૂર્ણ સિદ્ધદશા તરફનો પુરુષાર્થ ઉપાડે. પણ 'હું વિકારી છું, રાગથી મને લાભ થાય છે' એમ પ્રથમથી જ વિકારમાં અટકતો અટકતો ચાલે તેને પૂર્ણતા તરફનો પુરુષાર્થ ઊપડે નહિ, પણ તે તો રાગમાં જ અટકી જાય.

## (૭૭) ઊર્ધ્વગતિની શ્રેણી અને અધોગતિની શ્રેણી

ધર્મી જીવને આત્માની કેવી ઓળખાણ હોય છે? તેની આ વાત છે. શરીર જડ છે, મન જડ છે, વાણી જડ છે, એ ત્રણે હું નથી, હું તો

ચૈતન્યસ્વરૂપ આત્મા છું. ભવ અને ભવનું કારણ વિકાર તે મારા સ્વરૂપમાં નથી.—આવા ભેદજ્ઞાનથી જ ધર્મની શરૂઆત થાય છે. અને તે મોક્ષનો માર્ગ છે. તથા 'હું શરીરાદિનાં કાર્ય કરી શકું, વિકાર મારું સ્વરૂપ છે' આવી બુદ્ધિ તે અધર્મ છે ને તે સંસારનો માર્ગ છે. જેમ ઘરમાં મેડી ઉપર ચડવાનો દાદરો અને ભોંયરામાં નીચે ઊતરવાનો દાદરો જુદો હોય છે તેમ આત્મામાં ઊર્ધ્વ ચડવાનો એટલે કે સિદ્ધદશાનો માર્ગ જુદો છે ને અધોગતિનો એટલે કે સ્વર્ગ-નરકાદિ ચારગતિમાં ભ્રમણનો માર્ગ જુદો છે; અંતરમાં સ્વદ્રવ્ય તરફની શ્રેણી તે ઊર્ધ્વગતિ એટલે મોક્ષનો ઉપાય છે અને પરાશ્રયબુદ્ધિથી પુણ્ય-પાપના ભાવ તે અધોગતિની શ્રેણી એટલે કે નર્ક-સ્વર્ગ માર્ગ છે. અજ્ઞાનીઓ સ્વર્ગને ઊર્ધ્વ ગતિ માને છે. પણ જ્ઞાની તો કહે છે કે સિદ્ધગતિ તે જ ઊર્ધ્વ ગતિ છે, એ સિવાય સ્વર્ગાદિ ચારે ગતિના ભવ તે અધોગતિ છે. ધર્મી જીવ જાણે છે કે હું જાણનાર-દેખનાર, સાક્ષી ચૈતન્ય છું, આ શરીર-મન-વાણી મારાં નથી—આમ સ્વદ્રવ્યનું અવલંબન તે ઊર્ધ્વગતિની શ્રેણી છે. આ સમજ્યા વગર સંસાર પરિભ્રમણની હોળી શાંત થાય તેમ નથી. પહેલાં તો સંસારની રુચિ ટળીને સ્વભાવ તરફ રુચિ પલટી જવી જોઈએ. રુચિ અનુયાયી વીર્ય છે એટલે કે જ્યાં રુચિ હોય તે તરફ પુરુષાર્થ વળ્યા કરે છે. સ્વભાવની રુચિ થતાં વારંવાર તેમાં પુરુષાર્થ વળ્યા કરે તે ચારિત્રનું કારણ છે.

## (૭૮) ભાઈ, તું હોંશથી સાંભળ!

ભાઈ, તું સાંભળ રે સાંભળ! અંતરમાં આ વાતની કાંઈક અપૂર્વતા લાવીને સાંભળ! ભવભ્રમણમાં આ વાત અનંતકાળે સાંભળવા મળે તેમ નથી. આ વાત સમજ્યા વગર નવમી ગ્રૈવેયકે તું અનંતવાર ગયો, મોટો રાજા અનંતવાર થયો, નારકી અને તિર્યંચ પણ અનંતવાર થયો; અંતરમાં નકોર ચૈતન્યસ્વભાવ શું છે તે વાત તું કદી સમજ્યો નથી, અને હોંશપૂર્વક કદી તે વાત સાંભળી પણ નથી. માત્ર પુણ્યમાં જ સંતોષ માનીને તું સંસારમાં રખડી રહ્યો છે. જેમ થોરના

ઝાડમાં ટાંકણેથી કોતરણી થાય નહિ તેમ પુણ્ય-પાપના ભાવમાં ચૈતન્યના ધર્મની કોતરણી થાય નહિ. ત્રણેકાળે ધર્મનો એક જ માર્ગ છે.

'એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ'

જેમ ત્રણેકાળ ગોળ ઘી ને લોટ એ ત્રણ વસ્તુની જ સુખડી બને છે, તેને બદલે કદી પણ કાંકરા-પાણી ને ધૂળ ચાલતા નથી. તેમ આત્મામાં ત્રણેકાળે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણની એકતાથી જ મોક્ષ થાય છે, પુણ્ય વગેરેથી કદી મોક્ષ થતો નથી. ભગવાનની પ્રતિષ્ઠાના મહોત્સવ પછીના હરખ જમણમાં આત્માના પકવાન પીરસાય છે. બદામ પીસ્તા ને લાડવારૂપ જડનાં જમણ તો બધા જમાડે છે પણ અહીં તો આત્માનાં અમૃત પીરસાય છે. તેને ચાખે તો મોક્ષદશા થયા વિના રહે નહિ.

## (૭૯) જ્ઞેય-જ્ઞાયકપણાનો નિર્દોષ સંબંધ

શરીર-મન-વાણી પરવસ્તુ છે, તેની સાથે મારે કાંઈ સંબંધ નથી, તેથી 'તેમની અનુકૂળ ક્રિયા હોય તો મને ઠીક અને તેમની પ્રતિકૂળ ક્રિયા હોય તો મને અઠીક' એમ તેમના પ્રત્યે મને કાંઈ પક્ષપાત નથી. મારા જ્ઞાનની ઉગ્રતા પાસે વિકાર બળી જાય એવો ચૈતન્યજ્યોત મારો સ્વભાવ છે.—આમ પોતાના સ્વભાવની ઓળખાણ કરવાની પહેલી વાત છે. દર્શનશુદ્ધિ વગર જ્ઞાન, ચારિત્ર કે વ્રત-તપ ત્રણકાળમાં હોતાં નથી.

ધર્માત્મા અંતરમાં જાણે છે કે હું એક જાણનાર છું ને આ શરીરાદિ બધા પદાર્થો મારા જ્ઞેયો છે. હું જ્ઞાતા, ને તે જ્ઞેય–એ સિવાય બીજો કોઈ સંબંધ અમારે નથી. જેમ જનેતા સાથે પુત્રને માતા તરીકેના નિર્દોષ સંબંધ સિવાય બીજા કોઈ આડા વ્યવહારની કલ્પના સ્વપ્ને પણ ન હોય તેમ હું ચૈતન્યમૂર્તિ આત્મા જ્ઞાયક છું ને પદાર્થો જ્ઞેય છે, જ્ઞેય-જ્ઞાયકરૂપ નિર્દોષ સંબંધ સિવાય અન્ય કોઈ સંબંધ મારે પરદ્રવ્ય સાથે સ્વપ્ને પણ નથી. મારે પર સાથે માત્ર જાણવા પૂરતો જ સંબંધ છે. જેમ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અંધારામાં કોઈ માણસ કોઈને પોતાની સ્ત્રી સમજીને વિષયબુદ્ધિથી તેની પાસે ગયો, પણ જ્યાં પ્રકાશમાં તેનું મોઢું જોતાં ખબર પડી કે આ તો મારી માતા છે. ત્યાં ફડાક તેની વૃત્તિ પલટી જાય છે કે અરે, આ તો મારી જનેતા! જનેતાની ઓળખાણ થઈ કે તરત જ વિકાર વૃત્તિ પલટી ગઈ અને માતા-પુત્રના સંબંધ તરીકેની નિર્દોષ વૃત્તિ જાગૃત થઈ. તેમ જીવ અજ્ઞાન ભાવે પરવસ્તુને પોતાની માનીને તેને ઈષ્ટ-અનિષ્ટ માને છે અને તેના કર્તા-ભોક્તાના ભાવ કરીને વિકારપણે પરિણમે છે. પણ જ્યાં જ્ઞાનપ્રકાશ થતાં ભાન થયું કે અહો, મારો જ્ઞાયકસ્વભાવ છે, ને અન્ય પદાર્થોનો જ્ઞેયસ્વભાવ છે. એમ નિર્દોષ જ્ઞેય-જ્ઞાયક સંબંધનું ભાન થતાં જ ધર્મીને વિકારભાવ ટળીને નિર્દોષ જ્ઞાયકભાવ પ્રગટ થાય છે. અસ્થિરતાના રાગ-દ્વેષ થતા હોય છતાં ધર્મીને અંતરમાં રુચિ પલટી ગઈ છે કે હું ચૈતન્યસ્વરૂપ બધાનો જાણનાર છું. બીજા પદાર્થો સાથે જ્ઞેય-જ્ઞાયકસ્વભાવ સંબંધ સિવાય બીજો કોઈ સંબંધ મારે નથી.

## (૮૦) પરમ સત્ય

આ સાધારણ એક વ્યક્તિની વાત નથી, પણ વસ્તુના સ્વભાવની વાત છે. ત્રણકાળ ત્રણલોકના કેવળી ભગવંતોની આ વાત છે, સર્વજ્ઞભગવાનથી રજીસ્ટર થઈ ગયેલી છે. અનંતા તીર્થંકરો આ વાત કહી ગયા છે, વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં સીમંધરાદિ તીર્થંકર ભગવંતો આ વાત કહી રહ્યા છે, ગણધરો ઝીલે છે, ઈન્દ્રો આદરે છે, ચક્રવર્તી વગેરે મહાન પુરુષો જેને સેવે છે—એવી આ જ પરમ સત્ય વાત છે. ત્રણકાળ ત્રણલોકમાં આ વાત ફરે તેમ નથી. જગતને આ વાત માન્યે જ છૂટકો છે.

## (૮૧) ભવભ્રમણના નાશ માટેની ધર્માત્માની ક્રિયા

અહો, મારા જ્ઞાયકભાવથી ભિન્ન એવા શરીર-મન-વાણીને પણ હું પરદ્રવ્યપણે સમજું છું. તો જે તદ્દન જુદા છે એવા દૂરવર્તી દેવ-ગુરુ-

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શાસ્ત્ર કે સ્ત્રી-પુત્ર-લક્ષ્મી વગેરે પદાર્થો તો ક્યાંય રહી ગયા. શરીરાદિ મારાં એમ શાસ્ત્રો નિમિત્તથી ભલે કહે, પણ મને તેનો પક્ષપાત નથી એટલે કે વ્યવહારનો પક્ષ નથી. હું તે બધા પ્રત્યે મધ્યસ્થ છું, હું જ્ઞાયક છું ને તે પદાર્થો મને જ્ઞેય તરીકે જ છે. તેથી હું તે પદાર્થોનો પક્ષપાત છોડીને મારા જ્ઞાયક સ્વભાવનો આશ્રય કરું છું. જ્ઞેય પદાર્થોનો આશ્રય મને નથી, અંતરમાં જ્ઞાયક સ્વભાવનો જ આશ્રય છે. આવી શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા તે જ ધર્માત્માની ક્રિયા છે, ને તેના વડે જ ભવભ્રમણનો નાશ થાય છે.



# ૬ વીંછિયામાં થયેલા પંચકલ્યાણક મહોત્સવનાં સંસ્મરણો

શ્રી જૈનશાસન જયવંત હો! જેના પ્રતાપે જૈનશાસનનો જયકાર વર્તી રહ્યો છે એવા પૂ. સદ્‌ગુરુદેવશ્રી જયવંત હો. વીંછિયાનગરમાં શ્રી ચંદ્રપ્રભસ્વામી આદિ જિનેન્દ્ર પ્રતિમાના પંચકલ્યાણક મહોત્સવના મહામંગળ પ્રસંગ ઉપર પધારવા માટે માહ સુદ ૯ ને સોમવારના સુપ્રભાતે પૂ. ગુરુદેવશ્રીએ સોનગઢથી મંગળ વિહાર કર્યો. ભક્તજનોએ વિહારમહોત્સવ કરીને સદ્ધર્મપ્રભાવનાના એ મંગળ પ્રસંગને દીપાવ્યો.

માહ વદ ૧૩ ને શુક્રવારના રોજ પૂ. ગુરુદેવશ્રી વીંછિયા પધાર્યા. વીંછિયાના ભક્તમંડળનો ઉત્સાહ ઘણો હતો. ગામને વિધવિધ રીતે શણગાર્યું હતું. પૂ.શ્રીનું ભવ્ય સ્વાગત કર્યું; સૌથી પહેલાં જૈન સ્વાધ્યાય મંદિરે પધાર્યા ને ત્યાં માંગળિક સંભળાવીને તેના અર્થો કર્યા. બપોરે ૩ થી ૪ વ્યાખ્યાન તથા રાત્રે ૮ થી ૯ ચર્ચા થતી હતી.

ફાગણ સુદ ૧ થી શ્રી પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો વિધિ શરૂ થયો. આ મહાન પ્રતિષ્ઠા પ્રસંગમાં અનેક ગામોના જિનબિંબો હતા. અહો! સૌરાષ્ટ્ર દેશમાં જિનેન્દ્રોનાં ટોળાં ઊતર્યાં હતાં. એકંદર ૪૨ પ્રતિમાઓ હતા. એક સાથે આટલા વીતરાગી જિનબિંબોની પ્રતિષ્ઠાનો આવો મહાન અવસર સૌરાષ્ટ્ર દેશમાં હજારો વર્ષે નજરે પડે છે. આ પ્રતિષ્ઠામાં મૂળનાયક તરીકે શ્રી ચંદ્રપ્રભ સ્વામી હતા. પંચકલ્યાણકમાં વિધિનાયક શ્રી ઋષભદેવપ્રભુ હતા. પ્રતિષ્ઠામંત્ર (કે જે મંત્ર થયા પછી પ્રતિમાઓ પૂજનિક મનાય છે તે) પરમપૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શુભહસ્તે થયો હતો. વીંછિયામાં પ્રતિષ્ઠા કરાવનાર તરીકે શેઠ શ્રી નેમિદાસ ખુશાલભાઈ (પોરબંદરવાળા) હતા. અને

પ્રતિષ્ઠાનો વિધિ કરાવવા માટે ઇંદોરથી પ્રતિષ્ઠાચાર્ય સંહિતાસુરીપંડિત શ્રી નાથુલાલજી પધાર્યા હતા. આ અમૂલ્ય અવસરને મુમુક્ષુઓએ મહાન ઉત્સાહ વડે દીપાવ્યો હતો.

ફાગણ સુદ એકમથી સમોસરણ વિધાન શરૂ થયું હતું, તેમાં સમોસરણની સુંદર રચના કરીને તેનું પૂજન કરવામાં આવ્યું હતું. અને રાત્રિ પ્રતિષ્ઠા મહોત્સવને લગતો એક સુંદર સંવાદ બાલિકાઓએ ભજવ્યો હતો, અને બીજો સંવાદ ફાગણ સુદ ૨ ને દિવસે બાળકોએ ભજવ્યો હતો. બંને સંવાદમાં કેટલાક પ્રસંગો ખાસ વિશેષ આકર્ષક હતા.

ફાગણ સુદ ૩ ને દિવસે વેદીશુદ્ધિની વિધિ થઈ હતી તે દિવસે રાત્રે ભાઈઓએ ડાંડિયારાસ સહિત ભક્તિ કરી હતી.

ફાગણ સુદ ચોથ (પહેલી) : આજે ઇંદ્રપ્રતિષ્ઠા થઈ, ૧૧ ઇંદ્રોની સ્થાપના થઈ અને તે ઇંદ્રોને સરઘસરૂપે ગામમાં ફેરવ્યા હતા, તે દેખાવ ઘણો ભવ્ય હતો. તથા યાગમંડલની રચના કરીને તેમાં ભૂત-ભાવિ-વર્તમાન તીર્થંકરો, પંચપરમેષ્ઠિ ભગવંતો વગેરેની સ્થાપના કરીને તેમનું પૂજન કરવામાં આવ્યું હતું. બપોરે વ્યાખ્યાન પછી વીંછીયાના ત્રિભોવનભાઈએ સજોડે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી હતી. રાત્રે ૮ થી ૯ પ્રભુશ્રીના ગર્ભકલ્યાણકની પૂર્વ ક્રિયાનું દશ્ય થયું હતું. બીજી ચોથને દિવસે પણ ગર્ભકલ્યાણકનો પૂર્વ વિધિ થયો હતો તેમાં માતાજીના ૧૬ સ્વપ્નોનું દશ્ય, દેવ દેવીઓ દ્વારા સ્તુતિ, દેવોદ્વારા વસ્ત્રની ભેટ અર્પણ, તથા દેવકુમારીઓ માતાને વિધવિધ તત્ત્વના પ્રશ્નો પૂછે છે ને માતા તેના જવાબ આપે છે—વગેરે દશ્યો થયા હતા.

## * જન્મકલ્યાણક મહોત્સવ *

ફાગણ સુદ ૫ ના દિવસે સવારે જન્મકલ્યાણક ઉત્સવ થયો હતો. આ પ્રસંગ ઘણા મહાન ઉત્સાહથી ભવ્ય રીતે ઊજવાયો હતો. ભગવાનનો જન્મ થતાં ઇંદ્ર-ઇંદ્રાણી આવીને બાળક ઋષભકુમાર

ભગવાનને હાથી ઉપર લઈ મેરુ પર્વત ઉપર જન્માભિષેક કરવા તેડી જાય છે, બાલપ્રભુજી હાથી ઉપર બિરાજી રહ્યા છે. મેરુ પર્વત પાસે પહોંચ્યા બાદ હાથી મેરુ પર્વતને ત્રણ પ્રદક્ષિણા કરે છે—એ બધા વખતે પ્રભુજીનું અદ્ભુત દશ્ય ખરેખર દર્શનીય હતું. અને જ્યારે પ્રભુશ્રીને મેરુ પર્વત ઉપર બિરાજમાન નિહાળ્યા તે વખતે તો મુમુક્ષુ ભક્તજનોના અંતરમાં કંઈ કંઈ થઈ જતું હતું : અહો, અદ્ભુત દશ્ય છે! આવું દશ્ય જિંદગીમાં જોયું નથી. સાક્ષાત્ જન્મકલ્યાણક જેવું લાગે છે. અહો જિનેંદ્રદેવ તો હજી બાળક છે છતાં આટલો મહિમા! ખરેખર આ બધો ચૈતન્યનો મહિમા છે. અંતરમાં ચૈતન્યદ્રવ્ય જાગ્યું છે તેનો જ આ પ્રતાપ છે. પછી ઘણા મહાન ઉત્સાહ અને જયકારનાદ વચ્ચે પ્રભુશ્રીનો જન્માભિષેક કર્યો. અભિષેક બાદ ઇંદ્રાણીએ પ્રભુને વસ્ત્રાલંકાર પહેરાવ્યાં. એ રીતે જન્માભિષેક કરીને પાછા ફર્યા. પ્રભુની રથયાત્રા ઘણી જ શોભતી હતી. પાછા આવ્યા બાદ ઇંદ્રોએ તાંડવ નૃત્ય કર્યું.

બપોરે ભગવાનશ્રી ઋષભકુંવરનું પારણું ઝુલાવવાની ક્રિયા થઈ.

રાત્રે ઇંદ્રોએ ફરીથી “अब तो मिले जगत के नाथ” એવી સ્તુતિ સહિત પ્રભુ પાસે ભક્તિ નૃત્ય કર્યું હતું; ત્યારબાદ આદિકુંવર ભગવાનનો રાજ્યાભિષેક થયો હતો અને મહારાજાધિરાજ શ્રી આદિનાથ ભગવાનના રાજદરબારમાં દેશોદેશના રાજા-મહારાજાઓ પ્રભુને ભેટ ધરવા આવ્યા હતા, ઇત્યાદિ દશ્યો થયા હતા.

## * દીક્ષા કલ્યાણક મહોત્સવ *

ફાગણ સુદ ૯ : આજે પ્રભુશ્રી આદિનાથ ભગવાનના મહાન વૈરાગ્યનો દિવસ છે. સવારમાં આદિનાથ મહારાજાનો રાજદરબાર ભરાયો છે, નીલાંજનાદેવી ભક્તિથી નૃત્ય કરી રહી છે, નૃત્ય કરતાં કરતાં તે દેવીનું આયુષ્ય પૂરું થઈ જાય છે અને તેના સ્થાને બીજી દેવી આવે છે. અહો, સંસારની આવી ક્ષણભંગુરતાનું દશ્ય જોતાં મહારાજા

આદિનાથ ભગવાન પરમ વૈરાગ્ય પામે છે. સંસારથી વિરક્ત થઈને પરમ ઉપશમભાવથી અંતરમાં બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન કરી રહ્યા છે. તરત જ લૌકાંતિક દેવો પ્રભુની સ્તુતિ અને વૈરાગ્યની પુષ્ટિ કરવા આવે છે. લૌકાંતિક દેવો પ્રથમ ભગવાનની સ્તુતિ કરીને પછી ભક્તિપૂર્વક તેમના પ્રત્યે કહે છે કે 'પ્રભો, આપ સ્વયંબુદ્ધ છો, આપશ્રી આ જ ભવમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને મુક્ત થનારા છો અને જગતના જીવોને મુક્તિનો માર્ગ દેખાડનારા છો. અહો, ધન્ય છે પ્રભો ! આપની વૈરાગ્યભાવનાને ધન્ય છે. સમસ્ત સંસાર ભાવથી વિરક્ત થઈને ભગવતી જિનદીક્ષા ધારણ કરવા માટે આપશ્રી જે ચિંતવન કરી રહ્યા છો તેને અમારી અત્યંત અનુમોદના છે, આપશ્રીના દીક્ષાકલ્યાણક મહોત્સવનો જય હો જય હો.'

—એ પ્રમાણે વૈરાગ્યની પુષ્ટિ કરાવીને લૌકાંતિક દેવો ગયા બાદ પ્રભુશ્રી પાલખીમાં બિરાજીને વનમાં દીક્ષા લેવા માટે સંચરે છે. ભગવાનના વૈરાગ્યના આ બધા દશ્યો આખી સભાને વૈરાગ્યભાવનામાં ડુબાડી દેતા હતા.

વંદો વંદો પરમ વીરાગી ત્યાગી જિનને રે,
થાયે જિન દિગંબર મુદ્રાધારી દેવ.....
શ્રી ઋષભપ્રભુજી તપોવનમાં સંચરે રે.....

એ પ્રમાણે વૈરાગ્ય ભરેલી ભક્તિ કરતાં કરતાં ભક્તોના ટોળાં ભગવાનની પાછળ પાછળ જઈ રહ્યાં હતાં.

વનમાં જઈને પ્રભુશ્રી એક વિશાળ વડવૃક્ષ નીચે બિરાજમાન થયા, રાજવસ્ત્રો છોડીને નગ્નમુદ્રા ધારણ કરી, પછી કેશલોચ કર્યો. પ્રભુશ્રીનો કેશલોચ કરતાં પૂ. ગુરુદેવશ્રીએ કહ્યું કે પ્રભુ તો જાતે જ લોચ કરે, પણ આ તો પ્રભુના દીક્ષાકલ્યાણકની સ્થાપના છે. દીક્ષા વખતનું વૈરાગ્યદશ્ય બહુ ગંભીર હતું. દીક્ષાબાદ પ્રભુશ્રી આત્મધ્યાનમાં બેઠા ને મનઃપર્યયજ્ઞાન ઊપજ્યું. પછી પ્રભુજી તો

વનમાં વિહાર કરી ગયા.

પ્રભુશ્રીનો દીક્ષાવિધિ પૂરો થયા બાદ ત્યાં વનમાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ દીક્ષાકલ્યાણકને શોભતું અપૂર્વ વ્યાખ્યાન કર્યું હતું. એ દિવસનું વ્યાખ્યાન ખરેખર એક જુદો જ પડઘો પાડી જતું હતું. વ્યાખ્યાન વખતે વૈરાગ્યમસ્તીથી નાચી રહેલી પૂ.શ્રીની મુદ્રા ભાવુક મુમુક્ષુજનોનાં હૃદયમાં કોતરાઈ ગઈ છે. વ્યાખ્યાનમાં પૂ.શ્રીએ મુનિદશામાં આત્માને અંતરની શાંતિના શેરડા હોવાનું જે વર્ણન કર્યું હતું તે સાંભળતાં મુમુક્ષુના હૃદયો ભાવનાથી નાચી ઊઠતા હતા અને આખી સભા સ્તબ્ધ બની ગઈ હતી.

વ્યાખ્યાન બાદ ભાઈશ્રી અમરચંદભાઈ તથા તેમનાં ધર્મપત્ની રૂપાળીબહેને બ્રહ્મચર્યપ્રતિજ્ઞા ધારણ કરીને તે પ્રસંગને દીપાવ્યો. ત્યારબાદ વૈરાગ્યમાં મગ્ન થયેલું ભક્તમંડળ પાછું ફર્યું, પાલખીમાં માત્ર પ્રભુના કેશ હતા.

બપોરે ૧૦॥ વાગે પ્રભુશ્રી ઋષભમુનિરાજ આહાર માટે ગામમાં પધાર્યા. આહારદાનનો પ્રસંગ શેઠશ્રી પ્રેમચંદભાઈને ત્યાં થયો. પ્રભુશ્રીને આહારદાન વખતનું દૃશ્ય ઘણું ઉલ્લાસમય હતું.

## પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર હસ્તે જિનેન્દ્ર–પ્રતિષ્ઠામંત્ર

બપોરે એક વાગે પૂ. ગુરુદેવશ્રી પધાર્યા અને શ્રી જિનપ્રતિમાઓ ઉપર મંત્રવિધિ શરૂ થયો. આ મંત્રવિધિ થયા પહેલાં પ્રતિમાજી અપૂજ્ય હોય છે, ને આ મંત્રવિધિ થયા પછી પ્રતિમાજી પૂજનીક થાય છે. પ્રતિષ્ઠા વિધાનમાં આ ક્રિયા ઘણી મહત્ત્વની છે. મહાપવિત્ર જિનપ્રતિમા ઉપર મહાપવિત્ર ભાવ વડે, પવિત્ર હસ્તે સોનાની સળી વડે 'ओं अं नमः' એવો પવિત્ર મંત્ર પૂ. ગુરુદેવશ્રીએ લખવો શરૂ કર્યો તે વખતે મહાન જયજયકાર પૂર્વક ભક્તજનોએ એ પવિત્ર પ્રસંગને વધાવ્યો હતો.

ત્યારબાદ બપોરે ૨॥ વાગે સર્વ પ્રતિમાજી ઉપર નેત્રોન્મિલન વિધિ પણ પૂ. ગુરુદેવશ્રીએ કર્યો હતો.

## * કેવળજ્ઞાન કલ્યાણક મહોત્સવ *

બપોરે ૩ વાગે પ્રભુશ્રીના કેવળજ્ઞાન–કલ્યાણકનું દૃશ્ય થયું હતું, જેમાં પ્રભુશ્રી ઋષભમુનિરાજ આત્મધ્યાનમાં લીન છે અને તેમને કેવળજ્ઞાન પ્રગટે છે. તરત જ દેવો આવીને પ્રભુને વધાવે છે, સ્તુતિ કરે છે, સમોસરણ રચાય છે. સમોસરણમાં ચૌમુખે પ્રભુજી બિરાજમાન છે, બારસભા ભરાણી છે અને પ્રભુશ્રીની દિવ્યધ્વનિ છૂટે છે.

આ પ્રસંગે ભગવાનના દિવ્યધ્વનિરૂપે પૂ. ગુરુદેવશ્રીએ પ્રવચન કર્યું હતું, જેમાં દિવ્યધ્વનિમાં ભગવાને કહેલા ઉપદેશનો સાર કહ્યો હતો. એ પ્રવચન બહુ કલ્યાણકારી હતું.

આજે દીક્ષા અને કેવળ કલ્યાણકના પ્રસંગો અદ્ભુત હતા, અને તે બંને પ્રસંગના પ્રવચનો પણ એવા જ અદ્ભુત હતા. આજનો દિવસ ઘણો વૈરાગ્યમય આનંદ અને ઉલ્લાસનો હતો. મુમુક્ષુ ભક્તોને એમ થતું હતું કે અહો જીવન કૃતાર્થ થયું. ધન્ય ધન્ય જિનેન્દ્રકલ્યાણક! ધન્ય તે પંચકલ્યાણકનો મહિમા. હે જિનેન્દ્રો! તમારા પંચકલ્યાણક મારા આત્માનું કલ્યાણ કરો.

## * નિર્વાણકલ્યાણક અને શ્રી જિનેન્દ્ર–પ્રતિષ્ઠા *

ફાગણ સુદ ૭ ને સોમવાર : આજે ભગવાનશ્રી ચંદ્રપ્રભસ્વામી અને સુપાર્શ્વનાથસ્વામીના નિર્વાણકલ્યાણકની તિથિ હતી, અને બરાબર એ જ દિવસે નિર્વાણકલ્યાણકવિધિ તથા તે બે ભગવંતોની પ્રતિષ્ઠા થઈ હતી, તે શ્રેષ્ઠ મંગળ છે. સાથે સાથે પવિત્ર અષ્ટાહ્નિકા પર્વની પણ શરૂઆત આજથી જ થતી હતી.

સવારમાં સૂર્યોદય સમયે નિર્વાણ કલ્યાણકનું દૃશ્ય થયું. તેમાં કૈલાસ પર્વત બનાવ્યો હતો, તેના ઉપર પ્રભુશ્રી આદિનાથ ભગવાન યોગનિરોધદશામાં બિરાજી રહ્યા હતા. થોડી વારમાં પ્રભુશ્રી નિર્વાણ

પામ્યા. તરત જ નિર્વાણકલ્યાણક ઉજવવા દેવો આવ્યા, અગ્નિકુમારદેવોના મુકુટવડે અગ્નિસંસ્કાર થયો. અને છેવટે શેષભસ્મ લઈને "અહો પ્રભો! જે પવિત્ર દશા આપશ્રી પામ્યા તે પવિત્ર દશા અમારી હો" એવી ભાવનાપૂર્વક ભક્તોએ મસ્તકે ચડાવી. ત્યારબાદ નિર્વાણપૂજન થયું.

**એ રીતે મહાપ્રભાવક શ્રી જિનેન્દ્ર–પંચકલ્યાણક મહાન ઉત્સાહપૂર્વક સમાપ્ત થયા.**

આ પ્રસંગે વીંછિયાના રતિલાલભાઈ ડગલી અને મગનલાલભાઈ ખારાએ સજોડે પૂ. ગુરુદેવશ્રી પાસે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી.

ત્યારબાદ ૮ થી ૯ાા સુધી મંદિરમાં પ્રતિષ્ઠા કરાવવામાં આવનારા શ્રી ચંદ્રપ્રભસ્વામી વગેરે જિનબિંબોને ઘણા મોટા ઉલ્લાસપૂર્વક જિનમંદિરે લઈ ગયા. જ્યારે પ્રભુ જિનમંદિરે પધાર્યા તે વખતે ભક્તજનોનો ઉલ્લાસ અને જિનેન્દ્ર દર્શન માટેની ઉત્સુકતા અજબ હતાં.

પછી મહામાંગળિક વેદીપ્રતિષ્ઠાનો સમય આવ્યો અને પવિત્ર જિનમંદિરમાં, પવિત્ર ચંદ્રપ્રભ ભગવાનની પૂ. ગુરુદેવશ્રીએ મહા પવિત્ર ભાવે, પવિત્ર કરકમળથી પ્રતિષ્ઠા કરી અને મંદિર જયકારનાદથી ગાજી ઊઠ્યું....બોલો શ્રી ચંદ્રપ્રભ ભગવાનનો....જય હો. ત્યારબાદ શ્રી ચંદ્રપ્રભ ભગવાનની જમણી તરફ શ્રીસીમંધર ભગવાન અને ડાબી તરફ શ્રી શાંતિનાથ ભગવાનના પ્રતિમાજીનું સ્થાપન કર્યું. ત્યારબાદ શ્રી આદિનાથ ભગવાન અને એક સિદ્ધ પ્રતિમાનું તથા ઉપરના ભાગમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું સ્થાપન કર્યું. પછી જિનમંદિર ઉપરના બે કળશ તથા ધ્વજદંડ ચડાવ્યા. એ રીતે શ્રી જિનમંદિરમાં મહા પવિત્ર દેવાધિદેવ ભગવંતોની પ્રતિષ્ઠા થઈ.

## ✻ શ્રી જૈન સ્વાધ્યાય મંદિરમાં પ્રતિષ્ઠા ✻

ત્યારબાદ સ્વાધ્યાય મંદિરમાં મહા પરમાગમ શ્રી સમયસારજીની તથા ૐકારની પ્રતિષ્ઠા પૂ. ગુરુદેવશ્રીએ ''नमः समयसाराय'' ઈત્યાદિ મંત્ર બોલીને કરી, અને પછી ત્યાં ''नमः समयसाराय'' નું માંગલિક પ્રવચન કર્યું. પછી ભક્તોએ થોડીવાર સ્વાધ્યાય મંદિરમાં અને જિનમંદિરમાં ભક્તિની ધૂન લીધી.

મહોત્સવના દિવસો દરમિયાન હંમેશા સવાર-સાંજ જાપ જપાતા હતા. આજે તેની પૂર્ણતા થઈ અને શાંતિયજ્ઞ થયો.

બપોરે વ્યાખ્યાન પછી પાંજરાપોળ માટેનો એક ખરડો થયો, જેમાં લગભગ એક હજાર રૂપિયા થયા હતા. અને હરિલાલભાઈ ધોળકિયાએ સજોડે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી હતી.

રાત્રે શ્રી સમયસારની પૂજા (શ્રુતપૂજા) થઈ હતી તથા બે બાલિકાઓએ ભક્તિ કરી હતી.

એ રીતે વીંછિયા શહેરમાં શ્રી જિનેન્દ્રદેવની પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો મહાન અવસર ઉજવાયો. સૌરાષ્ટ્રદેશમાં શ્રી જિનેન્દ્રશાસનની પ્રભાવનાનો આવો મહાન સુઅવસર ઘણા ઉત્સાહથી પાર પાડવા માટે વીંછિયાના શેઠશ્રી પ્રેમચંદ લક્ષ્મીચંદ અને મુમુક્ષુમંડળને ખરેખર ધન્યવાદ છે. પ્રતિષ્ઠાચાર્ય સંહિતાસૂરી પંડિત શ્રી નાથુલાલજી સાહેબ ઉત્સાહી અને શાંત સ્વભાવી હતા, તેઓએ શાસ્ત્રવિધિ અનુસાર પ્રતિષ્ઠાવિધિ ઘણી સારી રીતે કરાવ્યો હતો, અને પંચકલ્યાણક વગેરે દશ્યો વખતે પોતે તે સંબંધી ટૂંક વિવેચન કરીને સમજાવતા હતા; કાંઈ પણ ભેટનો સ્વીકાર કર્યા વિના, ખાસ ઈંદોરથી આવીને તેઓશ્રીએ આ પ્રતિષ્ઠા મહોત્સવનો સર્વ વિધિ ઘણી સારી રીતે કરાવી આપ્યો, તે માટે તેમનો ઘણો આભાર માનવામાં આવે છે.

પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુનિત પ્રભાવે આજે હજારો વર્ષે આ સૌરાષ્ટ્રદેશમાં ફરીથી પવિત્ર

જિનેન્દ્રશાસનની સ્થાપના થઈ રહી છે. પૂ. ગુરુદેવશ્રીના શુભ હસ્તે આવા પવિત્ર શાસનપ્રભાવનાના સેંકડો મહાન કાર્યો થાઓ અને શ્રી જિનેન્દ્ર ધર્મચક્ર સર્વત્ર સર્વદા પ્રવર્તો.

(અહીં પ્રતિષ્ઠા મહોત્સવ વખતે થયેલા કાર્યક્રમની માત્ર
ટૂંકી નોંધ કરી છે. પ્રતિષ્ઠા મહોત્સવનો ઉત્સાહ અને
આનંદ તો તે નજરે જોનાર જ જાણી શકે.)



## (૨)

# રાજકોટ–પ્રતિષ્ઠા મહોત્સવનાં પ્રવચનો

૧. ગર્ભકલ્યાણક પ્રવચન.....

૨. જન્મકલ્યાણક પ્રવચન.....

૩. દીક્ષાકલ્યાણક પ્રવચન.....

૪. જ્ઞાનકલ્યાણક પ્રવચન.....

૫. નિર્વાણકલ્યાણક પ્રવચન.....

મહોત્સવનાં સંસ્મરણો.....

## ચૈતન્યપ્રભુની પ્રતિષ્ઠા

“અનાદિ કાળથી આત્મામાં વિકારની પ્રતિષ્ઠા કરી હતી. વિકારથી ભિન્ન ચૈતન્યસ્વભાવને જાણીને, વિકાર ભાવોની આત્મામાં પ્રતિષ્ઠા ન કરતાં, ‘સિદ્ધ સમાન સદા પદ મેરો’ એમ આત્મામાં ચૈતન્યસ્વભાવની પ્રતિષ્ઠા કરવી તે ધર્મ છે. શ્રી અરિહંતભગવાને પણ ‘વિકાર તે હું નહિ, અખંડ ચૈતન્યસ્વભાવ તે હું’ એવા ભાનદ્વારા પોતાના આત્મામાં ચૈતન્યસ્વભાવની પ્રતિષ્ઠા કરી અને પછી તેમાં લીનતાથી રાગ-દ્વેષ ટાળીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું; તેમની આ સ્થાપના થાય છે. એ અરિહંતભગવાનની જેમ પોતાના આત્મામાં જે જીવ ચૈતન્ય ભગવાનની પ્રતિષ્ઠા કરે તે જીવ અલ્પકાળે ભગવાન થયા વિના રહે નહિ.”

—રાજકોટ : પંચકલ્યાણક—પ્રવચનોમાંથી.




શ્રી સીમંધરપ્રભુનું દિગંબર જિન મંદિર, રાજકોટ

(૧)

# અનાદિનું અજ્ઞાન ટળીને ભેદજ્ઞાન કઈ રીતે થાય?

(શ્રી રાજકોટ શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન વીર સં. ૨૪૭૬ ના ફાગણ સુદ ૮ ના રોજ પ્રભુશ્રીના ગર્ભકલ્યાણક પ્રસંગે શ્રી સમયસાર ગા. ૭૧ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન.)



## (૧) ગર્ભકલ્યાણક

શ્રી તીર્થંકર ભગવાનનો આત્મા પૂર્વે ત્રીજા ભવે આત્માના ભાન સહિત શુભવિકલ્પ ઊઠતાં તીર્થંકર નામકર્મ બાંધે છે. તે તીર્થંકર નામકર્મની પ્રકૃતિ તીર્થંકર થનારા ખાસ આત્માને જ બંધાય છે, બીજા જીવો શુભ રાગ વડે કે સોળભાવના વડે તે બાંધવા માંગે તો બંધાતી નથી. શ્રી તીર્થંકર ભગવાનનો આત્મા માતાના ગર્ભમાં આવવાનો હોય ત્યાર પહેલાં છ મહિના અગાઉથી દેવો માતાની સેવા કરવા આવે છે, અને કહે છે કે અહો, રત્નકૂંખધારિણી માતા! આપને ધન્ય છે, છ મહિના પછી આપની કૂંખે જગતના ઉદ્ધારક ત્રિલોકનાથ તીર્થંકરદેવ આવવાના છે. આપ ભગવાનના જ માતા નથી પણ જગતના માતા છો. ઈત્યાદિ પ્રકારે ભક્તિ કરે છે તથા માતાપિતાને ઘેર હંમેશાં રત્નવર્ષા કરે છે. છ મહિના બાદ માતાજીને ૧૬ સ્વપ્નાં આવે છે ને ભગવાનનો જીવ તેમની કૂંખે આવે છે. આવા ગર્ભકલ્યાણકનો દેખાવ અહીં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પંચકલ્યાણકમાં આજે થયો. ભગવાનનો આત્મા સમ્યગ્દર્શન તેમ જ મતિ-શ્રુત અને અવધિજ્ઞાન સહિત જ માતાના ગર્ભમાં આવે છે.

## (૨) શું કરવાથી ભગવાન મુક્તિ પામ્યા?

ભગવાનનો આત્મા શું કાર્ય કરવાથી મુક્તિ પામ્યો? અને અજ્ઞાની આત્મા શું કાર્ય કરવાથી સંસારમાં રખડે છે? તે વાત સમયસારના કર્તાકર્મ અધિકારમાં ચાલે છે. આ ૭૧ મી ગાથામાં શ્રી આચાર્યદેવ કહે છે કે ધર્મી જીવ, આત્મા અને આસ્રવોનો ભેદ જાણતો થકો વિકારનો કર્તા થતો નથી પણ પોતાના સ્વભાવની દૃષ્ટિથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પરિણામને જ કરે છે. અને અધર્મી જીવ આસ્રવોને અને આત્માને એકપણે માનીને વિકારનો જ કર્તા થાય છે. પરદ્રવ્યનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ થઈ શકતો નથી. શ્રી તીર્થંકર ભગવાનના આત્માએ પર જીવોનું કાંઈ કર્યું નથી, પણ પોતાના આત્માને વિકારથી ભિન્ન જાણીને, આત્મસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રભાવને જ કર્યા છે. અને એ જ મુક્તિનો ઉપાય છે.

આત્મા શું કર્મ કરે તો તેને અધર્મ થાય છે? અને શું કર્મ કરે તો તેને ધર્મ થાય? તેની આ વાત છે. આ વાત યથાર્થ સમજે તો પોતાના આત્મામાં અધર્મ ટાળીને ધર્મ પ્રગટ કર્યા વગર રહે નહિ.

## (૩) અજ્ઞાનીને કર્તા-કર્મપણાની મિથ્યાબુદ્ધિ

આત્મા જ્ઞાનાદિ સ્વભાવની મૂર્તિ છે; તેની અવસ્થામાં સ્વયં અપરાધી થઈને અજ્ઞાની જીવ વિકાર કરે છે; અને 'તે વિકાર મારું કાર્ય ને હું તેનો કર્તા' એમ તે માને છે. વિકારને અને આત્મસ્વભાવને તે જુદા જાણતો નથી તેથી વિકારને અને આત્માને એક માનીને તે વિકારનો કર્તા થાય છે. પોતાની અવસ્થા સિવાય પરમાં આત્મા કાંઈ કરી શકતો નથી, કેમકે એક તત્ત્વનો બીજા તત્ત્વમાં અભાવ છે. આત્માના સ્વભાવમાં વિકાર નથી એટલે સ્વભાવથી આત્મા વિકારનો

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કર્તા નથી. તેમ જ આત્માની અવસ્થામાં વિકાર કોઈ બીજાએ કરાવ્યો નથી પણ સ્વયં અપરાધથી કર્યો છે. વિકારભાવ તે જ મારું કર્મ ને હું તેનો કર્તા—એવી વિકારબુદ્ધિવાળો જીવ અજ્ઞાની છે આત્માના શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા સ્વભાવમાં વિકાર નથી. પણ તે સ્વભાવને ચૂકેલી દૃષ્ટિમાં અજ્ઞાની જીવ વિકારનો કર્તા થાય છે. શરીરાદિ પર મારું કાર્ય અને હું તેનો કર્તા–એવી પરમાં કર્તાકર્મપણાની બુદ્ધિ તે તો અજ્ઞાન છે જ, અને ક્ષણિક રાગાદિ ભાવોનો હું કર્તા ને તે મારું કાર્ય–એવી વિકારમાં કર્તાકર્મપણાની બુદ્ધિ પણ અજ્ઞાન છે. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી વિકારના કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનીને અનાદિથી ચાલી આવે છે. અનાદિથી વિકારના કર્તાકર્મની જે પ્રવૃત્તિ છે તેનો અભાવ કેવી રીતે થાય? એમ અહીં શિષ્યનો પ્રશ્ન છે. શ્રી આચાર્યદેવ તેને ઉત્તર આપે છે કે આ જીવ જ્યારે પોતાના શુદ્ધ સ્વભાવને વિકારથી ભિન્ન જાણે છે ત્યારે તે વિકારનો કર્તા થતો નથી, એટલે વિકાર અને આત્માના ભેદજ્ઞાનથી જ અનાદિની વિકારના કર્તાકર્મની પ્રવૃત્તિ નાશ પામે છે.

નિમિત્ત વગેરે પરવસ્તુઓથી હું સદાય ભિન્ન છું–એમ પરથી ભિન્નતાનો નિર્ણય કરવાની પણ જેનામાં તાકાત નથી તેનામાં વિકારની ભિન્નતાનો નિર્ણય કરવાની તાકાત હોતી નથી. કર્મ આત્માને વિકાર કરાવે એમ માને તેને તો કર્મથી વિકારની ભિન્નતાનો નિર્ણય પણ નથી. કર્મ મને વિકાર કરાવે અથવા પર મને વિકાર કરાવે–એમ જે માને તેને વિકારથી આત્માની ભિન્નતાનો નિર્ણય કરવાનો અવકાશ નથી, કેમકે આત્માની અવસ્થામાં મિથ્યાત્વ ને અજ્ઞાન પર કરાવે એમ તેણે માન્યું, એટલે 'હું વિકારથી જુદો, જ્ઞાનસ્વરૂપ છું' એમ સ્વભાવની સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન કરવામાં તેણે પોતાની સ્વાધીનતા માની નહિ, તેથી તેને સાચી શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરવાનો અવકાશ રહ્યો નહિ. કર્મ વગેરે પર મને વિકાર કરાવે એવા સ્થૂળ અજ્ઞાનની તો અહીં વાત નથી. પર મને વિકાર કરાવતા નથી પણ હું મારા અપરાધથી વિકાર કરું છું, તે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વિકાર મારું કર્મ છે ને હું તેનો કર્તા છું—એમ વિકારના કર્તાકર્મપણામાં જે જીવની બુદ્ધિ અટકી છે તે જીવ પણ અજ્ઞાની છે. તે અજ્ઞાન કેમ ટળે તેની અહીં વાત છે.

કર્મ મને વિકાર કરાવે એવી જેની માન્યતા છે તેને તો જડ-ચેતન બે દ્રવ્યોની ભિન્નતાનું ભાન નથી. કર્મો આત્માને વિકાર કરાવતા નથી એટલું માન્યા પછી પણ જે જીવ શુદ્ધ જ્ઞાનસ્વભાવની રુચિ છોડીને પુણ્યની રુચિ કરે છે—પુણ્યનો હું કર્તા ને તેનાથી મને અત્યારે કે ભવિષ્યમાં લાભ થાય એમ માને છે—તે પણ મિથ્યાદૃષ્ટિ છે. પુણ્યથી ધર્મ થાય અથવા પુણ્યથી લાભ થાય—એમ જે માને તે જીવ પુણ્યને પોતાનું કર્તવ્ય માન્યા વગર રહે નહિ; એવા મિથ્યાદૃષ્ટિ જીવની અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી વિકારના કર્તાકર્મની પ્રવૃત્તિ, આત્મા અને વિકારના ભેદજ્ઞાનથી જ ટળે છે.

## (૪) આત્મા અને ક્રોધાદિનું ભેદજ્ઞાન

આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વ'નું ભવન તે સ્વભાવ છે; માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું—પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિનું થવું—પરિણમવું તે ક્રોધાદિ છે. એ પ્રમાણે આત્મા અને ક્રોધાદિ ભાવોની ભિન્નતાનો અનુભવ થતાં અનાદિનું અજ્ઞાન ટળી જાય છે. અને અજ્ઞાન ટળી જતાં 'હું વિકારનો કર્તા ને તે મારું કર્મ' એવી અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ પણ નાશ પામે છે; એટલે આત્મા વિકારનો કર્તા થતો નથી અને તેને બંધન થતું નથી.

અહીં વસ્તુના સ્વભાવની વાત છે કે વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે. આત્મા વસ્તુ છે તે જ્ઞાનસ્વભાવમાત્ર જ છે. અવસ્થામાં વિકાર થાય છે તે ખરેખર આત્મા નથી. દયાદિ વ્યવહારભાવો તે ખરેખર વસ્તુનો સ્વભાવ નથી એટલે કે તે આત્મા નથી. આત્મા તો જ્ઞાનસ્વભાવ માત્ર જ છે, ક્રોધાદિ કે દયાદિ ભાવો થાય છે તે જ્ઞાનસ્વભાવથી ભિન્ન છે તેથી તે આત્મા નથી પણ આત્માથી ભિન્ન છે. તે ક્રોધાદિ વિકારી ભાવો જડની દશામાં થતા નથી પણ આત્માની

દશામાં થાય છે, स्वस्य भवनं स्वभावः અર્થાત્ વિકાર ભાવો સ્વવસ્તુના પરિણમનમાં થાય છે તેથી તેને વ્યવહારે સ્વ-ભાવ કહેવાય છે, પણ તે વિકાર ભાવ વસ્તુનો મૂળ સ્વભાવ નથી પણ પરનિમિત્તે થતો વિકાર છે તેથી તેને પરભાવ કહેવાય છે. પરંતુ પરવસ્તુએ તે વિકાર ભાવ કરાવ્યો છે–એવો પરભાવનો અર્થ નથી. આત્માની અવસ્થાની લાયકાતથી વિકાર થયો છે.

## (૫) યોગ્યતા અને સ્વભાવ

પાણી અગ્નિથી ઊનું થતું નથી પણ પોતાના સ્પર્શગુણની ઉષ્ણ થવાની યોગ્યતાથી જ તે ઊનું થયું છે. પાણીની ઉષ્ણ પર્યાયમાં અગ્નિની પર્યાયનો અભાવ છે. તેમ વિકાર પર્યાયમાં પરવસ્તુનો અભાવ છે, તેથી પરવસ્તુ વિકાર કરાવતી નથી પણ અવસ્થામાં વિકાર થવાની પોતાની યોગ્યતાથી જ વિકાર થાય છે. છતાં તે વિકારની યોગ્યતા એક સમયપૂરતી છે, ત્રિકાળી સ્વભાવમાં તેનો અભાવ છે. જેમ ઉષ્ણતારૂપે થવાનો પાણીનો સ્વભાવ નથી, શીતળપણે થાય તે જ તેનો સ્વભાવ છે, તેમ ચૈતન્યમૂર્તિ આત્માનું જ્ઞાનસ્વભાવે પરિણમવું તે જ સ્વભાવ–ભવન છે, વિકાર થાય તે તેનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ તો જ્ઞાન જ છે. તેથી જ્ઞાનપણે પરિણમવું તે જ નિશ્ચયથી આત્માનો સ્વભાવ છે એટલે વિકારને અને આત્માને સ્વભાવથી ભિન્નતા જાણીને, વિકાર થાય તેની રુચિપણે ન થવું પણ સ્વભાવની રુચિમાં જ્ઞાતાદૃષ્ટાપણાની અવસ્થારૂપે થવું તે આત્માનો સ્વભાવ છે; વિકારની રુચિ કરે તેને આત્મસ્વભાવનો અનાદર છે. વિકારપણે પરિણમન થાય તેને અહીં આત્મા ગણ્યો નથી, નિર્મળ જ્ઞાનભાવે પરિણમન થઈને આત્મામાં અભેદ થાય તે જ આત્મા છે.

## (૬) ધર્મની શરૂઆત

નિમિત્તની, વ્યવહારની કે પર્યાયની રુચિ તે મિથ્યાત્વ છે, મિથ્યાત્વ તે આસ્રવ છે, તે આત્માના જ્ઞાનસ્વભાવથી ભિન્ન છે.

આત્મા જ્ઞાનસ્વભાવી શુદ્ધ છે એવી રુચિનું અંતરમાં પરિણમન થવું તે જ આત્મા છે. પુણ્ય-પાપપણે પરિણમન થવું તે ખરેખર અનાત્મા છે. વર્તમાન જ્ઞાનદશા સ્વભાવ તરફ વળીને અભેદ થઈ ત્યાં તે દ્રવ્ય-પર્યાયની અભેદતાને આત્મા કહ્યો, તેનું નામ જ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર છે. જ્ઞાતાની અવસ્થા જ્ઞાતામાં એકમેક થઈ તે ધર્મ છે, ને જ્ઞાતાની અવસ્થા વિકારમાં એકત્વ થાય તે અધર્મ છે. જે જેનાથી લાભ માને તે તેનાથી પોતાને જુદો માને નહિ. જેણે વિકારથી આત્માને લાભ માન્યો તેણે વિકારથી આત્માને જુદો ન માન્યો પણ એક માન્યો, વિકાર તે જ હું એમ માન્યું, એટલે તેને વિકારથી ભિન્નતા કરવાની તાકાત નથી. પહેલાં શ્રદ્ધામાં આત્માને વિકારરહિત માન્યા વગર અને જ્ઞાનમાં આત્માને વિકારથી ભિન્ન જાણ્યા વગર વિકારથી જુદો પડશે શી રીતે? અને એ વિના મુક્તિ ક્યાંથી થશે? માટે પહેલાં વિકારથી ભિન્ન જ્ઞાનસ્વભાવને ઓળખીને તેની શ્રદ્ધા કરવી તે જ મુક્તિનો પ્રથમ ઉપાય છે. એ સિવાય બીજી કોઈ રીતે મુક્તિના ઉપાયની એટલે કે ધર્મની શરૂઆત થતી નથી.

## (૭) ક્રોધ ક્યારે ટળે?

આત્માને પરથી, નિમિત્તથી, પુણ્ય-પાપથી કે પર્યાયબુદ્ધિથી લાભ થાય એમ માનવું તે ક્રોધાદિભાવ છે. દ્રવ્યલિંગી મુનિ થઈને અહિંસા વગેરે મહાવ્રત પાળતો હોય પણ તે પુણ્યના વિકલ્પથી આત્માને લાભ માનતો હોય તો તે આત્માના સ્વભાવ ઉપરનો ક્રોધ છે. વિકારની રુચિ અને આત્માના સ્વભાવની અરુચિ તે જ અનંત ક્રોધ છે. આત્માના જ્ઞાનસ્વભાવને અને વિકારને જુદા ઓળખીને આત્માની રુચિ કરે ને વિકારની રુચિ છોડે તો તે ક્રોધ ટળે.

## (૮) જ્ઞાન અને ક્રોધનું ભેદજ્ઞાન

અહીં આચાર્યદેવ આત્મા અને વિકારનું જુદાપણું સમજાવે છે. જ્યાં જ્ઞાનસ્વભાવની રુચિપણે પરિણમન થયું ત્યાં ક્રોધાદિની રુચિપણે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરિણમન હોતું નથી એટલે જ્ઞાનનું થવું તે ક્રોધાદિનું પણ થવું નથી. તથા ક્રોધાદિ વિકારની રુચિપણે પરિણમન થયું ત્યારે તે ક્રોધાદિથી ભિન્ન જ્ઞાન અજ્ઞાનીને ભાસતું નથી, માટે ક્રોધાદિનું થવું તે જ્ઞાનનું પણ થવું નથી. એ રીતે જ્ઞાન અને ક્રોધ ભિન્નભિન્ન છે. જ્ઞાન તે આત્મા છે, ક્રોધાદિ તે આત્મા નથી.

જો જ્ઞાનસ્વભાવ અને ક્રોધાદિ વિકારી ભાવો જુદા જુદા ન હોય તો આત્માનું જ્ઞાન વધતાં ક્રોધાદિ પણ વધવા જોઈએ, તથા ક્રોધાદિ વધતાં જ્ઞાન પણ વધવું જોઈએ. પરંતુ એમ તો બનતું નથી. સ્વસન્મુખ જ્ઞાન વધતાં ક્રોધાદિ ભાવો ઘટતા જાય છે, ને ક્રોધાદિ ભાવો વધતાં જ્ઞાન ઘટે છે—માટે જ્ઞાન અને ક્રોધ અત્યંત જુદા છે. જ્ઞાન છે તે ક્રોધ નથી, ક્રોધ છે તે જ્ઞાન નથી.

## (૯) ધર્માત્માનું કર્તાકર્મપણું, અને ભેદજ્ઞાનનો પ્રતાપ


હું ત્રિકાળી જ્ઞાતા છું ને વિકાર એક સમય પૂરતો છે તે હું નથી, એમ જેને વિકારબુદ્ધિ ટળીને સ્વભાવબુદ્ધિ થઈ છે તે ધર્મી જીવ જ્ઞાનપણે ઉપજે છે, ત્યાં જ્ઞાનપણે ઉપજતાં તેને 'હું સ્વભાવમાં વધું છું' એમ માલુમ પડે છે, પણ 'હું ક્રોધાદિરૂપ થાઉં છું' એમ તેને માલુમ પડતું નથી; બીજી રીતે લઈએ તો અભેદ સ્વભાવ સન્મુખની દૃષ્ટિથી પરિણમતાં, રાગાદિ વ્યવહાર તે મારું કાર્ય ને હું તેનો કર્તા' એમ જ્ઞાનીને પ્રતિભાસતું નથી. અજ્ઞાનીને 'રાગાદિ વ્યવહારનો હું કર્તા ને તે મારું કર્મ' એમ અજ્ઞાનથી પ્રતિભાસે છે. સાધક ધર્માત્માને, વિકાર હોવા છતાં, 'સ્વભાવ સન્મુખ જે શ્રદ્ધા-જ્ઞાન થયા તેનો હું કર્તા ને તે મારું કર્મ' એમ અભેદ કર્તાકર્મ પ્રતિભાસે છે. પણ ક્રોધાદિ મારું કર્મ ને હું તેનો કર્તા—એમ તેને જ્ઞાન સાથે ક્રોધાદિ એકપણે થતા ભાસતા નથી. આવું જે જ્ઞાન અને વિકારનું અપૂર્વ ભેદજ્ઞાન તે જ પ્રથમ ધર્મ છે. શ્રી તીર્થંકર ભગવાન માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી તેમને એવું ભેદજ્ઞાન હતું; એ ભેદજ્ઞાનના પ્રતાપે જ તેઓ કેવળજ્ઞાન અને મુક્તિ પામ્યા છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## (૨)

# ધર્મીનું કાર્ય શું અને અધર્મીનું કાર્ય શું?

(રાજકોટ શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન
ફાગણ સુદ ૯ ના રોજ જન્મકલ્યાણક પ્રસંગે
પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન : શ્રી સમયસાર ગા. ૭૧)



### (૧૦) જીવ શું કાર્ય કરી શકે? અને શું ન કરી શકે?

આ કર્તાકર્મ અધિકાર છે. આત્મા કર્તા છે, તે શું કામ કરે તો તેને ધર્મ થાય અને શું કામ કરે તો તેને અધર્મ થાય? તે વાત ચાલે છે. કર્તા એટલે થનારો, પરિણમનારો; અને કર્મ એટલે કર્તાનું કાર્ય, પરિણામ. કોઈ આત્મામાં પરનું કાર્ય કરવાની શક્તિ નથી. આત્મા પરનું કાંઈ કરી શકતો નથી, કેમ કે જડ કે ચેતન બધાં તત્ત્વો અનાદિઅનંત સ્વયંસિદ્ધ પોતપોતાની અવસ્થામાં પલટી રહ્યાં છે. જગતમાં દરેકે દરેક રજકણની ક્રિયા સ્વતંત્ર એની મેળે થઈ રહી છે. એક આત્મા શરીરને હલાવી શકે નહિ તેમ જ સ્થિર પણ રાખી શકે નહિ, ભાષા બોલી શકે નહિ, કર્મ બાંધી શકે નહિ, પર જીવને મારી

કે બચાવી શકે નહિ, સુખી-દુઃખી કરી શકે નહિ, તેને મદદ કે નુકસાન કરી શકે નહિ. જીવ પોતાની અવસ્થામાં માત્ર શુભ અશુભ કે શુદ્ધભાવ કરી શકે. જીવ એકબીજાને સુખી દુઃખી કરે, શરીરાદિની ક્રિયા હું કરું એમ અજ્ઞાનીએ અનાદિનું માન્યું છે, પરંતુ તેમ થઈ શકતું નથી. પરને સુખી દુઃખી કરવાની તાકાત કોઈમાં છે જ નહિ. આ જગતમાં દરેક આત્મા તેમ જ દરેક રજકણ સ્વતંત્ર ભિન્ન ભિન્ન છે. કોઈ તત્ત્વો એક બીજા ઉપર પ્રભાવ પાડી શકે નહિ.

## (૧૧) દરેક તત્ત્વની સ્વાધીનતા

એક આત્મા છે તે પોતાના સ્વરૂપના સદ્‌ભાવપણે અને બીજા અનંત આત્મા તેમ જ જડ પદાર્થોના અભાવપણે ટકેલો છે. એ પ્રમાણે દરેક તત્ત્વ બીજા અનંત પદાર્થોના અભાવથી ટકી રહ્યું છે. એક દ્રવ્યના સ્વરૂપની બાહ્ય જ બીજા દ્રવ્યો લોટે છે, કોઈ દ્રવ્યમાં કોઈ દ્રવ્ય પ્રવેશી જતું નથી, એટલે એક પદાર્થમાં બીજા અનંત તત્ત્વો કાંઈ પણ કરે —એમ ત્રણકાળમાં બનતું નથી. વસ્તુના દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ એકરૂપ છે, એટલે તેમાં કાંઈ કરવાનું નથી. અહીં દ્રવ્ય-ગુણની વાત નથી પણ પર્યાયની વાત છે; પર્યાયો નવી નવી થાય છે, તે પર્યાયો દ્રવ્યના આધારે જ થાય છે. નવી નવી પર્યાયો નિમિત્તને લીધે થાય છે—એવો અજ્ઞાનીનો ભ્રમ છે. એક દ્રવ્યની વર્તમાન હાલત બીજા દ્રવ્યની વર્તમાન હાલતમાં કાંઈ કરે તે વાત અજ્ઞાનીએ માનેલી છે, વસ્તુસ્વરૂપ તેમ નથી.

## (૧૨) પ્રતિષ્ઠા મહોત્સવ : સીમંધર ભગવાનની મૂર્તિ : જ્ઞાની-અજ્ઞાની આત્માનું કાર્ય

જુઓ, ભગવાનના પ્રતિષ્ઠા મહોત્સવ વખતે આ ગાથા આવી છે, તે આત્મામાં મંગળ દશાના મહોત્સવ પ્રગટ કરે તેવી છે. જે સમજે તેના આત્મામાં મંગળ દશારૂપી મહોત્સવ પ્રગટે. આજે ભગવાનના જન્મકલ્યાણકનો પ્રસંગ છે. આ સીમંધર ભગવાનની મૂર્તિ ઠેઠ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જયપુરથી અહીં આવી, તે મૂર્તિને જયપુરથી અહીં લાવવાની ક્રિયા કોઈ આત્માએ કરી નથી, પણ તે પદાર્થના સ્વકાળે તેનું ક્ષેત્રાંતર થયું છે. મૂર્તિના દરેક રજકણ તેની સ્વતંત્ર યોગ્યતાના સામર્થ્યથી ક્ષેત્રાંતર થયા છે, આત્મા તેની ક્રિયાને કરતો નથી. આત્મા તો પોતાના જ્ઞાતા વીતરાગી સ્વભાવને ચૂકીને 'આ જડની ક્રિયા હું કરું ને રાગ હું કરું– એમ માનીને પોતાના મિથ્યાત્વભાવને ઉત્પન્ન કરે છે.—આ અજ્ઞાનીનું કાર્ય છે અને ધર્મી–જ્ઞાની જીવ હોય તો તે પરની ક્રિયા હું કરું એમ માનતા નથી તેમજ ક્ષણિક રાગ થાય તેનું કર્તાપણું પણ સ્વભાવદૃષ્ટિમાં સ્વીકારતા નથી, સ્વભાવદૃષ્ટિથી નિર્મળ પર્યાય પ્રગટે છે તેનો જ તે કર્તા છે.—આ જ્ઞાનીનું કાર્ય છે.

આત્મા જડનું કે પરનું કાંઈ કાર્ય કરી શકે તે માન્યતા તો સ્થૂળ અજ્ઞાન છે. એ માન્યતા છૂટી ગયા પછી, અહીં તો તે ઉપરાંતની વાત છે. વિકાર મારું કાર્ય ને હું તેનો કર્તા—એમ જે વિકાર સાથે આત્માનું કર્તાકર્મપણું સ્વીકારે તે પણ અજ્ઞાની છે. આત્મા જ્ઞાયકમૂર્તિ નિર્વિકાર છે, તે વિકારનો કર્તા નથી–એમ સમજાવવા માટે અહીં તે વિકારને આચાર્યદેવે પુદ્ગલના પરિણામ કહી દીધા છે.

## (૧૩) વિકારભાવોને આત્માથી અન્ય કેમ કહ્યાં?

આત્મામાં જે રાગ-દ્વેષાદિ વિકારી ભાવો થાય છે તે કાંઈ અજીવ નથી તેમ જ તે અજીવમાં થતા નથી પણ આત્માની જ અવસ્થામાં થાય છે, છતાં અહીં તેને આત્માથી બીજી વસ્તુ કીધી છે; કેમ કે તે વિકારભાવો જડના લક્ષે થાય છે, ધર્મીની દૃષ્ટિ આત્માના સ્વભાવ ઉપર છે અને તે સ્વભાવમાંથી વિકારભાવ આવતા નથી, માટે તેને જડ પુદ્ગલપરિણામ કહીને આત્માથી અન્ય વસ્તુ કહેવામાં આવી છે. પણ તે પરિણામ કાંઈ પુદ્ગલમાં થતા નથી તેમ જ તેમને કર્મ પણ કરાવતું નથી. આત્માની પર્યાયમાં તે થાય છે પણ અહીં તે પર્યાયબુદ્ધિ છોડાવવા માટે તેને આત્માથી અન્ય કહ્યા છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જેમ ફૂલઝરણીમાંથી તો તણખા ઝરે, કાંઈ કોયલાના કટકા ન ઝરે, તેમ ચૈતન્યપિંડ આત્મામાંથી તો જ્ઞાન-દર્શનના અરાગી ભાવ જ પ્રગટે—એવો એનો સ્વભાવ છે; પણ અજ્ઞાનીને તેની રુચિ નથી તેથી બાહ્યની રુચિવડે તે પોતાની અવસ્થામાં વિકાર ભાવ પ્રગટ કરે છે અને તેનો તે કર્તા થાય છે. ધર્મી જીવ સ્વભાવની રુચિમાં વિકારનો કર્તા થતો નથી. સમ્યગ્દર્શનનો વિષય તો પુણ્ય-પાપથી અન્ય વસ્તુ છે; જે પુણ્ય-પાપની લાગણી થાય તે સમ્યગ્દર્શનના વિષયભૂત ચૈતન્યનો સ્વભાવ નથી માટે પરમાર્થે તે વિકારી લાગણીઓ આત્માથી અન્ય છે.

## (૧૪) શ્રી આચાર્યદેવ અજ્ઞાનીને ધર્મક્રિયા સમજાવે છે

આવા આત્માના સ્વભાવનું ભાન થતાં, વિકાર સાથે પણ કર્તાકર્મપણું છૂટીને આત્મા નિર્મળ વીતરાગી અવસ્થાનો કર્તા થાય તેનું નામ ધર્મક્રિયા છે. આ સિવાય ભગવાનના પંચકલ્યાણક કરાવીને તેનાથી આત્માનું કલ્યાણ માની લ્યે તેને આત્માનું ભાન નથી. બહારની ક્રિયાઓ તો જડથી થાય છે, અને શુભરાગ થાય તે વિકાર છે, તે વિકારનો હું કર્તા ને તે મારું કાર્ય એમ માને તે પણ અધર્મી છે. પર તરફનો—ભગવાન તરફનો શુભરાગ તે પણ વિકાર છે; જે જીવને તે રાગની રુચિ અને ઉત્સાહ છે પણ શુદ્ધાત્માની રુચિનો અભાવ છે, તો તેને આચાર્ય ભગવાન સમજાવે છે કે પુણ્ય-પાપ તે આત્માના સ્વભાવથી અન્ય વસ્તુ છે, કેમકે જો અન્ય ન હોય તો તે ટળીને કદી રાગરહિત સિદ્ધદશા થાય નહીં. સિદ્ધદશામાં પુણ્યપાપના ભાવ હોતા નથી, માટે તે આત્માનું ખરું કર્તવ્ય નથી.

## (૧૫) 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ'

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન પાસે અનંતવાર ગયો અને તેમના આવા ઉપદેશનું શ્રવણ કર્યું, પરંતુ ભડના દીકરાએ પોતાની ઊંધી માન્યતા મૂકી નહીં, અંદરમાંથી પુણ્યની રુચિ અને તેની કર્તૃત્વબુદ્ધિ ગઈ નહીં ને આત્માના સ્વભાવની રુચિ થઈ નહીં. તેથી પોતાની ઊંધી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

દૃષ્ટિએ વિકારની ઉત્પત્તિ થઈ, ને સંસારમાં રખડ્યો. 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' સૃષ્ટિ એટલે ઉત્પત્તિ; જેવી દૃષ્ટિ હોય તેવી પર્યાયની ઉત્પત્તિ થાય. જો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ હોય તો પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધતાની ઉત્પત્તિ થાય, અને જો વિકાર ઉપર દૃષ્ટિ હોય તો પર્યાયમાં મિથ્યાત્વાદિ વિકારની ઉત્પત્તિ થાય.

## (૧૬) વિકારબુદ્ધિ છોડાવવા....અને સ્વભાવબુદ્ધિ કરાવવા....

વિકારરહિત અખંડ ચૈતન્ય સ્વભાવનું જેને ભાન નથી અને વિકારનો હું કર્તા—વિકાર તે જ હું—એવી વિકારની બુદ્ધિ છે તેને તે વિકારબુદ્ધિ છોડાવવા અને સ્વભાવદૃષ્ટિ કરાવવા કહે છે કે હે ભાઈ! તું ક્ષણિક વિકારના કર્તા-કર્મની બુદ્ધિ છોડ. તારો સ્વભાવ ક્ષણિક વિકાર જેટલો નથી. પહેલાં પોતાના યથાર્થ વસ્તુ સ્વભાવને ખ્યાલમાં લેવો જોઈએ, તેની રુચિ અને વિશ્વાસ કરવો જોઈએ. યથાર્થ વસ્તુના ભાન વિના જ્ઞાનને કયે ઠેકાણે થંભાવશે? અને કોનું શરણું લઈને ધર્મ કરશે?

## (૧૭) સ્વભાવની મુખ્યતા—એ જ ધર્મીનું ધર્મકર્તવ્ય

નીચલી દશામાં ધર્મીને પણ પુણ્ય-પાપના ભાવોની ઉત્પત્તિ થાય, પરંતુ તેને તેની મુખ્યતા ભાસતી નથી. સ્વભાવની મુખ્યતાની દૃષ્ટિમાં વિકારનો અભાવ જ ભાસે છે. સ્વભાવના વલણની મુખ્યતા ખસે તો સાધક દશા રહેતી નથી. જો એક સમય પણ સ્વભાવના વલણની મુખ્યતા ખસીને વિકારની મુખ્યતા થાય તો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. શુભરાગની ઉત્પત્તિ વખતે જો પુણ્યની જ મુખ્યતા ભાસે અને સ્વભાવની મુખ્યતા ન ભાસે તો તેને સ્વભાવથી અન્ય વસ્તુની એટલે કે જડકર્મની ઉત્પત્તિ થાય છે. ધર્મી જીવને તે રાગની અલ્પતાને ગૌણ કરીને શુદ્ધ ત્રિકાળી સ્વભાવની મુખ્યતા છે, તે સમ્યગ્દર્શન છે, અને સ્વભાવની મુખ્યતામાં તેને ક્ષણેક્ષણે નિર્મળ

દશાની ઉત્પત્તિ થયા કરે છે, તે ધર્મીનું ધર્મકર્તવ્ય છે. છ ખંડનું રાજ્ય અને છન્નું હજાર સ્ત્રીઓના વૃંદમાં પડેલા સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને અંતરમાં એક ક્ષણ પણ સ્વભાવની મુખ્યતા ખસતી નથી ને વિકારની મુખ્યતા થતી નથી. વર્તમાન કોઈ પર્યાયમાંથી 'હું શુદ્ધ સ્વભાવ છું' એવું વલણ એક ક્ષણ પણ ખસતું નથી, એટલે સમયે સમયે તેમને નિર્મળપર્યાયની ઉત્પત્તિરૂપ ધર્મ થાય છે. આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો તફાવત દેખવાથી જ એટલે કે ભેદવિજ્ઞાનથી જ ધર્મ થાય છે.

## (૧૮) સત્યસ્વભાવની 'હા' અને 'ના,' તથા તેનું ફળ

હું ક્ષણિક રાગ જેટલો નથી પણ રાગરહિત જ્ઞાતાસ્વરૂપ છું—એવા વલણમાં સ્વસન્મુખ દૃષ્ટિ થતાં વિકારની મુખ્યતા ન ભાસે તે સમ્યગ્દર્શન છે. પહેલાં પાત્ર થઈને અંતરના હકારપૂર્વક આ વાતનું વારંવાર શ્રવણ કરવું જોઈએ. હે જીવ! સત્સમાગમે સત્યનું શ્રવણ કરીને એક વાર યથાર્થ રુચિથી હા પાડ. સત્યસ્વભાવની 'હા' પાડતાં પાડતાં, તેની 'લત' લાગતાં હા માંથી 'હાલત' થઈ જશે. જેવો પોતાનો સ્વભાવ છે તેની રુચિ કરીને હા પાડતાં તેવી હાલત પ્રગટ થઈ જશે, સત્યસ્વભાવની હા પાડ તો સિદ્ધદશા થશે અને સત્યસ્વભાવની ના પાડીને તેનો અનાદર કરતાં નરક-નિગોદ દશા થશે. સત્ય વસ્તુ સ્વભાવને લક્ષમાં લઈને તેની રુચિથી હા પાડવામાં પણ અપૂર્વ પાત્રતા છે.

## (૧૯) અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિઓ ક્યારે ટળે ?

ક્રોધાદિ અશુભભાવ કે દયાદિ શુભભાવ તે બંને આસ્રવ છે. જીવના સ્વભાવથી ભિન્ન છે. હું શરીરાદિ પરનો કર્તા એ બુદ્ધિ તો બહુ સ્થૂળ અજ્ઞાન છે. પરંતુ હું ક્રોધાદિ વિકારનો કર્તા અને તે ક્રોધાદિ મારું કર્મ—એવી કર્તાકર્મપણાની બુદ્ધિ પણ અજ્ઞાનથી ઉત્પન્ન થાય

છે, અજ્ઞાનીને એવી કર્તાકર્મની પ્રવૃત્તિ અનાદિથી ચાલી આવે છે, તે જ અધર્મ અને સંસારનું મૂળ છે. તે કર્તાકર્મની પ્રવૃત્તિ ક્યારે ટળે તે વાત અહીં આચાર્યદેવે સમજાવી છે. ક્રોધાદિક ભાવોને અને આત્માને નિશ્ચયથી એક વસ્તુપણું નથી, બંનેનો સ્વભાવ ભિન્નભિન્ન છે. એ પ્રમાણે જીવ જ્યારે આસ્રવો અને આત્માનું ભેદજ્ઞાન કરે છે ત્યારે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે.

## (૨૦) અસ્તિ નાસ્તિ ધર્મ

ક્રોધાદિ ભાવો આત્માથી ભિન્ન વસ્તુ છે; એમ અહીં ક્રોધાદિ ભાવોને પણ 'વસ્તુ' કેમ કીધી? કેમકે તે ક્રોધાદિ અવસ્થામાં વીતરાગી અવસ્થાની નાસ્તિ છે, તે એક અવસ્થામાં બીજી અનંત અવસ્થાની નાસ્તિ છે, ને તે અવસ્થાની પોતાપણે અસ્તિ છે, એવો તેનો અસ્તિ નાસ્તિ સ્વભાવ છે, તેથી તે પણ વસ્તુ છે. તે ત્રિકાળી દ્રવ્યરૂપ વસ્તુ નથી પણ ક્ષણિક પર્યાયરૂપ વસ્તુ છે. વિકાર વિકારપણે છે ને સ્વભાવપણે નથી, પૂર્વની કે પછીની અવસ્થાપણે નથી, જડ કર્મપણે નથી; એટલે પોતાના સ્વરૂપે તે વિકારની અસ્તિ અને બીજા અનંત પદાર્થોપણે નાસ્તિ—એવા અનંત ધર્મ તેનામાં સિદ્ધ થયા. એક દ્રવ્યના અનંત ગુણો, અને તે એકેક ગુણોની અનંત પર્યાયો, તે એકેક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદો, અને એકેક અવિભાગ પ્રતિચ્છેદ અંશમાં બીજા અનંત અવિભાગ અંશની નાસ્તિ છે એટલે એકેક અવિભાગ પ્રતિચ્છેદ અંશમાં અનંત ધર્મ છે.

## (૨૧) વિકારને પણ ગ્રહવા—છોડવાનું આત્મસ્વભાવમાં નથી

અહીં આત્માનો અને ક્રોધાદિક આસ્રવોનો ભિન્નભિન્ન સ્વભાવ બતાવીને આસ્રવોને આત્માથી ભિન્ન વસ્તુ સિદ્ધ કરી છે. એટલે આ પ્રમાણે જાણીને આત્માના સ્વભાવ તરફ વળતાં આસ્રવોનો નિષેધ થઈ જાય છે. આત્માના સ્વભાવ તરફ વળતાં વિકારનો નાશ કરવો પડતો નથી પણ થઈ જાય છે. સ્વભાવદૃષ્ટિમાં આત્મા વિકારનો કર્તા નથી,

તેમ તેનો છોડનાર પણ નથી. આત્મા પરનું તો ગ્રહણ કે ત્યાગ કરતો નથી પણ ખરેખર વિકારનું પણ ગ્રહણ કે ત્યાગ આત્માના સ્વભાવમાં નથી. દરેક આત્મામાં 'ત્યાગોપાદાનશૂન્યત્વ' નામની શક્તિ ત્રિકાળ છે, એટલે આત્મા સ્વભાવથી વિકારનું ગ્રહણ કે ત્યાગ કરતો નથી. હું વિકારનો કરનાર છું—એવી જેની બુદ્ધિ છે તે તો મિથ્યાદૃષ્ટિ છે જ. પણ હું વિકારને છોડું—એવી જેની બુદ્ધિ છે તે પણ પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે; કેમકે 'હું વિકારને છોડું' એવા લક્ષે વિકાર છૂટતો નથી પણ વિકારની ઉત્પત્તિ થાય છે, છતાં તેને વિકાર ટાળવાનો ઉપાય માને છે તે જીવ પર્યાયબુદ્ધિ છે. વિકારને હું ટાળું—એવા લક્ષે પણ થાય છે તો વિકારની ઉત્પત્તિ અને તે જીવ માને છે એમ કે હું વિકારને ટાળું છું—એટલે તેણે વિકારના લક્ષે લાભ માન્યો, તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. પણ વિકારથી ભિન્ન મારો ચૈતન્યસ્વભાવ છે—એમ જ્ઞાનવડે ભેદ પાડીને આત્મસ્વભાવ તરફ વળતાં વિકારની ઉત્પત્તિ જ થતી નથી. સ્વભાવ તરફ વળતાં આત્મા અને વિકારની ભિન્નતારૂપ પરિણમન સહેજે થતું જાય છે.

## (૨૨) ધર્મી જીવની સ્વ-પરપ્રકાશક શક્તિ

ધર્મી જીવ રાગને જાણે છે પણ 'રાગ તે હું' એમ તે રાગનો કર્તા થતો નથી. રાગની સન્મુખ થઈને રાગને જાણતો નથી, પણ સ્વભાવની સન્મુખ રહીને રાગને જાણી લે છે. સ્વભાવ તરફ વળતાં સ્વને તેમજ વિકારને—પરને જાણે એવી સ્વ-પરપ્રકાશક જ્ઞાતાશક્તિ પ્રગટ થાય છે, તેથી તેમાં પરનું જ્ઞાન થઈ જાય છે, પણ પર સન્મુખ વળીને પરને જાણવા જતો નથી.

જુઓ, આમાં ઘણા ન્યાયો આવી જાય છે. સ્વસન્મુખ થતાં જે સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું તે જ્ઞાન સ્વને જાણતાં, પર નિમિત્ત કેવા હતાં—સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવાં હોય તેને પણ યથાર્થપણે જાણી લે છે.

શ્રી પદ્મનંદી આચાર્ય કહે છે કે—

तत्प्रति प्रीतिचित्तेन येन वार्ताऽपि हि श्रुताः।
निश्चितं स भवेद्भव्यो भावि निर्वाण भाजनम्॥

જે જીવે પ્રસન્ન ચિત્તથી આત્મસ્વભાવની વાત પણ સાંભળી છે તે જીવ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. અહીં श्रुताः એટલે કે સાંભળી છે—એમ કહેવામાં સૂક્ષ્મ ન્યાય છે. સાંભળવાનું કહેતાં, સંભળાવનાર નિમિત્ત કેવા હોય તેનું જ્ઞાન પણ આવી જાય છે. પોતે જાગીને ભાન કરે ત્યાં સામે કયું નિમિત્ત હતું, કેવા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપે હોઈ શકે તેનું પણ યથાર્થ ભાન થયા વગર રહેતું નથી; એવો સ્વપરપ્રકાશક જ્ઞાન સ્વભાવ છે.

## (૨૩) નમાલી માન્યતા છોડીને સિદ્ધપણાની હા પાડ!

જુઓ ભાઈ, આ વાત સૂક્ષ્મ છે; પણ આ વાત સમજવાની દરેક જીવમાં તાકાત ભરી છે. એકેક આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. તેનો વિશ્વાસ લાવીને હોંશપૂર્વક શ્રવણ અને મંથન કરવું જોઈએ. 'મને નહિ સમજાય' એવી નમાલી માન્યતા છોડી દેવી જોઈએ. ભગવાન આચાર્યદેવે સમયસારની પહેલી ગાથામાં જ આત્મામાં સિદ્ધપણું સ્થાપ્યું છે કે હું સિદ્ધ છું અને તું સાંભળનાર પણ સિદ્ધ છે. અમે તારા જ્ઞાનમાં તારા આત્માનું સિદ્ધપણું સ્થાપીએ છીએ. માટે તું પણ તારા જ્ઞાનમાં એ વાત બેસાડીને પહેલે ધડાકે સિદ્ધપણાની હા પાડ. પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. પહેલેથી આત્માને સિદ્ધ જેવો સ્થાપીને જ વાત ઉપાડી છે. આવા વાસ્તવિક વસ્તુસ્વભાવના ભાન વિના ધર્મની શરૂઆત થાય નહીં.

# (૩)
# ભગવાનની દીક્ષા અને મુનિદશા

(વીર સં. ૨૪૭૬ માં રાજકોટ શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ થયો, તેમાં ફાગણ સુદ ૧૦ ના રોજ દીક્ષાકલ્યાણક પ્રસંગે દીક્ષાવનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ખાસ પ્રવચન.)



## (૨૪) ભગવાનને સમ્યક્ આત્મભાન અને તીર્થંકર નામકર્મ

આજે ભગવાનના દીક્ષાકલ્યાણકનો મહોત્સવ છે. હું આત્મા અનંત જ્ઞાન-આનંદનો પિંડ શુદ્ધસ્વરૂપી છું, પુણ્ય-પાપના ભાવો વિકાર છે તે મારું સ્વરૂપ નથી, અને શરીરના જડ રજકણોથી હું ત્રિકાળ ભિન્ન છું. —આવું સમ્યક્ આત્મભાન તો ભગવાનને પૂર્વ ભવોમાં થયું હતું. આત્માનું ભાન થયા પછી જ તીર્થંકર નામકર્મ બંધાય છે. તીર્થંકર ભગવાનનો આત્મા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન લઈને જ માતાના ઉદરમાં આવે છે. ભગવાનને એવું ભાન હતું કે હું ચિદાનંદસ્વરૂપ જ્ઞાતા છું, પુણ્ય-પાપ આસ્રવો અશરણ છે, તે મને શરણભૂત નથી; મારો અનંત શુદ્ધસ્વભાવ જ મને શરણરૂપ છે. પૂર્વ ભવમાં આવું ભાન થયા પછી કંઈક શુભરાગ થયો કે 'હું પૂર્ણ થાઉં,

જગતના જીવો ધર્મ પામે.'—એવા શુભરાગથી તીર્થંકર નામકર્મ બંધાયું. તીર્થંકર નામકર્મ બંધાયું તે આત્માના ધર્મનું ફળ નથી પણ રાગનું ફળ છે. રાગ તે વિકાર છે. આત્મસ્વભાવમાં વીતરાગપણે ઠરાતું નથી ત્યારે રાગ થાય છે. એવા રાગના ફળમાં તીર્થંકર નામકર્મ બંધાય છે. ભગવાનનો આત્મા તો સમ્યગ્દષ્ટિ હતો. તીર્થંકર નામકર્મની પ્રકૃતિ તો જડ છે અને તે તીર્થંકર નામકર્મના કારણરૂપ જે શુભપરિણામ થયા તેને પણ સમ્યગ્દષ્ટિ આદરતા નથી. અંતર્ સ્વભાવની દષ્ટિથી સ્વરૂપના સહજ આનંદની લહેરમાં વર્તતાં, વચ્ચે રાગના કારણે તીર્થંકરનામકર્મ બંધાઈ જાય છે તેનો ધર્મીને આદર નથી, તેના ઉપર ધર્મીની દૃષ્ટિ નથી.

પંચકલ્યાણકવાળા તીર્થંકરો જે ભવે તીર્થંકરનામકર્મ બાંધે તે જ ભવે મુક્તિ પામતા નથી પણ ત્રીજે ભવે મુક્તિ પામે છે. જે ત્રણ કલ્યાણકવાળા તીર્થંકરો મહાવિદેહ ક્ષેત્રમાં થાય છે તેઓ જે ભવે તીર્થંકરનામકર્મ બાંધે તે જ ભવે મુક્તિ પામે છે. ભગવાને ત્રીજા ભવે તીર્થંકરનામકર્મ બાંધ્યું, અને માતાના પેટમાં આવ્યા ત્યારથી સમ્યગ્દર્શન તેમ જ મતિ-શ્રુત-અવધિ ત્રણ જ્ઞાનસહિત હતા. રાગરહિત આત્મસ્વભાવનું ભાન હતું પણ પર્યાયની નબળાઈથી રાગ રહ્યો તેથી અવતાર થયો.

## (૨૫) ભગવાનની દીક્ષાભાવના અને મુનિદશાનું સ્વરૂપ

અહીં ચંદ્રપ્રભ ભગવાનના પંચકલ્યાણક થાય છે. ભગવાન ત્રણ જ્ઞાનસહિત કેટલોક કાળ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, પછી ભાવના ભાવતા હતા કે—

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો...
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો...

ભગવાનને અંતરમાં અપૂર્વ આત્મભાન વર્તે છે, ત્રણ જ્ઞાનના ધણી છે, તે અંતરમાં પરમ નિર્ગ્રંથ વીતરાગીદશાને ધારણ કરવાની ભાવના કરે છે. અહો, મારા સ્વરૂપનું ધ્યાન કરીને કેવળજ્ઞાન પ્રગટ કરું—એવી ભાવના ભગવાન ભાવતા હતા. અંતરમાં આત્માનું ભાન થયા પછી રાગ-દ્વેષ અને પરિગ્રહ હોય ત્યાંસુધી શ્રાવકદશા હોય પણ મુનિદશા ન હોય. મુનિદશા તો અંતરમાં વિશેષ લીનતાદ્વારા રાગ-દ્વેષ ટાળીને બાહ્ય-અભ્યંતર પરિગ્રહરહિત છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતી દશા પ્રગટે—એવી અનાદિ સંતોની દશા છે. અહો, તે દશા ક્યારે આવે? એવી ભગવાનની ભાવના હતી. અંતરમાં સ્વરૂપલીનતા આનંદમાં રાગાદિનો અભાવ તેમ જ બાહ્યમાં વસ્ત્રના એક તાણાનો પણ અભાવ—એવી વીતરાગી મુનિદશા હોય છે. વસ્ત્રનો એક તાણો પણ ગ્રહણ કરવાનું લક્ષ જાય તો તે મુનિદશાને બાધક છે. તેથી એ દશાનું વર્ણન કરતાં કહે છે કે—

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,<br>
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.<br>
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,<br>
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો....

ચારિત્રદશામાં એવો ઉદાસીન ભાવ પ્રગટ્યો હોય છે કે માત્ર દેહ સિવાય કોઈ પરિગ્રહ ઉપર લક્ષ જતું નથી. અને દેહ પણ સંયમ હેતુએ તથા મૂર્છારહિતપણે જ હોવાથી તે પરિગ્રહ નથી. ઇંદ્રોએ જેનો જન્મોત્સવ કર્યો એવા ભગવાનને પણ અંતરમાં આવી ચારિત્રદશા પ્રગટ્યા વિના કેવળજ્ઞાન ન થાય, એવો સ્વભાવ છે. અંતરમાં, જેવો રાગરહિત સ્વભાવ છે તેવી રાગ-દ્વેષરહિત દશા આત્માની થઈ હોય અને બાહ્યમાં, જેવા માતાએ જન્મ્યા તેવી શરીરની દશા સ્વયં થઈ ગઈ હોય—એવો જ મુનિદશામાં નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. અંતરમાં વીતરાગ ભાવ પ્રગટ થયો હોય છતાં બાહ્યમાં વસ્ત્રાદિનો સંબંધ બુદ્ધિપૂર્વક રહે—એમ ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. ભગવાન એવી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પવિત્ર દશાની ભાવના ભાવતા હતા, અને આજ (–દીક્ષા કલ્યાણકમાં) એવી દશા અંગીકાર કરી.

પંચમહાવ્રત અંગીકાર કરું–એવો શુભવિકલ્પ ભગવાનને થયો, પરંતુ તે પંચમહાવ્રતના શુભરાગ પ્રત્યે પણ ભગવાનને ઉદાસીનતા વર્તે છે. અહો, આત્મઅનુભવમાં લીનતારૂપ સંયમદશા પ્રગટતાં શરીર સિવાય બીજો પરિગ્રહ હોતો નથી, શરીર પણ મૂર્છા વગર હોય છે,— એવી દશા પ્રગટ કરીને કેવળજ્ઞાન ક્યારે પ્રગટ કરું! આવી ભગવાનની ભાવના હતી.

ભગવાનને મુનિ થયા પહેલાં જાતિસ્મરણજ્ઞાન થયું હતું અને વૈરાગ્યભાવના ભાવતા હતા કે અમારા જ્ઞાયકમૂર્તિ આત્માને દૃષ્ટિમાં– પ્રતીતમાં તો લીધો છે, હવે એ ચિદાનંદ સ્વભાવની ભાવના કરતાં તેની લીનતામાં ક્યારે વિચરશું! આવી અંતરભાવના પ્રગટ્યા વિના મુક્તિ કે મુનિદશા થતી નથી. સંસારમાં ગૃહસ્થપણે રહ્યા રહ્યા કોઈને કેવળજ્ઞાન થઈ જાય કે મુનિદશા પ્રગટે એમ ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી. ગૃહસ્થપણામાં વધુમાં વધુ પાંચમા ગુણસ્થાન સુધીની શ્રાવકદશા હોઈ શકે છે, ત્યાર પછી અંતર્સ્વરૂપમાં વિશેષ લીનતા થતાં છઠ્ઠું-સાતમું ગુણસ્થાન પ્રગટે ત્યારે ઘણા રાગ-દ્વેષ છૂટી જાય છે અને બાહ્ય સંયોગો પણ સ્વયં છૂટી જાય છે; આત્મા તેને છોડતો નથી, પરંતુ તે ન છૂટે એમ પણ કદી બનતું નથી. —આવો સહજ માર્ગ છે, આવી સહજ મુનિદશા મોક્ષમાર્ગમાં હોય છે, આ સિવાય બીજી રીતે મુનિદશા હોતી નથી. કોઈ બીજી રીતે માને કે મનાવે તો તે મિથ્યાદૃષ્ટિ છે. અંતરમાં આત્માની દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક વીતરાગભાવ પ્રગટ્યા વિના એકલી બાહ્ય નિર્ગ્રંથતામાં કે પંચમહાવ્રતમાં મુનિદશા નથી. તેમ જ અંદરમાં ભાવનિર્ગ્રંથતા પ્રગટે–એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વકનો વીતરાગભાવ પ્રગટે અને બાહ્યમાં વસ્ત્રાદિ રહિત નિર્ગ્રંથતા ન થાય–એમ કદી બને નહીં. આ સંબંધમાં બદામનું દૃષ્ટાંત આવે છે : જેમ બદામનું ઉપલું છીલકું નીકળી જાય પણ અંદરનું

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ફોતરું ન નીકળ્યું હોય એમ બને, પરંતુ બદામનું અંદરનું ફોતરું નીકળી જાય ત્યાં ઉપલું છીલકું ન નીકળ્યું હોય—એમ કદી બને નહિ. બાહ્ય વસ્ત્રાદિ પરિગ્રહ તે છીલકા સમાન છે, અને અંદરના રાગ-દ્વેષ તે ફોતરાં સમાન છે.

## (૨૬) ભગવાને ભાવેલી સાચી અનિત્ય ભાવના

ભગવાનને ઘણા વર્ષ સુધી કર્મના જોરને લીધે ગૃહસ્થપણે રહેવું પડ્યું—એમ નથી. પણ પોતાની તે પર્યાયની યોગ્યતાથી ભગવાન ગૃહસ્થપણામાં રહ્યા હતા. પછી ભગવાનને વૈરાગ્ય થતાં અનિત્ય, અશરણ વગેરે બાર ભાવના ભાવતા હતા. ખરેખર અનિત્યભાવના કોને કહેવી? શરીર અનિત્ય છે, રાગ અનિત્ય છે—એવી ભાવના તે તો ક્ષણિક શુભરાગ છે, તે ખરેખર અનિત્ય ભાવના નથી. અનિત્યતાના આશ્રયે ખરી અનિત્યભાવના ન હોય, પણ શરીર અને રાગ અનિત્ય છે, હું તેનાથી ભિન્ન નિત્ય જ્ઞાનાનંદમય છું,—એમ નિત્યાનંદ આત્મસ્વભાવ તરફની દશાપૂર્વક શરીરાદિને અનિત્ય જાણે તેનું નામ અનિત્યભાવના છે. એટલે અનિત્ય વગેરે ભાવનાઓમાં આશ્રય તો નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવનો જ છે. જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોતિ દીવો નિત્ય બળે છે તેની ભાવના વગર 'શરીર અનિત્ય છે' એવી પરલક્ષી ભાવના કરીને, દિગંબર દ્રવ્યલિંગી મુનિ થઈને નવમી ગ્રૈવેયક સુધી જીવ ગયો પરંતુ તેની ભાવનાને સાચી અનિત્યભાવના કહેતા નથી. અંતરમાં આત્માના અનુભવ વગર સાચો ત્યાગ કે સાચી ભાવના હોય નહીં. ભગવાને તો નિત્ય અને શરણભૂત ચૈતન્યસ્વભાવ તરફના વલણપૂર્વક અનિત્ય, અશરણ વગેરે ભાવનાઓ ભાવી હતી. જેટલા તીર્થંકરો થાય તે બધાય વૈરાગ્ય વખતે એવી ભાવના ભાવે છે. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન તીર્થંકરપણે બિરાજે છે તેમણે પણ દીક્ષા વખતે એવી ભાવના ભાવી હતી. અને આ ચંદ્રપ્રભ ભગવાને પણ એ જ ભાવના ભાવી હતી. એક પણ વિકલ્પનો હું કર્તા નથી, ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છું—એમ ધ્રુવ નિત્ય સ્વભાવની દૃષ્ટિ થઈ છે,

પછી પુણ્ય-પાપ તે અનિત્ય છે એવી અનિત્યભાવના હોય છે. ધર્માત્માને પંચમહાવ્રત અંગીકાર કરવાનો ને વસ્ત્રાદિ પરનો ત્યાગ કરવાનો વિકલ્પ ઊઠે, પણ અંતરમાં તે વિકલ્પનું કે પરનું સ્વામિત્વ હોતું નથી.

## (૨૭) મુનિને વસ્ત્રગ્રહણની બુદ્ધિ હોતી નથી

મુનિદશા થતાં સહેજે નિર્ગ્રંથ દિગંબર દશા થઈ જાય છે. મુનિની દશા ત્રણે કાળે નગ્ન દિગંબર હોય છે. આ કોઈ પક્ષ કે વાડો નથી પણ અનાદિ સત્ય વસ્તુસ્થિતિ છે. કોઈ કહે કે 'વસ્ત્ર હોય તો શું વાંધો છે ? કેમ કે વસ્ત્ર તો પરવસ્તુ છે, તે ક્યાં આત્માને નડે છે ?' તેનું સમાધાન :—વસ્ત્ર તો પરવસ્તુ છે અને તે કંઈ આત્માને નડતાં નથી એ વાત તો ખરી છે, વસ્ત્રો નડતાં નથી પરંતુ વસ્ત્રના ગ્રહણની બુદ્ધિ જ મુનિદશાને રોકનાર છે. મુનિઓને અંતરની રમણતા કરતાં કરતાં એટલી ઉદાસીન દશા સહેજે થઈ ગઈ હોય છે કે વસ્ત્રના ગ્રહણનો વિકલ્પ જ ઊઠતો નથી.

## (૨૮) ચારિત્ર દશામાં દુઃખ નથી પણ આનંદ છે

હું—નિત્ય જ્ઞાનાનંદસ્વભાવ જ મને શરણભૂત છું અને શરીરાદિ અશરણ છે—એ પ્રમાણે અનિત્ય, અશરણ વગેરે બાર ભાવનાનું ચિંતવન કરીને પછી ભગવાન વીતરાગી જિનદીક્ષા ધારણ કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિના મોક્ષમાર્ગ પૂરો થતો નથી. રાગરહિત ચિદાનંદ તત્ત્વનું ભાન તો હતું, છતાં અત્યારસુધી રાગમાં રહ્યા, હવે તો ચિદાનંદની મસ્તીમાં લીન થઈશું—એમ ભગવાન સ્વભાવની ભાવના કરતા હતા અને હવે દીક્ષા લઈને રાગ તોડીને આત્માના આનંદની મસ્તીમાં લીન થયા. ચારિત્ર તો આત્માના આનંદમાં ઝૂલતી દશા છે, એ દશામાં દુઃખ નથી પણ અંતરમાં આત્માની અતીન્દ્રિય શાંતિના શેરડા ઊતરે છે. ભગવાનને ચારિત્ર દશામાં ઘણાં દુઃખ પડ્યા એમ મૂઢ જીવો માને છે. અહો, જે વીતરાગીચારિત્ર દુઃખનો નાશ

કરવાનું કારણ છે તે ચારિત્રને મૂઢ જીવો દુઃખદાયક માને છે. ઘણા ઉપવાસાદિ થયા તેમાં ભગવાનને દુઃખ ન હતું કેમ કે ચારિત્રદશામાં આત્માના સિદ્ધભગવાન જેવા અતીન્દ્રિય આનંદમાં લીન થતાં આહારની વૃત્તિનો નાશ થઈ જાય છે ને આહાર સ્વયં છૂટી જાય છે, એનું નામ ઉપવાસ છે. આત્માના ભાન વગર લાંઘણ કરી નાંખે તે કાંઈ ઉપવાસ ન કહેવાય.

## (૨૯) અહો, ધન્ય એ મુનિપદ!

અહો, મુનિદશા કેવી હોય તેનું પણ લોકોને ભાન નથી. ગણધરદેવ જ્યારે નમસ્કાર બોલે ત્યારે સર્વ મુનિઓના ચરણમાં ગણધરનો પણ નમસ્કાર પહોંચે છે. णमो लोए सव्व साहूणं એ પદદ્વારા સર્વ મુનિવરોના ચરણમાં ગણધરદેવના નમસ્કાર પહોંચે છે, તો એ મુનિદશા કેવી હશે? ત્રણ લોકના નાથ મહાવીર ભગવાનના પ્રધાન, સીમંધર ભગવાનના પ્રધાન, અનંત તીર્થંકરોના ધર્મવજીર—એવા ગણધરો જ્યારે શુભરાગ વખતે નમસ્કાર મંત્ર બોલે છે ત્યારે તેમાં સાધુના ચરણમાં પણ નમસ્કાર આવી જાય છે. અહા, ગણધરદેવ જેને નમસ્કાર કરે તે પદ કેવું? ગણધરોમાં બે ઘડીમાં બાર અંગ રચવાની તાકાત છે, તેવી તાકાત ભલે બીજા મુનિઓમાં ન હોય, છતાં ચારિત્રદશા પ્રગટ કરીને જે આત્મામાં લીન થયા એવા આઠ વર્ષની ઉંમરના, બે ઘડી પહેલાં સાધુ થયેલા મુનિઓને પણ ગણધરના નમસ્કાર આવી જાય છે. આઠ વર્ષનો રાજકુમાર હમણાં જ મુનિ થયો હોય અને ગણધર તો લાખો વર્ષો પહેલાં મુનિ થયા હોય, છતાં કહે છે કે 'નમસ્કાર હો સર્વ સંતમુનિઓના ચરણમાં.' તેમાં આઠ વર્ષના રાજકુમાર સાધુ થયેલા હોય તે પણ આવી જાય છે. ગણધરો કહે છે કે અમારો નમસ્કાર ઝીલવાની જેનામાં તાકાત પ્રગટી હોય એવા સંતોને અમે સાધુ કહીએ છીએ. એવા સંતોનું ચારિત્ર આનંદમય છે, એવા સંતો દુઃખી નથી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## (૩૦) મુનિદશામાં ભગવાન ક્યાં રહ્યા હતા?

બાહ્ય પ્રતિકૂળ સંયોગ હોય તેનું સંતોને દુઃખ નથી. કેમકે ચૈતન્યમૂર્તિ આત્મા અસ્પર્શી છે, તે પરસંયોગને સ્પર્શતો નથી એટલે તેને સંયોગનું દુઃખ નથી. ધર્માત્માને અંતર્સ્વભાવની દૃષ્ટિથી આત્માના પરમ આનંદનો સ્પર્શ થયો છે,—આનંદનો અનુભવ થયો છે, અને પછી વિશેષ લીનતા થતાં વીતરાગી ચારિત્રદશા પ્રગટી, તેમાં પરમ આનંદની લહેર વધી ગઈ છે. ભગવાન વનમાં એકલા રહ્યા માટે તે દુઃખી હતા—એમ નથી, ભગવાન તો અંતરના ચૈતન્ય—વનમાં આત્માના આનંદની લહેર કરતા હતા. ખરેખર ભગવાન વનમાં રહ્યા ન હતા, ભગવાન શરીરમાં પણ રહ્યા ન હતા, ભગવાન રાગમાં પણ રહ્યા ન હતા, પંચમહાવ્રતના વિકલ્પમાં પણ ભગવાન રહ્યા ન હતા, પરંતુ ભગવાન તો પોતાના આત્મસ્વભાવમાં રહીને, આત્માના આનંદમાં ઝૂલતા હતા.

## (૩૧) દીક્ષાકલ્યાણક અને ચારિત્રભાવના


સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને ભગવાને દીક્ષા લીધી અને દીક્ષા બાદ ભગવાન આત્મધ્યાનમાં લીન થયા, કે તરત જ ચોથું મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. એવા દીક્ષાકલ્યાણકનો પ્રસંગ અત્યારે થયો, હવે ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકનો પ્રસંગ થશે. તે વખતે, ભગવાને દિવ્યધ્વનિમાં શું ઉપદેશ કર્યો તે કહેવામાં આવશે.

આજે શ્રી ચંદ્રપ્રભ ભગવાન ચારિત્રભાવના કરીને મુનિ થયા. તેમ બધા જીવોએ સમ્યગ્દર્શનસહિત એવી ચારિત્રદશાની ભાવના કરવા જેવી છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# (૪)
# અરિહંત ભગવાને કરેલો સ્વતંત્રતાનો ઉપદેશ

(વીર સં. ૨૪૭૯માં રાજકોટ શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ થયો, તેમાં ફાગણ સુદ ૧૧ ના રોજ કેવળજ્ઞાન–કલ્યાણક પ્રસંગે ભગવાનના દિવ્યધ્વનિના ઉપદેશના સારરૂપે પૂ. ગુરુદેવશ્રીનું ખાસ પ્રવચન.)



## (૩૨) દિવ્યધ્વનિ

ચૈતન્યમૂર્તિ શુદ્ધ પરિપૂર્ણ આત્મતત્ત્વનું ભાન કરીને પછી તેમાં લીન થતાં સર્વજ્ઞ પરમાત્મદશા પ્રગટે છે. ભગવાન સર્વજ્ઞદેવ પોતાના જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં પ્રત્યક્ષ સ્પષ્ટ ભિન્નભિન્ન જાણે છે. જેવું વસ્તુસ્વરૂપ જ્ઞાનમાં જણાયું તેવું જ દિવ્યધ્વનિદ્વારા કહેવાયું. હું ઉપદેશ કરું–એવી ઈચ્છા ભગવાનને હોતી નથી, ઈચ્છા વગર જ સહજપણે દિવ્યધ્વનિ સર્વાંગેથી છૂટે છે. જ્યાંસુધી ઈચ્છા હોય ત્યાંસુધી દિવ્યધ્વનિ હોતો નથી પણ ક્રમ અને ભેદવાળી વાણી હોય છે. ઈચ્છાનો નાશ થઈને સર્વજ્ઞદશા પ્રગટ્યા પછી અભેદવાણી હોય છે. તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થતાં ઈંદ્રો કેવળજ્ઞાન કલ્યાણકનો મહોત્સવ કરે છે, સમવસરણની રચના કરે છે, બાર સભા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ભરાય છે અને ભગવાનની દિવ્યવાણી છૂટે છે; તે દિવ્યવાણીમાં ભગવાને શું ઉપદેશ કર્યો?

## (૩૩) દરેક તત્ત્વની સ્વતંત્રતા

આ વિશ્વ ચેતન અને અચેતન પદાર્થોથી રચાયેલું છે. અનંત આત્માઓ છે, તે ચેતન છે, અને આત્મા સિવાય બીજા પાંચ અચેતન દ્રવ્યો છે. આ જગતમાં ભિન્ન ભિન્ન અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને અસંખ્ય કાળાણુઓ—એમ છ પ્રકારના દ્રવ્યો છે, તે સર્વજ્ઞના જ્ઞાનમાં પ્રત્યક્ષ ભાસ્યા અને વાણીદ્વારા કહેવાયા. એ છએ દ્રવ્યો સ્વતંત્ર છે, કોઈ દ્રવ્ય બીજાનું કાંઈ કરી શકે—એમ ભગવાનના જ્ઞાનમાં કે વાણીમાં આવ્યું ન હતું.

ભગવાને સ્વાશ્રયભાવ પ્રગટ કરીને પોતાના આત્મામાં સર્વજ્ઞતા કરી, પરને માટે ભગવાને કાંઈ કર્યું નથી. ભગવાન કોઈ પરને સહાય કરતા નથી. કેમ કે સામો જીવ એવો પરાધીન નથી કે તેને બીજાની મદદની જરૂર પડે. ભગવાને ભક્તોને ઉગાર્યા, ભક્તોની ભીડમાં સહાય કરી—એવા પ્રકારનાં જેટલા કથન હોય તે બધા આરોપથી વ્યવહારના કથનો છે. કોઈ તત્ત્વમાં કોઈ તત્ત્વને કાંઈ લેવા–દેવાની તાકાત ત્રણકાળમાં નથી. કોઈ કોઈને મદદ કે નુકશાન કરે તે વાત ઉપચારની છે, એટલે કે વસ્તુસ્વરૂપ તેમ નથી. હું પરને મદદ કરું—એમ જેણે માન્યું તેણે પરપદાર્થોને સ્વતંત્ર ન માન્યા પણ પરાધીન માન્યા, તેમ જ પર મને મદદ કરે—એમ જેણે માન્યું તેણે પોતાને સ્વતંત્ર ન માન્યો પણ પરનો ઓશિયાળો પરાધીન માન્યો. આવી સ્વ-પરની પરાધીનતાની માન્યતાથી જીવ સંસારમાં રખડે છે. ભગવાનનો દિવ્યધ્વનિ કહે છે કે દરેક તત્ત્વો સ્વતંત્ર છે, કોઈ તત્ત્વ બીજા તત્ત્વને આધીન નથી.

## (૩૪) ધર્મ અને અધર્મ

દરેક આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત ભરી છે, શક્તિરૂપે બધા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ભગવાન છે. પણ ભગવાન આત્માને અનાદિથી પોતાના સ્વભાવનું અજ્ઞાન છે, એટલે વિકારને પોતાનું સ્વરૂપ માને છે. આત્માની અવસ્થામાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે વિકાર છે, તે ધર્મ નથી. દેહની ક્રિયા તો જડ છે, તેમાં ધર્મ કે અધર્મ નથી. ધર્મ કે અધર્મ તો આત્માની અવસ્થામાં થાય છે. વિકારને પોતાનું સ્વરૂપ માનીને તેનો કર્તા થાય તે અધર્મ છે અને વિકારરહિત જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી નિર્મળ અવસ્થા પ્રગટે તે ધર્મ છે. જીવને પોતાના સ્વભાવના અજ્ઞાનપણાથી જે પુણ્ય-પાપનું કર્તાકર્મપણું છે તેને ભગવાન ધર્મ કહેતા નથી. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ છોડીને, વિકારનો કર્તા થઈને પુણ્ય-પાપની લાગણીઓને પોતાના કર્મપણે કરે તેને ભગવાન અધર્મ કહે છે. વિકારદ્વારા ધર્મ થાય–એ વાત સર્વજ્ઞના જ્ઞાનમાં આવી નથી, વાણીમાં પણ તેમ આવ્યું નથી, અને વસ્તુસ્વરૂપમાં પણ તેમ નથી. અનાદિનું અજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન કેમ થાય? તેની વાત આ સમયસાર ગા. ૭૧ માં છે.

## (૩૫) પાત્ર શિષ્યની ઝંખના

વિકાર તે મારું કાર્ય અને હું તેનો કર્તા—એવી જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તે અજ્ઞાન છે, અને તેનાથી જીવ સંસારમાં રખડે છે, એમ શ્રી આચાર્યદેવે કહ્યું; તે સાંભળીને પાત્ર શિષ્ય ઝંખનાથી પ્રશ્ન પૂછે છે કે—હે નાથ! એ કર્તાકર્મનું અજ્ઞાન કઈ રીતે ટાળવું? પ્રભો! અમારું તે અજ્ઞાન કેમ ટળે? અજ્ઞાન ટાળવાનો ઉપાય શું? પોતામાં અજ્ઞાન ટાળવાની તૈયારી પ્રગટી છે–પાત્રતા થઈ છે, ને સામે નિમિત્ત પણ ઊભું છે–એટલે શિષ્ય ઝંખનાથી પૂછે છે કે પ્રભો, એ અનાદિનું અજ્ઞાન હવે કઈ રીતે મટે? તે બતાવો. આત્મા જ્ઞાતાદૃષ્ટા ચિદાનંદસ્વરૂપ છે, વિકાર તેના સ્વરૂપમાં નથી, છતાં પુણ્ય-પાપના ભાવો થાય તે મારું કર્તવ્ય અને હું તેનો કર્તા–એવો જે અજ્ઞાનીનો પાખંડભાવ અનાદિથી છે તે ક્યારે ટળે? ત્યારે શ્રી આચાર્યદેવ ઉત્તર આપે છે કે—હે ભાઈ! આત્મા અને વિકારીભાવોને ભિન્ન ભિન્ન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ઓળખવાથી વિકારના કર્તાકર્મપણાનું અનાદિનું અજ્ઞાન ટળી જાય છે, એટલે ભેદવિજ્ઞાન તે જ ઉપાય છે. હું શુદ્ધસ્વભાવનો અખંડ પિંડ છું, પુણ્યપાપના ભાવો તે વિકાર છે—બંધન છે—અશુચિ છે, હિંસાદિ પાપ તો વિકાર છે જ અને આત્માના ભાવમાં પૂજા-ભક્તિ-દાન વગેરે પુણ્યપરિણામ થાય તે પણ વિકાર છે, મારો ચૈતન્યસ્વભાવ તે વિકારથી રહિત છે, —આમ વિકારથી ભિન્ન ચૈતન્યસ્વભાવનું ભાન થતાં અજ્ઞાન ટળે છે.

## (૩૬) શ્રી સીમંધરભગવાન અને કુંદકુંદાચાર્યદેવ

અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકરદેવ શ્રી સીમંધરભગવાન કેવળજ્ઞાનપદે બિરાજી રહ્યા છે. સીમંધર પરમાત્માએ સમવસરણમાં દિવ્યધ્વનિવડે જે વસ્તુસ્વરૂપ કહ્યું તેની જાહેરાત શ્રી કુંદકુંદાચાર્યદેવે આ સમયસારમાં કરી છે. કુંદકુંદાચાર્યપ્રભુ મહાવિદેહમાં સર્વજ્ઞ પરમાત્મા શ્રી સીમંધરભગવાન પાસે ગયા હતા, ત્યાં આઠ દિવસ રહ્યા હતા, અને ભગવાનની દિવ્યવાણી સાંભળી હતી. ત્યારપછી આ ભરતક્ષેત્રમાં પાછા આવીને આ સમયસાર વગેરે મહાન શાસ્ત્રો રચ્યાં છે, તેમાં જન્મ-મરણનો રોગ ટાળવાની અપૂર્વ દવા છે, ભાવમરણથી બચવાની અપૂર્વ ઔષધિ આચાર્યભગવાન બતાવી રહ્યા છે.

## (૩૭) આત્માનું સુખ અને દુઃખ

અહો! આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, પોતે સુખસ્વભાવી છે. કોઈ ઇંદ્રિયવિષયોમાં એનું સુખ નથી, સ્વર્ગમાં સુખ નથી, પુણ્યમાં સુખ નથી; આત્માનું સુખ પરમાં નથી, તેમ આત્માનું દુઃખ પણ પરમાં નથી. પરના લક્ષે જે પુણ્ય-પાપના વિકારી ભાવો થાય તે આસ્રવ છે, આકુળતા છે, મલિન ભાવ છે, દુઃખરૂપ છે; અને ભગવાન આત્મા તો આકુળતા રહિત, પવિત્ર અને સુખરૂપ છે. —આ પ્રમાણે આત્માનો અને આસ્રવોનો ભેદ જાણવો તે સમ્યગ્જ્ઞાનનો ઉપાય છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

અંતર્સ્વભાવની દૃષ્ટિથી આવું ભેદજ્ઞાન કરવું તે જ અજ્ઞાન ટાળવાનો ઉપાય છે.

## (૩૮) આત્મા શું કરે?

શરીર-મન-વાણી તે જગતના જડની પર્યાયો છે, પુદ્ગલ દ્રવ્ય કર્તા થઈને તે અવસ્થાઓને કરે છે, આત્મામાં તેને કરવાની તાકાત નથી. ભગવાન સર્વજ્ઞદેવે પુદ્ગલને જડમાં જણાવ્યાં છે. તે દ્રવ્ય જડ છે, તેના ગુણો જડ છે અને તેની અવસ્થાઓ પણ જડ છે. તેના દ્રવ્ય-ગુણ-પર્યાયોથી આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ભિન્ન છે, આત્મા તે જડના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કાંઈ કરતો નથી. આત્મા અજ્ઞાનભાવે પોતાની અવસ્થામાં વિકારભાવને કરીને તેનો કર્તા થાય, અને જ્ઞાનભાવે પોતાની નિર્મળ અવસ્થાને કરે. આત્માની પર્યાયમાં થતો વિકાર પણ આત્માનો સ્વભાવ નથી, તેથી તે વિકારનો કર્તા પણ મિથ્યાદૃષ્ટિ છે, અને જડનું કર્તાપણું માને તે તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે.

## (૩૯) ભગવાન 'જૈન' કોને કહે છે?

એક પણ જડની દશા આત્માના શુભ પરિણામને લીધે પલટતી નથી. ભગવાન પાસે શરીર નમે કે હાથ જોડવાની ક્રિયા થાય તે આત્માના શુભ પરિણામને લીધે થતી નથી. જડની અવસ્થા થવાની તાકાત જડમાં છે. આત્મા તો વીતરાગી સ્વભાવની તાકાતવાળો છે, તેમાં તો પુણ્યભાવને પ્રગટ કરવાનો પણ સ્વભાવ નથી. પુણ્યભાવથી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન સર્વજ્ઞદેવની વાણીમાં આમ આવ્યું કે ચૈતન્યતત્ત્વને ચૂકીને જે પુણ્ય-પાપનો કર્તા થાય તેને અમે જૈન કહેતા નથી. કેમ કે શુદ્ધ આત્માની દૃષ્ટિવડે તેણે પુણ્ય-પાપને જીત્યા નહિ પણ વિકારને પોતાનું સ્વરૂપ માનીને પોતે વિકારથી જીતાઈ ગયો, તેથી તે જૈન નથી. જૈન કુળમાં જન્મ્યો તેથી કાંઈ ખરેખર જૈન કહેવાય નહિ. જેમ કોથળી ઉપર 'સાકર' એવું નામ લખ્યું હોય ને અંદર તો કરિયાતું ભર્યું હોય, તેથી કાંઈ કરિયાતું કડવું

મટી જાય નહિ, તેમ નામથી તો જૈન કહેવાય પણ અંતરમાં આત્માને પુણ્ય-પાપનો કર્તા માને તેને સર્વજ્ઞદેવ જૈન કહેતા નથી; પુણ્ય-પાપરહિત જ્ઞાતાસ્વભાવમાં એકત્વદૃષ્ટિથી જે આત્મા નિર્મળ અવસ્થાનો કર્તા થાય તે જૈન છે. આત્માનો જ્ઞાતાદૃષ્ટા એકરૂપ સ્વભાવ છે, તેના વલણમાં રહેતાં જ્ઞાનસ્વભાવમાં એકતાબુદ્ધિ થાય છે તથા રાગ અને જ્ઞાનની એકતાબુદ્ધિ ટળે છે તે ધર્મ છે. એવો ધર્મી જીવ ખરેખર રાગનો કર્તા થતો નથી પણ પોતાના સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવને જ કરે છે.

## (૪૦) આત્મઘાતકી

આત્મા પોતે પોતાને ભૂલીને હેરાન થાય છે, કોઈ બીજું તેને હેરાન કરતું નથી. પણ પર મને હેરાન કરે, પર મને વિકાર કરાવે—એવું અજ્ઞાન આત્માની અવસ્થામાં અનાદિનું છે. તે અજ્ઞાન પ્રવાહપણે અનાદિ હોવા છતાં, સ્વ-પરના ભેદજ્ઞાનથી તેનો નાશ થઈ જાય છે.

આત્માનો સ્વભાવ તો શુદ્ધ છે, પણ પરનું હું કરું ને વિકારને હું કરું—એવી મિથ્યાબુદ્ધિને લીધે તે પોતાના સ્વભાવ તરફ વળતો નથી પણ આકુળતામાં જ રખડે છે. આત્માના ભાન વિના પુણ્યથી ધર્મ મનાવે, નિમિત્તના આશ્રયથી ધર્મ મનાવે, દેહની ક્રિયામાં ધર્મ મનાવે—તે બધા આત્માના સ્વભાવનું ખૂન કરનારા—આત્મઘાતકી છે, અને તે ઊંધી માન્યતા રાખીને જે કાંઈ કરે તે બધું એકડા વગરના મીંડા સમાન વ્યર્થ છે.

## (૪૧) ધર્મી જીવનું કાર્ય

પર પદાર્થના કામને હું કરું—એમ જે માને તે પોતાની પર્યાયમાં મિથ્યાભાવને ઉત્પન્ન કરે છે, પરંતુ પરના કામનો તો કર્તા થઈ શકતો નથી. આત્મા પોતાની અવસ્થામાં એક સમયનો વિકાર કે અવિકાર ભાવ કરી શકે છે. પરંતુ અહીં તો આચાર્યદેવ કહે છે કે પોતાની અવસ્થામાં એક સમય પૂરતા વિકારનો જે કર્તા થાય તે પણ

મિથ્યાદૃષ્ટિ છે. હું અખંડ જ્ઞાનમૂર્તિ પવિત્ર છું—એવા સ્વભાવસન્મુખ ભાવમાં રોકાતાં, વિકારના કર્તાકર્મની પ્રવૃત્તિરૂપ અજ્ઞાન ટળી જાય છે, અને આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ ભાવનો કર્તા થાય છે. આનું નામ ધર્મ છે. આ સિવાય બીજી રીતે કોઈ ધર્મ મનાવતા હોય કે ધર્મીનું કાંઈ બીજું કાર્ય મનાવતા હોય તો તે તેની કલ્પના છે. ભગવાનના આગમ તે પ્રમાણે કહેતાં નથી.

મારો વર્તમાન વિકાર પરને લઈને થાય, કર્મનો ઉદય મને વિકાર કરાવે—એમ જેણે માન્યું તેણે તો વર્તમાન અંશને પણ સ્વતંત્ર ન માન્યો, એટલે તેને તો વર્તમાન અંશને ત્રિકાળી અખંડ દ્રવ્ય તરફ વાળીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો અવકાશ જ ન રહ્યો. મારી અવસ્થામાં વિકાર થાય તે કોઈ પર કરાવતું નથી પણ હું જ મારા અપરાધથી કરું છું—એમ અંશને તો સ્વતંત્ર માને, પરંતુ એ અંશ જેટલો જ આખા આત્માને માને તો તેને પણ ત્રિકાળી સ્વભાવ તરફ ઢળવાનું રહેતું નથી, એટલે તે પણ મિથ્યાદૃષ્ટિ છે. પોતાના વર્તમાન અંશને સ્વતંત્ર માનીને પછી તે વિકારી અંશના કર્તાકર્મપણાની માન્યતા પણ ઉડાડીને અભેદ સ્વભાવસન્મુખ થવું, તેને ભગવાને ધર્મ કહ્યો છે, ને તે જ ધર્મી જીવનું કાર્ય છે.

## (૪૨) કેવળકલ્યાણક, અને દિવ્યધ્વનિની સ્વતંત્રતા

આજે ભગવાનનો કેવળકલ્યાણક છે. કેવળજ્ઞાન થયા પછી દિવ્યધ્વનિમાં ભગવાને સ્વતંત્રતાનો શું ઉપદેશ કર્યો તેની આ વાત છે. ભગવાન મહાવીરને વૈશાખ સુદ દસમે કેવળજ્ઞાન થયું પણ કોઈ ગણધર ન હોવાથી છાસઠ દિવસ સુધી વાણી અટકી—એમ કથન આવે છે, પણ ખરેખર એમ નથી, વાણી વાણીના કારણે જ અટકી છે, તે વખતે પરમાણુમાં તેવી વાણીરૂપે થવાનો સ્વકાળ જ ન હતો. અને જ્યારે વાણી છૂટી ત્યારે તે તેના સ્વકાળે છૂટી છે. ગૌતમગણધર આવ્યા માટે વાણી છૂટી—એમ નથી. ગણધર આવ્યા તે કર્તા અને વાણી પ્રગટી તે તેનું કર્મ—એવું કર્તાકર્મપણું નથી. તેમ જ ભગવાન

કર્તા અને વાણી તેનું કર્મ—એમ પણ નથી. યોગનું કંપન કર્તા અને વાણી તેનું કર્મ—એમ પણ નથી. દરેકે દરેક કાર્ય સ્વતંત્ર છે. યોગનું કંપન, ગૌતમનું આગમન અને વાણીનું ખરવું—એ બધાનો એક કાળ હોવા છતાં દરેક કાર્ય સ્વતંત્ર છે, કોઈ એક બીજાના કર્તા નથી.

## (૪૩) અજ્ઞાનીની મિથ્યા પ્રવૃત્તિ ક્યારે ટળે?

પર્યાયબુદ્ધિથી 'હું વિકારનો કર્તા ને વિકાર મારું કાર્ય એટલે કે હું વિકારથી જુદો નથી પણ વિકાર તે જ હું છું'—એવી મિથ્યા કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનીને પ્રવાહપણે અનાદિથી છે, પરંતુ તે જીવનો સ્વભાવ નથી, ક્ષણે ક્ષણે અજ્ઞાનથી નવી ઉત્પન્ન થયેલી છે. નવી ઉત્પન્ન થયેલી છે એટલે તે ટળી શકે છે. જીવ ઉત્પન્ન કરે તો તે થાય છે, નહિતર થતી નથી. સ્વભાવસન્મુખ વળતાં 'વિકારનો હું કર્તા ને વિકાર મારું કર્મ' એવી કર્તાકર્મની પ્રવૃત્તિ ઉત્પન્ન થતી નથી, પણ નિર્મળ વીતરાગી પરિણામની ઉત્પત્તિ થાય છે. આત્માના અપરાધમાં કર્મનો ઉદય તો નિમિત્તમાત્ર છે, તે કાંઈ જીવને વિકાર કરાવતો નથી. કર્મને લીધે આત્મામાં વિકાર થાય તે વાત ત્રણકાળમાં સાચી નથી. જીવ પોતે પોતાના અપરાધથી અજ્ઞાન કરે છે, છતાં અનાદિકાળથી કર્મને લીધે અજ્ઞાન થાય—એમ માને છે તે મહા અજ્ઞાન છે. ભગવાન અરિહંત પરમાત્મા કહે છે કે બધા પદાર્થો સ્વતંત્ર છે, કોઈ બીજાને વિકાર કરાવતું નથી તેમ જ કોઈ કોઈના ઉપર પ્રભાવ પાડે કે મદદ—અસર કરે એવી તાકાત ત્રણકાળ ત્રણલોકમાં કોઈ પદાર્થમાં નથી. જેમ પદાર્થને કોઈએ કર્યો નથી પણ સ્વયંસિદ્ધ છે, તેમ તેની અવસ્થા પણ દરેક સમયની સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે, બીજો તેમાં કાંઈ કરતો નથી. આમ દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્વતંત્ર જાણે તો પોતાના સ્વભાવ તરફ વળ્યા વગર રહે નહિ.

## (૪૪) શ્રી આચાર્યદેવ સિદ્ધપણું સ્થાપીને શરૂઆત કરે છે

શ્રી આચાર્ય ભગવાન સમયસારની પહેલી ગાથામાં કહે છે કે

હું સિદ્ધ છું, તમે સિદ્ધ છો वंदित्तु सव्व सिद्धे એટલે કે સર્વ સિદ્ધોને નમસ્કાર કરું છું, મારા અને તારા આત્મામાં સિદ્ધપણાને સ્થાપન કરું છું. જે સિદ્ધમાં હોય તે તારે હોય, સિદ્ધને ન હોય તે તારો સ્વભાવ પણ નહીં. માટે વિકાર મારું કર્તવ્ય—એવી માન્યતાને છોડ. આત્મામાં પરમાત્મપણાનું સ્થાપન કરીને તું શ્રવણ કરજે. આ પ્રમાણે પરમાત્મપણાની સ્થાપના કરીને આચાર્યદેવે શરૂઆત કરી છે. આ જ ધર્મની શરૂઆતનો ઉપાય છે.

## (૪૫) મુક્તિનો એક જ ઉપાય

સિદ્ધભગવાનને જ આત્માના આદર્શ તરીકે—અરીસા તરીકે સ્થાપ્યા છે. એટલે જેવા સિદ્ધ તેવો જ હું, એમ વિકાર અને અધૂરી દશામાં એકતાબુદ્ધિ છોડીને, સિદ્ધ જેવા પોતાના આત્માની શ્રદ્ધા પ્રગટ કરવી તે અપૂર્વ સમ્યગ્દર્શન ધર્મ છે. આ સિવાય બીજી કોઈ રીતે મિથ્યાત્વ ટળતું નથી. અનાદિના અજ્ઞાનની નિવૃત્તિનો અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય, સિદ્ધ ભગવાન જેવા પોતાના આત્માની શ્રદ્ધા કરવી તે જ છે, બીજા કોઈ બાહ્ય ક્રિયાકાંડ કે શુભરાગ તે ઉપાય નથી. શુભરાગ તે કારણ અને ધર્મ તે કાર્ય—એવું કારણકાર્યપણું ત્રણકાળમાં નથી; કેમ કે શુભરાગ તે વિકાર છે, ને ધર્મ તે અવિકારી છે, વિકાર તે અવિકારીપણાનું કારણ કેમ થાય? શાસ્ત્રમાં કોઈ ઠેકાણે શુભરાગને કે વ્યવહારને ધર્મનું સાધન કહ્યું હોય તો તે ઉપચારનું કથન છે. ખરેખર શુભરાગ તે ધર્મનું સાધન નથી, વિકારના કર્તાકર્મની પ્રવૃત્તિ તે અધર્મ છે, અને સ્વભાવસન્મુખ થઈને આત્મા અને આસ્રવોને ભિન્ન જાણતાં તે કર્તાકર્મની પ્રવૃત્તિ ટળે છે ને અજ્ઞાનનો નાશ થાય છે; એટલે બંધનનો નાશ થઈને મુક્તિ થાય છે. સર્વે અરિહંત ભગવંતો આ જ ઉપાયથી મુક્તિ પામ્યા છે. આજ પહેલાં પૂર્વે અનંત જીવો કેવળજ્ઞાન પ્રગટ કરીને મુક્તિ પામ્યા છે, અત્યારે પણ મહાવિદેહક્ષેત્રેથી ૬ મહિના અને ૮ સમયમાં ૬૦૮ જીવો મુક્તિ પામે છે ને ભવિષ્યમાં પણ અનંત જીવો મુક્તિ પામશે; તે બધા જીવોને માટે

મોક્ષનો ઉપાય આ એક જ છે. સર્વજ્ઞ-ભગવાનના દિવ્યધ્વનિનો આશય અલ્પ શબ્દોમાં શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યો છે કે જ્ઞાનમાત્રથી જ બંધનનો નિરોધ થાય છે. 'જ્ઞાનમાત્ર' કહેતાં તેમાં આત્મા તરફ વળેલી શ્રદ્ધા, ચારિત્ર વગેરે પણ આવી જાય છે. રાગનો અભાવ બતાવવા માટે 'જ્ઞાનમાત્ર' એમ કહ્યું છે. જ્ઞાન સાથે આખો આત્મા અભેદ સમજવો. આત્માની શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા સિવાય બીજો કોઈ મુક્તિનો માર્ગ ત્રણકાળમાં નથી.

"એક હોય ત્રણકાળમાં, પરમારથનો પંથ,
પ્રેરે જે પરમાર્થને તે વ્યવહાર સમંત"

અખંડાનંદ સ્વભાવનું ભાન કરીને, તેનું મનન કરવાની વૃત્તિ ઊઠે તેને વ્યવહાર કહેવાય છે; પરંતુ તે વ્યવહારના અવલંબનથી અંતરના પરમાર્થમાં પહોંચાતું નથી. જ્યાં સુધી રાગનું લક્ષ રહે ત્યાં સુધી અભેદ આત્માનો અનુભવ થતો નથી. વ્યવહાર તે રાગ છે, તેનો આશ્રય છોડીને રાગરહિત સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરે તે ધર્મી છે, મુનિદશા કે શ્રાવકદશા પહેલાં અંતરમાં અવિરત સમ્યગ્દર્શન–ચોથું ગુણસ્થાન–પ્રગટ થતાં આવી દશા હોય છે, તે જીવને અંતરમાં 'હું વિકારનો કર્તા ને વિકાર મારું કાર્ય' એવી વિકારના કર્તાકર્મની પ્રવૃત્તિ રહેતી નથી. આવી દૃષ્ટિવાળો ધર્માત્મા સ્વસન્મુખ પરિણમનથી ક્રમેક્રમે રાગનો નાશ કરીને સર્વજ્ઞ થાય છે. આ જ માર્ગે સર્વજ્ઞ થવાય છે.

## (૪૬) શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે ગુણોની પણ સ્વતંત્રતા

ભગવાને સર્વજ્ઞજ્ઞાનથી જગતમાં દરેક પદાર્થોને સ્વતંત્ર જાણ્યા છે, અને દરેક પદાર્થોની સ્વતંત્રતાનો ઉપદેશ દિવ્યધ્વનિમાં આવ્યો છે. એકેક વસ્તુના અનંત ગુણોને પણ ભગવાને સ્વતંત્ર કહ્યા છે. એક વસ્તુ બીજી વસ્તુને તો મદદ ન કરે, પણ એક વસ્તુમાં રહેલા અનંત ગુણોમાં પણ એક ગુણ બીજા ગુણને ઉપાદાનપણે મદદ કરતો નથી. આત્મામાં જે ક્ષણે સમ્યક્શ્રદ્ધા પ્રગટે તે જ ક્ષણે સમ્યક્ ચારિત્ર પૂરું પ્રગટી જાય

એમ બનતું નથી. તેમ જ બારમા ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર પ્રગટ્યું છતાં જ્ઞાનગુણ પૂરો પરિણમતો નથી. કેમ કે દરેક ગુણો પણ સ્વતંત્ર છે. સમ્યક્ શ્રદ્ધા થાય તે ક્ષણે જ સંપૂર્ણ ચારિત્ર હોવું જોઈએ ને રાગનો ત્યાગ હોવો જોઈએ—એમ જે માને તેને શ્રદ્ધા વગેરે ગુણની સ્વતંત્રતાની ખબર નથી. વસ્તુપણે બધા ગુણો અભેદ હોવા છતાં દરેક ગુણના પરિણમનમાં સ્વતંત્રતા છે.

૧૬, ૧૭ ને ૧૮ મા–શાંતિનાથ, કુંથુનાથ ને અરનાથ—એ ત્રણે તીર્થંકર ભગવંતો ચક્રવર્તી હતા, તેમને છ ખંડનો રાજવૈભવ સંયોગરૂપે હતો, અને અસ્થિરતાના કારણે રાગ પણ હતો. છતાં અંતરમાં સમ્યક્ શ્રદ્ધા એક ક્ષણ પણ ખસતી ન હતી. રાગ હોવા છતાં એવી સમ્યક્ શ્રદ્ધા અંતરમાં હતી કે 'આ રાગ હું નહિ, તે મારું કર્તવ્ય નહિ, રાગ છે તે સ્ત્રી આદિ પરદ્રવ્યને લીધે નથી.' આવી સમ્યક્શ્રદ્ધા હોવા છતાં હજી ચારિત્ર દશા પ્રગટી ન હતી, કેમ કે શ્રદ્ધા અને ચારિત્ર બંને ગુણોનું પરિણમન સ્વતંત્ર છે, દરેક ગુણ સ્વતંત્ર છે, એટલે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે બધા ગુણો એક સાથે પ્રગટતા નથી. સમ્યક્શ્રદ્ધા પ્રગટતાં ચારિત્રના વિકારનો પણ તરત નાશ થઈ જાય એમ બનતું નથી. શ્રદ્ધામાં તો વિકારરહિત પરિપૂર્ણ ચારિત્રનો જ સ્વીકાર થયો છે. છતાં ચારિત્રગુણ તદ્દન નિર્વિકારપણે પરિણમતો નથી, તેવી જ રીતે શ્રદ્ધામાં તો સંપૂર્ણ સર્વજ્ઞસ્વભાવ આવ્યો છે, પરંતુ જ્ઞાન હજી સંપૂર્ણ પરિણમતું નથી. —એ પ્રમાણે, વસ્તુ સ્વતંત્ર છે ને વસ્તુના અનંત ગુણો પણ સ્વતંત્ર છે.

### (૪૭) જ્ઞાનીની અંતર્દષ્ટિ

આ તો આત્માના અંતરના ગુણોની વાત છે. હજી તો લોકો બહારની સ્થૂળ વાતોમાં અટક્યા છે. કર્મને લીધે વિકાર થાય, ને વિકારથી આત્માને લાભ થાય—એવી માન્યતાઓ તો સ્થૂળ મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શન થવા છતાં પણ પ્રમાદને લીધે રાગ થાય છે, તે રાગ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કાંઈ કર્મના ઉદયને લીધે થતો નથી. જડકર્મ તો નિમિત્તમાત્ર છે. પરંતુ, સમ્યગ્દૃષ્ટિ જીવ અંતર્સ્વભાવની દૃષ્ટિમાં તે રાગનો પણ કર્તા થતો નથી—એવું સમ્યગ્દૃષ્ટિનું અંતરનું પરિણમન બતાવવા માટે શાસ્ત્રોમાં કોઈ વાર એમ કહે કે સમ્યગ્દૃષ્ટિને જે રાગ છે તે કર્મના ઉદયની બળજોરીથી છે. કર્મોનો ઉદય આત્માને વિકાર કરાવે એવી સ્થૂળ મિથ્યાદૃષ્ટિ ટળી ગયા પછી સ્વભાવની અંતર્દૃષ્ટિનું તે કથન છે. અખંડાનંદ જ્ઞાનમૂર્તિ સ્વભાવની દૃષ્ટિથી જ્ઞાની તો પદે પદે સ્વભાવની શુદ્ધિને પ્રગટ કરે છે, અને અજ્ઞાની 'વિકારનો હું કર્તા અથવા તો વિકાર મને પર કરાવે'—એવી બુદ્ધિથી પદે પદે આત્માની શુદ્ધતાને હણે છે ને વિકારને ઉત્પન્ન કરે છે.

## (૪૮) ભગવાને કહેલી દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા અને મોક્ષનો ઉપાય

જેમ ત્રિકાળી દ્રવ્ય અને તેના ગુણો સ્વતંત્ર છે, તેમ તેની અનાદિ અનંત કાળની દરેક અવસ્થા પણ સ્વતંત્ર છે. વિકાર કોઈ પર કરાવતું નથી પણ મારી અવસ્થાની સ્વતંત્રતાથી થાય છે—એટલી સ્વતંત્રતા કબૂલ્યા પછી, મારા ત્રિકાળી સ્વભાવમાં તે એક સમયનો વિકાર નથી ને વિકારમાં મારો સ્વભાવ નથી—આવી પ્રતીત કરે ત્યારે ધર્મની શરૂઆત થાય છે, અને એ પ્રતીતના જોરે જ વિકારનો નાશ થાય છે. આ પ્રમાણે દરેક દ્રવ્યની, દરેક ગુણની ને દરેક પર્યાયની સ્વતંત્રતા ભગવાને દિવ્યધ્વનિમાં જાહેર કરી છે. દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયની આવી સ્વતંત્રતા જાણીને પોતાના સ્વભાવસન્મુખ થવું તેને ભગવાન મોક્ષનો ઉપાય કહે છે.


Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# (૫)

# મુક્તિનો ઉપાય : ભેદજ્ઞાન

(વીર સં. ૨૪૭૯ ના ફાગણ સુદ ૧૨ ના મંગલ દિને રાજકોટ શહેરમાં ભગવાન શ્રી સીમંધર પ્રભુ વગેરે જિનબિંબોની પંચકલ્યાણકપ્રતિષ્ઠા થઈ તેમ જ ચાંદીમાં કોતરેલા શ્રી પ્રવચનસારજી શાસ્ત્રની પ્રતિષ્ઠા થઈ, તે દિવસે પૂ. ગુરુદેવશ્રીનું સમયસાર ગા. ૭૨ ઉપર મંગલ પ્રવચન)

(પંચકલ્યાણક વિધાનમાં નિર્વાણકલ્યાણક પણ એ જ દિવસે ઉજવાયો હતો.)



શ્રી જિનેન્દ્ર ભગવાનનો અંકન્યાસવિધિ કરતા પૂજ્ય ગુરુદેવશ્રી

## (૪૯) ભગવાન શું કરવાથી મોક્ષ પામ્યા?

આજે ભગવાનની પ્રતિષ્ઠાનો માંગળિક દિવસ છે. પંચકલ્યાણકમાં આજે ભગવાનનો મોક્ષકલ્યાણક થયો. શ્રી સમ્મેદશિખર સિદ્ધક્ષેત્ર ઉપર ચંદ્રપ્રભ ભગવાન મોક્ષ પામ્યા અને દેવોએ તેમનો નિર્વાણકલ્યાણક ઊજવ્યો, એ દૃશ્ય થયું હતું. ભગવાન શું કરવાથી મોક્ષ પામ્યા? તે વાત અત્યારે કહેવાય છે. ભગવાને પર જીવોનું કાંઈ કર્યું નથી, પણ પોતાના આત્મામાં પ્રથમ ભેદજ્ઞાન પ્રગટ કર્યું અને તેના પ્રતાપે કેવળજ્ઞાન પ્રગટ કરીને ભગવાન મોક્ષ પામ્યા છે.

## (૫૦) ભેદજ્ઞાન તે જ મોક્ષનો ઉપાય છે

ભેદજ્ઞાન તે જ મોક્ષનો ઉપાય છે—એમ અહીં ૭૨ મી ગાથામાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે—

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.

આત્મા નિત્ય જ્ઞાનાનંદ પવિત્ર વસ્તુ છે, તેની અવસ્થામાં પલટો થતાં જે શુભ-અશુભ લાગણી થાય તે શેવાળની જેમ અશુચિરૂપ છે. જેમ પાણીમાં શેવાળ થાય છે તે પાણીનો સ્વભાવ નથી પણ મેલ છે તેમ આત્માની અવસ્થામાં જે પુણ્ય-પાપના ભાવો થાય છે તે આત્માનો સ્વભાવ નથી પણ મલિનભાવો છે—અશુચિ છે. આત્માના જ્ઞાનસ્વભાવને અનુભવતાં તે પવિત્રસ્વરૂપે અનુભવાય છે અને પાપ તેમ જ પુણ્ય એ બંને ભાવો આત્મામાં મેલપણે અનુભવાય છે. શરીર અશુચિમય છે તે તો આત્માથી સદાય ભિન્ન, જડ છે. આત્માની અવસ્થામાં થતી પુણ્ય-પાપની લાગણી તે પણ અપવિત્ર છે, મેલ છે, અશુચિ છે; અને ભગવાન આત્મા તો જ્ઞાનાનંદમૂર્તિ પવિત્ર છે, નિર્મળ છે, શુચિ છે. આ પ્રમાણે આત્મા અને વિકારને જુદા જુદા જાણીને, વિકારી ભાવોથી પાછા ફરીને આત્મા પોતાના સ્વભાવ તરફ વળે છે.

એ રીતે વિકારથી નિવૃત્ત થતાં આત્માને કર્મનું બંધન થતું નથી. આ રીતે આત્મા અને વિકારનું ભેદજ્ઞાન તે જ મુક્તિનો ઉપાય છે.

## (૫૧) શ્રી આચાર્યદેવ આત્માની પ્રભુતા બતાવે છે

પ્રભો! તારો સ્વભાવ સર્વજ્ઞ છે. સર્વજ્ઞભગવાન કરતાં તારી શક્તિ કાંઈ ઓછી નથી; જેટલી શક્તિ સર્વજ્ઞભગવાનમાં છે તેટલી શક્તિ તારા સ્વભાવમાં પણ ભરી છે, તે શક્તિનું ભાન કરીને તેમાં ઠર, તો તારામાં પણ સર્વજ્ઞદશા પ્રગટે, વિકાર તે જ હું–એવી તુચ્છબુદ્ધિ તે ભવભ્રમણનું કારણ છે, ને વિકારથી ભિન્ન આત્મસ્વભાવનું ભાન કરવું–તે ભેદજ્ઞાન મુક્તિનો ઉપાય છે. ભગવાન! તારો આત્મા સદાય જ્ઞાનમૂર્તિ નિર્મળ છે, ક્ષણિક શુભ–અશુભ લાગણી જેટલો તું નથી. તારી પ્રભુતા તારામાં ભરી છે. સર્વજ્ઞની વાણીમાં પણ તારા સ્વભાવના ગાણાં પૂરાં આવતાં નથી, એવો તારા સ્વભાવનો મહિમા છે. મૂળ સૂત્રમાં આસ્રવોને અશુચિપણે વર્ણવ્યા છે, તેમાંથી ગૂલાંટ મારીને આચાર્યદેવે ટીકામાં આત્માના પવિત્ર સ્વભાવની વાત કાઢી છે. આસ્રવો અશુચિ છે, તો તેની સામે ભગવાન આત્મા શુચિ છે–એમ અસ્તિનાસ્તિથી વર્ણન કર્યું છે. પુણ્ય અને પાપ એ બંને ભાવો આસ્રવ છે; તે આસ્રવો તો મલિન સ્વભાવવાળા છે ને ભગવાન આત્મા તો સદાય પવિત્ર સ્વભાવવાળો છે.—એમ અહીં આચાર્યદેવ આત્માની પ્રભુતા બતાવીને વિકારથી ભેદજ્ઞાન કરાવે છે.

## (૫૨) મુક્તિનો ઉપાય ભેદજ્ઞાન

વિકાર છે તે આત્માની પર્યાયમાં થાય છે ખરો, આત્માની પર્યાયમાં વિકાર છે જ નહિ–એમ નથી; પરંતુ તે ક્ષણિક વિકારભાવને જ આત્માનું સ્વરૂપ માની લેવું તે અજ્ઞાન છે. જેમ શેવાળ અને પાણીને એક માનીને કોઈ શેવાળવાળું પાણી પીએ તો તે મૂર્ખ ગણાય. લોકો શેવાળ અને પાણીને જુદા જાણીને, શેવાળ કાઢીને પાણી પીએ છે; તેમ

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ સદા અતિ નિર્મળ છે ને પુણ્ય-પાપ વિકાર તે શેવાળ જેવા અત્યંત મલિન છે; એ બંનેને એકપણે અનુભવે છે તે અજ્ઞાની છે. આત્મા અને વિકાર બંને સ્વભાવ જુદો જુદો જાણીને, વિકાર રહિત પવિત્ર આત્મસ્વભાવનો અનુભવ કરવો તે ભેદજ્ઞાન છે, ને તે જ મોક્ષનો ઉપાય છે. અહીં શુદ્ધ આત્મદ્રવ્ય બતાવવું છે તેથી ચૈતન્યમાત્ર સ્વભાવને જ આત્મા કહ્યો છે, ને વિકારી ભાવોને અશુચિમય કહીને આત્માથી ભિન્ન જણાવ્યા છે. ભગવાન આવા સ્વભાવનું ભાન કરીને, વિકારથી ખસીને સ્વરૂપમાં ઠર્યા ત્યારે મુક્તિ પામ્યા; આવા મુક્તિના ઉપાયને સમજવો તે ધર્મ છે. એ સિવાય બીજો મોક્ષનો ઉપાય નથી.

## (૫૩) વ્યવહારના આશ્રયે શું થાય?

લોકો અજ્ઞાનભાવે વ્યવહારના આશ્રયને મોક્ષનું સાધન માને છે. પરંતુ વ્યવહારનો આશ્રય તે તો બંધનનું કારણ છે, તેના આશ્રયે મોક્ષનું સાધન પ્રગટતું નથી. આત્માના પરમાર્થ સ્વભાવના આશ્રયે જ મોક્ષનું સાધન પ્રગટે છે. વિકારી ભાવો તે આત્માના પવિત્ર સ્વભાવથી વિરોધી ભાવ છે, તેમ વ્યવહાર તે પરમાર્થનો વિરોધી છે. તે વ્યવહારના અવલંબને આસ્રવો ટળતા નથી પણ આસ્રવો ઉત્પન્ન થાય છે; અને આત્માના સ્વભાવના આશ્રયે જ આસ્રવો અટકી જાય છે.

## (૫૪) આત્મા અને આસ્રવોની ભિન્નતા

આત્મા ચૈતન્યસત્તાવાળો હોવાથી સ્વ-પરને જાણે છે, અને વિકારભાવો તો પોતાને કે પરને જાણતા નથી તેથી તેઓ જડ સ્વભાવવાળા છે. જે વિકારથી જુદો પડીને આત્માના સ્વભાવ તરફ વળ્યો તે જીવ પોતાને તેમ જ વિકારને જાણે છે. અને જે વિકારમાં જ એકપણું માનીને અટક્યો છે તે જીવ પોતાને કે પરને જાણતો નથી. અહીં આત્મા અને વિકારીભાવો જુદા કઈ રીતે છે? તે સમજાવતાં શ્રી આચાર્યદેવ કહે છે કે આત્મા તો જ્ઞાનસ્વભાવી હોવાથી સ્વ-પરને જાણે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



છે ને વિકારી આસ્રવો તો પોતાને કે પરને જાણતા નથી, પણ બીજો તેને જાણે છે, તેથી તે વિકારી આસ્રવો તો જડસ્વભાવવાળા છે. એ રીતે આત્મા અને આસ્રવો ભિન્ન ભિન્ન છે. ચૈતન્યની જાગૃતિને રોકીને જે ભાવ થાય તેને અહીં જડ કહ્યા છે. જડ એટલે કાંઈ તે પરમાણુમાં થતા નથી, પણ આત્માનો સ્વભાવ નથી માટે તેને જડ કહ્યા છે. જે ભાવ ચૈતન્યમાં એકતા ન કરે ને ચૈતન્યની રમણતાને રોકે તેને ચૈતન્ય કેમ કહેવો? પંચમહાવ્રત જે ભાવે થાય તે શુભભાવ પણ આત્માના સ્વભાવમાં નથી તેથી તે જડમાં જાય છે; તે શુભરાગના ફળમાં જડનો સંયોગ થાય છે. તે રાગ ચૈતન્યની સાથે એકતા ધરાવતો નથી તેમ જ તે ચૈતન્યની એકતા પ્રગટવાનું કારણ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવ થાય તે પણ અશુચિભાવ છે, આત્માના સ્વભાવથી વિપરીત ભાવ છે તેથી તે જડસ્વભાવ છે. આ રીતે આત્મા અને આસ્રવોને અત્યંત ભિન્નતા છે.

## (૫૫) શુભરાગ અને ધર્મીનું કર્તવ્ય

પ્રશ્ન :—પુણ્યભાવ તે અશુચિ અને જડસ્વભાવ છે એમ કહ્યું, તો ભક્તિ વગેરેનો શુભરાગ કરવો કે નહિ?

ઉત્તર :—જ્યાં સુધી વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગ તેના કાળે થયા વિના રહેશે નહિ; પણ રાગ તે મારો સ્વભાવ નથી, મારો ચૈતન્યસ્વભાવ રાગરહિત છે—એમ અંતરમાં રાગ અને ચૈતન્યસ્વભાવનું ભેદજ્ઞાન કરવું જોઈએ. રાગ તો વીતરાગને ન થાય, પણ જે રાગી છે તેને તો રાગના કાળે ભક્તિ વગેરે ભાવ થયા વિના રહે નહિ. કાં તો તીવ્ર વિષયકષાયમાં પડેલા જીવને શુભરાગ ન થાય અને કાં તો વીતરાગ થઈ ગયા હોય તેને શુભરાગ ન થાય, પણ નીચલી દશામાં રહેલા પાત્ર જીવને તો ભક્તિ-સ્વાધ્યાય વગેરે શુભભાવો થયા વિના રહે નહીં. પણ તે રાગ વખતે ધર્મીને અંતરમાં ભાન હોય છે કે આ રાગભાવ છે તે મારા સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે, મારો સ્વભાવ રાગનો કર્તા નથી. હું તો પવિત્ર ચૈતન્યસ્વરૂપ છું. એ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

રીતે શુભરાગ થવા છતાં ધર્મી તેને પોતાનું કર્તવ્ય માનતો નથી, સ્વભાવના આશ્રયે જે વીતરાગભાવ પ્રગટ્યો તેને જ પોતાનું કર્તવ્ય માને છે.

## (૫૬) ભેદજ્ઞાનચક્ષુ

શ્રી આચાર્યદેવ કહે છે કે આત્માને પવિત્ર ચૈતન્યસ્વરૂપે દેખવો અને પુણ્ય-પાપ વગેરે આસ્રવભાવોને અશુચિરૂપ અને જડસ્વભાવવાળા દેખવા. અહીં પુણ્ય-પાપને જડસ્વભાવ તરીકે જોવાનું કહ્યું તે કઈ રીતે જણાય ? આ બહારની આંખથી તે દેખાય નહિ, પણ ચૈતન્યસ્વભાવની રુચિ થતાં સ્વભાવના જ્ઞાનચક્ષુ વડે પુણ્ય-પાપ તે જડસ્વભાવ તરીકે જણાય છે. જેણે ભેદજ્ઞાનચક્ષુ વડે આત્માને પુણ્ય-પાપરહિત ચૈતન્યસ્વરૂપે જાણ્યો તેણે પુણ્ય-પાપને પોતાના સ્વભાવ તરીકે ન માન્યા એટલે કે તેણે પુણ્ય-પાપને જડસ્વભાવે જાણ્યા. એ સિવાય કાંઈ લાકડા વગેરે જડ પદાર્થોની જેમ પુણ્ય-પાપ કોઈ સ્વતંત્ર પદાર્થ નથી. હું પરથી ભિન્ન છું ને ક્ષણિક વિકાર જેટલો પણ હું નથી પણ કાયમ શુદ્ધ ચૈતન્યસ્વભાવ છું—એમ ઓળખાણ કરે તેણે આત્મા અને આસ્રવોને જુદા જાણ્યા. એ પ્રમાણે ભેદજ્ઞાનચક્ષુ વડે આત્મા અને આસ્રવોને જુદા જાણીને આત્મામાં એકાગ્ર થતાં આસ્રવ ટળીને મુક્તદશા પ્રગટે છે. આ મોક્ષનો ઉપાય છે.

## (૫૭) આસ્રવો વ્યવહારજ્ઞેય ક્યારે થાય ?

આસ્રવભાવો અશુચિરૂપ છે ને આત્મા પવિત્ર છે. આસ્રવનો એક અંશ પણ સ્વભાવને રોકે છે તેથી તે આત્માના સ્વભાવથી વિપરીત છે. આત્માનો સ્વભાવ સ્વપરને જાણનાર છે તેથી તે ચેતનસ્વભાવ છે અને આસ્રવો પોતે કાંઈ જાણતા નથી તેથી તે જડસ્વભાવ છે. આસ્રવો તો બીજાવડે જ્ઞેય થવાયોગ્ય છે. અહીં 'આસ્રવો બીજાવડે જ્ઞેય થવા યોગ્ય છે' એમ કહીને આસ્રવોને આત્માના વ્યવહારજ્ઞેય તરીકે સિદ્ધ કર્યા છે. તે આસ્રવો ખરેખર

વ્યવહારજ્ઞેય ક્યારે થાય? જ્યારે આત્મા આસ્રવોથી ભિન્ન પોતાના સ્વભાવન જાણીને, આસ્રવોથી પાછો ફરીને સ્વભાવ તરફ વળ્યો ત્યારે તેની સ્વ-પરપ્રકાશક જ્ઞાનશક્તિ ખીલી, તે જ્ઞાનશક્તિ ખીલતાં આસ્રવોને પોતાથી ભિન્ન જાણ્યા એટલે કે આસ્રવો પરજ્ઞેય થઈ ગયા તેથી તે વ્યવહારજ્ઞેય થયું. આસ્રવ તે હું એવી પર્યાયબુદ્ધિથી સ્વપરપ્રકાશક જ્ઞાનશક્તિ ખીલતી નથી એટલે આસ્રવો વ્યવહારજ્ઞેય થતા નથી. આસ્રવોથી જુદો પડ્યા વગર આસ્રવોને વ્યવહારજ્ઞેય કરશે કોણ? જેણે પરમાર્થજ્ઞેય તરીકે આત્માને લક્ષમાં લીધો છે તે આસ્રવોને વ્યવહારજ્ઞેય તરીકે જાણે છે. આસ્રવરહિત સ્વભાવ તરફ વલણ થતાં સ્વપરપ્રકાશક જ્ઞાન ખીલે છે. જે જીવને વસ્તુસ્વભાવની યથાર્થ શ્રદ્ધ નથી તે જીવ આસ્રવોને પર તરીકે જાણી શકતો નથી. ચૈતન્યસ્વભાવમાં વિકારનો અભાવ છે—એમ સ્વભાવની પ્રતીતિ કરે તે જીવ રાગને પર તરીકે જાણી શકે છે.

## (૫૮) સાધકભાવને કોનો આધાર છે?

વિકારને લીધે ચૈતન્યસ્વભાવ ટકતો નથી પણ વિકારના અભાવરૂપ સ્વભાવ છે; વિકારનો નાશ થતાં સ્વભાવનો નાશ થઈ જતો નથી; એ રીતે આત્મા વિકારથી ભિન્ન છે. આત્માના સ્વભાવના આશ્રયે જ સાધકભાવ પ્રગટે છે–ટકે છે ને વધે છે; વિકારના આશ્રયે જ સાધકભાવ પ્રગટતો નથી–ટકતો નથી ને વધતો નથી. અણુવ્રતના કે પંચમહાવ્રતના શુભ વિકલ્પને લીધે પાંચમું કે છઠ્ઠું ગુણસ્થાન ટકે છે એમ નથી, પણ સ્વભાવના આશ્રયથી જ રાગનો અભાવ થઈને તે દશા પ્રગટે છે ને સ્વભાવના આશ્રયે જ તે દશા ટકે છે. જેમ આંધળો દેખતાને દોરી શકે નહિ તેમ શુભરાગરૂપ વ્યવહાર પોતે આંધળો છે તે નિશ્ચયનું કારણ થઈ શકે નહિ, ને તેના આધારે નિશ્ચય ટકે નહિ. વ્યવહારવિકલ્પ હો ભલે, તેના હોવાનો નિષેધ નથી પણ તેના આધારે પરમાર્થધર્મ પ્રગટ થશે–એ માન્યતા જૂઠી છે. ભાઈ! એ ક્ષણિક પરાશ્રયી ભાવોની દૃષ્ટિ છોડીને તારા ચૈતન્યની નિત્યતા તરફનું વલણ

તો કર. સ્વભાવસન્મુખ વલણમાં તને વ્યવહારનું પણ જ્ઞાન થઈ જશે. હું વિકારની સામે જોઈને તેનો જાણનાર નહિ પણ સ્વભાવની સન્મુખ રહીને તેનો જાણનાર છું—એમ જ્ઞાનીને સ્વભાવસન્મુખતાની મુખ્યતા છે, એક સમય પણ જ્ઞાનીની દૃષ્ટિમાં વ્યવહારની મુખ્યતા થતી નથી. સ્વભાવની મુખ્યતાના જોરે જ સાધક દશા છે. જો સ્વભાવની મુખ્યતા ખસીને વિકારની મુખ્યતા થાય તો સાધકદશા ટકે નહિ. શ્રદ્ધાનો વિષય જે નિશ્ચય એકરૂપ સ્વભાવ છે તેની મુખ્યતાથી સાધકદશાની શરૂઆત થાય છે ને તે સ્વભાવની મુખ્યતાથી જ સાધકદશા વધીને પૂર્ણ મુક્તદશા પ્રગટે છે. ભગવાન આવા ઉપાયથી જ મોક્ષ પામ્યા.

## (૫૯) ચૈતન્યપ્રભુની પ્રતિષ્ઠા

જુઓ, આજે આ રાજકોટના જિનમંદિરમાં શ્રી સીમંધર ભગવાન વગેરેની સ્થાપના થાય છે એટલે કે અરિહંત ભગવાનની પ્રતિષ્ઠાનો મંગળ દિવસ છે; તે પ્રતિષ્ઠા મહોત્સવમાં આ આત્મામાં સ્વભાવની પ્રતિષ્ઠા કરવાની વાત છે. વિકાર તે હું—એમ માનીને અનાદિકાળથી આત્મામાં વિકારની પ્રતિષ્ઠા કરી હતી. વિકારથી ભિન્ન ચૈતન્ય સ્વભાવને જાણીને, વિકારભાવોની આત્મામાં પ્રતિષ્ઠા ન કરતાં, 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એમ આત્મામાં ચૈતન્યસ્વભાવની પ્રતિષ્ઠા કરવી તે ધર્મ છે. શ્રી અરિહંત ભગવાને પણ 'વિકાર તે હું નહિ, અખંડ ચૈતન્યસ્વભાવ તે હું' એવા ભાનદ્વારા પોતાના આત્મામાં ચૈતન્યસ્વભાવની પ્રતિષ્ઠા કરી અને પછી તેમાં લીનતાથી રાગ-દ્વેષ ટાળીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું; તેમની આ સ્થાપના થાય છે. એ અરિહંત ભગવાનની જેમ પોતાના આત્મામાં જે જીવ ચૈતન્યભગવાનની પ્રતિષ્ઠા કરે તે જીવ અલ્પકાળે ભગવાન થયા વિના રહે નહિ. પોતાના આત્મામાં ચૈતન્યપ્રભુની સ્થાપના કરવી તે પરમાર્થસ્થાપના છે, બહારમાં ભગવાનની સ્થાપના તો ઉપચારથી છે. પંચકલ્યાણકની જે બાહ્યક્રિયાઓ થઈ તે તો તેના થવાને કાળે થઈ છે. જુઓ, આ ચૈતન્યપ્રભુની લીલા છે કે તે સ્વને જાણતાં પરને પણ જાણી

લે છે; પણ પરમાં કાંઈ કરે એવી ચૈતન્યપ્રભુની લીલા નથી.


## (૬૦) પ્રવચનસારની સ્થાપના

આજે આ જિનમંદિરમાં શ્રી પ્રવચનસારજી પરમાગમની પણ સ્થાપના થઈ છે, તે પ્રવચનસારની ૮૦-૮૧-૮૨ મી ગાથામાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે જે જીવ અરિહંત ભગવાનના, આત્માને દ્રવ્ય-ગુણ-પર્યાયપણે જાણે છે તે જીવ પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય ક્ષય પામે છે; એ રીતે મોહનો ક્ષય કરીને અને સમ્યક્ આત્મતત્ત્વને પામીને જે રાગદ્વેષનો ક્ષય કરે તે શુદ્ધાત્માને પામે છે. બધાય અરિહંતભગવંતો એ જ વિધિથી કર્મોનો ક્ષય કરીને નિર્વાણ પામ્યા છે, તથા બધાય અરિહંતભગવંતોએ ઉપદેશ પણ એ જ રીતે કર્યો છે. ભગવાને કહેલા સર્વ પ્રવચનનો સાર શુદ્ધ આત્મા જ છે. અરિહંતભગવાન જેવા પોતાના શુદ્ધ આત્માને જેણે શ્રદ્ધાજ્ઞાનમાં લીધો તેણે ખરેખર પોતાના આત્મામાં પ્રવચનના સારની સ્થાપના કરી છે.

## (૬૧) આસ્રવભાવોથી ચૈતન્યની અત્યંત ભિન્નતા

આત્માનો ચૈતન્યસ્વભાવ એવો છે કે પોતાને જાણતાં પરને પણ તે જાણી લ્યે છે. આસ્રવો આત્માના સ્વભાવથી વિપરીત છે, તે આસ્રવો પોતાને કે પરને જાણી શકતા નથી, પણ તે તો પરથી જણાવાયોગ્ય છે એટલે કે આસ્રવોને તો બીજો જ જાણે છે. આસ્રવો આત્માથી ભિન્ન છે એટલે આસ્રવોની અપેક્ષાએ આત્મા બીજો જ છે. ‘‘આત્મા આસ્રવોથી બીજો જ છે’’ આમ ક્યારે કહેવાયું? આસ્રવોથી જુદો પડીને પોતાના સ્વભાવ તરફ જે આત્મા વળ્યો તે આત્મા આસ્રવથી બીજો જ છે. સ્વસન્મુખદૃષ્ટિથી જે જાગ્યો તે ચૈતન્યની વૃદ્ધિને જુએ છે ને આસ્રવોને ગૌણ કરે છે. નિમિત્તરૂપ જડ કર્મો તો પર છે, તે આત્માથી અત્યંત ભિન્ન છે, ને આસ્રવભાવને પણ અહીં તો ચૈતન્યથી અત્યંત ભિન્ન બતાવીને શ્રી આચાર્યદેવ કહે છે કે તારી શ્રદ્ધાને વસ્તુસ્વભાવની સન્મુખ બનાવ, વ્યવહારના આશ્રયની શ્રદ્ધા

છોડ. ચૈતન્યના આશ્રયને ચૂકીને ધર્મના નામે બાહ્ય વિધિ–નિષેધમાં જગતના ઘણા જીવોનો વખત ચાલ્યો જાય છે. બાહ્ય પદાર્થોથી તો આત્મા જુદો છે એટલે આત્મા તે પદાર્થોને ગ્રહતો જ નથી. પરંતુ અહીં તો કહે છે કે ભગવાન આત્મા આસ્રવના વિકારી ભાવોને પણ પોતાના સ્વભાવમાં ગ્રહતો નથી, આત્મા વિકારથી પણ ભિન્ન છે. અંતરમાં જે પુણ્ય-પાપ થાય છે તે ચૈતન્યના સ્વભાવથી અન્ય છે, જુદા છે; જો કે આકાશક્ષેત્રની અપેક્ષાએ જુદા નથી પણ સ્વભાવની અપેક્ષાએ જુદા છે. વિકારીભાવો ચૈતન્યનો સ્વભાવ નથી, માટે તે આત્માથી ભિન્ન છે. આવા આત્મસ્વભાવને ઓળખીને તેમાં એકાગ્રતા પ્રગટ કરવી તે મોક્ષનો ઉપાય છે.



# રાજકોટમાં થયેલ પંચકલ્યાણક મહોત્સવનાં સંસ્મરણો

વર્તમાનમાં સૌરાષ્ટ્ર દેશમાં શ્રી જિનેન્દ્ર શાસનની પ્રભાવનાનો મહાન સુઅવસર પ્રવર્તી રહ્યો છે. પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી પોતાની ભગવતી વાણી વડે આધ્યાત્મિક ઉપદેશ આપીને સૌરાષ્ટ્રમાં શ્રુતગંગાનો પ્રવાહ રેલાવી રહ્યા છે, અને પોતાનું ઊંડું આધ્યાત્મિક જ્ઞાન ભવ્ય જીવોને આપી રહ્યા છે; તેથી આજે સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર તત્ત્વચર્ચા ચાલે છે, અને અનેક પાત્ર જીવો સાચું તત્ત્વજ્ઞાન સમજતા થયા છે. જેમ જેમ લોકો સત્ય તત્ત્વજ્ઞાન સમજતા જાય છે તેમ તેમ શ્રી વીતરાગ શાસનના દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તેમને બહુમાન અને ભક્તિ જાગતા જાય છે; અને શ્રી વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના દિન દિન વધતી જાય છે. એના પરિણામે સૌરાષ્ટ્રમાં અનેક સ્થળે શ્રી વીતરાગી જિનબિંબની સ્થાપના થઈ છે. એ રીતે સૌરાષ્ટ્ર દેશમાંથી શ્રી જિનેન્દ્ર શાસનના જયનાદ ગાજી રહ્યા છે.

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ શહેરમાં ફાગણ સુદ ૧૨ ના શુભ દિવસે ભગવાન શ્રી સીમંધરાદિ જિનદેવોના વીતરાગી જિનબિંબોની સ્થાપનાનો પંચકલ્યાણક મહોત્સવ હતો. એ મહામંગળ પ્રસંગે ફાગણ સુદ એકમના રોજ પૂ. ગુરુદેવશ્રી રાજકોટ પધાર્યા. તે વખતે સમસ્ત મુમુક્ષુ સંઘે ભાવભર્યું ભવ્ય સ્વાગત કર્યું હતું. પૂ. ગુરુદેવશ્રી મંડપમાં પધાર્યા ત્યારે શેઠ શ્રી નાનાલાલભાઈ વગેરેએ પોતાની ખાસ ભક્તિ વ્યક્ત કરી હતી.

ફાગણ સુદ એકમથી પ્રતિષ્ઠાવિધાનની શરૂઆત થઈ હતી. આ મહાન પ્રતિષ્ઠા પ્રસંગમાં અનેક ગામોના જિનબિંબો હતા. અહો! જિનેન્દ્રોના ટોળાં સૌરાષ્ટ્રમાં ઊતર્યા હતા. એકંદર ૩૯ પ્રતિમાઓ હતા. આ પ્રતિષ્ઠામાં મૂળનાયક તરીકે ભગવાન શ્રી સીમંધર પ્રભુ

હતા. અને પંચકલ્યાણકમાં વિધિનાયક તરીકે શ્રી ચંદ્રપ્રભ ભગવાન હતા. મહત્ત્વશાળી અંકન્યાસ વિધિ (કે જે વિધિ થયા બાદ પ્રતિમાઓ પૂજનિક બને છે તે) પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શુભહસ્તે થયો હતો. પ્રતિષ્ઠા કરાવનાર તરીકે મુખ્ય શેઠશ્રી નાનાલાલભાઈ તેમજ અન્ય મુમુક્ષુ ગૃહસ્થો હતા અને પ્રતિષ્ઠાનો વિધિ કરાવવા માટે ઈંદોરથી પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી મુન્નાલાલજી સાહેબ પધાર્યા હતા. તેમણે શાસ્ત્રવિધિ અનુસાર પ્રતિષ્ઠાવિધિ સારી રીતે કરાવ્યો હતો. દેશોદેશના મુમુક્ષુ ભક્તજનોએ ઉત્સાહ વડે આ અમૂલ્ય અવસરને દીપાવ્યો હતો અને અજમેરની ભજનમંડળીએ ભક્તિની રમઝટ દ્વારા એ ઉત્સવને વિશેષ દીપાવ્યો હતો. પ્રતિષ્ઠાવિધિ દરમિયાન થયેલા કાર્યક્રમની ટૂંક યાદી અહીં આપી છે.

ફાગણ સુદ એકમના દિવસે સવારમાં શ્રીમંડપમાં પ્રભુજીને બિરાજમાન કર્યા અને સવા લાખ મંત્રના જાપની શરૂઆત થઈ.

ફાગણ સુદ બીજને દિવસે સોનગઢમાં બિરાજમાન સીમંધર પ્રભુની પ્રતિષ્ઠાનો વાર્ષિક ઉત્સવ હતો, તે નિમિત્તે જ્ઞાનપૂજા થઈ હતી.

ફાગણ સુદ ત્રીજથી નંદિશ્વર મંડલ વિધાન શરૂ થયું હતું. આ વિધાન ફાગણ સુદ છઠ્ઠ સુધી ચાલ્યું હતું.

ફાગણ સુદ ચોથને દિવસે મૃત્તિકાનયન તથા અંકૂરારોપણ વિધિ થયો હતો.

ફાગણ સુદ પાંચમને દિવસે બપોરે નાંદિવિધાન થયું. તે પ્રસંગે સૌધર્મ વગેરે ઈંદ્રોને પૂ. ગુરુદેવશ્રીના હસ્તે મુકુટ બંધાવતાં, તથા શુભાશીર્વાદ અપાવતી વખતે પં. મુન્નાલાલજીએ પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેનો ઉલ્લાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે—......आपश्री जैसा प्रभावशाली पुरुष बहुत वर्षोंमें हुआ हो ऐसा मेरा ख्यालमें नहीं है। लोग पूछा करते है कि आत्माका भान कैसे हो और आत्माका ध्यान कैसे हो? मैं उसे दृढ़तापूर्वक कहता हूं कि यदि आत्माका ज्ञान

और ध्यान करना हो तो तूम्हारा मुख सोनगढ़की सन्मुख फेरना पडेगा......

ફાગણ સુદ છઠ્ઠને દિવસે મંદિર, વેદી, ધ્વજદંડ તથા કલશની શુદ્ધિ થઈ હતી. જિનમંદિરમાં પ્રથમ ઈંદ્ર-ઈંદ્રાણીએ તથા દેવીઓએ વેદીની શુદ્ધિ કર્યા બાદ, પૂ. પવિત્ર બેનોના શુભ હસ્તે જ્યારે વેદીની શુદ્ધિ થઈ ત્યારે એ પવિત્ર આત્માઓ દ્વારા થતી પવિત્ર ધામની શુદ્ધિના ઉલ્લાસમાં મંદિરનું વાતાવરણ ગૂંજી રહ્યું હતું.

ફાગણ સુદ સાતમને દિવસે સવારે આચાર્યનિમંત્રણ થયું તથા ઈન્દ્રાભિષેક અને ઈન્દ્રપ્રતિષ્ઠા થઈ. ત્યારબાદ ઈન્દ્રોનું ભવ્ય સરઘર નીકળ્યું. બપોરે નંદિશ્વરવિધાન પૂર્ણ થઈને શ્રીજિનેન્દ્ર અભિષેક થયો.

## * ગર્ભકલ્યાણક મહોત્સવ *

ફાગણ સુદ આઠમના રોજ યાગમંડલ વિધાન થયું અને રાત્રે શ્રી ચંદ્રપ્રભ ભગવાનના ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાનું દશ્ય થયું હતું. તેમાં, પ્રભુજી માતાના ગર્ભમાં આવ્યા પહેલાં છ મહિના સુધી રત્નવર્ષા અને દેવીઓ દ્વારા માતાની સેવા વગેરે દશ્ય હતું.

ફાગણ સુદ નોમને દિવસે સવારે ગર્ભકલ્યાણકનું દશ્ય હતું. તેમાં માતાજીને સોળ સ્વપ્નો આવે છે, દિગ્કુમારી દેવીઓ માતાજીની સેવા કરે છે, માતાને તત્ત્વચર્ચાના પ્રશ્નો પૂછે છે, ને માતા તેના વિદ્વતાભરેલા જવાબ આપે છે–એ વગેરે દશ્યો થયાં હતાં.

## * જન્મકલ્યાણક મહોત્સવ *

ફાગણ સુદ ૧૦ ના રોજ સવારે ૭ થી ૧૨ સુધી જન્મકલ્યાણક મહોત્સવ થયો હતો. એ પ્રસંગ ઘણા ઉત્સાહથી ભવ્ય રીતે ઉજવાયો હતો. લક્ષ્મણાદેવી માતાજીની કુંખે ભગવાન શ્રી ચંદ્રપ્રભસ્વામીનો જન્મ થાય છે, દેવીઓ ભગવાનના જન્મની વધાઈ આપે છે. મંગળ ગીત ગાય છે, ચારે બાજુ મંગળ નાદ ગાજી ઊઠે છે. પ્રભુજન્મના ઉત્સાહમાં દેવાંગનાઓ નૃત્ય કરે છે. ઈંદ્ર-ઈંદ્રાણી જન્મોત્સવ કરવા

આવે છે, અને બાળભગવાન ચંદ્રપ્રભુને મેરુ પર્વત ઉપર લઈ જાય છે. જન્માભિષેક કરવા માટે ભગવાનને મેરુ ઉપર લઈ જતી વખતનો મહાન ભવ્ય વરઘોડો નીકળ્યો હતો એક સુંદર હાથી ઉપર બાલ-પ્રભુજી બિરાજતા હતા, ચારે બાજુ ઇંદ્ર-ઇંદ્રાણી ભક્તિ કરતા હતા અને સાથે હજારો મુમુક્ષુઓનો સંઘ આનંદથી પાંડુક શીલા તરફ જઈ રહ્યો હતો. આ પ્રસંગે અજમેરની ભજન મંડળીએ પ્રભુસન્મુખ ભક્તિ અને નૃત્ય દ્વારા સારાય શહેરમાં શ્રી જિનેન્દ્રજન્મકલ્યાણકનો મહિમા ફેલાવી દીધો હતો. જ્યુબીલી બાગમાં એક ઊંચા મેરુ પર્વતની રચના કરવામાં આવી હતી. ભગવાનને તે મેરુ પર્વત ઉપર બિરાજમાન કરીને ઇંદ્રોએ જન્માભિષેક શરૂ કર્યો. અભિષેક કરવા માટે ભક્તોનાં ટોળાં ઉલ્લસી રહ્યાં હતાં, એ દૃશ્ય સુંદર હતું. ભગવાનના આત્માએ જન્મ પૂરા કરી લીધા, હવે તેમનો ફરીથી આ સંસારમાં જન્મ નહિ થાય. એક છેલ્લો જન્મ હતો તે પૂરો કરીને ભગવાન જન્મરહિત થઈ ગયા. અપૂર્વ આત્મદર્શનના પ્રતાપે તેમને જન્મમરણનો અંત આવ્યો. એવા ભગવાનના ભવરહિતપણાનો આ મહોત્સવ ઉજવાય છે. જન્માભિષેક બાદ ઇંદ્રાણીએ બાળપ્રભુને વસ્ત્રાલંકાર પહેરાવ્યા અને રથયાત્રા પાછી ફરી.

બપોરે ૧ા થી ૨ા ભગવાન શ્રી ચંદ્રકુંવરનું પારણું ઝૂલાવવાની ક્રિયા થઈ. માતાજી અને દેવીઓ ભક્તિપૂર્વક ભગવાનને ઝૂલાવી રહ્યાં હતાં. સોના-ચાંદીના પારણીયે ઝૂલી રહેલા એ ભગવાનને જોતાં એમ થતું હતું કે અહા! આ પારણે ઝૂલતા બાળકનો આત્મા જ્ઞાની છે, એ મોટો થઈને મુનિ થશે ને આત્માના આનંદમાં ઝૂલતાં ઝૂલતાં સંસારથી મુક્ત થશે.....

રાત્રે યુવરાજશ્રી ચંદ્રપ્રભકુમારનો રાજ્યાભિષેક થયો. ઇંદ્રોએ રાજ્યાભિષેક કર્યો અને મહાસેન મહારાજાએ પોતાનો રાજમુકુટ ઉતારીને શ્રીચંદ્રપ્રભકુમારને પહેરાવ્યો. ત્યારબાદ મહારાજા શ્રી ચંદ્રપ્રભકુમારનો રાજ્ય દરબાર ભરાયો. રાજદરબારમાં દેશોદેશના

મહારાજાઓ આવ્યા હતા અને ઉત્તમ ઉત્તમ વસ્તુઓ લાવીને ભક્તિપૂર્વક ભેટ કરતા હતા.

## * દીક્ષા પંચકલ્યાણક મહોત્સવ *

ફાગણ સુદ અગિઆરસના દિવસે ભગવાનના વૈરાગ્યનો અને દીક્ષાકલ્યાણકનો પવિત્ર ઉત્સવ હતો. ભગવાનને વૈરાગ્ય થતાં અંતરમાં બાર ભાવનાઓનું ચિંતવન કરે છે. ભગવાનના વૈરાગ્યની ખબર પડતાં જ લૌકાંતિક દેવો આવીને પ્રભુની સ્તુતિ કરે છે અને તેમના વૈરાગ્યની પુષ્ટિ કરે છે કે "અહો વૈરાગ્યમૂર્તિ ભગવાન! આ ભવ, તન અને ભોગને અનિત્ય જાણીને આત્માના ચિદાનંદ સ્વભાવમાં પૂર્ણપણે સમાઈ જવા માટે આપશ્રી જે પવિત્ર ભાવના ભાવી રહ્યા છો તેને શીઘ્ર અમલમાં મૂકો.....ભગવતી જિનદીક્ષા ધારણ કરીને અપ્રમત્ત અને પ્રમત્ત ભાવમાં ઝૂલતી પવિત્ર દશા પ્રગટ કરો.....અને અપ્રતિહત ભાવે કેવળજ્ઞાન પ્રગટાવી આપના દિવ્યધ્વનિ દ્વારા જગતના ભવ્ય જીવોને માટે મોક્ષમાર્ગનાં દરવાજા ખૂલ્લાં કરો.....ઈત્યાદિ.'

ત્યારબાદ દીક્ષાકલ્યાણક ઊજવવા માટે ઈંદ્રો પાલખી લઈને આવે છે અને વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિ ભગવાન ચંદ્રપ્રભુ દીક્ષા લેવા માટે તપોવનમાં જઈ રહ્યા છે. (તપોવન અને દીક્ષાનું દશ્ય રાજમહેલના ચોગાનમાં થયું હતું.) ભગવાન દીક્ષા લેવા માટે તપોવનમાં જઈ રહ્યા હતા તે વખતના દીક્ષાયાત્રાના વરઘોડાનું દશ્ય ઘણું ભાવના ભરેલું હતું. ભગવાનની સાથે સાથે વૈરાગ્ય ભાવનામાં મગ્ન ભક્તજનો તપ કલ્યાણકનું સ્તવન ગાતાં ગાતાં જઈ રહ્યા હતા કે—

વંદો વંદો પરમ વીરાગી ત્યાગી જિનને રે.....
થાયે જિન દિગંબર મુદ્રાધારી દેવ.....
શ્રી.....ચંદ્રપ્રભુજી તપોવનમાં સંચરે રે.....

દીક્ષાવનમાં જઈને પ્રભુજી એક વૃક્ષ નીચે બિરાજમાન થયા. થોડી વારમાં એક પછી એક રાજવસ્ત્રો ત્યાગીને નગ્ન જિનમુદ્રા ધારણ કરી. પૂ. ગુરુદેવશ્રીએ પ્રભુશ્રીનો કેશલોચ કર્યો. દીક્ષા બાદ પ્રભુશ્રી આત્મધ્યાનમાં લીન થયા અને તરત જ મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યું. પછી એ મુનિરાજ તો વનમાં વિહાર કરી ગયા.....

પ્રભુશ્રીનો દીક્ષાવિધિ પૂરો થયા બાદ ત્યાં દીક્ષા વનમાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ દીક્ષાકલ્યાણક પ્રસંગને શોભતું પ્રવચન કર્યું હતું. એ પ્રવચનમાં વૈરાગ્યભાવનાને ખૂબ મલાવી હતી.

વ્યાખ્યાન બાદ એ તપોવનમાં જ ભાઈ શ્રી ધીરજલાલ નાથાલાલભાઈ તથા મરઘાબેને સજોડે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરીને એ વૈરાગ્ય પ્રસંગને દીપાવ્યો હતો.

એ પ્રમાણે પ્રભુશ્રીનો દીક્ષાકલ્યાણક વિધિ થયો હતો.

બપોરે લગભગ ૧૧ વાગે પ્રભુશ્રી ચંદ્રપ્રભ મુનિરાજ આહાર માટે શહેરમાં પધાર્યા. પ્રભુશ્રીને પ્રથમ આહારદાનનો મહામંગળ પ્રસંગ શેઠશ્રી નાથાલાલભાઈને ત્યાં થયો હતો.

*** અંકન્યાસ વિધિ ***

બપોરે બે વાગે શ્રી જિન પ્રતિમાઓ ઉપર અંકન્યાસ વિધિ કરવા માટે પૂ. ગુરુદેવશ્રી પધાર્યા અને મહા પવિત્ર જિન પ્રતિમાઓ ઉપર, મહા પવિત્ર ભાવથી, પવિત્ર હસ્તે અંકન્યાસ વિધિ કર્યો અને ત્યારથી તે શ્રી જિનપ્રતિમાઓ પૂજનિક બન્યા. એ રીતે અંકન્યાસ વિધિ પ્રતિષ્ઠા વિધાનમાં ઘણો મહત્ત્વનો છે. તે અંકન્યાસ વિધિ બાદ સર્વે પ્રતિમાઓ ઉપર નેત્રોન્મિલન વિધિ પૂ. ગુરુદેવશ્રીએ કર્યો હતો.

*** કેવળજ્ઞાનકલ્યાણક મહોત્સવ ***

ફાગણ સુદ ૧૨ ની સવારે પ્રથમ કેવળજ્ઞાનકલ્યાણક ઉત્સવ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



થયો હતો. તેમાં–પ્રભુશ્રી ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને કર્મક્ષય કરી કેવળજ્ઞાન પ્રગટ કરે છે, અને ઇંદ્રો સમવસરણની રચના કરે છે, તથા પ્રભુજીનું પૂજન કરે છે—એ દૃશ્યો થયા હતા. આ પ્રસંગે સમવસરણની સુંદર રચના થઈ હતી. સમવસરણમાં ભગવાનના દિવ્યધ્વનિ તરીકેનું ખાસ પ્રવચન ફાગણ સુદ ૧૧ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીએ કર્યું હતું.

## * નિર્વાણકલ્યાણક મહોત્સવ *

ત્યારબાદ કેટલોક કાળ વિહાર કરીને પ્રભુશ્રી સમ્મેદશિખરજી સિદ્ધક્ષેત્ર પર આવીને યોગ નિરોધ કરે છે–એ દૃશ્ય થયું હતું. આ પ્રસંગે સમ્મેદશિખરજીની ભવ્ય રચના થઈ હતી. શ્રી સમ્મેદશિખરજી ઉપરથી ભગવાન નિર્વાણ પધારે છે અને અગ્નિકુમાર વગેરે દેવો આવીને નિર્વાણકલ્યાણક વિધિ કરે છે–ઇત્યાદિ દૃશ્યો થયા હતા.

અહીં પ્રભુશ્રીના પંચકલ્યાણક પૂર્ણ થયા.

ત્યારબાદ પૂ. ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે પ્રતિષ્ઠિત થયેલા શ્રી સીમંધર ભગવાન વગેરે જિનબિંબોની શ્રી જિનમંદિરમાં પધરામણી થઈ. અને પૂ. ગુરુદેવશ્રીએ પવિત્ર ભાવે પ્રભુજીનું સ્વાગત કરીને તેઓશ્રીને વેદી ઉપર બિરાજમાન કર્યા. એ વખતે મંગળ જયનાદથી મંદિર ગાજી ઉઠ્યું હતું. મૂળનાયક ભગવાનશ્રી સીમંધર પ્રભુજી છે. તેઓશ્રીની જમણી બાજુ શ્રી આદિનાથ પ્રભુ અને ડાબી બાજુ શ્રી પાર્શ્વનાથ પ્રભુજી બિરાજમાન છે. એ ઉપરાંત શ્રી ચંદ્રપ્રભ ભગવાન (ચાંદીના), શ્રી મહાવીર ભગવાન, શ્રી અરનાથ ભગવાન તેમજ શ્રી સિદ્ધ ભગવાનના પ્રતિમાજી છે. અને ઉપરના ભાગમાં શ્રી નેમિનાથ પ્રભુજી છે, તેઓશ્રીની જમણી બાજુ શ્રી પદ્મપ્રભુજી અને ચંદ્રપ્રભુજી છે, તથા ડાબી બાજુ શ્રી શાંતિનાથ પ્રભુ અને કુંથુનાથ પ્રભુ બિરાજમાન છે. એ પ્રમાણે જિનમંદિરમાં કુલ ૧૨ પ્રતિમાજી બિરાજે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

છે. એ રીતે શ્રી રાજકોટ શહેરના જિનમંદિરમાં મહાદેવાધિદેવ ભગવંતોની પ્રતિષ્ઠા થઈ. રાજકોટ શહેરનું જિનમંદિર ઘણું ભવ્ય છે. જિનમંદિરનું શિખર ૬૫ ફૂટ ઊંચું છે, અને ઉપર સુવર્ણ કલશથી શોભી રહ્યું છે. આ જિનમંદિરમાં પ્રતિષ્ઠિત શ્રી જિનબિંબોની મુદ્રા ઘણી ભવ્ય અને ઉપશમ ભાવમાં નિમગ્ન છે.

### શ્રી પ્રવચનસારજીની સ્થાપના

શ્રી જિનેન્દ્ર પ્રતિષ્ઠા બાદ સ્વાધ્યાય મંદિરમાં પવિત્ર પરમાગમ શ્રી પ્રવચનસારજીની સ્થાપના પૂ. ગુરુદેવશ્રીના શુભ હસ્તે થઈ. (રાજકોટમાં જે જિનમંદિર છે તેનો આગળનો ભાગ સ્વાધ્યાય મંદિર તરીકે ઓળખાય છે.) શેઠશ્રી નાનાલાલભાઈના ધર્મપત્ની જડાવબહેન તરફથી શ્રી પ્રવચનસાર (સોનગઢના સમયસારની જેમ) ચાંદીમાં કોતરાવ્યું છે, તેની સ્થાપના સ્વાધ્યાયમંદિરમાં થઈ હતી.

ફાગણ સુદ ૧૩ ના દિવસે સવા લાખ મંત્રના જાપની પૂર્ણતા થઈ અને શાંતિયજ્ઞ થયો. તથા સાંજે શ્રી જિનેન્દ્રદેવની રથયાત્રા નીકળી હતી. રાત્રે બાલિકાઓએ સુંદર સંવાદ ભજવ્યો હતો. ભરત ચક્રવર્તીના એક નાની વયના કુમારી દીક્ષા લઈને અર્જિકા થવા તૈયાર થયા છે, તેમની સાથે તેમની બીજી બહેનોને તત્ત્વચર્ચા થાય છે–ઈત્યાદિ પ્રસંગ ઉપર સંવાદ હતો. આધ્યાત્મિક તત્ત્વચર્ચા અને જિનભક્તિથી સંવાદ શોભતો હતો. શરૂઆતમાં દ્રવ્યસંગ્રહ વગેરેની મૂળ ગાથાઓનું ભવ્ય મંગળાચરણ—-એ સંવાદની એક વિશિષ્ટતા હતી. સંવાદ કરનાર બહેનોને શ્રી રાજકોટ સંઘ તરફથી લગભગ ૨૦૦) રૂા. નું ઈનામ આપવામાં આવ્યું હતું. બાલિકાઓએ તે ઈનામની રકમ શ્રી રાજકોટના જિનમંદિરમાં ભેટ આપી દીધી હતી.

એ ઉપરાંત આ ઉત્સવ દરમિયાન ઈંદોરના પંચકલ્યાણક

મહોત્સવની ફિલ્મ બતાવવામાં આવી હતી. એક વાર મોરબીના મહારાજાસાહેબ શ્રી લખધીરસિંહજી પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાં તેમજ જિનમંદિરના અવલોકનાર્થે તથા રથયાત્રા જોવા માટે પધાર્યા હતા. અજમેરની ભજનમંડળીએ વારંવાર ભક્તિ વગેરે સુંદર કાર્યક્રમ વડે પ્રતિષ્ઠા મહોત્સવને વિશેષ દીપાવ્યો હતો. આ બદલ રાજકોટ સંઘ તરફથી અજમેર મંડળીના દરેક ભાઈઓને એકેક ચાંદ અર્પણ કર્યા હતા, તેમજ ભાઈ શ્રી નેમિચંદજી પાટની તરફથી બે સુવર્ણચાંદ અર્પણ કરવામાં આવ્યા હતા. બાલિકાઓના સંવાદથી પ્રસન્ન થઈને અજમેરની ભજનમંડળી તરફથી દરેક બાલિકાઓને એકેક રજત-ચાંદ ભેટ આપવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્રના પાટનગરમાં શ્રી જિનેન્દ્ર શાસનની પ્રભાવનાનો આવો મહાન સુઅવસર પ્રાપ્ત કરવા માટે, અને તે ઉલ્લાસપૂર્વક પાર પાડવા માટે રાજકોટના મુમુક્ષુ સંઘને ધન્યવાદ છે. સૌરાષ્ટ્રના પાટનગરમાં જિનમંદિર ઉપર ફરકતો ધર્મધ્વજ આજે આખા સૌરાષ્ટ્રમાં શ્રી જિનશાસનના જયકાર લલકારી રહ્યો છે.

ઉત્સવ દરમિયાન પણ હંમેશાં પૂ. ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનો થતા હતા. પરમ પૂજ્ય પરમ ઉપકારી સદ્‌ગુરુદેવશ્રી કાનજી સ્વામીના પુનિત પ્રતાપે અને બળવાન પ્રભાવના યોગે આજે સેંકડો વર્ષે આ સૌરાષ્ટ્રદેશમાં ફરીથી પવિત્ર જિનેન્દ્રશાસનની સ્થાપના થઈ છે. પૂ. ગુરુદેવશ્રીના મંગળ હસ્તે આવા પવિત્ર શાસન પ્રભાવનાના સેંકડો મહાન કાર્યો થાઓ અને શ્રી જિનેન્દ્ર–ધર્મચક્ર સર્વત્ર સર્વદા પ્રવર્તમાન રહો. કલ્યાણમૂર્તિ શ્રી સદ્‌ગુરુદેવનો પ્રભાવના ઉદય જગતનું કલ્યાણ કરો.

ૐ

# પંચકલ્યાણક–પ્રવચનો

## (૩)

## લાઠી–પ્રતિષ્ઠા મહોત્સવનાં પ્રવચનો

૧. ગર્ભકલ્યાણક પ્રવચન.....

૨. જન્મકલ્યાણક પ્રવચન.....

૩. દીક્ષાકલ્યાણક પ્રવચન.....

૪. જ્ઞાનકલ્યાણક પ્રવચન.....

૫. નિર્વાણકલ્યાણક પ્રવચન.....

મહોત્સવનાં સંસ્મરણો.....

# ધન્ય તારો અવતાર

વૈરાગ્ય થતાં ભગવાન ભાવના કરે છે કે—"રાગ બાકી રહ્યો તેથી આ અવતાર થયો. હવે તે રાગ છેદી આ ભવે હું મારી મુક્તદશા પ્રગટ કરવાનો છું; સંસારના ભોગ ખાતર મારો અવતાર નથી પણ આત્માના મોક્ષ ખાતર મારો અવતાર છે.....હું ભગવાન થવા અવતર્યો છું.....આ સંસાર, શરીર ને ભોગોથી ઉદાસીન થઈ અસંસારી, અશરીરી ને અભોગી એવા અતીન્દ્રિય આત્મસ્વભાવમાં લીન થઈને, વનજંગલમાં ચૈતન્યના આનંદની મસ્તીમાં ઝૂલવા માટે મારો અવતાર છે."—એ પ્રમાણે ભગવાન સંસારથી વિરક્ત થઈ આત્માના આનંદના વળાંકમાં વળ્યા.

અહો! ધન્ય એ મુનિદશા! મુનિઓ કહે છે કે "અમે તો ચિદાનંદસ્વભાવમાં ઝૂલનારા છીએ; અમે આ સંસારના ભોગ ખાતર અવતર્યા નથી.....અમે હવે અમારા આત્મસ્વભાવમાં વળીએ છીએ. હવે અમારે સ્વરૂપમાં ઠરવાના ટાણાં આવ્યાં છે. અંતરના આનંદકંદ સ્વભાવની શ્રદ્ધા સહિત તેમાં રમણતા કરવા જાગ્યા તે ભાવમાં હવે ભંગ પડવાનો નથી. અનંતા તીર્થંકરો જે પંથે વિચર્યા તે જ પંથના ચાલનારા અમે છીએ."

*—લાઠી : દીક્ષાકલ્યાણક–પ્રવચનમાંથી.*






શ્રી સીમંધરસ્વામીનું સનાતન દિગંર જિનમંદિર, લાઠી


શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## (૧)

# કઈ પ્રવૃત્તિથી જીવને ધર્મ થાય?

(શ્રી લાઠી શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન વીર સં. ૨૪૭૫ ના જેઠ સુદ ૧ ના રોજ પ્રભુશ્રીના ગર્ભકલ્યાણક પ્રસંગે શ્રી પ્રવચનસાર ગા. ૧૯૪ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન.)



### (૧) શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ તે ધર્મ

આત્માને ધર્મ કેમ થાય તેની આ વાત છે. 'હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. આત્માની ક્ષણિક અવસ્થામાં વિકાર થાય તે મારું કાયમી સ્વરૂપ નથી, હું કાયમી જાણનાર–દેખનાર સ્વરૂપે ધ્રુવ છું. એવો મારો સ્વભાવ જ મને શરણભૂત છે'—એમ જે શુદ્ધ આત્માને જાણે છે તેને જ તે શુદ્ધાત્મામાં પ્રવૃત્તિદ્વારા શુદ્ધ–આત્મપણું હોય છે. ધ્રુવ આત્માને જાણીને તેમાં પ્રવૃત્તિ કરવી તે જ ધર્મ છે; એ જ ધર્મી જીવની પ્રવૃત્તિ છે. જીવ જો પહેલાં શુદ્ધ આત્માને જાણે તો તેને તેમાં પ્રવૃત્તિ થાય. જેણે પોતાના શુદ્ધ આત્માને જાણ્યો નથી તેને તેમાં પ્રવૃત્તિરૂપ ધર્મ થતો નથી. પરવસ્તુ કે તેના લક્ષે થતા શુભાશુભ ભાવ તે કોઈ મને શરણ નથી, હું તેનાથી રહિત શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું, તે જ મારું શરણ છે— એમ જેણે જાણ્યું છે તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા ધર્મ થાય છે. શુદ્ધાત્માનું જ્ઞાન અને તેમાં પ્રવૃત્તિ—એમ ક્રમની વાત સમજાવી છે, પણ ખરેખર તો શુદ્ધાત્મા તરફ વળીને તેનું જ્ઞાન કર્યું ત્યાં તે જ્ઞાન ભેગી જ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ થઈ ગઈ, અને મોહનો ક્ષય થઈ ગયો. પણ પહેલાં શુદ્ધાત્માને જાણ્યો, પછી શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ થઈ અને પછી મોહનો ક્ષય થયો—એમ ક્રમભેદ નથી.

દેહની પ્રવૃત્તિથી કે શુભરાગની પ્રવૃત્તિથી ધર્મ નથી પણ શુદ્ધ આત્મામાં પ્રવૃત્તિથી જ ધર્મ થાય છે; પહેલાં શુદ્ધ આત્માને ખ્યાલમાં લેવો જોઈએ. શુદ્ધાત્માને જાણતાં અંદરમાં પરથી જુદા પડવાની પ્રવૃત્તિરૂપ જે ક્રિયા થાય તે ધર્મ છે. માટે શુદ્ધાત્મામાં પ્રવૃત્તિરૂપ ક્રિયાનો અભ્યાસ કરવો જોઈએ. માત્ર શરીર હાલે-ચાલે તેનું નામ જ ક્રિયા નથી પણ અંદર આત્માની ઓળખાણ કરીને તેમાં એકાગ્ર થવું તે પણ ક્રિયા છે, ને તે જ ધર્માત્માની ધર્મક્રિયા છે, શરીરની ક્રિયા તે તો જડની ક્રિયા છે.

જે જીવો શુદ્ધ આત્માને જાણે છે તેને જ તેમાં પ્રવૃત્તિ હોય છે—એમ કહેવામાં દરેક જીવનું ભિન્નપણું પણ આવી ગયું. એક જીવ શુદ્ધ આત્માને જાણે તેથી બીજાને કાંઈ લાભ થાય એમ બનતું નથી; સૌ સ્વતંત્ર છે. વળી શુદ્ધ આત્માને જાણ્યા પછી તો બહારનું કાંઈ કરવાનું આવતું હશે ને! એમ કોઈ માને, તો કહે છે કે ના; શુદ્ધ આત્માને જાણ્યા પછી તેમાં જ પ્રવૃત્તિ દ્વારા મોહનો નાશ થાય છે. બહારની પ્રવૃત્તિ તો આત્મા ક્યારેય કરી શકતો જ નથી. બહુ તો પુણ્ય–પાપના ભાવની પ્રવૃત્તિ કરે, તે વિકારી પ્રવૃત્તિ છે, તેમાં ધર્મ નથી. હું શુદ્ધ આત્મા ધ્રુવ છું, એનો જ મને આધાર છે—એમ સત્સમાગમે પાત્રતાથી જાણીને તેમાં પ્રવૃત્તિ કરવી તે ધર્મ છે; એ જ ધર્મી જીવની પ્રવૃત્તિ છે.

શરીર–મન–વાણીની અવસ્થારહિત ને પુણ્ય–પાપથી જુદો એવો ધ્રુવ જ્ઞાનાનંદસ્વભાવી આત્મા હું છું. પર્યાયમાં જે ક્ષણિક શુભ–અશુભ પરિણામ થાય છે તે વિકારી પરિણામ વડે બહારમાં કાંઈ થતું નથી તેમ જ તે પરિણામ વડે અંતર્સ્વભાવમાં પણ વળી શકાતું નથી; માટે તે વિકારી પરિણામો નિરર્થક છે, તે જીવને શરણભૂત નથી, ધ્રુવ ચૈતન્ય સ્વભાવ જ શરણભૂત છે.—આમ જેણે શુદ્ધ આત્માની શ્રદ્ધા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કરી તેને તેમાં પ્રવૃત્તિ દ્વારા શુદ્ધ–આત્મપણું હોય છે. એ સિવાય બીજા કોઈ કારણે શુદ્ધાત્મપણું થતું નથી. શુદ્ધ આત્મસ્વભાવને જાણ્યા પછી કોઈ બીજી પ્રવૃત્તિથી શુદ્ધતા થતી નથી, પરંતુ પછી પણ તે શુદ્ધાત્મામાં જ પ્રવૃત્તિથી આત્માને શુદ્ધતા થાય છે. બહારનું તો આત્મા કરી શકતો જ નથી. એટલે પહેલાં કે પછી તે કરવાનો પ્રશ્ન જ રહેતો નથી.

## (૨) આત્માની સમજણ પછીની ક્રિયા

ઘણા પૂછે છે કે આત્માની સમજણ પછી તો આ દેહાદિની ક્રિયા કરવાનું આવશે ને?—પણ ભાઈ! આત્મા જે કરી શકતો હોય તેમાં 'પહેલાં કે પછી' કરવાનો પ્રશ્ન ઊઠે ને? પણ જે કદી કરી શકતો જ નથી તેમાં પહેલાં કે પછી કરવાનો પ્રશ્ન શું? જેમ કોઈ કહે : સસલાનાં શીંગડાં હમણાં કાપવા કે પછી? –પણ શીંગડાં છે જ નહિ પછી તેમાં 'હમણાં કે પછી'નો પ્રશ્ન જ ક્યાંથી હોય? તેમ કોઈ કહે : શરીરની ક્રિયા કરવાનું પછી તો આવશે ને? તો જ્ઞાની કહે છે કે અરે ભાઈ! તું એટલું તો સમજ કે તું આત્મા છે ને શરીરની ક્રિયા તું કરી શકતો નથી; તો પછી શરીરની ક્રિયા ક્યારે કરવી તે પ્રશ્ન જ રહેતો નથી. પહેલાં કે પછી જે કરી શકાતું હોય તે કરવાનું આવે, કે જે ન કરી શકાતું હોય તે કરવાનું આવે? પહેલાં અજ્ઞાનભાવ વખતે પણ જીવ માત્ર વિકારને જ કરે છે, શરીરની ક્રિયાને તો તેણે કદી કરી નથી. અને સમજ્યા પછી પણ આત્મામાં એકાગ્રતારૂપી ક્રિયા કરવાનું આવે છે. શુદ્ધ-ધ્રુવસ્વભાવને જાણીને તેમાં જ પ્રવૃત્તિથી ધર્મ થાય છે. વચ્ચે પૂજા-ભક્તિ-દયા-દાન વગેરે શુભભાવરૂપ પ્રવૃત્તિ આવે પણ તે પ્રવૃત્તિથી ધર્મ નથી. સાક્ષાત્ સર્વજ્ઞદેવ તરફનો રાગ તે પણ પુણ્યપ્રવૃત્તિ છે, ધર્મપ્રવૃત્તિ નથી. વચ્ચે તે શુભરાગ ભલે હો પણ તે દ્વારા કલ્યાણ ત્રણકાળમાં નથી. નિમિત્તદ્વારા, વિકારદ્વારા કે વ્યવહારની પ્રવૃત્તિદ્વારા ધર્મ થતો નથી પણ શુદ્ધ આત્મામાં પ્રવૃત્તિદ્વારા જ ધર્મ થાય છે. ધર્મ તે કોઈ બાહ્યથી મળતી ચીજ નથી પણ આત્માની સ્વતંત્ર સ્વાવલંબી દશા છે. પહેલાં માર્ગ નક્કી કરવો જોઈએ કે મારા શુદ્ધ

ચૈતન્યઘન સ્વભાવને જાણીને તેમાં એકાગ્રતા કરું તે જ મારો ધર્મ છે. બીજી પ્રવૃત્તિ વચ્ચે આવે તો ભલે હો, પણ તે પ્રવૃત્તિમાં મારો ધર્મ નથી. નિમિત્ત તો મારાથી જુદી પરવસ્તુ છે, તેના દ્વારા મારું કલ્યાણ હોય નહિ ને પુણ્ય પરિણામ વિકાર છે તેના દ્વારા પણ મારું કલ્યાણ નથી. હું જ્ઞાતાસ્વભાવી ધ્રુવ છું. મારા ધ્રુવસ્વભાવના આશ્રયે જ મારું કલ્યાણ છે.—આમ જેણે જ્ઞાનદ્વારા નિશ્ચય કર્યો તેને તેમાં જ પ્રવૃત્તિદ્વારા ધર્મ થાય છે.

## (૩) સમ્યગ્દષ્ટિની પ્રવૃત્તિ

અહો! જ્ઞાનપ્રકાશી ભગવાન આત્માનો નિર્ણય કર્યા વગર જીવને કદી ધર્મ થાય નહીં. અંતરમાં આ વાત સમજવા માગે તો આઠ વર્ષની બાલિકા પણ ક્ષણમાં સમજી લ્યે છે, અને ન સમજવા માગે તો દ્રવ્યલિંગી થઈને અબજો વર્ષ સુધી વ્યવહારચારિત્ર પાળનારા પણ નથી સમજતા. અંતરમાં શુદ્ધ આત્મા સિવાય બીજે રુચિ પડી હોય તો ક્યાંથી સમજાય? અંતરમાં જેને શુદ્ધ આત્મા સમજવાની રુચિ થાય તે આ વાત બરાબર સમજી શકે. આત્મામાં સમ્યગ્દર્શન કેમ થાય ને મોહ કેમ ટળે તેની આ વાત છે. વ્યાખ્યામાં ક્રમ પડે છે પણ 'પહેલાં શુદ્ધાત્માને જાણે અને પછી તેમાં પ્રવૃત્તિ થાય' એમ ભેદ નથી. શુદ્ધાત્માનું જ્ઞાન અને તેમાં પ્રવૃત્તિ એ બંને એક સાથે જ છે, સમજાવવામાં ક્રમ પડ્યો છે. કોઈ કહે કે 'અમે શુદ્ધ આત્માને જાણ્યો છે પણ અમારી પ્રવૃત્તિ તો હજી બહારમાં જ રહે છે, શુદ્ધાત્મામાં જરાય પ્રવૃત્તિ થતી નથી'—તો એમ કહેનારે શુદ્ધ આત્માને જાણ્યો જ નથી. શુદ્ધ આત્માના અપાર મહિમાને જાણે અને તેમાં પ્રવૃત્તિ ન થાય એમ બને જ નહિ. અહીં પહેલાં તો સમ્યગ્દર્શનની પ્રવૃત્તિની વાત છે, તે જ પહેલો ધર્મ છે. આ સિવાય, મિથ્યાદષ્ટિઓ બીજી રીતે ધર્મ મનાવે છે તે ધર્મની રીત નથી. અહીં તો અસ્તિથી વાત લીધી કે '.....તેને શુદ્ધાત્મત્વ હોય છે.' અને અનાદિની મોહ દુર્ગ્રંથીનો નાશ થઈ જાય છે—એમ નાસ્તિની વાત પણ પછી કહેશે. ટીકામાં અસ્તિ–

નાસ્તિથી કથન કરવાની અમૃતચંદ્રાચાર્યદેવની ખાસ શૈલી છે.

## (૪) પ્રતિષ્ઠાનો મહોત્સવ અને ધર્મીનો ધર્મ

જુઓ, આ પ્રતિષ્ઠાના મહોત્સવમાં આત્માના સ્વભાવની આ વાત સમજે તો પોતાના આત્મામાં ધર્મની પ્રતિષ્ઠા થાય. આ જિનમંદિર, પ્રતિમા વગેરે બહારનું તો જે સમયે બનવાનું હોય તે સમયે તેના કારણે બને છે; રાગી જીવને પોતાના કારણે શુભભાવ થાય પણ જીવના શુભભાવને કારણે બહારનું કાંઈ થતું નથી, તેમ જ બહારનું થવાનું હતું માટે જીવને શુભરાગ થયો—એમ પણ નથી. બહારનું સ્વયં થાય ત્યારે શુભભાવવાળો જીવ નિમિત્ત કહેવાય છે. ત્યાં બહારની જે ક્રિયા થઈ તેનાથી તો ધર્મ નથી ને શુભભાવથી પણ ધર્મ નથી. હજી આત્મા પોતાના સ્વભાવથી શુભનો પણ કર્તા નથી તો પછી બહારમાં જડની ક્રિયાને આત્મા કરે એ અજ્ઞાનીની વાત ક્યાં રહી? વીતરાગી ભગવાનની પ્રતિષ્ઠા વગેરેનો શુભવિકલ્પ તો જ્ઞાની તેમજ અજ્ઞાની બંનેને આવે; પણ, બહારની ક્રિયા હું કરું છું એવી ઊંધી માન્યતાવાળો અજ્ઞાનીજીવ તે શુભ વખતે મિથ્યાત્વસહિતના પુણ્યને બાંધે છે અને ધર્મી જ્ઞાનીને તે શુભ વખતે શુદ્ધ-આત્માનું ભાન છે. આ શુભ વડે હું બહારનું કામ કરું છું—એમ તે માનતા નથી, તેમ જ તે શુભથી આત્માને ધર્મ થાય છે એમ પણ તે માનતા નથી; એટલે તે શુભવિકલ્પ વખતે પણ શ્રદ્ધાના જોરે શુદ્ધ આત્મા તરફનું વલણ રહ્યું, તેનાથી જ ધર્મીને ધર્મ થાય છે. એ રીતે ધર્મનો આધાર તો આત્મા જ છે. લોકો બાહ્યના આધારે ધર્મ માનીને ભટકી રહ્યા છે. ભગવાન તો માતાના ગર્ભમાં અવતર્યા ત્યારે પણ શુદ્ધ આત્માના ભાન સહિત હતા.

## (૫) એક ને એક બે

આ તો સર્વજ્ઞથી સિદ્ધ થઈ ગયેલી, વસ્તુના વ્યવસ્થિત સ્વભાવની વાત છે. જેમ એક ને એક બે જ થાય (૧+૧=૨) તેમાં

કદી ફેર ન પડે, તેમ આ ભગવાન સર્વજ્ઞદેવે કેવળજ્ઞાન દ્વારા જોયેલું અને જેમ છે તેમ કહેલું વસ્તુનું અબાધિત સ્વરૂપ છે, તેમાં કદી ફેર પડે તેમ નથી.

## (૬) આત્મભ્રાંતિથી સંસારભ્રમણ છે તે કેમ મટે?

ભગવાન! અનાદિકાળથી આત્માની ભ્રાંતિને લીધે તું આ સંસારમાં રખડી રહ્યો છે. તે ભ્રાંતિ અને સંસારભ્રમણ ટાળવાનો ઉપાય શું? તેની આ વાત છે. શરીર-મન-વાણી વગેરે જડની ક્રિયા હું કરું એવી માન્યતા, કે વિષયભોગોમાં સુખબુદ્ધિ તે ભ્રમ છે—અજ્ઞાન છે—પાખંડ છે—અધર્મ છે—દુઃખ છે. તે કેમ મટે? બાહ્ય પદાર્થોથી હું અત્યંત ભિન્ન છું, કોઈ બાહ્ય પદાર્થો મને શરણભૂત નથી, હું શુદ્ધ આત્મા ધ્રુવ છું તે જ મારું શરણ છે, તેમાં જ મારું સુખ છે—એમ નિર્ણય કરતાં તેમાં પ્રવૃત્તિદ્વારા આત્માની શુદ્ધતા થાય છે, તે જ ભ્રમ ટાળવાનો ઉપાય છે, તે દ્વારા જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. સાધકને વચ્ચે વ્યવહાર આવે પણ તેનાથી નિર્મળતા થતી નથી, નિર્મળતા તો શુદ્ધાત્મામાં પ્રવૃત્તિથી જ વધે છે. સમ્યગ્દર્શન પછી પણ ક્ષણે ક્ષણે શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ તે જ ચારિત્રની વૃદ્ધિનું કારણ છે. જેટલો રાગ થાય તે શુદ્ધાત્મામાં પ્રવૃત્તિની કચાશથી થાય છે.

સમ્યગ્દર્શન કેમ થાય અને મિથ્યાત્વ કેમ ટળે? તેની આ વ્યાખ્યા છે. પોતાને માટે પોતાનો શુદ્ધાત્મા જ ધ્રુવ છે ને બીજું બધું અધ્રુવ છે. તેથી પોતાનો શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવા જેવો છે—એમ નક્કી કરીને શુદ્ધાત્માની ઉપલબ્ધિથી મોહનો ક્ષય થાય છે. એટલે કહ્યું કે—આ યથોક્ત વિધિ વડે શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે, તેને તેમાં જ પ્રવૃત્તિદ્વારા શુદ્ધાત્મતત્ત્વ હોય છે; તે શુદ્ધાત્મતત્ત્વની પ્રાપ્તિને લીધે અનંતશક્તિવાળા ચિન્માત્ર પરમ આત્માનું એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન હોય છે; અને તેથી.....અનાદિ સંસારથી બંધાયેલી અતિદઢ મોહ દુર્ગ્રંથિ છૂટી જાય છે. ધ્રુવ સ્વભાવનું જ્ઞાન, તેમાં પ્રવૃત્તિ અને

મિથ્યાત્વનો નાશ એક સાથે જ છે, પણ અહીં ક્રમથી સમજાવ્યું છે. વાણીથી કહેતાં વાર લાગે છે પણ સમજવામાં ને ઠરવામાં વાર લાગતી નથી. શુદ્ધાત્મામાં એકાગ્ર થયો ત્યાં જ અનંતશક્તિવાળા પરમાત્મસ્વભાવની એકાગ્રતારૂપ ધ્યાન થયું. 'ચિંતાનો નિરોધ તે ધ્યાન' એ વાત નાસ્તિથી છે, તે ધ્યાનનું ખરું લક્ષણ નથી. પણ એકલા શુદ્ધાત્મસ્વભાવનું જ સંચેતન રહી જાય ને બીજી ચિંતા છૂટી જાય—તેનું નામ ખરું ધ્યાન છે; એવા આત્મધ્યાનથી મોહનો ક્ષય થઈને સંસારપરિભ્રમણ ટળે છે.

## (૭) અનંત ચૈતન્યશક્તિસંપન્ન ભગવાન આત્મા

આત્મા કેવો છે? અનંત શક્તિવાળો ચિન્માત્ર આત્મા છે. ચિન્માત્ર સ્વભાવમાં રાગદ્વેષ નથી; તેમાં અનંતચૈતન્યશક્તિ છે એટલે કે અનંતનું જ્ઞાન કરે તેવી શક્તિ છે, પણ કોઈનું કાંઈ કરી દ્યે એવી શક્તિ તો તેનામાં બિલકુલ નથી. જેમ દીવાસળીના ટોપકામાં ભડકો થવાની તાકાત રહેલી છે તેમ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાં કેવળજ્ઞાન થવાની તાકાત છે. પર્યાયમાં એક સમયની મલિનતા છે તે ત્રિકાળી સ્વભાવમાં નથી. એક સમયનો વિકાર પણ પર્યાયદૃષ્ટિથી છે, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી તો એક સમયનો વિકાર પણ ચૈતન્યશક્તિસંપન્ન ભગવાન આત્મામાં નથી, શુદ્ધ ચિન્માત્ર જ આત્મા છે. આત્માને 'જ્ઞાનમાત્ર' કહ્યો એટલે તેમાં પુણ્ય નથી, પાપ નથી; પણ 'જ્ઞાનમાત્ર' કહેવાથી કાંઈ તેના આનંદ વગેરે ગુણો તેમાંથી નીકળી જતા નથી, તે તો બધા 'જ્ઞાનમાત્ર'માં જ અભેદપણે આવી જાય છે.

શુદ્ધ આત્મદ્રવ્યના શરણે નિર્મળદશા પ્રગટી અને કાયમ તેવી નિર્મળ પર્યાય થયા કરશે. આત્મામાં અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ્યા જ કરે એવી શક્તિ વર્તમાનમાં ભરી છે, એટલે આત્મા અનંતચૈતન્યશક્તિવાળો છે. આત્મા ક્ષેત્રથી અનંત નથી પણ શક્તિથી અનંત છે. આત્માનું ક્ષેત્ર મર્યાદિત છે પણ તેનું જ્ઞાનસામર્થ્ય

અમર્યાદિત છે. તે જ્ઞાનસામર્થ્ય વડે જ આત્માનો મહિમા છે, ક્ષેત્રથી મહિમા નથી. અંતર્મુખ થઈને એકાગ્રતાથી કેવળજ્ઞાન થાય છે પણ બહારમાં ફેલાઈને એકાગ્ર થવું પડતું નથી. ક્ષેત્રથી સર્વવ્યાપક થાય તો જ આત્માને કેવળજ્ઞાન થાય—એમ જે માને છે તેણે આત્માના જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી. જ્ઞાન પોતાના સ્વભાવમાં જ વ્યાપીને લોકાલોકને જાણે છે, પણ લોકાલોકને જાણવા માટે તેને લોકાલોકમાં વ્યાપવું પડતું નથી. એ જ પ્રમાણે અંતરની એકાગ્રતાથી જ સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન થાય છે. માટે પોતામાં જ અનંતશક્તિ ભરેલી છે. જે આવા શુદ્ધ આત્માને જાણે તેને જ તેમાં પ્રવૃત્તિદ્વારા શુદ્ધાત્મત્વ હોય છે અને તેને અનંત શક્તિવાળા ચૈતન્યમાં એકાગ્રસંચેતનરૂપ ધ્યાન હોય છે. અહીં શુદ્ધાત્માનું જ્ઞાન, તેમાં પ્રવૃત્તિ અને તેનું ધ્યાન–એવા ત્રણ પ્રકાર કહ્યા પણ તે ત્રણ ભેદરૂપ નથી, એક સાથે જ છે. જ્યાં આવું શુદ્ધાત્મપણું થયું ત્યાં જ જીવ સમ્યગ્દ્રષ્ટિ છે અને તેનો મોહ ક્ષય થઈ ગયો છે.

## (૮) ધ્યાન કોને કહેવું? અને તે કોને હોય?

ચિત્તનો નિરોધ કરવો તે ધ્યાન છે–એમ એકલી નાસ્તિની વાત છે તે બરાબર નથી; પણ એકાગ્રસંચેતન તે ધ્યાનનું લક્ષણ છે, તેમાં અસ્તિથી વાત છે. શેમાં એકાગ્રતાથી ચિંતાનો નિરોધ થાય? સ્વરૂપમાં એકાગ્રતા વગર ચિંતાનો નિરોધ કોઈ રીતે થાય નહિ. હું પરમોત્કૃષ્ટ ચૈતન્યઘન મોજૂદ આનંદકંદ છું–એમ જાણીને તેમાં એકાગ્ર થયો ત્યાં એક શુદ્ધાત્મા જ અગ્ર રહ્યો એટલે કે એક શુદ્ધ આત્મા જ વિષય રહ્યો, —એને જ ચૈતન્યનું નિર્વિકલ્પ ધ્યાન કહેવાય છે. જ્ઞાન, ચૈતન્યસ્વભાવમાં જ ટક્યું ત્યાં બીજા વિષયોમાંથી ચિત્તનો નિરોધ સહેજે થઈ જાય છે. સ્વની અસ્તિમાં પરની નાસ્તિ આવી જાય છે. શુદ્ધ આત્માને જ વિષય બનાવીને તેનું લક્ષ કરતાં નિમિત્ત તેમ જ વિકાર વગેરે લક્ષમાંથી ખસી ગયા, ને એકલા શુદ્ધાત્માનો અનુભવ રહ્યો. આવા અનુભવથી મોહનો ક્ષય થઈ જાય છે.

એવો અનુભવ કોને થાય? જગતમાં સ્વ અને પર તત્ત્વો છે, તેઓ સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે અને દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છે,—એમ જાણીને પરથી ભિન્ન, પોતાના ધ્રુવસ્વભાવ તરફ વળે તેને શુદ્ધાત્માના અનુભવરૂપ ધ્યાન હોય છે. પણ જો સ્વતંત્ર સ્વયંસિદ્ધ આત્માને ન માને, આત્માથી ભિન્ન પર તત્ત્વોને ન માને, એકેક આત્મામાં અનંત ગુણ છે તેને ન માને અને તેની વર્તમાન અવસ્થામાં વિકાર થાય છે તેને ન માને, —તો તે જીવને ચૈતન્યસ્વભાવમાં એકાગ્રતારૂપ ધ્યાન કરવાનું બનતું નથી.

'જ્ઞાન ભગવાન' આત્મા છે તે જ્ઞાતાદૃષ્ટા છે, તેમાં વિકારનો અભાવ છે પણ જ્ઞાન સાથે સુખ, શ્રદ્ધા, વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા વગેરે અનંત શક્તિઓ છે. જે જીવ ચૈતન્યનું ધ્યાન કરવા માંગે છે એટલે કે ધ્રુવસ્વભાવ તરફ વળીને તેમાં એકાગ્ર થવા માંગે છે તેને અનંત શક્તિથી અભેદ ચિન્માત્ર આત્મા ખ્યાલમાં આવે છે. અનુભવમાં એકલું જ્ઞાન જ નથી પણ જ્ઞાન સાથે અનંતગુણો હોય છે. જ્ઞાન સ્વમાં એકાગ્ર થતાં શાંતિ પણ થઈ એટલે કે સુખ થયું, વીર્ય બહારમાં કામ કરતું તે સ્વ તરફ વળ્યું, 'હું જ્ઞાયક છું' એમ સ્વીકારતી શ્રદ્ધા સ્વભાવ તરફ વળી, ચારિત્રમાં પણ અંશે સ્વરૂપરમણતા થઈ; એ રીતે ધ્રુવ ચૈતન્યમાં એકાગ્રતાથી જ્ઞાનાદિ અનંત શક્તિની નિર્મળતા પ્રગટ થાય છે. 'એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન' એમ કહીને આચાર્યદેવે ધ્યાનનું મહાન લક્ષણ બાંધ્યું છે. ચૈતન્યસ્વભાવના નિર્ણય વિના કોઈ એકલી રાગ-દ્વેષ ટાળવાની વાત કરે તો તે વાત જૂઠી છે. રાગ-દ્વેષ ટાળવા તે નાસ્તિથી છે, કોની અસ્તિમાં રહીને તેની નાસ્તિ કરશે? રાગ-દ્વેષરહિત, અનંત ચૈતન્યશક્તિવાળા આત્માને ઓળખીને તેમાં એકાગ્રતા કર્યા વગર રાગ-દ્વેષ-મોહ ટળતા નથી.

## (૯) અધર્મધ્યાન અને ધર્મધ્યાન; જીવની સ્વતંત્રતા

પહેલાં પોતાના ધ્રુવચૈતન્યતત્ત્વને ભૂલીને જીવ પોતાને બાહ્ય પ્રવૃત્તિનો કર્તા માનતો, તે અજ્ઞાન હતું. ત્યારે તો ક્ષણિક પુણ્ય-પાપને

જ કરતો અને ભોગવતો એટલે વિકારમાં એકાગ્રતારૂપ આર્ત અને રૌદ્રધ્યાન હતું, અર્થાત્ અધર્મધ્યાન હતું. હવે શુદ્ધસ્વભાવને જાણીને તે તરફ વલણ કર્યું તેને પરમાં એકાગ્રતા ટળીને શુદ્ધ આત્મસ્વભાવમાં એકાગ્રતારૂપ ધર્મધ્યાન થયું. સ્વભાવમાં વળતાં વિભાવનો નાશ થઈ જાય છે, સ્વભાવ તો ત્રિકાળી ધ્રુવ રહેનાર છે ને વિભાવ એક સમય પૂરતો છે. અવસ્થાની એક સમયની ભૂલથી પોતે પોતાના આખા સ્વભાવને ભૂલી રહ્યો છે. अपनेको आप भूलके हेरान हो गया—પોતે પોતાની ભૂલથી જ રખડે છે અને તે ભૂલને ભાંગ્યે પોતે ભગવાન થાય છે. કોઈ બીજો તેને રખડાવતો નથી ને કોઈ બીજો તેને તારતો નથી; એટલે આત્મા પોતે જ પોતાનો શત્રુ અને પોતે જ પોતાનો મિત્ર છે. ભગવાન આત્મા ઊંધાઈમાં પણ સ્વતંત્ર, ને સવળાઈમાં પણ સ્વતંત્ર છે.

## (૧૦) જીવ શું કરે ને શું ભોગવે?

દરેક જીવ પોતાના ભાવને ભોગવે છે; કોઈ જીવ બહારની ચીજને કરતો કે ભોગવતો નથી. મોઢામાં લાડવો પડ્યો હોય તે વખતે તે જીવ જડ—લાડવાને ભોગવતો નથી, પણ જે રાગ કરે તે રાગને ભોગવે છે. તેમ જ શરીરમાં તીવ્ર રોગ થયો તે વખતે તે રોગને જીવ ભોગવતો નથી પણ જો દ્વેષ કરે તો તે દ્વેષને ભોગવે છે. શુદ્ધાત્માના અનુભવમાં ધર્મી જીવ મુખ્યપણે રાગદ્વેષના કર્તા કે ભોક્તા થતા નથી, પણ સ્વભાવદષ્ટિમાં નિર્મળપર્યાયને કરે છે ને તેના આનંદને જ ભોગવે છે.

## (૧૧) ધર્મમાં પહેલાં, પછી ને છેલ્લે એક જ કર્તવ્ય

મારાથી બહારની અવસ્થા સરખી ચાલે એમ માનીને અજ્ઞાની જીવ પર તરફના રાગ-દ્વેષમાં જ્ઞાનને લીન કરતો, તે ભૂંડું ધ્યાન હતું; તે પલટો ખાઈને શ્રદ્ધાનું જોર ધ્રુવ આત્મા તરફ વળ્યું એટલે ચૈતન્યમાં એકાગ્રતા થઈ. ચૈતન્યસ્વભાવમાં એકાગ્રતા કરવી તે જ શરૂઆતમાં,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મધ્યમાં ને અંતમાં કરવાનું છે, અર્થાત્ પહેલેથી છેલ્લે સુધી તે એક જ મોક્ષમાર્ગ છે, વચ્ચે એ સિવાય બીજા ભાવ આવે તો તે મોક્ષમાર્ગ નથી—એમ જાણવું જોઈએ.

## (૧૨) શુદ્ધાત્માનું સંચેતન તે જ મોક્ષનું કારણ

ચૈતન્યને ચૂકીને પરમાં એકાગ્રતા તે ભૂંડું ધ્યાન છે; તેના બે પ્રકાર છે. (૧) તીવ્ર વિકારમાં એકાગ્રતા તે રૌદ્રધ્યાન અને (૨) સાધારણ વિકારમાં એકાગ્રતા તે આર્ત્તધ્યાન. ચૈતન્યમાં એકાગ્રતા થતાં તે બંને પ્રકારના ભૂંડા ધ્યાનો રહેતા નથી.

હું ચૈતન્યતત્ત્વ છું ને મારી વર્તમાન અવસ્થામાં રાગ-દ્વેષ છે, તે ટાળીને હું નિર્મળતા પ્રગટ કરવા માગું છું અને તે નિર્મળ અવસ્થા અનંતકાળ સુધી એવી ને એવી થયા કરે તેવી પ્રગટ કરવા માગું છું. તો તે નિર્મળ અવસ્થાઓ ક્યાંથી આવશે? જેમાં શક્તિપણે વિદ્યમાન હોય તેમાંથી તે પ્રગટે. મારા ધ્રુવ સ્વભાવમાં અનંતી નિર્મળ અવસ્થાઓ પ્રગટવાનું સામર્થ્ય છે.—આમ અનંત શક્તિવાળા ધ્રુવ ચૈતન્યને લક્ષમાં લઈને તે એકનું જ સંચેતન રહે તે મોક્ષનું કારણ છે; રાગનું સંચેતન રહે તો સંસારનો નાશ થાય નહિ. સમ્યગ્દૃષ્ટિને અસ્થિરતાનો રાગ હોવા છતાં, શ્રદ્ધામાં રાગનું સંચેતન નથી પણ શુદ્ધઆત્માનું જ સંચેતન છે.

## (૧૩) આત્માનું ધ્યાન કોને હોય?

ઘણા લોકો અંતરમાં તત્ત્વના નિર્ણય વિના ધ્યાનના બહાને મૂઢતા સેવતા હોય છે. ધ્યાનનું લક્ષણ શું? —કે એકાગ્રસંચેતન. ધ્યાન તે લક્ષ્ય છે ને એકાગ્રસંચેતન તેનું લક્ષણ છે. જેમાં એકલા આત્મસ્વભાવનું અનુભવન થાય તે આત્મધ્યાન છે. એવું ધ્યાન કોને હોય? બધા આત્માઓ સ્વતંત્ર ભિન્ન નથી, પરંતુ એક જ આત્મા છે એમ જે માને તેને એવું—પરથી ભિન્ન શુદ્ધ આત્માનું ધ્યાન ન હોય. આત્મા પરનું કરે કે પુણ્યથી ધર્મ થાય એમ જે માને તેને પણ શુદ્ધ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આત્માનું ધ્યાન ન હોય. આત્માને સર્વથા કૂટસ્થ અને શુદ્ધ માને તો તેને પણ ધ્યાન કરવાનું નથી રહેતું. અને આત્માને સર્વથા ક્ષણિક જ માને તો તેને પણ ધ્રુવના અવલંબન વગર ધ્યાન કોનું? વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ જાણ્યા વગર ધ્યાન હોઈ શકે નહિ. દરેક આત્મા સ્વતંત્ર છે. ધ્રુવ સ્વભાવથી આત્મા નિર્મળ છે ને એક સમયની અવસ્થામાં વિકાર છે, તે વિકાર ટળીને અવિકારી પર્યાય થઈ શકે છે–આમ બધા પડખાં જાણે તેને જ ધ્રુવસ્વભાવના અવલંબને આત્માનું ધ્યાન હોય છે. એ રીતે, ધ્યાનનું સ્વરૂપ કહ્યું તેમાં બધો વ્યવહાર તો આવી જાય છે પણ તેની મુખ્યતા નથી. જેમ હજારપૂટી અબરક થાય છે તે ક્ષય મટાડવામાં પુણ્ય હોય તો નિમિત્ત કહેવાય; તેમ અનેક ભેદોનું જ્ઞાન, જો અભેદ ધ્રુવસ્વભાવનું અવલંબન હોય તો મોહક્ષયમાં કારણ કહેવાય; અભેદના આશ્રય વગર એકલા ભેદને જાણવામાં રોકાય તો મોહનો ક્ષય થાય નહિ. અહીં તો મોહનો ક્ષય થાય–એવી અસ્તિની જ વાત છે.

## (૧૪) ચૈતન્યના ધ્યાન વડે અનાદિના મોહનો ક્ષય થઈ જાય છે.

ચૈતન્યસ્વભાવી આત્માના ધ્યાન વડે, સાકાર ઉપયોગવાળાને કે અનાકાર ઉપયોગવાળાને–બંનેને અવિશેષપણે એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ હોવાથી–અનાદિ સંસારથી બંધાયેલી અતિ દૃઢ મોહદુર્ગ્રંથિ છૂટી જાય છે.

એ રીતે મોહનો નાશ તે શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ છે. શુદ્ધાત્માની ઉપલબ્ધિ તે અસ્તિ છે, ને મોહનો નાશ તે નાસ્તિ છે; બંને એક સાથે જ છે.

અહીં સાકાર એટલે જ્ઞાન અને અનાકાર એટલે દર્શન. જ્ઞાનઉપયોગ ભેદ પાડીને બધું જાણે છે તેથી તેને સવિકલ્પ કહેવાય છે, અને દર્શનઉપયોગ ભેદ પાડ્યા વગર સામાન્યપણે બધું દેખે છે તેથી

તેને નિર્વિકલ્પ કહેવાય છે. તે સાકાર કે અનાકાર ઉપયોગવાળાને અવિશેષપણે શુદ્ધાત્માના ધ્યાન વડે મોહનો ક્ષય થઈ જાય છે. જ્ઞાન કે દર્શન બેમાંથી ગમે તે એક વેપાર ચાલતો હોય પણ એક શુદ્ધ આત્માનું જ સંચેતન હોવાથી તેમને અનાદિનો મોહ ક્ષય પામે છે.


ચૈતન્યસ્વભાવને ભૂલીને રાગ-દ્વેષને પોતાના માન્યા તે અનાદિસંસારથી બંધાયેલી મોહગ્રંથિ છે. જો કે ભૂલ તો એક જ સમયની છે પણ તે ભૂલનો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે. જો એક વાર પણ તે મિથ્યામાન્યતારૂપ મોહનો સર્વથા ક્ષય કરી નાખ્યો હોય તો ફરીથી મિથ્યાત્વ થાય નહિ. જેમ ચણામાંથી છોડ ને છોડમાંથી ચણો—એમ પ્રવાહપણે તે અનાદિ હોવા છતાં ચણાને શેકીને તેની ઉગવાની લાયકાતનો નાશ કરતાં તે પ્રવાહ અટકી જાય છે. તેમ આત્માની પર્યાયમાં ભૂલ અનાદિથી પ્રવાહરૂપે હોવા છતાં ચૈતન્યની શ્રદ્ધા વડે તેનો નાશ થઈ જાય છે. મોહની ગાંઠને અતિ દૃઢ કીધી, તેનો અર્થ એવો નથી કે તે છૂટી ન શકે. ઊંધા પુરુષાર્થ વડે બંધાયેલી અતિ દૃઢ મોહની ગાંઠ સ્વભાવના પુરુષાર્થ વડે ક્ષણમાં છૂટી જાય છે. મોહની અતિ દૃઢ ગાંઠ અનાદિની છે કેમ કે પૂર્વે અનાદિકાળમાં તેને છેદવાનો યથાર્થ ઉપાય કદી પણ કર્યો નથી. તે છેદવાનો પુરુષાર્થ પોતાના હાથમાં છે. શુદ્ધ આત્મસ્વભાવમાં વળતાં અતિ દૃઢ એવી મોહની દુર્ગ્રંથિ છેદાઈ જાય છે. જ્યાં સ્વભાવમાં એકાગ્રતાની અસ્તિ થઈ ત્યાં વિભાવમાં એકાગ્રતા ટળી ગઈ.

આ રીતે શુદ્ધાત્માની ઉપલબ્ધિથી મોહનો નાશ થાય છે.

હજી એ વાત વિશેષ કહેવાશે.

# અનંત જન્મ-મરણમાં રખડાવનારી મોહની ગાંઠ ક્યારે છૂટે ?

(શ્રી લાઠી શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં જેઠ સુદ ૩ ના દિવસે ભગવાનનો જન્મકલ્યાણક ઊજવાયો હતો; તે મહોત્સવ દરમિયાન શ્રી પ્રવચનસાર ગા. ૧૯૪ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન.)



## (૧૫) શુદ્ધ જ્ઞાયકસ્વભાવનું ધ્યાન

આત્મા દેહથી જુદો, જ્ઞાનસ્વરૂપ છે. તેનું જ્ઞાન ક્યાંક પર લક્ષે પુણ્ય-પાપમાં અટકે તે વિકાર છે. અનાદિથી પોતાના સ્વભાવને ભૂલીને રાગ-દ્વેષ શરીર-મન-વાણી વગેરેમાં પોતાપણાની માન્યતા કરી છે, તેનું નામ મિથ્યાત્વ અને અધર્મ છે. તે ઊંધી માન્યતા કેમ ટળે તેની વાત આ ગાથામાં આચાર્યદેવે સમજાવી છે.

જાણનારો આત્મા શરીરથી તદ્દન જુદો છે, તેના સ્વભાવમાં વિકાર નથી, પણ તે સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપમાં જ પોતાનું સ્વરૂપ માનીને તે ચોરાશીના અવતારમાં રખડે છે. ચૈતન્યને ચૂકીને અનાદિથી ઊંધું ધ્યાન કર્યું છે એટલે કે પરમાં જ રોકાણો છે ને પર લક્ષે થતા પુણ્ય-પાપને પોતાનો સ્વભાવ માન્યો છે. પુણ્ય-પાપમાં એકાગ્રતા તે મિથ્યાધ્યાન છે. પુણ્ય-પાપરહિત આત્માના શુદ્ધ જ્ઞાયકસ્વભાવનું ધ્યાન પૂર્વે અનંતકાળમાં એક સેકંડ પણ કર્યું નથી. હું ચૈતન્યસ્વભાવ છું–

એમ ઓળખીને તેમાં જ જ્ઞાન રોકાય તે ધર્મધ્યાન છે—તે આત્મધ્યાન છે. જો એક સેકંડ પણ એવું ધ્યાન કરે તો મુક્તિ થયા વિના રહે નહિ.

શરીરાદિની ક્રિયાઓ જડની છે, તે જડની ક્રિયાને હું કરું એમ માનવું તે ચૈતન્યમૂર્તિ આત્માનું અજ્ઞાન એટલે કે મિથ્યાધ્યાન છે. જેમ અરિસાની સ્વચ્છતા પોતાને અને પરને જણાવે છે, તેમ આત્માનો ચૈતન્યસ્વભાવ સ્વપર–પ્રકાશક અરીસો છે, તેમાં બધું જણાય છે. પણ, જેમ પોતાના પ્રતિબિંબરૂપે જણાતાં પદાર્થોને અરીસો પોતાનાં માનીને પકડી રાખતો નથી, તેમ જ્ઞાનદર્પણમાં શરીર-મન-વાણી દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પદાર્થો જ્ઞેયપણે જણાય એવો તેનો સ્વભાવ છે, પણ તે શરીરાદિને પોતાનાં માને કે તેમાં ફેરફાર કરે એવો જ્ઞાનદર્પણનો સ્વભાવ નથી. આવા જ્ઞાનસ્વભાવવાળા શુદ્ધ આત્માને જાણીને જ તેમાં પ્રવૃત્તિ કરે છે તેને તેનું ધ્યાન હોય છે, ને તે ધ્યાનમાં એક શુદ્ધ આત્માનું જ અનુભવન પ્રસિદ્ધ છે; તેથી તેને અનાદિનો મોહ નાશ પામી જાય છે. જે જ્ઞાન આત્મસ્વભાવ તરફ વળીને ઠર્યું તે જ્ઞાનમાં એક ભગવાન આત્માની જે પ્રસિદ્ધિ છે તે મોહનો અભાવ છે. જ્ઞાનની સ્વમાં એકાગ્રતા તેનું નામ સમ્યક્ધ્યાન છે ને એવું ધ્યાન કરનારને મોહની ઉત્પત્તિ થતી નથી એટલે અનાદિનો મોહ છૂટી જાય છે.

## (૧૬) ધર્મી જીવનો ક્રિયાકાંડ

હું જાણનાર છું—એમ નક્કી કરીને અંતર્સ્વભાવની દૃષ્ટિ કરી, તેમાંથી જ્ઞાનમાં એકાગ્રતાની પ્રસિદ્ધિ થઈ અર્થાત્ ધ્રુવ આત્મા પ્રસિદ્ધ થયો. અજ્ઞાનદશામાં વિકારને પોતાનો માનીને તેમાં એકાગ્ર થતો ત્યારે વિકારના વેદનની પ્રસિદ્ધિ હતી એટલે કે અનાત્માની પ્રસિદ્ધિ હતી; હવે ધર્મીને શુદ્ધ આત્માના અનુભવની પ્રસિદ્ધિ થઈ. મિથ્યાત્વથી સંસારમાં રખડતો તે ત્યાંથી ખસીને હવે સ્વભાવમાં પાછો ફર્યો, અને આત્મામાં એકાગ્ર થવા લાગ્યો.—આવી આત્મધ્યાનની દશામાં સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શન કોઈ બહારના ક્રિયાકાંડથી થતું નથી.

સમ્યગ્દર્શન એટલે આત્માનો સાક્ષાત્કાર, આત્માનું ભાન, આત્માનું ધ્યાન, આત્મામાં એકાગ્રતા—એ જ ધર્મી જીવનો ક્રિયાકાંડ છે.

## (૧૭) આત્મધ્યાનમાં જ આત્મકલ્યાણ

અહીં નિશ્ચયપ્રધાન વર્ણનથી ધ્યાનના લક્ષણમાં 'ચિંતાનો નિરોધ' એવી નાસ્તિની વાત ન લેતાં 'એકાગ્ર સંચેતન' કહીને એકલી શુદ્ધાત્માની અસ્તિની જ વાત કરી છે. તે 'અસ્તિ'ના ધ્યાનમાં મોહની નાસ્તિ થઈ જાય છે. હું શુદ્ધચૈતન્ય અખંડાનંદ પરિપૂર્ણ ધ્રુવ છું—એમ સંચેતન—અનુભવ કરવાથી આત્માનું ધ્યાન પ્રસિદ્ધ થાય છે ને મોહ નષ્ટ થાય છે.—આનું નામ અપૂર્વ ધર્મ છે, તેમાં જ આત્મકલ્યાણ છે, એ સિવાય બહારમાં ક્યાંય આત્મકલ્યાણ નથી.

## (૧૮) શુદ્ધાત્મામાં એકાગ્રતા તે જ મોક્ષનો માર્ગ

બહારના લક્ષે પુણ્ય-પાપના પરિણામ થાય તેમાં ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. પુણ્ય-પાપરહિત શુદ્ધ આત્મામાં એકાગ્રતા તે ધર્મ છે. જેમણે એવી પરિપૂર્ણ એકાગ્રતા પ્રગટ કરી છે એવા સર્વજ્ઞભગવાન છે. તે સર્વજ્ઞભગવાનને તેમ જ તેમના જેવા પોતાના ધ્રુવ આત્મસ્વભાવને ઓળખીને જે અંતરમાં વળ્યો તેને એકાગ્રસંચેતનરૂપ ધ્યાન હોય છે. પહેલાં શ્રદ્ધાની એકાગ્રતા થાય તે સમ્યગ્દર્શન છે, ચારિત્રની એકાગ્રતા થતાં વીતરાગતા થાય છે ને જ્ઞાનની પૂર્ણ એકાગ્રતા થતાં સર્વજ્ઞતા પ્રગટે છે. —એ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેમાં એક આત્મામાં જ એકાગ્રતા છે. એટલે આ 'સમ્યક્ એકાંત' છે, તેનું ફળ શું? —કે ત્યાં મોહનો ક્ષય થઈ જાય છે તે તેનું ફળ છે, એટલે કે સમ્યક્-એકાંતનું ફળ વીતરાગતા છે. 'સમ્યક્ એકાંત'માં એકલા શુદ્ધ આત્માની અસ્તિ છે ને તેમાં મોહની નાસ્તિ છે—એટલે ત્યાં પણ અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંત થઈ ગયો. સ્વભાવમાં એકાગ્રતા થાય ત્યાં મોહમાં એકાગ્રતા થતી નથી; શુદ્ધ આત્માની અસ્તિ તરફ વળતાં બીજા ભાવોની નાસ્તિ થઈ જાય છે. એ રીતે શુદ્ધાત્મામાં

એકાગ્રતા તે જ મોક્ષનો ધર્મ છે.

## (૧૯) જીવનું ભવભ્રમણ કેમ ન મટ્યું?

અહો! ચોરાશીના અવતારમાં રખડતાં જીવે બધુંય કર્યું પણ એક આવા શુદ્ધ આત્માનું ભાન કદી કર્યું નથી. આ દુર્લભ મનુષ્યભવ પામીને એ જ કરવા જેવું છે.

જુઓ, શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે—

યમ નિયમ સંયમ આપ કિયો,
પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો,
વનવાસ લયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો.

સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે,
મતમંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન વાર અનંત કિયો,
તદપિ કછૂ હાથ હજુ ન પર્યો.
અબ ક્યોં ન વિચારત હૈ મનસેં,
કછૂ ઓર રહા ઉન સાધનસેં.

જીવ અનંતકાળથી પંચમહાવ્રત, ભગવાનની ભક્તિ, દાન, શાસ્ત્રાભ્યાસ વગેરે કરી કરીને પણ સંસારમાં જ રખડ્યો છે, કેમ કે અંતરમાં ચિદાનંદી ભગવાન આત્મા કોણ છે તેનું એક સમય પણ તેણે ભાન કર્યું નથી. તે ભાન વગર સમ્યગ્દર્શન થાય નહિ ને સમ્યગ્દર્શન વગર ભવભ્રમણ મટે નહિ.

## (૨૦) ભગવાનનો જન્મકલ્યાણક

જુઓ, આજે તીર્થંકરભગવાનના પંચકલ્યાણકમાં જન્મકલ્યાણક મહોત્સવ છે. સમ્યગ્દર્શન વગર તીર્થંકરનામકર્મ કોઈ જીવને બંધાય

નહિ; પહેલાં સમ્યગ્દર્શન થયા પછી શુભ વિકલ્પથી તે કર્મ બંધાય છે. ભગવાનને પૂર્વે આત્મભાન સહિતની ભૂમિકામાં એવું તીર્થંકરનામકર્મ બંધાયું હતું. હવે ભગવાનના આત્માનો આ છેલ્લો અવતાર છે. ભગવાનનો જન્મ થતાં ઈન્દ્રો જન્મકલ્યાણક ઊજવવા આવે છે અને મેરુ પર્વત ઉપર લઈ જઈને ભગવાનનો જન્માભિષેક કરે છે. તેમાં ખરેખર તો પુણ્યનો મહિમા નથી પણ ભગવાનના આત્માના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો મહિમા છે, તેના વગર તીર્થંકરપદ હોતું નથી.

## (૨૧) અનાદિકાળમાં જીવે શું શું કર્યું? અને શું ન કર્યું?

જીવે અનાદિકાળમાં સમ્યગ્દર્શન વગર આકરા નિયમો લીધા, બાહ્ય ત્યાગ કર્યો, ઈન્દ્રિયદમન કર્યું, તપ કર્યાં, પણ અંતરમાં અખંડ ચૈતન્યસ્વભાવ છે તેમાં એકાગ્ર થયો નહિ; આત્માને લક્ષમાં લીધા વિના પરથી ને પુણ્યથી લાભ માનીને તેમાં અટકી રહ્યો છે. મોટા રાજપાટ છોડીને અથાગ ત્યાગ ને મંદકષાય કર્યો, મૌન રહ્યો, જંગલમાં ગૂફામાં જઈને કલાકોના કલાકો સુધી દૃઢ પદ્માસન લગાવીને બેઠો, —પણ તે તો બધો વિકાર અને જડની ક્રિયા છે, તેનાથી આત્માનું કાંઈ કલ્યાણ થયું નહિ. વળી અંદરના ચૈતન્યભગવાનને છોડીને બહારના ભગવાનના જપ જપ્યો ને ઢગલાબંધ ઉપવાસાદિ કરીને તપ તપ્યો, ઘર-બાર પ્રત્યે ઉદાસીનતા ધારણ કરી,—એમ પર લક્ષે બધું કર્યું, પણ તે બધાથી જુદો આત્મા પોતે કોણ છે તેની પ્રતીતિ કરી નહિ. શાસ્ત્રો વાંચ્યા ને વાદવિવાદ કરીને ખંડન-મંડન કર્યું— આવા આવા સાધન જીવે અનંતવાર કર્યા અને તેમાં ધર્મ માન્યો, છતાં હજી સુધી તેના ભવભ્રમણનો કાંઈ નીવેડો આવ્યો નથી, કેમકે મૂળભૂત સાધન બાકી રહી ગયું છે. માટે જ્ઞાની કહે છે કે—અરે પ્રભુ! તું કેમ હવે અંતરમાં વિચારતો નથી કે તે બધાથી બીજું શું સાધન બાકી રહ્યું? હે ભાઈ! એ મૂળભૂત સાધન સદ્ગુરુ વિના તારી મેળે નહિ સમજાય. શુદ્ધ આત્માનું સમ્યક્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના

જીવનું કલ્યાણ થયું નથી. સદ્‌ગુરુ વગર તેનો ભેદ જણાય નહિ. અરે આત્મા! તારી ચૈતન્યજાત બધાથી ભિન્ન છે. એમાં પુણ્ય-પાપ તે તારું સ્વરૂપ નથી, શરીરની ક્રિયાનું પ્રવર્તન પણ તારું નથી, તું તો જાણનાર ચૈતન્યમૂર્તિ છો. અંતરમાં આવા ચૈતન્યની મુખ્યતા તે જ સાચું સાધન છે, પણ સ્વચ્છંદે—સદ્‌ગુરુગમ વગર તે સમજાય તેમ નથી.

## (૨૨) જગતના જીવોની બહારમાં દોટ

ચૈતન્યતત્ત્વ અંતરમાં છે, તેને ભૂલીને જગતના જીવો બહારની ક્રિયામાં બહુ દોડ્યા. ધર્મ એવો આત્માનો સ્વભાવ, તેના ભાન વગર પુણ્ય-પાપ વડે બહારમાં દોડ કરી, પણ અંતરના ચૈતન્યનો ચમકાટ કાંઈ બહારની દોડથી ખીલે? તારા આત્મધર્મને ખીલવવા હે જીવ! તું ધીરો થા, ધીરો થઈને અંદરમાં ઊતર અને ગુરુગમને સાથે લે. અનંતકાળનું તારું અંતરંગ ચૈતન્ય તત્ત્વ તારા ખ્યાલમાં આવ્યું નથી અને તેં બહારમાં દોટ મૂકી છે. મનના વિકલ્પ વડે દોડ કરીને દયા-ભક્તિ વગેરે પુણ્યમાં ધર્મ માનીને રોકાણો, પણ જો શુદ્ધ આત્માની પ્રીતિથી વિચારે તો અંતરમાં સમીપ જ કલ્યાણ છે, પોતાનું કલ્યાણ પોતાથી દૂર નથી, પણ ગુરુગમથી ચૈતન્યમાં પ્રીતિ જોડવી જોઈએ.

## (૨૩) ધર્મનો એકડો ક્યાંથી શરૂ થાય?

અહો! હું પોતે પરમાત્મશક્તિનો ભંડાર પ્રભુ છું, જેટલા જીવો ભગવાન થયા તે બધાય અંતરમાં એકાગ્રતાથી જ થયા છે. હું પણ મારા સ્વભાવમાં એકાગ્રતાથી ભગવાન થાઉં એવું સામર્થ્ય મારામાં છે. હું—આત્મા જાણનાર દેખનાર છું. પર તરફનો વિકાર તે હું નથી—એમ સ્વભાવનો નિર્ણય કરવો તે જ સમ્યગ્દર્શન—પ્રાપ્તિનો અને મિથ્યાત્વના નાશનો ઉપાય છે. એ સિવાય બીજા ઉપાય તે પુણ્યબંધનું કારણ છે. શુદ્ધ આત્મસ્વભાવની એકાગ્રતાનું જે સંચેતન તે જ ધર્મ છે. પરમાં એકાગ્રતાથી વિકારની અને અજ્ઞાનની પ્રસિદ્ધિ હતી, હવે ભગવાન

આત્મા અંતરથી જાગ્યો ત્યાં ધ્યાનમાં ચૈતન્યની પ્રસિદ્ધિ થઈ. પહેલાં અજ્ઞાનભાવમાં આખો આત્મા અપ્રસિદ્ધ હતો અને હવે યથાર્થ ભાન થતાં જ્ઞાનમાં આખો આત્મા પ્રસિદ્ધ થયો–જાહેર થયો. આ તો હજી ચોથી ભૂમિકાની એટલે કે ધર્મના એકડાની વાત છે. પરમાત્માને તેરમું ગુણસ્થાન હોય, મુનિને છઠ્ઠું-સાતમું હોય, શ્રાવકને પાંચમું હોય, ને આ તો ચોથા ગુણસ્થાનની વાત છે એટલે મુનિ કે શ્રાવક થયા પહેલાં આત્માની સાચી શ્રદ્ધારૂપ ધર્મ કેમ થાય તેની આ વાત છે. અહીંથી જ ધર્મના એકડાની શરૂઆત થાય છે.

## (૨૪) મોહની દૃઢ પક્કડ ક્યારે છૂટે?

અંતરમાં વળીને ધ્રુવસ્વભાવમાં એકાગ્ર થયો ત્યાં 'એકાગ્રસંચેતન' થયું, તે જ સમ્યગ્દર્શનરૂપી ધ્યાન છે. સમ્યક્શ્રદ્ધાએ એક શુદ્ધ આત્માને જ ધ્યેયમાં લીધો તેનું નામ એકાગ્રસંચેતન છે; ને તે એકાગ્રસંચેતન હોવાથી અનાદિની દૃઢ મોહદુર્ગ્રંથિ છૂટી જાય છે, – સ્વભાવમાં એકાગ્ર થતાં વિભાવનો વ્યય થઈ જાય છે. જ્યાં સ્વભાવપણે ઉત્પાદ થયો ત્યાં વિકારનો ઉત્પાદ થતો નથી. જીવને અનાદિના મોહની ગાંઠ એવી દૃઢ છે કે સાક્ષાત્ તીર્થંકર ભગવાન આવીને કહે કે 'પુણ્ય વિકાર છે, તેનાથી આત્માનો ધર્મ થતો નથી' તોપણ ઊંધો જીવ પોતાની મોહગાંઠને છોડે નહિ. અજ્ઞાનીએ વિકારની રુચિની, મંકોડાની જેમ એવી પક્કડ કરી છે કે પ્રાણ જાય પણ છોડે નહિ. અનાદિથી અજ્ઞાનીને વ્યવહારની, પુણ્યની ને નિમિત્તની મુખ્યતાની પક્કડ છે તેને તે છોડતો નથી. ને જ્યાં સુધી વ્યવહારની, પુણ્યની અને નિમિત્તની મુખ્યતા ન છૂટે ત્યાં સુધી પરમાર્થ ચૈતન્યસ્વભાવની મુખ્યતા થાય નહિ, તેની મુખ્યતા વિના તેનું ધ્યાન થાય નહિ અને એના ધ્યાન વિના ધર્મ થાય નહિ.

## (૨૫) ધર્મમાં કોની મુખ્યતા?

અજ્ઞાની જીવ પોતાના અખંડાનંદ ચૈતન્યની મુખ્યતાની પ્રતીત

કરતો નથી ને વ્યવહારની મુખ્યતા પકડી છે તે છોડતો નથી. વ્યવહારની મુખ્યતાની પક્કડમાં પોતાની પર્યાય હણાય છે છતાં તે ઊંધી પક્કડ છોડતો નથી. જેમ પોતાની દેહપર્યાય હણાતી હોવા છતાં મંકોડો મુખની (–મુખ્યની) પક્કડ છોડતો નથી, તેમ અજ્ઞાનીએ પુણ્ય અને વ્યવહારના આશ્રયે ધર્મ માનીને તેની મુખ્યતાની પક્કડ કરી છે, તેમાં પોતાની પર્યાય હણાતી હોવા છતાં તે પક્કડને તે છોડતો નથી. અભેદસ્વભાવની મુખ્યતા અને ભેદ-વિકાર કે નિમિત્તની ગૌણતા ન કરે તો સમ્યગ્દર્શન થતું નથી ને મિથ્યાત્વ ટળતું નથી. સમ્યગ્દર્શન શુદ્ધઆત્માના ધ્યાનથી થાય છે ને ધ્યાનમાં એક શુદ્ધઆત્માની જ અગ્રતા–મુખ્યતા હોય છે. તેમાં એકાગ્રતાના સંચેતનની પ્રસિદ્ધિ થઈ– એટલે કે એક આત્માની જ મુખ્યતાનો અનુભવ થયો, પર નિમિત્તની– વિકારની કે ભેદની મુખ્યતાનો અનુભવ ન રહ્યો. આ સિવાય, જો નિમિત્ત સામે, વિકાર સામે કે ભેદ સામે જોયા કરે તો કદી મોહ ટળતો નથી. ભગવાનના ૐધ્વનિમાંથી આ વાત આવી કે –જે ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થયો તેને જ મોહગાંઠ છૂટી જાય છે. આત્મસ્વભાવની આવી સમજણ વગર ધર્મ થાય નહિ.

## (૨૬) ભગવાનનો ઉપકાર ક્યારે ?

ભગવાને કહેલો વસ્તુસ્વભાવ પોતે સમજે તો આરોપથી ‘ભગવાને મહાન ઉપકાર કર્યો’ એમ કહેવાય. પણ ‘સમજ્યા વિણ ઉપકાર શો ?’ પોતે સમજ્યા વગર ઉપકાર ક્યાંથી માનશે ? ભગવાને જે કહ્યું છે તે ગુરુગમે પોતે સમજે નહિ તો ઉપકાર કોનો માનશે ? પોતે સમજે તો જ સામા નિમિત્તમાં ઉપકારનો આરોપ આવે. પોતે સમજ્યા વગર ઉપકાર કોનો ? માલ વગરનું બારદાન કોનું ? જેવો માલ ભરે તેનું બારદાન કહેવાય. તેમ દેવ-ગુરુએ કહેલા ચૈતન્યસ્વભાવને જાણે તો દેવ-ગુરુમાં નિમિત્તપણાનો આરોપ પોતે કરે. આત્માની સમજણ વિના ક્યાંય ગાડું આઘું હાલે તેમ નથી. જીવે એક સમય પણ આત્માની સ્વભાવજાતને જાણવાનો પ્રયત્ન કર્યો નથી,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આત્માના સ્વભાવનો સીધો રસ્તો છોડીને ઊંધે રસ્તે જ દોડ્યો છે ને તેથી સંસારમાં રખડે છે.

## (૨૭) 'હતા ત્યાં ને ત્યાં.....'

એકવાર એક ભાઈ ગાડું જોડીને પાળીયાદથી બોટાદ જવા નીકળ્યા; ગાડું જોડીને રાત્રે હાંક્યું; પાંચ ગાઉ જવાનું હતું તેમાંથી જ્યાં થોડે દૂર—બાબરકોટના વોંકળા સુધી ગયા ત્યાં તો 'અંધારામાં' રસ્તો ભૂલીને બીજે રસ્તે ચડી ગયા. ત્રણ કલાકે ઘણું ચાલ્યા અને 'પરોઢિયું' થયું ત્યાં પૂછ્યું—'ક્યું ગામ?' સામેથી ઉત્તર મળ્યો 'પાળિયાદનું પાધર.' એને તો એમ હતું કે હવે બોટાદ આવ્યું હશે! પણ આ તો હજી પાળીયાદના જ પાધરમાં ઊભો છે. રસ્તો ભૂલ્યો એટલે હતા ત્યાં ને ત્યાં જ!

તેમ અજ્ઞાની જીવ મોક્ષનો સાચો માર્ગ શું છે તે જાણતો નથી ને પુણ્યને મોક્ષનો રસ્તો માને છે. પુણ્ય છે તો સંસારનો માર્ગ, પણ તે 'અજ્ઞાનભાવે' તેને મોક્ષનો માર્ગ માને છે. તે અજ્ઞાની જીવ પુણ્ય-પાપરૂપી બે બળદ જોડીને ઊંધા રસ્તે ગાડું હાંકી રહ્યો છે. પછી પૂછે છે—'કેટલી વાર છે મોક્ષને?' પણ જ્ઞાની કહે છે કે ભાઈ! તું તો હતો ત્યાં ને ત્યાં જ છો, —સંસારમાં ને સંસારમાં જ ઊભો છો. હજી તે મોક્ષનો સાચો રસ્તો જ ક્યાં જાણ્યો છે? અજ્ઞાનથી જ્યાં હતો ત્યાં ને ત્યાં જ છો. ભાઈ, તું રસ્તો ભૂલ્યો. માટે સદ્‌ગુરુને પૂછીને મોક્ષનો સાચો રસ્તો જાણ. સદ્‌ગુરુગમે સ્વભાવ—આશ્રિત મોક્ષનો માર્ગ જાણીને જ્ઞાનસ્વભાવનું વેદન કરતાં ભગવાન આત્માના અનુભવની પ્રસિદ્ધિ થાય છે ને મોહનો નાશ થાય છે; —આ જ મોક્ષનો માર્ગ છે, એ સિવાય બીજા રસ્તે મોક્ષમાં પહોંચાતું નથી.

શુદ્ધ આત્માના અનુભવથી મોહનો નાશ થાય છે. આથી મોહગ્રંથિનો ભેદ તે જ શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ છે. ત્રિકાળી શુદ્ધાત્માની પ્રતીતિ-અનુભવ તે અસ્તિ છે, ને મિથ્યાત્વનો નાશ તે નાસ્તિ છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## (૨૮) ભગવાનનો જન્મકલ્યાણક અને આત્મભાન

અહીં કહ્યો તેવા શુદ્ધ આત્માના ભાનસહિત જ શ્રી તીર્થંકરદેવનો આત્મા જન્મે છે. દેવ-દેવીઓ સેવા કરે છે, રત્નોની વૃદ્ધિ થાય છે ને ઈન્દ્રો જન્મકલ્યાણક ઊજવે છે—એ તો બધો પુણ્યનો પ્રભાવ છે. પણ એવા પુણ્ય કોને બંધાય? —કે જેને આત્માનું ભાન હોય ને પુણ્યની ભાવના ન હોય તેને જ, રાગથી તેવા પુણ્ય બંધાઈ જાય છે. તીર્થંકરપ્રકૃતિનું કર્મ બંધાય તે જો કે આત્માના ધર્મનું ફળ નથી પણ તે પ્રકૃતિ ધર્મીની ભૂમિકામાં જ બંધાય છે, આત્મજ્ઞાન પછી જ તીર્થંકરપ્રકૃતિ બંધાય છે. તે તીર્થંકર ભગવાનનો જન્મ થતાં ત્રણલોકમાં દિવ્ય અજવાળાં થાય છે. આજે અહીં ભગવાનના જન્મકલ્યાણક મહોત્સવનું દૃશ્ય થયું. અહીં તો ઉપચારથી નિક્ષેપ કરીને કલ્યાણક બતાવાય છે. સાક્ષાત્ ભગવાનના પંચકલ્યાણક તો કોઈ વિશેષ ભાગ્યશાળીને નજરે પડે છે; અને તેમાંય ખરેખર તો જે ચૈતન્યસ્વભાવના ભાન સહિત જુએ તેણે જ સાક્ષાત્ નજરે ભગવાનના કલ્યાણક જોયાં કહેવાય. બીજાએ તો માત્ર ભગવાનના બાહ્ય દેહાદિને જ જોયા, પણ સાચા ભગવાનને જોયા નહિ. આપણે તો અહીં પંચકલ્યાણક મહોત્સવમાં પણ આત્માની સમજણની મુખ્યતા છે. પંચકલ્યાણકમાં ગર્ભકલ્યાણક અને જન્મકલ્યાણકનાં દૃશ્યો થયા; હજી દીક્ષાકલ્યાણક, કેવળકલ્યાણક વગેરે દૃશ્યો થશે, તે બધું જોવા જેવું છે.

## (૨૯) ચૈતન્યચિહ્ન

પંચકલ્યાણકના ઉત્સવમાં જે શુભરાગ થાય તે આત્માનું લક્ષણ નથી પણ 'ચૈતન્ય' તે જ આત્માનું ચિહ્ન છે; તે ચૈતન્યચિહ્નને જાણ્યા વિના ધર્મ થાય નહિ. જેમ લૌકિકમાં અંક અને અક્ષરના જ્ઞાન વગર નામું લખાતું નથી, તેમ ધર્મમાં 'અંક' એટલે ચૈતન્યચિહ્ન અને 'અક્ષર' એટલે અવિનાશી ધ્રુવસ્વભાવ, તેને જાણ્યા વિના ધર્મ થતો નથી. જ્ઞાનલક્ષણથી અવિનાશી આત્માને જાણીને તેમાં એકાગ્રતાથી જ આત્મામાં ધર્મનું નામું કોતરાય છે.

## (૩૦) પંચમકાળના તીર્થંકર ને પંચમકાળના ગણધર

આ શાસ્ત્રના મૂળ સૂત્રોની રચના કરનાર ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ ૨૦૦૦ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રમાં સાક્ષાત્ મોજૂદ જંગલમાં વસતા હતા, તેઓ મહાન દિગંબર સંત હતા; અહો! આ પંચમકાળમાં તેઓશ્રીએ તીર્થંકર જેવું કામ કર્યું છે. અને આ શાસ્ત્રના ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પણ હજાર વર્ષ પહેલાં થયેલા મહામુનિ હતા, તેમણે પંચમકાળના ગણધર જેવું કાર્ય કર્યું છે. તેઓશ્રી કહે છે કે આ ભગવાન શુદ્ધ આત્માની પ્રાપ્તિનું ફળ મિથ્યાત્વનો નાશ છે. પુણ્ય-પાપને પોતાનો સ્વભાવ માનતો તે મિથ્યામાન્યતા શુદ્ધસ્વભાવની એકાગ્રતા વડે તૂટી જાય છે. શુદ્ધ આત્મામાં એકાગ્રતા સિવાય મોહના નાશનો બીજો કોઈ ઉપાય નથી.

## (૩૧) સમ્યક્શ્રદ્ધાની પાચનશક્તિ

જેમ શરીરમાં બરોળની ગાંઠ થાય છે તેમ આત્મામાં અનાદિથી મિથ્યાત્વની ગાંઠ છે. શ્રદ્ધામાં ત્રિકાળી શુદ્ધસ્વભાવના પાચન વગર– એટલે કે પ્રતીતિ વગર તે ગાંઠ તૂટે નહિ. જેમ અગ્નિમાં પાચક– પ્રકાશક અને દાહકપણું છે તેમ ચૈતન્યજ્યોત આત્મામાં શ્રદ્ધા તે પાચક છે તે આખા સ્વભાવને પચાવી દે છે–સ્વીકારી લ્યે છે, જ્ઞાન તે પ્રકાશક છે તે સ્વ-પરને જાણે છે અને ચારિત્ર તે દાહક છે તે મોહને બાળીને ભસ્મ કરે છે; જેમ શરીરમાં બરોળની ગાંઠવાળાને પાચનશક્તિ રહેતી નથી તેમ આત્મામાં જેને મિથ્યાત્વરૂપી બરોળની ગાંઠ છે તે આખા આત્માને પ્રતીતમાં પચાવી શકતો નથી, તેનું જ્ઞાન સ્વ-પરને પ્રકાશી શકતું નથી અને તેનું ચારિત્ર વિકારનો નાશ કરી શકતું નથી; તે માત્ર ક્ષણિક પુણ્ય-પાપની જ પ્રતીતિ અને અનુભવ કરીને સંસારમાં જ રખડે છે. અહીં તો તે રખડવાનું કેમ મટે તેની જ મુખ્યતા છે.

અવસ્થામાં ક્ષણિક પુણ્ય-પાપ થાય તે વિકાર છે, અજ્ઞાની તે

પુણ્ય-પાપ જેટલો જ પોતાને માને છે પણ ધ્રુવ જ્ઞાનાનંદસ્વભાવને તે માનતો નથી; તેને મિથ્યાત્વની ગાંઠ બંધાણી છે તેથી પ્રતીતમાં ત્રિકાળી પરમાનંદસ્વભાવનું તેને પાચન થતું નથી. હું એક સમયમાં પરિપૂર્ણ સ્વતઃસિદ્ધ અનંતજ્ઞાનશક્તિથી ભરેલો પરમાત્મા છું—એમ આખા સ્વભાવને શ્રદ્ધામાં પચાવી દેવાની આત્માની તાકાત છે, એક સમયની સમ્યગ્દર્શન પર્યાયમાં આખા પરમાત્મસ્વભાવને કબૂલવાની તાકાત છે. જેણે એક સમયમાં ત્રિકાળી સ્વભાવને પ્રતીતમાં લીધો તેને મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. શ્રદ્ધાની પાચકશક્તિ મિથ્યાત્વનો નાશ કરે છે, જ્ઞાનની પ્રકાશકશક્તિ અજ્ઞાનઅંધકારનો નાશ કરે છે અને ચારિત્રની દાહકશક્તિ પુણ્ય-પાપના વિકારીભાવોને બાળી નાંખે છે. જીવે અનંતકાળમાં કદી સમ્યક્‌શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યાં નથી, શ્રદ્ધામાં પોતાના પરમાત્મસ્વભાવને કદી પચાવ્યો નથી. જો એકવાર પણ શ્રદ્ધામાં આખા પરમાત્મસ્વભાવને પચાવી દ્યે તો તે સ્વભાવના આશ્રયે પર્યાયની પુષ્ટિ થઈને અલ્પકાળે પરમાત્મા થયા વિના રહે નહિ.

## (૩૨) સૌથી પહેલો અપૂર્વ ધર્મ

આત્મા પોતે સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે, કોઈ બીજો તેનો કર્તા નથી. નિમિત્તથી જે લાભ-નુકશાન માને છે તેને પોતાના સ્વયંસિદ્ધ આત્માની માન્યતા નથી. સ્વયંસિદ્ધ શુદ્ધ આત્માની માન્યતા થતાં નિમિત્તથી લાભ-નુકશાનની માન્યતા ટળી જાય છે. અનંતકાળમાં જીવે સાચી બુદ્ધિથી આ વાતનું શ્રવણ કર્યું નથી. બીજા સાથે ભેળસેળ વગરનો એકલો પરિપૂર્ણ આત્મા છે. પરથી નિરપેક્ષ એકલા આત્મામાં અપૂર્ણતા કે અશુદ્ધતા ન હોય. એવો નિર્દોષ સ્વભાવ શ્રદ્ધામાં આવતાં અનાદિનું મિથ્યાત્વ ટળી જાય છે. આ જ સૌથી પહેલો અપૂર્વ ધર્મ છે.

## (૩૩) મોહગ્રંથિ છેદાયા પછી શું?

શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ મોહગ્રંથિનો છેદ—એમ ૧૯૪ મી

ગાથામાં કહ્યું, અને તે મોહગ્રંથિના છેદનું ફળ અક્ષયસુખની પ્રાપ્તિ— એમ ૧૯૫મી ગાથામાં કહે છે. એ રીતે બે ગાથામાં પૂરી વાતને સમાવી દીધી છે.

મોહગ્રંથિ છેદાવાથી શું થાય છે તે કહે છે—

**जो णिहदमोहगंठी रागपदोसे खवीय सामण्णे।**
**होज्जं समसुहदुक्खो सो सोक्खं अक्खयं लहदि॥१९५॥**

હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે
જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.


મોહગ્રંથિને નષ્ટ કરી, રાગ-દ્વેષનો ક્ષય કરી, સમસુખદુઃખ થયો થકો શ્રામણ્યમાં (મુનિપણામાં) પરિણમે છે, તે અક્ષય સૌખ્યને પ્રાપ્ત કરે છે.

મોહગ્રંથિનો છેદ કેમ થાય તે વાત પૂર્વ ગાથામાં કહી દીધી છે. શુદ્ધસ્વભાવની પ્રતીત કરી એટલે તેમાં જ એકાગ્ર થવાનું રહ્યું. તે એકાગ્રતાના જોરે શુદ્ધતા વધતી જાય છે ને રાગ-દ્વેષ ક્ષય પામે છે. જેમ હાથમાં મજબૂત દોરડા બાંધ્યા હોય તેની ગાંઠ છૂટી જતાં દોરડાના વળ ઢીલા પડી જાય છે, તેમ જીવ મિથ્યાત્વરૂપી ગાંઠથી બંધાયો હતો, તે ગાંઠ છૂટતાં ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિએ પુણ્ય-પાપનું વલણ ઢીલું થઈને તૂટવા માંડ્યું. જ્યાં ગાંઠ છૂટી પછી બંધન લાંબો કાળ ટકે નહિ તેમ મિથ્યાત્વ ટળ્યું ત્યાં રાગ-દ્વેષ લાંબો કાળ ટકે નહિ. મોહગ્રંથિ ભેદાણી એટલે કે જ્ઞાનાનંદ સ્વભાવમાં વળ્યો, ત્યાં કોઈને પોતાનો મિત્ર કે શત્રુ માનીને રાગ-દ્વેષ કરવાના ન રહ્યા, એટલે શ્રદ્ધામાં તો સમભાવ થઈ જ ગયો. હવે શુદ્ધસ્વભાવમાં વિશેષ લીનતાથી અસ્થિરતાના રાગ-દ્વેષને પણ ક્ષય કરીને વીતરાગી સમભાવ અને કેવળજ્ઞાન પામ્યા વિના રહે નહિ. પહેલાં શુદ્ધાત્માના ભાનથી દર્શનમોહનો તો નાશ કર્યો, પછી સ્વભાવના આશ્રયે રાગ-દ્વેષ ટાળી,

વીતરાગી મુનિ થઈને જીવ અક્ષય સુખને પામે—એવી પૂર્ણ વાત લઈ લીધી છે.

અક્ષય સુખની પ્રાપ્તિનું કારણ મોહગ્રંથિનો ભેદ;
અને મોહગ્રંથિના ભેદનું કારણ શુદ્ધાત્માની ઉપલબ્ધિ;

એ રીતે શુદ્ધાત્મતત્ત્વનો અનુભવ તે જ બધાનું મૂળ ઠર્યું. માટે સૌથી પહેલાં તેની ઓળખાણ કરવી જોઈએ.


ૐ
ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન તે
રાગ દ્વેષનું કર્તુત્વ મનાવે છે.
રાગ દ્વેષનું કર્તુત્વ હતાં અકર્તા એવો
જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની દૃષ્ટિમાં આવતો
નથી તેથી પરિભ્રમણનું મૂળ એવું રાગદ્વેષ
નું કર્તુત્વ એવું અજ્ઞાન એજ સંસારનું બીજ છે.

# (૩)
# જ્ઞાનસમુદ્રમાં ઊછળતા વૈરાગ્યતરંગો

(શ્રી લાઠી શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન
જેઠ સુદ ૪ ના રોજ પ્રભુશ્રીના દીક્ષાકલ્યાણક પ્રસંગે
દીક્ષાવનમાં પૂ. ગુરુદેવશ્રીનું વૈરાગ્યપ્રવચન)

## (૩૪) ચક્રવર્તી શાંતિનાથ ભગવાનનું આત્મભાન

પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં આજે શાંતિનાથ ભગવાનના દીક્ષાકલ્યાણકનો દિવસ છે. પૂર્વ ભવોમાં આત્મજ્ઞાન પામીને તેમણે દર્શનમોહનો નાશ કર્યો અને જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી; તે ભૂમિકામાં વચ્ચે રાગથી પુણ્ય બંધાયા, તેના ફળમાં બાહ્યમાં ચક્રવર્તી વગેરે પદનો સંયોગ થયો. શાંતિનાથ ભગવાન તે જ ભવમાં ચક્રવર્તી, કામદેવ અને તીર્થંકર એવી ત્રણ મહાન પદવીના ધારક હતા. બોંતેર હજાર નગર, ચોરાશી લાખ હાથી, છન્નું હજાર રાણીઓ અને છન્નું કરોડ પાયદળ—ઇત્યાદિ છ ખંડની સંપદાનો સંયોગ હતો, છતાં અંતર્સ્વભાવમાં ભાન હતું કે તે કોઈ મારું સ્વરૂપ નથી, તેમાં ક્યાંય મારા આત્માનું સુખ નથી. શુદ્ધઆત્માની શ્રદ્ધાના જોરે સંસાર, શરીર અને ભોગોથી ઉદાસીનતા તો પ્રથમથી જ તેમને હતી. હું ચૈતન્યમૂર્તિ આત્મા અસંસારી, અશરીરી અને અભોગી છું, ભવ, તન કે ભોગ તે હું નથી, હું તો ભવરહિત મુક્તસ્વરૂપી છું, શરીરરહિત સિદ્ધસમાન છું અને ભોગરહિત અસંયોગી છું, ક્ષણિક વિકાર કે શરીરાદિ તે મારું સ્વરૂપ નથી. —આવા આત્મસ્વભાવનું સમ્યક્ દર્શન પામીને જ ભગવાન અવતર્યા હતા. જ્યાં સુધી ચક્રવર્તી પદે હતા ત્યાં સુધી અસ્થિરતાનો રાગ થતો હતો, પરંતુ તેમને તે રાગની ભાવના ન હતી, ભાવના તો આનંદમૂર્તિ આત્મસ્વભાવની જ હતી.

## (૩૫) ભગવાનનો વૈરાગ્ય



એવા શાંતિનાથ ભગવાન, ચક્રવર્તીપદે હતા ત્યારે એક વાર અરીસામાં પોતાનું મુખ જોતા હતા, તે વખતે અરીસામાં પોતાના એક સાથે બે પ્રતિબિંબ દેખાયા. તે જોતાં જ તેઓ આશ્ચર્યથી વિચારમાં પડી ગયા, અને તેમને પોતાના પૂર્વ ભવોનું સ્મરણ થઈ આવ્યું. અરીસામાં તેમના પૂર્વ ભવનું પ્રતિબિંબ દેખાયું હતું. પૂર્વ ભવનું સ્મરણ થતાં જ તેઓને સંસાર પ્રત્યે અતિશય વૈરાગ્ય થયો અને અનિત્ય અશરણ વગેરે બાર ભાવનાઓનું ચિંતવન કરવા લાગ્યા. અહો! મારો આત્મા શાશ્વત ચૈતન્યઘન અશરીરી છે, ભોગરહિત છે, ભવરહિત છે; આનંદમૂર્તિ ચૈતન્ય એ જ મારું કાયમી શરીર છે. —આવા આત્માનું ભાન હોવા છતાં તેમાં લીનતા વગર પૂર્ણ શાંતિ નથી. ભોગમાં મારું સુખ નથી તેમ જ ભોગનો રાગ મારા સ્વરૂપમાં નથી, તે રાગને છેદીને ચૈતન્યના આનંદમાં તરબોળ થાઉં તે મારું સ્વરૂપ છે.—આ પ્રમાણે ભગવાન દીક્ષાભાવના ભાવતા હતા.

વૈરાગ્ય થયા પછી ભગવાન તરત જ દીક્ષા ધારણ કરે છે. વૈરાગ્ય થયા પછી પણ ભગવાન લાંબો કાળ ગૃહવાસમાં રહે અથવા તો દાન દેવા માટે એક વર્ષ રોકાય—એમ કદી બનતું નથી. વૈરાગ્ય થયા પછી પણ ભગવાન લાંબો કાળ ગૃહવાસમાં રોકાય–એમ જેઓ માને છે તેઓએ ભગવાનના ઉત્કૃષ્ટ વૈરાગ્યને ઓળખ્યો નથી. જેમ સ્મશાને ગયેલા મડદા પાછા ઘરે આવતા નથી તેમ વૈરાગ્ય પામ્યા પછી તીર્થંકરભગવાન ગૃહવાસમાં રોકાતા નથી.

## (૩૬) 'ભોગી નહિ પણ યોગી' 'ધન્ય એ અવતાર'

ભગવાન જ્યારે ગૃહસ્થપણે હજારો રાણીઓના સંગમાં હતા ત્યારે પણ તેમાં ક્યાંય સુખબુદ્ધિ ન હતી એટલે અંતરમાં તે બધાથી ઉદાસ-ઉદાસ હતા. રાણીઓને પણ અંદર નક્કી થઈ ગયું હતું કે 'આ ભોગી નથી પણ સંસારમાં રહેલો યોગી છે; અમારા ઉપરનો રાગ ક્ષણમાં છોડીને ગમે ત્યારે ચાલી નીકળશે. તેની રુચિનું જોર સ્વભાવમાં છે, અમારા શેમાંય તેની રુચિ નથી. અમારે લીધે તેને રાગ થતો નથી, નિમિત્તને લીધે રાગ થાય એમ તે માનતા નથી, પર્યાયની નબળાઈથી રાગ થાય છે, પણ ભોગરહિત અતીન્દ્રિયસ્વભાવના આનંદનો ભોગ કરવાની વારંવાર તે ભાવના ભાવે છે; એટલે સ્વભાવની સબળાઈના જોરે રાગ તોડીને, આ બધું છોડીને તે ચાલ્યા જશે.'

ભગવાન પણ અંતરમાં ભાવના કરતા હતા કે—

રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની.....
સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.....

હું અસંયોગી ચૈતન્યમૂર્તિ છું, એક પરમાણુથી માંડીને છ ખંડની રિદ્ધિ તે બધોય અચેતનનો સ્વભાવ છે, મારા ચૈતન્યસ્વભાવમાં તે કોઈ ત્રણકાળ ત્રણલોકમાં નથી. —આવું ભિન્નપણાનું ભાન તો હતું. જેને ભિન્નપણાનું ભાન ન હોય તેને તો પરથી ભિન્ન ચૈતન્યની ભાવના પણ ક્યાંથી હોય? ભગવાનને ભિન્નતાનું ભાન હોવા છતાં રાગને લીધે પર તરફ વલણ જતું હતું, તે પર તરફનું વલણ ખસેડીને ચૈતન્યમાં લીન થવા માટે ભગવાન ભાવના કરે છે—

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.....
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.....
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને.....
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો.....

કોણ આ ભાવના કરે છે? —ચક્રવર્તી રાજમાં રહેલા શાંતિનાથ ભગવાન આ ભાવના કરે છે. સંસારમાં રહ્યા પણ તેઓ સમ્યગ્દષ્ટિ અને મતિ-શ્રુત-અવધિ એ ત્રણ જ્ઞાન સહિત હતા. અરીસામાં બે પ્રતિબિંબ જોતાં તેમને જાતિસ્મરણજ્ઞાન થયું. પૂર્વભવોનું સ્મરણ થતાં તેઓને વૈરાગ્ય જાગૃત થયો, અને તેઓ એવી ભાવના ચિંતવવા લાગ્યા—કે અહો, આ પહેલાંના ભવમાં હું સર્વાર્થસિદ્ધિમાં અહમિંદ્ર દેવ હતો અને તેની પહેલાંના ભવમાં હું મુનિ હતો; ત્યારે મારી અનુભવ દશા અધૂરી રહી ને રાગ બાકી રહ્યો તેથી આ અવતાર થયો. હવે તે રાગ છેદી આ ભવે હું મારી મુક્તદશા પ્રગટ કરવાનો છું; સંસારના ભોગ ખાતર મારો અવતાર નથી પણ આત્માના મોક્ષ ખાતર મારો અવતાર છે.....હું ભગવાન થવા અવતર્યો છું.....આ સંસાર, શરીર ને ભોગોથી ઉદાસીન થઈ અસંસારી, અશરીરી ને અભોગી એવા અતીન્દ્રિય આત્મસ્વભાવમાં લીન થઈને, વનજંગલમાં ચૈતન્યના આનંદની મસ્તીમાં ઝુલવા મારો અવતાર છે. —એ પ્રમાણે ભગવાન સંસારથી વિરક્ત થઈ આત્માના આનંદના વળાંકમાં વળ્યા. 'અહો! ધન્ય એ અવતાર.....'

## (૩૭) મુનિદશાનું સ્વરૂપ અને તેની ભાવના

સંસારભાવોથી પાછા હઠવા તેઓ આવી ભાવના કરતા હતા કે :—

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો....

બધાય તીર્થંકર ભગવંતો, વૈરાગ્ય થતાં આવું મુનિપણું ધારણ કરે છે; વસ્તુના સનાતન સ્વભાવમાં દિગંબર જિનમુદ્રા વગર મુનિપણું હોતું નથી. મુનિને શરીર ઉપર કાંઈ વસ્ત્ર ન હોય, પાણી પીવા માટે કમંડળ હોય નહિ, ફક્ત દેહની અશુચી સાફ કરવા માટે કમંડળ હોય છે; પરંતુ તીર્થંકર ભગવાનનો દેહ તો સ્વભાવથી જ અશુચી વગરનો

હોય છે તેથી તેમને તો કમંડળ પણ નથી હોતું. મુનિદશામાં આત્માની પરિણતિ જ એટલી બધી વીતરાગી થઈ ગઈ હોય છે કે વસ્ત્રાદિ બાહ્ય પદાર્થોના ગ્રહણની વૃત્તિ જ નથી ઊઠતી. આટલી હદની વીતરાગી પરિણતિ વગર પ્રમત્ત-અપ્રમત્ત ભાવમાં ઝૂલતી મુનિદશા હોતી નથી. માટે કહ્યું કે—

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.....

ગૃહસ્થપણામાંય સમ્યક્ આત્મભાનના બળે ભગવાનને આત્માના સ્વભાવ સિવાયના બધા ભાવોથી ઉદાસીનતા તો વર્તતી હતી, ને હવે પૂર્ણ ઉદાસીનતા માટે—સર્વસંગ પરિત્યાગી મુનિદશા માટે—તેઓ ભાવના કરે છે—

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો.....
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો.....
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

(ઈષ્ટ વસ્તુની ભાવનાને વારંવાર ઘૂંટવામાં પુનરુક્તિ દોષ લાગતો નથી.)

## (૩૮) ભગવાનના વૈરાગ્યની છાયા

ભગવાનને છ ખંડનું રાજ્ય અને ૯૬૦૦૦ રાણીઓનો સંયોગ હોવા છતાં પાણીમાં રહેલા કમળની જેમ અંદર ચૈતન્યની દૃષ્ટિમાં ક્યાંય એને અડવા દીધું ન હતું. રાણીઓનાં હૃદય પણ ચમકી ઊઠતાં કે આ કઈ ક્ષણે વૈરાગ્ય પામીને વનમાં ચાલ્યા જશે! વનમાં વિચરતા એકલવાયા સિંહની જેમ ભગવાન એકત્વભાવના ભાવીને, આ બધું છોડી ક્યારે વનમાં ચાલ્યા જશે.....! —આવી તો ભગવાનના વૈરાગ્યની છાયા રાણીઓનાં હૃદયમાં છવાઈ ગઈ હતી. —એવા

ભગવાન વૈરાગ્ય પામીને દીક્ષા ધારણ કરે છે—તેનો આજે પ્રસંગ છે.

## (૩૯) ધન્ય હો તે રાજમાર્ગી મુનિવરોને!

અહો, ધન્ય એ મુનિદશા! મુનિઓ કહે છે કે અમે તો ચિદાનંદ સ્વભાવમાં ઝૂલનારા છીએ; અમે આ સંસારના ભોગ ખાતર અવતર્યા નથી. મુનિદશામાં નિર્મમત્વપણે એક માત્ર શરીર હોય છે, કેમ કે શરીર હઠપૂર્વક છોડ્યું જતું નથી. ખરેખર તો સંસારત્યાગ કરતી વખતે જે નિશ્ચયપ્રત્યાખ્યાનની પ્રતિજ્ઞા કરી તેમાં આહારની વૃત્તિનું પણ પ્રત્યાખ્યાન કર્યું હતું. પંચમહાવ્રતની શુભવૃત્તિ પણ ન કરવી ને ચૈતન્યના અનુભવમાં લીન થવું—એવી જ ભાવના હતી. પણ પાછળથી આહારાદિની વૃત્તિ ઊઠતાં મુનિ વિચારે છે કે—અરે, મારા નિશ્ચયપ્રત્યાખ્યાનમાં ભંગ પડ્યો. અપ્રમત્તપણે આત્મઅનુભવમાં ઠરવાની પ્રતિજ્ઞા હતી ને વિકલ્પનું પ્રત્યાખ્યાન કર્યું હતું, —એ રીતે પૂર્ણદશાની જ ભાવના હતી, પણ અપ્રમત્તપણે આત્મામાં સ્થિર ન રહેવાયું ને આહારની વૃત્તિ ઊઠી તેટલે અંશે મારા નિશ્ચયપ્રત્યાખ્યાનમાં ભંગ પડ્યો છે.—માટે હું તેનું પ્રતિક્રમણ કરીને નિશ્ચયપ્રત્યાખ્યાનની સંધી જોડી દઉં છું. શ્રી જયધવલાકાર કહે છે કે સંતો તો સ્વરૂપમાં ઠરવાના જ કામી હતા—નિશ્ચયપ્રત્યાખ્યાનની જ પ્રતિજ્ઞા હતી, છતાં સ્વરૂપમાં પૂર્ણપણે ન ઠરાયું તેથી આ આહારાદિની વૃત્તિ ઊઠી; તેને સંતો દોષ તરીકે સમજે છે. પંચમહાવ્રતના શુભ વિકલ્પો પણ પુણ્યાસ્રવ છે તે કરવાની મુનિની ભાવના નથી; છતાં તે વૃત્તિ ઊઠે છે તો તેને નિશ્ચયપ્રત્યાખ્યાનમાં દોષરૂપ જાણીને છોડે છે, —તેનું પ્રતિક્રમણ કરીને પાછા સ્વરૂપમાં ઠરે છે. —આવી સંત-મુનિઓની દશા હોય છે. સમ્યગ્દષ્ટિ ધર્માત્મા ચૈતન્યસ્વરૂપમાં ન ઠર્યા હોય ત્યારે પણ તેમને સર્વ ભાવોથી ઉદાસીનતા તો હોય જ છે. પછી ચૈતન્યમાં ઠરવાનાં ટાણાં આવતાં બાહ્ય-અભ્યંતર સર્વ પરિગ્રહ છૂટી જાય છે. દેહનો સંયોગ રહે છે પણ તેના પ્રત્યેની મૂર્છા છોડી દીધી છે. ચૌદ બ્રહ્માંડના મુનિઓની દશા સદા આવી જ હોય છે, વસ્ત્ર કે પાત્રના

પરિગ્રહની વૃત્તિ તેમને કદી હોતી નથી; છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની ભૂમિકાનો આવો સ્વભાવ છે. આ જ અનંત સંતોએ પોતે પાળેલો અને કહેલો મુક્તિનો રાજમાર્ગ છે. એવા મુક્તિના રાજમાર્ગે ચાલવા શાંતિનાથ ભગવાન આજે તૈયાર થયા છે.....

## (૪૦) તીર્થંકરોના કુળની ટેક

અનંતા તીર્થંકરો જે રસ્તે વિચર્યા તેનો હું કેડાયત થાઉં છું; અમારા પુરુષાર્થમાં વચ્ચે ભંગ પડે નહિ, અમે અપ્રતિહત પુરુષાર્થવાળા છીએ. ભગવાન શાંતિનાથ પ્રભુ કહે છે કે અમે હવે અમારા આત્મસ્વભાવમાં વળીએ છીએ.....નિર્વિકલ્પસ્વભાવના ગાણાં ગાવા અને તે પ્રગટ કરવા અમે તૈયાર થયા છીએ.....હવે અમારે સ્વરૂપમાં ઠરવાનાં ટાણાં આવ્યા છે. અંતરના આનંદકંદ સ્વભાવની શ્રદ્ધાસહિત તેમાં રમણતા કરવા જાગ્યા ને ભાવમાં હવે ભંગ પડવાનો નથી.....અમારો જાગેલો ભાવ તેને અમે પાછો પડવા દેશું નહિ.....અખંડાનંદ સ્વભાવની ભાવના સિવાય પુણ્ય-પાપની ભાવનાનો ભાવ હવે અમને કદી આવવાનો નથી. –દીક્ષા માટે તૈયાર થયેલા શાંતિનાથ ભગવાન આવી ભાવના કરતા હતા.

અનાદિ પ્રવાહમાં અમારા જેવા અનંત તીર્થંકરો થયા, તેમના કુળની જાતનો હું છું. ક્ષત્રિય વગેરે કુળ છે તે ખરેખર આત્માનું કુળ નથી. તીર્થંકરો આત્માના ચૈતન્યકુળમાં અવતર્યા તે જ તેમનું સાચું કુળ છે. અહો, એક ચિદાનંદી ભગવાન સિવાય બીજા કોઈ ભાવને મનમંદિરમાં આણું નહિ, એક ચૈતન્યદેવને જ ધ્યેયરૂપ બનાવીને તેના ધ્યાનની લીનતાથી આનંદકંદ સ્વભાવની રમણતામાં હું ક્યારે પૂર્ણ થાઉં! એકલા ચૈતન્યસ્વભાવનો જ આશ્રય કરીને કેવળજ્ઞાન પ્રગટ કરવું તે અમારા–તીર્થંકરોના કુળની ટેક છે. તીર્થંકરો તે જ ભવે કેવળજ્ઞાન લીધે છૂટકો કરે. અનંતા તીર્થંકરો આત્માનું ચારિત્ર પૂરું કરીને તે ભવે કેવળજ્ઞાન અને મુક્તિ પામ્યા. અનંતા તીર્થંકરો જે પંથે

વિચર્યા તે જ પંથના ચાલનારા અમે છીએ. હું ચિદાનંદ નિત્ય છું, ને સંસાર બધો અનિત્ય છે. મારો આનંદકંદ ચિદાનંદ સ્વભાવ એ જ મને શરણ છે, જગતમાં બીજું કંઈ મને શરણ નથી. —આવા પ્રકારની વૈરાગ્યભાવના ભાવીને ભગવાને દીક્ષા લીધી હતી. અહો! તીર્થંકર ભગવાન જ્યારે દીક્ષા લેતા હશે તે કાળ કેવો હશે! અને તે પ્રસંગ કેવો હશે! જીવને આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવના પણ અનંતકાળમાં દુર્લભ છે.

## (૪૧) સંસારની સ્થિતિ અને ધર્માત્માની નિઃશંકતા

આ સંસારમાં અજ્ઞાનપણે રખડતાં પૂર્વ ભવની માતાને સ્ત્રી તરીકે તેં અનંતવાર ભોગવી, અરે જીવ! સ્વર્ગ-નરકનાં ને કીડા-કૂતરાનાં અનંત ભવો તેં કર્યા તેમાં એક ભવમાં જે તારી માતા હતી તે જ બીજા ભવમાં તારી સ્ત્રી થઈ, એક ભવમાં તે તારી સ્ત્રી હતી તે જ બીજા ભવે તારી માતા થઈ, એક ભવે જે તારો બંધુ હતો તે જ બીજા ભવે તારો દુશ્મન થયો.....અહો! ધિક્કાર છે આવા સંસારને.....આવો સંસાર હવે અમારે સ્વપ્નમાં પણ જોતો નથી. આ સંસારભાવને ધિક્કાર છે કે જેમાં, જેને પેટે સવાનવ મહિના રહીને માતા તરીકે સ્વીકારી હોય તેને જ બીજા ભવમાં સ્ત્રી તરીકે ભોગવવાનું થાય.....અરે! આ સંસાર! અનંતકાળ આત્મભાન વગર આવા સંસારમાં રખડ્યાં.....હવે અમે આ સંસારમાં ફરીથી અવતરવાના નથી. અમે આત્માના ભાન સહિત તો અવતર્યા જ છીએ ને હવે આ ભવે મોક્ષ પામવાના છીએ....હવે ફરીથી આ સંસારમાં નવો દેહ ધારણ કરવાના નથી.....

જુઓ તો ખરા, આ ધર્માત્માની નિઃશંકતા! ભગવાન શાંતિનાથ પ્રભુ કહે છે કે આ સંસારના રાગને છોડીને આજે અમે અમારા ચારિત્રધર્મને અંગીકાર કરીશું.....ને આ જ ભવે પૂર્ણ પરમાત્મા થઈશું.....હવે અમે બીજો ભવ કરવાના નથી. જીવને અનંત સંસારમાં


શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



રખડતાં, નહિ પામેલ એવી એક મુક્તિદશા જ છે, તેને હવે અમે પ્રાપ્ત કરીશું.

જુઓ, અંતરમાં ચૈતન્યસ્વભાવ તરફના જોરપૂર્વકની આ ભાવના છે. સમ્યગ્દૃષ્ટિ સિવાય બીજાને તો, તીર્થંકર ભગવાને કેવી ભાવના ભાવી હતી તે ભાવનાનું સ્વરૂપ સમજવું પણ મુશ્કેલ છે, તેને સાચી ભાવના ક્યાંથી હોય? ચૈતન્યસ્વરૂપ તરફ વલણના જોરમાં શાંતિનાથ ભગવાન ભવ તન ને ભોગથી ઉદાસ-ઉદાસ થઈ ગયા છે; સ્મશાનની ચેહમાં પડેલા મડદાની શોભાની જેમ ઉદાસ છે અર્થાત્ જેમ સ્મશાનની ચેહમાં પડેલા મડદાને કોઈ હાર વગેરેથી શણગારે તો ત્યાં કોઈ મડદું પ્રસન્ન થતું નથી કેમ કે મોહ કરનારો અંદરથી ચાલ્યો ગયો છે, તેમ ભગવાનનો આત્મા આખા સંસારથી ઉદાસીન થઈ ગયો છે કેમ કે અંદરના મોહનું મૃત્યુ થઈ ગયું છે. અમારા ચૈતન્યના આનંદ પાસે અમને આ પુણ્ય-પાપ કે શરીર ભોગ વગેરે સારા લાગતા નથી, જાગૃત ચૈતન્યની સત્તા પાસે તો એ બધા મડદાં જેવાં લાગે છે. —આવા ભાનસહિત ભગવાન ચારિત્રદશા અંગીકાર કરે છે.

## (૪૨) ચારિત્રદશાનું વર્ણન અને મુનિપદનો મહિમા



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

અહીં શાંતિનાથ ભગવાનની દીક્ષાનો પ્રસંગ છે, અને અત્યારે પ્રવચનમાં પ્રવચનસારની ૧૯૫ મી ગાથા વંચાય છે તેમાં પણ 'શ્રામણ્યમાં પરિણમવાની' જ વાત આવી છે. બરાબર ચારિત્રના પ્રસંગે ચારિત્રની જ ગાથા આવી છે.

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં જઈને શ્રી સીમંધરપરમાત્મા પાસેથી જે જ્ઞાનખજાનો લાવ્યા તેને પોતાના આત્મામાં સંઘરી રાખ્યો અને જગતના મહાભાગ્યે વાણીદ્વારા આ રચના થઈ ગઈ; તેમાં કહે છે કે—

**जो णिहदमोहगंठी रागपदोसे खवीय सामण्णे।**
**होज्जं समसुहदुक्खो सो सोक्खं अपक्ख्यं लहदि।।१९५।।**

હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે
જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.

જુઓ, ચારિત્રના પરિણમનની દશા! અહીં શાંતિનાથ ભગવાનની ચારિત્રદશાનો પ્રસંગ, અને અહીં ચારિત્ર તે શાંતિનું કારણ છે—એવું વર્ણન છે.....તીર્થંકરોને ક્ષપકશ્રેણી જ હોય, ઉપશમશ્રેણી ન હોય, ને આ ગાથામાં પણ રાગાદિના ક્ષયની વાત કરીને ક્ષાયિકભાવ જ લીધો છે.

હું જ્ઞાનાનંદ સ્વભાવ છું—એવા આત્મભાન સહિત તો ભગવાન અવતર્યા હતા, ને હવે તેવા સ્વભાવમાં લીન થઈને રાગાદિનો ક્ષય કરે છે. ભગવાનને જેવું આત્મભાન હતું તેવા આત્મભાનસહિત જ ચારિત્રદશા હોય છે, એ સિવાય ચારિત્રદશા—મુનિપદ હોતું નથી. મુનિ તો તેને કહેવાય કે જેના ચરણે ગણધરના નમસ્કાર પહોંચે. અહો! ગણધરથી વંદન થવા યોગ્ય એ પદ કેવું! ગણધરદેવ જ્યારે નમસ્કારમંત્ર બોલે ત્યારે કહે છે કે—

णमो लोए सव्व अरहंताणं।

णमो लोए सव्व सिद्धाणं।

णमो लोए सव्व आइरियाणं।

णमो लोए सव्व उवज्झायाणं।

णमो लोए सव्व साहूणं॥

(છેલ્લા પદમાં જે 'लोए सव्व' શબ્દ છે તે પાંચે પદમાં લાગુ પડે છે.)

ગણધરદેવ પણ વિકલ્પ ઊઠતાં જે સાધુપદને નમસ્કાર કરે તે સાધુપદનો મહિમા કેટલો? ભગવાને આજે પોતાના આત્મામાં એવું સાધુપદ પ્રગટ કર્યું. જ્ઞાનસ્વભાવનું ભાન તો પહેલાં હતું જ, ને હવે જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા વડે આત્મામાં ચારિત્રની કોતરણી કરી. ભગવાન ચારિત્રદશા પ્રગટ કરીને આત્મધ્યાનમાં લીન થયા, હજી તેમને કેવળજ્ઞાન થયું ન હતું ત્યારે પણ તેમને મહાવિદેહ ક્ષેત્રના ગણધરોનો નમસ્કાર 'णमो लोए सव्व साहूणं' એવા પદ દ્વારા આવી જતો હતો. સર્પ કાંચળી ઊતારીને ચાલ્યો જાય તેમ ભગવાને ૯૬૦૦૦ રાણીઓને અને છ ખંડના રાજવૈભવને છોડી દીધો. જેમ વીષ્ટા છોડ્યા પછી કોઈ તેના સામું ન જુએ તેમ ભગવાને રાજ્ય અને રાણીઓ પ્રત્યેના રાગને છોડી દીધો, પછી તેની સામુંય જોયું નહિ. હજારો રાણીઓ વલખતી અને ઝંટીયા તોડતી રહી ગઈ કે અરેરે! અમને ભોગમાં સાથ આપનારો એકલો વનમાં ચાલ્યો જાય છે.....ત્યારે ઈંદ્રાણી કહે છે કે અરે રાણીઓ! શાંત થાવ.....એણે તો હવે રાગની લાગણીઓનો ક્ષય કર્યો છે.....હવે તેને તમારા પ્રત્યે રાગની વૃત્તિ નથી, તે તો 'સમસુખદુઃખ' થયા છે, એને કોઈ પ્રત્યે રાગ નથી તેમ જ કોઈ પ્રત્યે દ્વેષ નથી.....ભગવાન મિથ્યાત્વનો તો નાશ કરીને જ અવતર્યા હતા ને હવે સ્વભાવના આશ્રયે રાગ-દ્વેષનો ક્ષય કરીને તેઓ શ્રામણ્યમાં પરિણમે છે.....એવા વીતરાગી શ્રામણ્યવડે હવે તો

ભગવાન કેવળજ્ઞાન પ્રગટ કરીને અક્ષય સૌખ્યને પામશે.

જુઓ! આ ચારિત્રદશાનો મહિમા! આનું નામ મુનિદશા છે. નિંદા કે પ્રશંસા ગમે તે હો તેમાં રાગ-દ્વેષની વૃત્તિ જ ન ઊઠે, એવી વીતરાગી મુનિની દશા હોય છે.

## (૪૩) શ્રામણ્યમાં પરિણમેલા ભગવાનનો સમભાવ

મારા આત્માની નિંદા કે પ્રશંસા કોઈ કરનાર નથી, સામો જીવ માત્ર તેના પોતાના ભાવ જ કરે છે—આવી સમજણ પછી, હવે તો આત્માના આનંદના અનુભવમાં લીનતાથી ભગવાનની એવી દશા થઈ ગઈ કે—

શત્રુ-મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા.....
માન—અમાને વર્તે તે જ સ્વભાવ જો.....
જીવીત કે મરણે નહિ ન્યૂનાધિકતા.....
ભવ—મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.....

આ શત્રુ અને આ મિત્ર—એવી વૃત્તિ જ નથી ત્યાં દ્વેષ કે રાગ ક્યાંથી થાય? દર્શનમોહનો તો નાશ થઈ જ ગયો છે અને ચારિત્રમોહ પણ મડદા સમાન થઈ ગયો છે. એવી દશામાં ભગવાનને મિત્ર કે શત્રુ, પ્રશંસા કે નિંદા, જીવન કે મરણ—એ બંને દશાઓ સરખી છે. ભગવાનને પોતાને તો કોઈ પ્રત્યે આ મિત્ર ને આ શત્રુ એવી વૃત્તિ નથી પણ સામો જીવ કોઈ ભક્તિ કરે કે કોઈ નિંદા કરે—તે બંને પ્રત્યે સમભાવ છે—એટલે કે ખરેખર બાહ્યમાં લક્ષ જ નથી. અહા! આયુષ્ય હો કે ન હો, દેહ લાખો વર્ષ ટકો કે આજે જ વિયોગ થાવ—એનો તે વીતરાગી સંતોને હર્ષ કે શોક નથી. અરે, તે અપ્રમત્ત યોગીઓને ભવ અને મોક્ષ પ્રત્યે પણ સમભાવ છે એટલે કે—'ભવ ટાળું ને મોક્ષ કરું' એવો રાગ-દ્વેષનો વિકલ્પ પણ નથી. તે તો સ્વભાવના અનુભવમાં જ મગ્ન છે. સ્વભાવના અનુભવની લીનતામાંથી બહાર નીકળીને મોક્ષની વૃત્તિ પણ નથી થતી. સ્વભાવના આનંદની લીનતામાં એટલો સમભાવ

પ્રગટી ગયો છે કે 'ભવ ક્યારે ટળે' એવો પણ વિકલ્પ ઊઠતો નથી તેમ જ 'અલ્પકાળે મોક્ષ થશે' એવો પણ વિકલ્પ ઊઠતો નથી. ઈંદ્ર વગેરે ભક્તો આવીને પૂજા કરે તો તે તરફની રાગની લાગણી નથી. સંસારમાં અમારા કોઈ સ્વજન કે શત્રુ નથી, અમે તો અમારા ચિદાનંદ આત્મામાં લીન થઈને ડોલીએ છીએ.....અમારું લક્ષ ક્યાંય બહારમાં જતું નથી. આવી મુનિવરોની અનુભવદશા હોય છે.

અહો, જીવો! શાંત થાવ! સમભાવ કરો! –કેવો સમભાવ? –કે ચૈતન્યના અનુભવમાં એકાગ્ર થતાં રાગ-દ્વેષની લાગણી જ ન થાય તેનું નામ વીતરાગી સમભાવ છે. તેમ જ ત્યારપહેલાં ચૈતન્યજ્ઞાયકતત્ત્વની દ્રષ્ટિપૂર્વક, 'કોઈ પર મારા મિત્ર કે શત્રુ' એવી બુદ્ધિથી થતા રાગ-દ્વેષ ટળી જાય તે પણ સમ્યક્‌શ્રદ્ધાનો વીતરાગી સમભાવ છે. મારા આત્માનું હિત કે અહિત કરનાર આ જગતમાં કોઈ નથી.....જેને રુચે તે પ્રશંસા કરે, જેને ન રુચે તે દ્વેષ કરે, પણ સૌ પોતપોતામાં જ તેવા ભાવ કરે છે, મેં મારા આત્માને સમભાવમાં પરિણમાવ્યો છે–એમ શ્રામણ્યમાં પરિણમેલા મુનિઓના હૃદયમાં શાંતિ છે.

## (૪૪) ફરી ફરીને એ મુનિપદની ભાવના

—એવા મુનિપદની ભાવના ભાવતાં કહે છે કે—

એકાકી વિચરતો વળી સ્મશાનમાં.....
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.....
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા.....
પરમ મિત્રનો પામ્યા જાણે યોગ જો.....

સંતો એવી ભાવના કરે છે કે હું તો સ્મશાનમાં એકલો જઈને ચૈતન્યના ધ્યાનમાં લીન થાઉં! જગતમાં તો મડદાને બીજા લોકો 'ઓ.....ઓ.....' કરતાં સ્મશાનમાં ઉપાડી જાય ને ત્યાં બાળી નાંખે, –પણ હું તો એકલો મારી મેળે ચૈતન્યની લગનીથી 'ૐ.....ૐ.....'

કરતો સ્મશાનમાં જઈને આત્મધ્યાન કરું.... 'ૐ.....ૐ.....' કરતા —તે ૐના વાચ્યભૂત ભગવાન શુદ્ધાત્માને ધ્યાનમાં લઈને, ચૈતન્યસ્વરૂપને જાગૃત કરતો સ્મશાનમાં રાગ-દ્વેષને મડદાની જેમ ખાખ કરી નાખું! હજી આવી દશા આવ્યા પહેલાં આ વાત સમજીને તેની ભાવના કરવામાં પણ અલૌકિક નિર્જરા થાય છે. ભાવનામાં એક ને એક વાત ફરી ફરીને આવે તોય પુનરુક્તિ દોષ લાગતો નથી.

જગતના જીવો ઊંધી ભાવનાને વારંવાર ઘૂંટે છે, અહીં આત્મામાં ઠરવાની ભાવનાને વારંવાર ઘૂંટાય છે કે—

એકાકી વિચરતો વળી સ્મશાનમાં.....
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.....
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા.....
પરમ મિત્રનો પામ્યા જાણે યોગ જો.....

જ્યાં સિંહ અને વાઘ ત્રાડ પાડતા વિચરતા હોય એવા જંગલમાં એકાકી આત્મસ્વરૂપમાં વિચરતા હોઈએ.....નિર્ભયપણે અડોલ આસન હોય ને સિંહ-વાઘ શરીરને ખાઈ જશે એવો વિકલ્પ પણ ન હોય.....અમે તો અંતરની ચૈતન્યગુફામાં અરૂપી આનંદકંદ, તેને કોણ ખાય? ને કોણ કરડે? વાઘ આવીને શરીરને ખાઈ જાય તો, અમે જે શરીરને છોડવા માંગીએ છીએ (—અર્થાત્ જેનું મમત્વ છોડી દીધું છે) તેને તે લઈ જાય છે, એટલે તે અમારો મિત્ર છે. —આ તો મુનિઓની વીતરાગતા સમજાવવા માટે કથન છે, કાંઈ મુનિઓને ધ્યાનમાં એવા વિકલ્પ નથી હોતા. તેમનો તો ચૈતન્યની લીનતામાં દેહ પ્રત્યેનો વિકલ્પે ય નથી ઊઠતો. —અહો! આવી આત્મભાવના કરીને સ્વરૂપમાં ઠરે ત્યાં જગતનું જોવા ક્યાં રોકાય? —આવી અશરીરી ચૈતન્યસ્વભાવની ભાવના વિના ધર્મ ન હોય.

**(૪૫) 'ભાવે ભવનો અભાવ'**

પરની ભાવના કરવામાં તો ભાઈ! તારો અનંત કાળ ચાલ્યો

ગયો. હવે આવા ચૈતન્યનો મહિમા જાણીને તેની ભાવના તો કર. એની ભાવનાથી તારા ભવના નીવેડા આવશે. શ્રી શાંતિનાથ ભગવાન આવી ભાવના કરીને મુનિ થયા; તેમ પોતે પોતાની શક્તિ પ્રમાણે ભાવના કરવી. આવી ભાવનામાં સાથ આપવા જેવો છે–આવી ભાવનાનું અનુસરણ કરવા જેવું છે. અહો! આવી ભાવના ભાવીને જંગલમાં જઈને ધ્યાન કરીએ ને એવા લીન થઈએ કે સ્થિરબિંબ દેખીને શરીર સાથે જંગલના રોઝડાં ને હરણાં ભ્રમથી પોતાના શીંગડા ઘસતા હોય. —આવી સ્થિતિમાં ક્યારે હોઈએ? 'અમે તો આનંદકંદ છીએ' એવા ભાનપૂર્વક સ્વભાવની ભાવના ભાવીને, રાગ તોડીને શાંતિનાથ ભગવાન વીતરાગી મુનિ થયા–સુખ-દુઃખમાં સમભાવી થયા. સર્વ પ્રકારના ઉપસર્ગમાં સમતાની ભાવના કરીને–તેની ઉપેક્ષા કરતાં–ચૈતન્યમાં લીનતાથી આવી મુનિદશા થઈ. વન-જંગલમાં એકાકી વિચરતા ભગવાનને બહારના સંયોગનું કાંઈ દુઃખ ન હતું, તેઓ તો આત્માની લીનતામાં અતીન્દ્રિય આનંદની મોજ કરતા હતા.

## (૪૬) ભગવાનની ચારિત્રદશાનું સ્વરૂપ અને તેનું ફળ

ભગવાનને જે ચારિત્રદશા પ્રગટી તે કોઈ બહારના ક્રિયાકાંડથી પ્રગટી નથી, પણ આત્મામાં લીનતાથી જ પ્રગટી છે. આત્માનું ચારિત્ર બહારના વેષમાં કે શરીરની દશામાં નથી, અરે! પંચમહાવ્રતના શુભરાગમાં પણ ખરેખર આત્માનું ચારિત્ર નથી. પણ અંતરના ત્રિકાળી ચૈતન્યનાથ અનંત આનંદની ખાણ છે તે ફાટીને તેમાંથી ચારિત્રદશા પ્રગટે છે. ચૈતન્યમાં એકાગ્રતાથી જ ચારિત્ર અને કેવળજ્ઞાન પ્રગટે છે. ચારિત્રદશા પામનારને પ્રથમ તો ધ્યાનમાં સ્થિર થતાં સાતમું ગુણસ્થાન એટલે કે અપ્રમત્તદશા પ્રગટે છે. તે વખતે તો 'હું મુનિ છું ને હું ધ્યાન કરું છું' એવી રાગની વૃત્તિ પણ હોતી નથી. અંતર્મુહૂર્ત પછી છઠ્ઠા ગુણસ્થાને વૃત્તિ ઊઠે છે. ધોખમાર્ગમાં એવી જ સ્થિતિ છે કે મુનિને પહેલાં અપ્રમત્તદશા થાય. શ્રી શાંતિનાથ ભગવાનને વૈરાગ્ય થયો.....અને ૐ નમઃ સિદ્ધેભ્યઃએમ સિદ્ધ

ભગવાનને નમસ્કાર કરીને સ્વયં દીક્ષિત થયા, પછી આત્મધ્યાનમાં સિદ્ધસમાન ચૈતન્યગોળો છૂટો પડ્યો ને અપ્રમત્તદશા થઈ, તેમ જ મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. ભગવાનને મતિ-શ્રુત-અવધિ એ ત્રણ જ્ઞાન તેમ જ જાતિસ્મરણ જ્ઞાન તો હતા ને તે ઉપરાંત મનઃપર્યયજ્ઞાન થયું. —એ બધો ભગવાનના વૈરાગ્યનો દેખાવ અહીં થયો. હવે ભગવાનને કેવળજ્ઞાન થશે. તે કેવળજ્ઞાન કલ્યાણક બપોરે ઊજવાશે.

મુનિદશામાં આત્મા પોતે ચારિત્રમાં લીન થઈ જાય છે, આત્મા જ આનંદમય થઈ જાય છે.....આનંદકંદ ચિદાનંદ સ્વભાવમાં લીન થઈને આત્મા 'સમસુખદુઃખ' થયો તેના ફળમાં તે અક્ષયસુખ પામે છે. જુઓ, મોહનો નાશ કરીને 'સમસુખદુઃખ' એટલે કે વીતરાગભાવ થયો તે જ ચારિત્ર છે અને અક્ષય સુખની પ્રાપ્તિ તે જ તેનું ફળ છે. વચ્ચે રાગ આવે તે ચારિત્ર નથી અને સ્વર્ગ મળે તે ચારિત્રનું ફળ નથી. સ્વર્ગનો ભવ થાય તે તો રાગનું ફળ છે. રાગ છેદીને વીતરાગી ચારિત્રના ફળમાં મુક્તિ થાય છે.

જગતના અજ્ઞાની પ્રાણીઓ સ્વર્ગાદિના સુખમાં સુખની કલ્પના કરે છે ને એના કારણરૂપ શુભરાગમાં ધર્મની કલ્પના કરે છે—એ બંને મિથ્યા કલ્પના છે. સ્વર્ગના માનેલા સુખ તે સાચા સુખ નથી ને શુભરાગ તે ધર્મ નથી. સ્વર્ગમાં સુખ કે રાગમાં ધર્મ ભગવાને કદી કહ્યો નથી પણ વીતરાગભાવે આત્મામાંથી પ્રગટતું સુખ તે જ સાચું સુખ અને ધર્મ છે. બહારની સામગ્રીમાં તો ભગવાનને પહેલાં ચક્રવર્તીનું રાજ્ય હતું છતાં તેમાં સુખ નથી એમ ભગવાને જાણ્યું હતું તેથી તે છોડીને ચાલ્યા ગયા. જો તે પુણ્યના ફળમાં સુખ હોત તો ભગવાન તેને કેમ છોડત? ભગવાને તો તે પ્રત્યેનો રાગ છોડીને આત્માના અક્ષય સુખને સાધ્યું. એવું પૂર્ણ સુખ પામ્યા પછી ભગવાનને અવતાર હોતો નથી. જુઓ, ભગવાનનું ચારિત્ર! એ ચારિત્રદશા પછી ભગવાનને ભવ હોતો નથી. અહો! ભગવાનનો માર્ગ તો જુઓ.....અપ્રતિહતપણે સીધું કેવળજ્ઞાન. અંતરના ચૈતન્યના માર્ગે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ચડ્યા તે પાછા ન પડે. અહીં તો આ દીક્ષાકલ્યાણકનો સ્થાપનાનિક્ષેપથી દેખાવ છે.....તો ભગવાનનો દીક્ષાકલ્યાણક સાક્ષાત્ થવા ટાણે શું દશા હશે! અહો, જે ચક્રવર્તી હતા, કામદેવ હતા ને તીર્થંકર હતા તેમણે જ્યારે દીક્ષા લીધી હશે તે વખતની દશાની અને તે પ્રસંગની શું વાત! છખંડમાં જેનું ઉત્તમ રૂપ હતું, ઉત્તમ ભોગ હતો ને જે તીર્થંકર છે એવા ભગવાન ચારિત્રદશા ધારણ કરીને પ્રમત્ત-અપ્રમત્ત ભાવમાં ઝૂલી રહ્યા છે.....ક્ષણમાં ભેદની કે મહાવ્રતની વૃત્તિ ઊઠે છે ને બીજી ક્ષણે તે વૃત્તિ તોડીને પાછા આત્મઅનુભવમાં લીન થઈ જાય છે, —આવી ભગવાનની દશા છે. આવી ચારિત્રદશા તો અત્યારે ધોખપંથે મહાવિદેહ ક્ષેત્રમાં છે.....અત્યારે અહીં તેવી દશાના દર્શનના ભાગ્ય ક્યાંથી હોય? —પણ એ દશા કર્યા વગર કોઈની મુક્તિ હોતી નથી.


પહેલાં તો શુદ્ધાત્માના ભાનવડે મિથ્યાત્વનો ક્ષય કર્યો અને પછી રાગ-દ્વેષ હણીને આત્મા 'સમસુખદુઃખ' થયો એટલે અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગમાં 'આ ઠીક ને આ અઠીક' એવો વિષમભાવનો વિકલ્પ થતો નથી, ચૈતન્યના અનુભવના આનંદની લીનતામાં ક્યાંય સુખદુઃખની લાગણી થતી જ નથી એટલે સમભાવે (રાગ-દ્વેષ રહિત વીતરાગભાવે) ચૈતન્યમાં લીનતા વડે જીવ શ્રામણ્યભાવમાં પરિણમે છે તેનું નામ ચારિત્રદશા અને મુનિપદ છે. એવા ચારિત્રવાળો જીવ અલ્પકાળે મુક્તિનું અક્ષય સુખ પામે છે.

શાંતિનાથ ભગવાને એવી ચારિત્ર દશા પ્રગટ કરી ને કેવળજ્ઞાન પામ્યા. કેવળજ્ઞાન પામ્યા પછી દિવ્યધ્વનિ છૂટ્યો. ભગવાનને પોતાને 'શાંતિ' હતી ને પરને શાંતિનો ઉપદેશ દેતા હતા. શું ઉપદેશ દેતા હતા? —તે હવે કેવળજ્ઞાન કલ્યાણક વખતે કહેવાશે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# (૪)
# દુંદુભીના દિવ્યનાદ વચ્ચે ભગવાનના દિવ્યધ્વનિની ઘોષણા

શ્રી લાઠી શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન જેઠ સુદ ૪ના રોજ પ્રભુશ્રીના કેવળજ્ઞાન કલ્યાણક પ્રસંગે ભગવાનના દિવ્યધ્વનિના સારરૂપે પૂ. ગુરુદેવશ્રીનું ખાસ પ્રવચન



શ્રી જિનેન્દ્ર ભગવાનનો અંકન્યાસવિધિ કરતા પૂજ્ય ગુરુદેવશ્રી

## (૪૭) તીર્થંકર પ્રભુની દેશના અને તેના ઝીલનારા

શ્રી શાંતિનાથ ભગવાનના પંચકલ્યાણક ચાલે છે. ભગવાન વૈરાગ્ય પામીને દીક્ષિત થયા અને આત્મધ્યાનમાં લીન થતાં તેમને કેવળજ્ઞાન થયું.....ઇંદ્રોએ કેવળજ્ઞાન કલ્યાણકનો ઉત્સવ ઊજવ્યો, સમવસરણની રચના કરી ને ઉપદેશ માટે ભગવાનની સ્તુતિ કરી, અને દિવ્યધ્વનિ દ્વારા ભગવાનનો ઉપદેશ નીકળ્યો. ઇંદ્રે સ્તુતિ કરી માટે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦





ભગવાનનો ઉપદેશ નીકળ્યો એમ નથી, પણ ઇંદ્ર સ્તુતિ કરે એવી વિનયની શૈલી છે. તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થયા પછી ઉપદેશ ન હોય એમ બને નહિ. ભગવાનને એકાક્ષરી દિવ્યધ્વનિ હોય છે. રાગી અને અલ્પજ્ઞ જીવની વાણી ભેદવાળી હોય છે, વીતરાગતા અને કેવળજ્ઞાન થયા પછી વાણીમાં ભેદ ન હોય, કેવળી ભગવાનની વાણીમાં એક સાથે પૂરું રહસ્ય આવે છે ને શ્રવણ કરનાર પોતાની લાયકાત પ્રમાણે સમજે છે. શ્રી ગણધરદેવ, ભગવાનની વાણી ઉત્કૃષ્ટપણે ઝીલવાને પાત્ર છે, ભગવાનની વાણી છૂટતી વખતે તેઓ નિયમથી હાજર હોય છે. ભગવાનની વાણી છૂટે ને ઉત્કૃષ્ટ ઝીલનાર ગણધરદેવ હાજર ન હોય એમ બને નહિ, —ઉપાદાન નિમિત્તની સંધિ તૂટે નહિ. તીર્થંકર ભગવાનની વાણી પહેલી વાર છૂટે તે ઝીલીને અંતર્મુહૂર્તમાં ગણધરદેવ બાર અંગની રચના કરે છે, એવો ઊંચો તેમનો ક્ષયોપશમ છે; ભગવાનની વાણીમાંથી તો તેઓ ઘણું ઝીલે છે પણ તેમણે જેટલું ઝીલ્યું તેનો અમુક ભાગ જ બાર અંગની રચનામાં આવે છે; ભગવાનની સભામાં તે સર્વોત્કૃષ્ટ શ્રોતા છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## (૪૮) ભગવાને કહેલાં નવ તત્ત્વો

ભગવાને કેવળજ્ઞાનમાં આખું વિશ્વ પ્રત્યક્ષ જોયું, તેમાં છ પ્રકારના દ્રવ્યો જોયા, એક જીવ અને પાંચ પ્રકારના અજીવ; જીવ અને અજીવ તત્ત્વ ત્રિકાળી છે ને તેમના પરસ્પરસંબંધથી બીજા સાત તત્ત્વો થાય છે, તે ક્ષણિક છે. એ રીતે કુલ નવ તત્ત્વો છે–જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.

જીવ પોતાનું હિત કરવા માગે છે. હિત કોનું કરવું છે? —કે પોતાના આત્માનું. જગતમાં જે વસ્તુ સત્ હોય તેનું હિત થાય, એટલે કે જેનું હિત કરવું છે એવો પોતાનો આત્મા છે–એમ પોતાના આત્માનું અસ્તિત્વ નક્કી કરવું જોઈએ; તથા જેમણે પોતાનું હિત કરી લીધું છે એવા, તેમ જ જેમણે પોતાનું હિત નથી કર્યું એવા, પોતાના સિવાયના બીજા આત્માઓ આ જગતમાં છે—એમ પણ જાણવું જોઈએ. પોતે હિત કરવા માગે છે તેનો અર્થ એ પણ થયો કે અત્યાર સુધી અહિત કર્યું છે. પોતાના સ્વભાવના લક્ષે અહિત ન થાય, પણ સ્વભાવથી વિરુદ્ધ બીજી ચીજના લક્ષે અહિત થયું છે. એટલે જીવ સિવાયની બીજી અજીવ વસ્તુઓ પણ છે. જે ચીજમાં જાણવાની શક્તિ છે તે જીવ છે, જે ચીજમાં જાણવાની શક્તિ નથી તે અજીવ છે. જીવની પર્યાયમાં વિકાર થાય તેમાં અજીવકર્મ નિમિત્ત છે. જીવની પર્યાયમાં વિકાર થાય તેમાં અજીવકર્મ નિમિત્ત છે. જીવની પર્યાયમાં મલિનતાના ચાર પ્રકાર પડે છે–પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ. તેમાં નિમિત્તરૂપ કર્મમાં પણ એ ચાર પ્રકાર છે. તથા પોતાના સ્વભાવનું ભાન કરીને તે તરફ પરિણમતાં શુદ્ધતા થાય છે, તે શુદ્ધતાના ત્રણ પ્રકાર છે–સંવર, નિર્જરા ને મોક્ષ. તેમાં કર્મનો અભાવ નિમિત્તરૂપ છે. એ રીતે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એમ કુલ નવ તત્ત્વો ભગવાને કહ્યા છે. એમાંથી એક પણ તત્ત્વ ઓછું થઈ શકે નહિ, ને એ નવ સિવાય બીજું કોઈ દસમું તત્ત્વ જગતમાં હોય નહિ. જો આ નવ તત્ત્વોને ન માનો તો કાંઈ પણ વસ્તુસ્થિતિ જ સાબિત નહિ થાય.

'હે ભાઈ ! તું જીવ છો' એમ કહેતાં જ 'તારા સિવાય બીજા અજીવ પદાર્થો છે તે તું નથી'—એવું તેમાં આવી જ જાય છે, એટલે 'જીવ છે' એમ કહેતાં જ અનેકાંતના બળે 'અજીવ' પણ સાબિત થઈ જાય છે. 'અનેકાંત' તે ભગવાનના શાસનનો અમોઘ મંત્ર છે; તે અનેકાંતવડે બધા વસ્તુસ્વભાવ ઓળખાય છે. ઘણા લોકો અનેકાંતનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના અનેકાંતના નામે ગોટા વાળે છે. અનેકાંત તો દરેક તત્ત્વોની સ્વતંત્રતા બતાવે છે, ને પરથી પૃથકતા બતાવીને સ્વભાવ તરફ લઈ જાય છે.

જીવ અને અજીવ એ બે મૂળદ્રવ્યો અનાદિઅનંત નિજ નિજસ્વરૂપે જુદા જુદા છે. તેઓ સર્વથા નિત્ય નથી. પણ નિત્ય-અનિત્યસ્વરૂપે છે, વસ્તુપણે કાયમ ટકીને પોતાની અવસ્થા બદલે છે એટલે કે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. તેમાં જીવ જ્યારે પરના આશ્રયે ઊપજે છે ત્યારે તેની પર્યાયમાં પુણ્ય-પાપ આસ્રવ ને બંધની ઉત્પત્તિ થાય છે, અને જ્યારે સ્વભાવનો આશ્રય કરીને ઊપજે છે ત્યારે સંવર-નિર્જરા ને મોક્ષની ઉત્પત્તિ થાય છે. એ રીતે જગતમાં જીવાદિ નવતત્ત્વો છે, ભગવાને પૂર્ણ જ્ઞાનમાં તે નવતત્ત્વો જોયા, દિવ્યધ્વનિદ્વારા તે નવતત્ત્વો કહેવાયા, અને યથાર્થ શ્રોતાઓ તે નવતત્ત્વનું સ્વરૂપ સમજીને પોતાના સ્વભાવ તરફ વળ્યા; સ્વભાવ તરફ વળતાં તેમની પર્યાયમાંથી પુણ્ય-પાપ-આસ્રવ ને બંધરૂપ વિકારી તત્ત્વોનો અભાવ થવા લાગ્યો ને સંવર-નિર્જરા તથા મોક્ષરૂપ નિર્મળ તત્ત્વોની ઉત્પત્તિ થવા લાગી. —આનું નામ ધર્મ છે ને આ જ હિતનો ઉપાય છે.

આત્મા આનંદસ્વભાવથી ભરેલો છે પણ અજ્ઞાનીને તેનું ભાન નથી તેથી અવસ્થામાં મલિનતા છે; ને તે મલિનતામાં પર વસ્તુ નિમિત્ત છે. અવસ્થામાં થતી મલિનતાને અને પર વસ્તુને જો ન માને તો તે અભિપ્રાય યથાર્થ નથી. આ જગતમાં એકલો અદ્વૈત આત્મા જ છે—એમ જે માને તેને તો પરથી અને વિકારથી ભેદજ્ઞાન કરીને

અંતર્સ્વભાવમાં ઢળવાનું પણ રહેતું નથી. જો પરને અને વિકારને જાણે, તો પરથી ભિન્નપણું ભાન કરીને અને ક્ષણિક વિકારનો આશ્રય છોડીને, અભેદસ્વભાવના આશ્રયે ભેદજ્ઞાન (–આત્મજ્ઞાન) અને સમ્યક્ચારિત્ર થઈને મુક્તિ થાય છે. 'આત્માનું હિત કરવું છે' એમાં આ બધી વાત આવી જાય છે. આ બધું સ્વીકાર્યા વગર આત્માનું હિત કરવાની વાત રહેતી નથી.

જગતમાં જે છ દ્રવ્યો અથવા નવતત્ત્વો સ્વયંસિદ્ધ છે તે જ ભગવાને જ્ઞાનમાં જાણીને કહ્યાં છે, પણ ભગવાને કાંઈ કોઈ તત્ત્વને નવા બનાવ્યા નથી, તેમ જ ભગવાને કહ્યાં માટે તે તત્ત્વો છે એમ પણ નથી. અને તે તત્ત્વો છે માટે તેને લઈને ભગવાનને જ્ઞાન થયું એમ પણ નથી. જગતના તત્ત્વો સ્વતંત્ર છે ને ભગવાનનું જ્ઞાન પણ સ્વતંત્ર છે. ફક્ત જ્ઞેય–જ્ઞાયકસ્વભાવ એવો છે કે જેવો જ્ઞેયપદાર્થોનો સ્વભાવ હોય તેવો જ જ્ઞાનમાં જણાય. એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરે નહિ. ભગવાન આત્મા ચિદાનંદ શુદ્ધસ્વભાવ છે, તે પરનું કાંઈ કરતો નથી.

જો 'જીવ' ન હોય તો કલ્યાણ કોનું કરવું?

જો 'અજીવ' ન હોય તો જીવની પર્યાયમાં ભૂલ કેમ થાય?

જો જીવની પર્યાયમાં પરાશ્રયે થતો 'વિકાર' ન હોય તો કલ્યાણ કરવાનું કેમ રહે?

જો સ્વાશ્રયે તે વિકારદશા ટળીને 'અવિકારી દશા' ન થતી હોય તો કલ્યાણ ક્યાંથી થાય?

માટે–જીવ છે, અજીવ છે, અજીવના આશ્રયે જીવની પર્યાયમાં વિકાર છે, ને પોતાના સ્વભાવના આશ્રયે તે વિકાર ટળીને નિર્મળદશા થાય છે. એ રીતે જીવ, અજીવ, વિકાર અને સ્વભાવ—એ ચારે પડખાંને બરાબર જાણીને સ્વભાવનો આશ્રય કરે તો અધર્મ ટળીને ધર્મ થાય છે. —આમાં નવે તત્ત્વો સમાઈ જાય છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## (૪૯) દુંદુભીના દિવ્ય નાદ વચ્ચે ભગવાને કરેલી સ્વતંત્રતાની ઘોષણા

ભગવાનને કેવળજ્ઞાન થતાં તેમની વાણીમાં છએ દ્રવ્યોની સ્વતંત્રતાનો ઉપદેશ આપ્યો; તેમાં કહ્યું કે—દરેક આત્મા પોતાની ચૈતન્યશક્તિથી પ્રભુ છે. આત્મા અને જડ બંનેમાં પોતપોતાની પ્રભુતા છે. જડ પદાર્થોમાં ભલે ચેતનશક્તિ નથી, પણ તે જડવસ્તુ પોતપોતાની સ્વતંત્ર શક્તિસંપન્ન છે, શરીરાદિ જડનું પલટવું સ્વતંત્રપણે તેની પોતાની શક્તિથી થાય છે, આત્મા પોતાની ઇચ્છા પ્રમાણે તેને પરિણમાવી શકતો નથી. આત્મામાં પરનું કાંઈ કરવાની શક્તિ નથી, પણ પોતાની બેહદ જ્ઞાન અને સુખશક્તિ તેનામાં છે. આત્મા સ્વાશ્રયે, કોઈ પણ પરના આશ્રય વગર પોતાનું કલ્યાણ કરે તેવી તાકાતવાળો છે. પોતાની પરમાત્મશક્તિને ભૂલીને પરાધીન પણ તે પોતે પોતાની મેળે જ થયો છે, કોઈ બીજાએ તેને પરાધીન કર્યો નથી. દુંદુભીના દિવ્યનાદ વચ્ચે આવી સ્વતંત્રતાનો ઢંઢેરો ભગવાનના ઉપદેશમાં આવ્યો.

ભગવાનના સમવસરણમાં દુંદુભીનાદ થાય છે તે જગતને એમ કહે છે કે—અરે જીવો! જો તમારે તમારા આત્માનું હિત કરવું હોય તો આ ભગવાનની વાણી સાંભળો; ભગવાન મોક્ષમાર્ગના નેતા છે, તમારે મોક્ષમાર્ગ પ્રગટ કરવો હોય તો પ્રભુના ઉપદેશને સાંભળો. કલ્યાણમંદિર સ્તોત્રમાં કહે છે કે—

“ભો ભો ભવ્યો! અવધૂણી તમારા પ્રમાદો સહુને
આવી સેવો શિવપુરીતણા સાર્થવાહ પ્રભુને”
—માનું આવું ત્રણ જગતને દેવ નિવેદનારો
વ્યાપી વ્યોમે ગરજત અતિ દેવદુંદુભી ત્હારો! ૨૫.

હે ભગવાન! આપના સમવસરણમાં દેવદુંદુભી આકાશમાં ગાજી રહ્યો છે તે જાણે કે જગતના જીવોને એમ આમંત્રી રહ્યો છે કે—

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

'ભો.....ભો.....ભવ્ય જીવો! આત્માનું કલ્યાણ કરવા માટે તમારા બધા પ્રમાદો છોડીને અહીં આવો અને મોક્ષના સાર્થવાહ એવા આ ભગવાનને સેવો .....ભગવાનનો ઉપદેશ સાંભળો.' અને ભગવાનનો દિવ્યધ્વનિ એમ પોકાર કરે છે કે 'હે જીવો! તમારે તમારું હિત કરવું હોય તો વસ્તુની સ્વતંત્રતા જાણીને સ્વભાવનો આશ્રય કરો.....' અહો! જ્યાં તીર્થંકર ભગવાન વિચરતા હોય અને સમવસરણ હોય ત્યાં તો ધોખબંધ ધર્મ વર્તતો હોય છે.

## (૫૦) દિવ્યધ્વનિમાં ભગવાને કહેલી પ્રભુતા

અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરપરમાત્મા તીર્થંકરપણે બિરાજી રહ્યા છે અને ત્યાં ધર્મપ્રવાહ ધોખબંધ ચાલી રહ્યો છે. અહીંથી ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સીમંધરભગવાન પાસે ગયા હતા ને ત્યાં આઠ દિવસ રહીને ભગવાનના સાક્ષાત્ દિવ્યધ્વનિને સાંભળ્યો હતો. લગભગ વિ.સં. ૪૯ માં એ બનાવ બન્યો હતો. તે દિવ્યધ્વનિ ઝીલીને પાછા ભરતમાં પધાર્યા પછી તેમણે શ્રી સમયસાર વગેરેની રચના કરી. તેમાં તેઓ કહે છે : 'ભગવાન દિવ્યધ્વનિમાં એમ કહેતા હતા કે—હે જીવો! અમે સિદ્ધ છીએ, તમે સિદ્ધ છો. અમે પરમાત્મા છીએ, તમે પણ પરમાત્મા છો. દરેક આત્મા પોતાના સ્વભાવથી પરિપૂર્ણ પરમેશ્વર છે. તમે તમારી પ્રભુતાને ઓળખો. જેટલા જીવો પ્રભુ થયા છે તે બધાય પોતાના પ્રભુત્વને ઓળખીને તેના જ આધારે પ્રભુ થયા છે. પ્રભુતા ક્યાંય બહારથી આવતી નથી પણ સ્વભાવમાં શક્તિ છે તેમાંથી જ તે પ્રગટે છે. માટે પહેલાં સ્વભાવશક્તિને ઓળખો.

## (૫૧) 'સિદ્ધસમાન સદા પદ મેરો.....'

આચાર્યદેવે સમયસારના માંગળિકમાં જ સિદ્ધપણાનું પ્રસ્થાન કર્યું છે કે—'वंदित्तु सव्वसिद्धे ....' સિદ્ધ ભગવાનને વંદન કરું છું એટલે કે આત્માને જ સિદ્ધપણે સ્થાપું છું. અહો જીવો! મારો ને તમારો આત્મા સિદ્ધસમાન છે. આ પંચમકાળમાં સાક્ષાત્ સિદ્ધદશા

નથી પણ સ્વભાવે તો હું સિદ્ધ ને તું પણ સિદ્ધ—એમ સ્વભાવમાં સિદ્ધપણું સ્થાપીને સિદ્ધદશાનું પ્રસ્થાનું મૂકીએ છીએ. આ વાત સાંભળીને જેણે પોતાના આત્મામાં સિદ્ધપણું સ્થાપ્યું તે અલ્પકાળે સિદ્ધ થયા વિના રહે નહિ.

નાટક સમયસારમાં પં. બનારસીદાસજી કહે છે કે—

ચેતનરૂપ અનૂપ અમૂરતિ,
સિદ્ધસમાન સદા પદ મેરો;
મોહ મહા તમ, આતમ અંગ,
કિયો પરસંગ મહાતમ ઘેરો.
જ્ઞાનકલા ઉપજી અબ મોહિ,
કહુ ગુણ નાટક આગમ કેરો;
જાસુ પ્રસાદ સધે શિવમારગ,
વેગિ મિટૈ ભવવાસ વસેરો. ૧૧.

પોતાનો પરમાર્થસ્વભાવ કેવો છે તે બતાવીને પછી પર્યાયની વાત કરી છે. મારું સ્વરૂપ તો સદાય ચૈતન્યરૂપ, ઉપમારહિત અને અમૂર્તિક સિદ્ધસમાન છે. પરંતુ પર્યાયમાં મોહના મહા અંધકારનો સંબંધ થવાથી અજ્ઞાની બની રહ્યો હતો.....પણ હવે તો મારા અંતરમાં જ્ઞાનની જ્યોતિ પ્રગટ થઈ છે. તેથી હું આ સમયસારના ગુણ કહું છું કે જેના પ્રસાદથી મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે અને ભવનો વાસ અર્થાત્ જન્મમરણ જલ્દી છૂટી જાય છે.

ચિદાનંદી ભગવાન આત્માને ઉપમા અપાય તેવો કોઈ પદાર્થ આ જગતમાં નથી. ‘એની ઉપમા એને’ સિદ્ધસમાન પોતાનું પદ છે. આવા આત્માની શ્રદ્ધા વગર જન્મ-મરણ મટે નહિ.

## (૫૨) સિદ્ધ થવાનો ઉપાય

ભગવાન આચાર્યદેવ કહે છે કે હું સિદ્ધ, તું સિદ્ધ; એકવાર અમે કહીએ છીએ તેવા તારા આત્માનો વિશ્વાસ કરીને હા પાડજે. આત્માનો સ્વભાવ સદા સિદ્ધ જેવો હોવા છતાં તેના અવિશ્વાસને લીધે

તે શક્તિ રોકાઈ ગઈ છે. વિશ્વાસ ફેરે જ આ સંસાર ઊભો છે. કોઈ કહે કે 'આત્મા સિદ્ધસમાન હોય તો તેને આ શું થયું?' તો કહે છે કે સ્વભાવસામર્થ્યથી તો તે સદાય સિદ્ધસમાન છે જ. પણ પર્યાયમાં તે સ્વભાવની અસાવધાનીથી પોતે જ અજ્ઞાની થયો છે; તે ક્ષણિક અજ્ઞાનભાવ ત્રિકાળીસ્વરૂપમાં નથી.....હવે આ શુદ્ધ આત્મસ્વભાવનો મહિમા શ્રવણ કરતાં કરતાં, વિકલ્પ ઉપર જોર આપીશ નહિ પણ 'હું સિદ્ધ છું' એવું લક્ષ રાખીને સ્વભાવ તરફ જોર આપજે. પૂર્ણસ્વભાવના લક્ષે શ્રવણ-મનન કરતાં કરતાં અવસ્થામાંથી દોષ ને અપૂર્ણતા ટળી જશે ને પૂર્ણ દશા થઈ જશે. ભગવાનના દિવ્યધ્વનિમાં આમ આવ્યું હતું કે હે જીવો! તમારો આત્મા પરથી ભિન્ન જ્ઞાયકસ્વરૂપ છે, તમે પર સંગ છોડીને સ્વસ્વભાવનો પરિચય કરો, એમ કરતાં જે શક્તિરૂપે પરમાત્મપણું છે તે પર્યાયમાં વ્યક્ત થઈ જશે. —આવો મુક્તિનો ઉપાય ભગવાને કહ્યો.

## (૫૩) ધન્ય છે.....જેને આ વાત બેસે તેને!

આત્માના સ્વભાવની આ વાત કોને બેસે? —જેને પાત્રતા થઈને અંતરમાં એમ થાય—કે અહા! ભગવાને મારા સ્વભાવની વાત કરી છે.....ભગવાને તો મારા આત્માનો અનંત મહિમા સમજાવ્યો છે. ભગવાન તો કહે છે કે મારામાં ને તારામાં ફેર નથી. —અહો, આવો મારો સ્વભાવ! —આમ મહિમા લાવીને જે પોતાના સ્વભાવસન્મુખ થાય તેને જ અંતરમાં આ વાત બેસે, ને જેને આ વાત બેસે તેનું અપૂર્વ કલ્યાણ થઈ જાય. પર્યાયબુદ્ધિ હોય તેને આ વાત અંદરમાં બેસે નહિ, ને આ વાત બેઠા વગર કલ્યાણ થાય નહિ. ક્ષણિક પર્યાયમાં વિકાર છે તેટલો જ પોતાને અનાદિથી જીવ માની રહ્યો છે તેથી જ તે રખડે છે; તે પર્યાયબુદ્ધિ છોડાવીને અહીં દ્રવ્યબુદ્ધિ કરાવવા માગે છે. પર્યાયમાં એક સમયનો સંસાર છે તે ત્રિકાળી સ્વભાવમાં નથી. એક સમયના વિકારમાં આત્માનું ચૈતન્યપદ નથી; તે વિકારમાં જો આત્માને શોધે તો આત્મા અનુભવમાં નહિ આવે પણ વિકારની ઉત્પત્તિ થશે. જો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સ્વસન્મુખ થઈને અંતરમાં ત્રિકાળી ચૈતન્યપદને શોધે તો તેના આશ્રયે કાયમ ટકનારી પરમાત્મદશા થયા વિના રહે જ નહિ.

## (૫૪) મોહક્ષય માટે બધાય તીર્થંકરોનો એક જ માર્ગ

શ્રી આચાર્ય ભગવાન મોહક્ષયનો ઉપાય દર્શાવતાં પ્રવચનસારમાં કહે છે કે—

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं॥८०॥**

જેણે અરિહંત ભગવાનના આત્માને દ્રવ્ય-ગુણ-પર્યાયથી જાણ્યો અને તે જાતનો જ હું છું—એમ જેણે નિર્ણય કર્યો તે જીવ પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે. એ રીતે મોહનો નાશ કરીને પછી શુદ્ધાત્માના આશ્રયે જ રાગ-દ્વેષનો ક્ષય કરતાં જીવ શુદ્ધાત્માને પામે છે અર્થાત્ કેવળજ્ઞાન પામે છે. —આવો મુક્તિનો ઉપાય છે. વળી એ એક જ ઉપાય છે એમ દૃઢ કરતાં આચાર્યદેવ કહે છે કે—

**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं॥८२॥**

ઉપર કહ્યો તે પ્રમાણે જ મોહના ક્ષયનો ઉપાય કરીને સમસ્ત અરિહંત ભગવંતોએ મોહનો નાશ કર્યો અને પરમાત્મદશા પામ્યા. પછી તે અરિહંત ભગવંતોએ તેવો જ ઉપદેશ જગતને કર્યો. તેમાં કહ્યું કે—અમે આ પ્રમાણે કરીને જ મોહનો નાશ કરી પરમાત્મદશા પામ્યા છીએ. અમે કર્યું તેમ તું કરે તો તું પણ પરમાત્મા થવાને લાયક છો. તું અરિહંત જેવા તારા આત્માને જાણીને તેનો આશ્રય કર તો તારો મોહ ટળીને પરમાત્મદશા થાય. અહીં તો 'પરમાત્મદશા થાય જ' એવી વાત છે, 'ન થાય' એવી વાત અહીં નથી. જગતમાં અભવ્ય જીવો ભલે હો, પણ ભગવાનના સમવસરણમાં અભવ્ય જીવ ન હોય. જે જીવ ભગવાનનો ઉપદેશ સાંભળવા આવ્યો અને ભગવાને કહેલી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આત્મસ્વભાવની વાત જેના આત્મામાં બેઠી તે જીવ અલ્પકાળે મુક્તિ પામે એવો ભવ્ય જ હોય. અત્યારે અહીં પણ ભગવાનના કેવળજ્ઞાનકલ્યાણક પ્રસંગે, ભગવાનના દિવ્યધ્વનિ તરીકેનો આ ઉપદેશ ચાલે છે.

## (૫૫) દિવ્યધ્વનિમાં પુરુષાર્થનો પોકાર

દિવ્યધ્વનિમાં તીર્થંકરભગવાનનો પોકાર છે કે–મેં સ્વભાવઆશ્રિત જેવો પુરુષાર્થ કર્યો તેવો પુરુષાર્થ તમે કરો, તો તમને પણ પરમાત્મદશારૂપી કાર્ય થયા વિના રહે નહિ. આત્મસ્વભાવનો જેટલો પુરુષાર્થ કરે તેટલું સ્વભાવનું કાર્ય ન પ્રગટે એમ બને નહિ, ઘણો પુરુષાર્થ કરે ને કાર્ય ઓછું આવે એમ કદી બને નહિ, તેમ જ પોતાના પુરુષાર્થ વગર કોઈ બીજાના આધારે પરમાત્મદશા પ્રગટી જાય–એમ પણ બને નહિ. એક જ નિયમ છે કે જેટલો સ્વભાવના આશ્રયે પુરુષાર્થ કરે તેટલી પવિત્રદશા તે જ ક્ષણે પ્રગટે. સંસારના બાહ્યસંયોગની વાત જુદી છે, ત્યાં તો ઘણો રાગ કરે છતાં બાહ્યસંયોગ ન મળે, પણ આત્મામાં તો સ્વભાવના પુરુષાર્થથી જરૂર મુક્તિ થાય છે. પુરુષાર્થ વિના મુક્તિ થતી નથી.

કોઈ કહે કે : કાળલબ્ધિ હશે ત્યારે મુક્તિ થઈ જશે. તેમાં પુરુષાર્થ નકામો છે. તો તેવું કહેનાર મિથ્યાદૃષ્ટિ છે. પુરુષાર્થ વગર કાળલબ્ધિનો નિર્ણય કોણે કર્યો? જ્યાં પુરુષાર્થ છે ત્યાં કાળલબ્ધિ હોય જ. આત્માનો પુરુષાર્થ સૂઝે અને કાળલબ્ધિની શંકા રહે–એમ કદી ન બને. –આમ ભગવાને પુરુષાર્થ ઉપદેશ્યો છે.

## (૫૬) ભગવાનના ઉપદેશમાં સ્વતંત્રતાનો ઢંઢેરો

ભગવાનના દિવ્યધ્વનિમાં, વસ્તુની ત્રિકાળી શક્તિ અને તેની સમય સમયની પર્યાયોની સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો છે. ત્રિકાળી દ્રવ્ય સ્વતંત્ર છે અને તેની સમય સમયની અવસ્થા પણ સ્વતંત્ર છે. ભગવાનની વાણીમાં તો આમ આવ્યું હતું કે આત્માના સ્વભાવ

તરફના પુરુષાર્થની દશા તે જ આત્માની કાળલબ્ધિ છે. ત્રિકાળી સત્ અને સમય સમયનું સત્ સ્વતંત્ર છે; બધા પદાર્થો અને તેની વર્તમાન પર્યાય સ્વતંત્ર છે. કર્મ આત્માને વિકાર કરાવે નહિ, આત્મા કર્મને લઈને રખડે નહિ. જીવની પર્યાયનો કર્તા બીજો કહો તો જીવની સ્વતંત્રતા જ ક્યાં રહી? આ જીવનો કર્તા બીજો છે એમ કહો તો જીવવસ્તુ જ સ્વતંત્ર સિદ્ધ થતી નથી. જેનો કર્તા હોય તે વસ્તુ કૃત્રિમ ઠરે. ત્રિકાળી વસ્તુનો કોઈ કર્તા નથી. જો ત્રિકાળી વસ્તુ સ્વયંસિદ્ધ સત્ છે તો તે વસ્તુનું વર્તમાનપણું પણ સ્વયંસિદ્ધ સત્ છે. ત્રિકાળી વસ્તુનો કોઈ કર્તા નથી તો તેના વર્તમાનનો પણ કર્તા કોણ હોય? —કોઈ કર્તા નથી. ત્રિકાળી સત્‌ની સ્વતંત્રતામાં તેના એકેક સમયના સત્‌ની સ્વતંત્રતા પણ સમાઈ જ જાય છે. એક પણ સમયના સત્‌ને પરાધીન માનો તો ત્રિકાળી સત્‌ની સ્વતંત્રતા સાબિત નહિ થાય; કેમ કે એક સમયની પર્યાય પરાધીન, તેમ બીજા-ત્રીજા સમયની પર્યાયો પણ પરાધીન—એમ કરતાં ત્રણેકાળ વર્તતું દ્રવ્ય જ પરાધીન ઠરશે.—એટલે કે વસ્તુસ્વરૂપ જ સિદ્ધ નહિ થાય. જગતના અજ્ઞાની જીવો જેમ ઈશ્વરને જગત્‌કર્તા માને છે તેમ જૈનસંપ્રદાયમાં રહીને પણ જો કોઈ એમ માને કે કર્મ જીવને રખડાવે—અથવા આત્મા પરનું કાંઈ કરે, —તો તે પણ અન્ય મતની જેમ મિથ્યાદૃષ્ટિ જ છે. એક સમયનો વિકાર અવસ્થામાં સ્વતંત્રપણે પોતે કરે છે—એમ ન જાણે અને તે વિકારકર્મે કરાવ્યો એમ માને, તો તેવી માન્યતાવાળો જીવ પણ ઈશ્વરને જગત્કર્તા માનનારના જેવો જ છે. વસ્તુના સ્વતંત્રસ્વભાવની તેને પ્રતીતિ નથી. ખરેખર પરમાર્થસ્વભાવથી એક સમયના વિકારનો હું કર્તા અને તે મારું કાર્ય—એમ નિશ્ચયથી વિકાર સાથે કર્તાકર્મપણું માનનારને પણ ભગવાન મિથ્યાદૃષ્ટિ કહે છે, કેમ કે વિકારથી જુદા જ્ઞાયકસ્વભાવનું તેને ભાન નથી. 'આત્મા પોતાના સ્વભાવથી વિકારનો કર્તા નથી' એ ખરું, પરંતુ એનો અર્થ એવો નથી કે તે વિકાર બીજો કરાવે છે. બીજો પદાર્થ મને વિકાર કરાવે એમ જે માને છે તે તો મોટી ભૂલ કરે છે,

તેને તો વ્યવહારની એટલે કે વર્તમાન પર્યાયની સ્વતંત્રતાની પણ ખબર નથી. મારા દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેથી હું સ્વતંત્ર છું, પર્યાયમાં વિકાર થાય છે તેમાં પણ હું સ્વતંત્ર છું. મારી જ પર્યાયના અપરાધથી તે વિકાર થાય છે, પણ મારા દ્રવ્ય-ગુણસ્વભાવમાં વિકાર નથી માટે સ્વભાવથી હું વિકારનો કર્તા નથી, ને વિકાર મારું સ્વરૂપ નથી—આમ સમજીને વિકારરહિત સ્વભાવનો અનુભવ કરે તે જીવ ધર્મી છે. વિકારરૂપ અંશને પણ સ્વતંત્ર ન કબુલે તો ત્રિકાળ અંશીને સ્વતંત્ર કબુલવાનું જોર ક્યાંથી લાવે ? વિકાર પર કરાવે એમ માને અથવા તો વિકારને જ પોતાનું કર્તવ્ય માનીને અટકે તો તે મિથ્યાદૃષ્ટિ છે. જેણે પોતાના પરમાર્થ જ્ઞાનસ્વભાવને દૃષ્ટિમાં લીધો છે એવો ધર્મી જીવ જાણે છે કે દયાદિ શુભપરિણામો પણ વિકાર છે, હું તેનો જાણનાર છું પણ હું તેનો કરનાર કે ભોગવનાર નથી, ત્રિકાળી આત્માને ક્ષણિક વિકારનો કર્તા માને તેને ત્રિકાળીસ્વભાવની ખબર નથી એટલે કે તે ધર્મી નથી. ત્રણકાળ ત્રણલોકમાં એક તણખલાને તોડવાનું સામર્થ્ય કોઈ આત્મામાં નથી; જડ પરમાણુની અવસ્થામાં ચૈતન્યનો અધિકાર નથી. અજ્ઞાની જીવ પરનું ભલું–ભૂંડું કરી દેવાનું માને છે પરંતુ પોતાના અજ્ઞાનભાવ સિવાય પરમાં તો તે કાંઈ કરી શકતો નથી. દરેક પદાર્થમાં પોતાની અનંતી શક્તિ હોવા છતાં, પરનું કાંઈ કરે એવી તો શક્તિ કોઈ દ્રવ્યમાં જરાપણ નથી. વસ્તુસ્થિતિ જ આવી છે કે—

सकल वस्तु जगमैं असहाई।
वस्तु वस्तुसौं मिलै न काई॥
जीव वस्तु जानै जग जेती।
सोऊ भिन्न रहै सब सेती॥५१॥

(નાટક—સમયસાર, સર્વવિશુદ્ધિદ્વાર)

ખરેખર જગતમાં બધા પદાર્થો સ્વાધીન છે, કોઈ-કોઈની સહાયની અપેક્ષા રાખતા નથી, અને કોઈ પદાર્થ કોઈ પદાર્થમાં મળતા

નથી. જ્ઞાનસ્વભાવી જીવ જગતના પદાર્થોને જાણે છે પણ તે બધા પદાર્થો તેનાથી ભિન્ન જ રહે છે. જ્ઞાતા બધાને જાણે પણ કોઈને ફેરવે નહિ. ત્રણકાળ ત્રણલોકમાં બધાંય દ્રવ્યો અસહાયી છે, કોઈ કોઈને સહાય કરે એવી શક્તિ કોઈ દ્રવ્યમાં નથી તેમ જ કોઈ કોઈની સહાયતા માંગે એવી પરાધીનતા કોઈ દ્રવ્યમાં નથી. જેનામાં જે તાકાત ન હોય તે બીજો આપી શકે નહિ અને જેનામાં જે શક્તિ હોય તે બીજાનો આશરો લ્યે નહિ–આ મહા સિદ્ધાંત છે. વસ્તુસ્વભાવની આવી સ્વતંત્રતાના નિર્ણય વગર ધર્મ થાય નહિ.

## (૫૭) ''અમોઘ વાણી''

શ્રી તીર્થંકરભગવાનના દિવ્યધ્વનિમાં જ્યારે આવો સ્વતંત્ર વસ્તુસ્વભાવનો ઉપદેશ થયો ત્યારે ઘણા પાત્ર જીવો ધર્મ પામ્યા. ભગવાનની વાણીનો ધોધ કાને પડતાં જ કોઈ જીવો તો અંદરમાં ઉતરીને આત્મભાન પામ્યા, કોઈ જીવોએ શ્રાવકદશા પ્રગટ કરી અને કોઈ જીવો તો અંદર એકાગ્ર થતાં મુનિ થયા, ને કોઈ સ્ત્રીઓ અર્જિકા થઈ. એ પ્રમાણે ભગવાનની છત્રછાયામાં મુનિ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા એમ ચારે તીર્થ સ્થપાયા. તીર્થંકર ભગવાનની વાણી નીકળે અને ધર્મ પામનારા જીવો ન હોય એમ કદી બને નહિ. કોઈ કહે કે 'મહાવીર ભગવાનની વાણી નીકળી પણ કોઈ જીવો ધર્મ ન પામ્યા એટલે ભગવાનની પહેલી દેશના ખાલી ગઈ'–તો તે વાત યથાર્થ નથી. અમુક વખત સુધી તીર્થંકરભગવાનની વાણી ન છૂટે એ વાત જુદી છે, પણ વાણી છૂટે અને નિષ્ફળ જાય–એમ તો કદી બને જ નહિ. ભગવાનની દિવ્યવાણી તો 'અમોઘ વાણી' છે, તે કદી ખાલી જાય નહિ. વૈશાખ સુદ દશમે મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું, પણ વાણી ન છૂટી. વાણી તો ૬૬ દિવસ પછી અષાડ વદ એકમે છૂટી. પહેલાં અહીં વાણીની લાયકાત ન હતી તેમ જ સામે પણ વાણી ઝીલનાર પાત્ર જીવ ન હતો. જ્યાં અહીં વાણી છૂટવાનો કાળ આવ્યો ત્યાં સામે ગૌતમસ્વામીની પણ ગણધરપદ માટે તૈયારી થઈ–બંનેનો

સહજ મેળ થઈ જાય છે. ભગવાનની વાણી નીકળે અને સામે ધર્મ સમજનાર કોઈ ન હોય એમ બને નહિ એટલે કે ત્યાં નિમિત્ત-નૈમિત્તિકનો મેળ કદી તૂટે નહિ. આમ છતાં, ભગવાનની વાણીને લીધે સામો જીવ ધર્મ સમજી જાય છે—એવી પરાધીનતા પણ નથી.

ભગવાન પોતે પૂર્વે જ્યારે ધર્મભૂમિકામાં હતા ત્યારે પોતામાં ધર્મવૃદ્ધિના વિકલ્પથી જે કર્મ બંધાયું, તે કર્મના ઉદયથી જે વાણી છૂટી, તે વાણી વખતે સામે ધર્મની વૃદ્ધિ કરનારા જીવો પણ જરૂર હોય જ છે, ન હોય એમ બને નહિ.

એ જ પ્રમાણે, ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પોતે કહે છે કે—જગતના જીવોને સત્ય સમજાવવાનો વિકલ્પ ઊઠતાં આ કાળે અમારી જે વાણી રચાય છે, તો તે વાણી ઝીલીને સત્ સમજનારા પણ આ કાળે ન હોય—એમ બને નહિ. જુઓ, પાંચમી ગાથામાં કહે છે કે—

तं एयत्तविहत्तं दाएहं अप्पजो सविहवेण।
जदि दाएज्ज पमाणं चुक्किज्ज छलं ण घेतव्वं।।५।।

આ સમયસારમાં હું મારા આત્માના નિજવૈભવથી શુદ્ધ આત્માનું સ્વરૂપ દર્શાવું છું. 'હું દેખાડું છું ને તમે પ્રમાણ કરજો' એમ કહ્યું તો ત્યાં પ્રમાણ કરનારા જીવો ન હોય એમ બને નહિ. શુદ્ધાત્માને કહેનારી અમારી વાણી નીકળી ને સામે શુદ્ધાત્માને સમજનારા ન હોય એમ ત્રણકાળમાં ન બને. અમે આત્માની જે વાત કહેવા માંગીએ છીએ તે વાતને ઝીલનારા પાત્ર જીવો છે તેને અમે કહીએ છીએ કે 'તું તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે.' સામે પ્રમાણ કરનારા પાત્ર જીવોને ભાળીને એ પ્રમાણે વાણી નીકળી છે. 'હું કહું છું માટે તું માની લેજે' એમ આચાર્યદેવ નથી કહેતા, પણ હું મારા આત્મવૈભવથી કહું છું ને તું મારા સ્વાનુભવથી પ્રમાણ કરજે—એમ કહ્યું છે, તેમાં પ્રમાણ કરવાની સામાની લાયકાત પણ આવી જાય છે.

કાંઈ નિમિત્તને આત્મા મેળવતો નથી પણ તેને સમજવા ટાણે સત્ નિમિત્ત ન હોય એમ બને નહિ; અહીં તો ઉપાદાન-નિમિત્તની અપૂર્વ સંધિથી આચાર્યદેવ કહે છે કે અમારી શુદ્ધાત્માને દર્શાવનારી વાણીને જે જીવે નિમિત્ત તરીકે સ્વીકારી છે તે જીવના ઉપાદાનમાં પણ શુદ્ધાત્માને સમજવાની પાત્રતા છે. 'અરે ! આ દુઃષમ પંચમકાળે મારી આવા શુદ્ધાત્માને કહેનારી વાત પ્રમાણ કરનારા નહિ મળે' એમ આચાર્યદેવ નથી કહેતા, પણ 'હું દર્શાવું તે પ્રમાણ કરજો' એમ કહીને આચાર્યદેવ એમ કહે છે કે 'અમે સીધી તીર્થંકરભગવાનની દિવ્યવાણી સાંભળી છે, તો ભગવાનની જેમ અમારા ઉપદેશને સમજનારા ભરતક્ષેત્રમાં ન હોય એમ બને નહિ. જેમ ભગવાનની અમોઘ વાણી નીકળે અને તે સમજનારા ન હોય એમ બને નહિ તેમ અમારો આ શુદ્ધાત્માનો ઉપદેશ હોય અને તે સમજનારા ન હોય—એમ બને નહિ. જુઓ તો ખરા ! આ અપૂર્વ સંધિ !

**(૫૮) ધન્ય એ વક્તા અને ધન્ય એ શ્રોતા !**

શ્રી આચાર્યપ્રભુ પોકાર કરે છે કે અખંડ જ્ઞાનાનંદ આત્મા દર્શાવું છું, તેવા આત્માને તું અનુભવથી પ્રમાણ કરજે.....અંદરથી હોંશ લાવીને હા પાડજે.....હા જ પાડજે, ના પાડીશ નહિ. આ આદેશથી હુકમ નથી કર્યો, પણ યથાર્થ સ્થિતિ જણાવી છે કે સમજે એવા પાત્ર જીવો અમારા સંયોગમાં ન હોય એમ બને નહિ. અમે અલ્પકાળે સિદ્ધ થનારા, તો અમારી વાતની ના પાડનારા અમારા સંયોગમાં હોય નહિ. તીર્થંકરભગવાનના સમવસરણમાં જેમ અભવ્ય જીવ ન હોય તેમ અમે જે શુદ્ધાત્મસ્વભાવની વાત કરીએ છીએ તેનો નકાર કરનારા અમારી સભામાં હોય નહિ.

ધર્મવૃદ્ધિના વિકલ્પથી ભગવાનને પૂર્વે તીર્થંકરનામકર્મ બંધાયું, તે કર્મના નિમિત્તે જે વાણી ખરી તે વાણી સાંભળીને સમજનારા જીવો ન હોય એમ બને નહિ. તે વાણી ધર્મવૃદ્ધિનું નિમિત્ત છે.....પણ કોનું ?

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



—કે સામે ધર્મ સમજનારા જીવો છે તેનું. આ રીતે, સમજવાની યોગ્યતાવાળા પાત્ર જીવો છે તેને માટે વાણી નિમિત્ત છે—આવો સહજ નિમિત્ત નૈમિત્તિક મેળ છે. —આમ છતાં, 'મને ન સમજાય' એમ કહીને ઊંધોજીવ તે વાણી સાથેના નિમિત્ત-નૈમિત્તિકપણાની સંધિ તોડી નાખે છે....પણ એવા ઊંધા જીવની અહીં ગણતરી નથી. અહીં તો પાત્ર જીવોની જ વાત છે. પાત્ર શ્રોતાજનોને તો એમ થાય કે 'અહો! આવી અપૂર્વ વાણી મળી છે તો હું નક્કી મારી પાત્રતાથી સમજીને અલ્પકાળે મુક્ત થઈશ. ભગવાન શુદ્ધાત્મસ્વભાવની આવી અપૂર્વ વાત મારા કાને પડી અને મારા અંતરમાં તે બેઠી.....તેથી હવે અલ્પકાળે મારી મુક્તિ થયા વિના રહે નહિ.'

પાંચમી ગાથામાં શુદ્ધાત્માનો અનુભવ કરવાનું આચાર્યદેવે કહ્યું છે તો ત્યાં સામા સાંભળનાર જીવની તેવી લાયકાત જોઈને તેમ કહ્યું છે. –'કોની લાયકાત.....?' કે જે કરે તેની!' બધા જીવોને સાગમટે નોતરું છે..... તેમાંથી કોઈ નીકળી જાય તો તે તેની નાલાયકી છે; પણ તેવા જીવોને અમે શ્રોતા તરીકે સ્વીકારતા જ નથી. જે ઊંડેથી હા પાડીને યથાર્થ વાત સમજી જાય તેવા જ શ્રોતા અહીં લીધા છે. દિવ્યધ્વનિમાં ચૌદ બ્રહ્માંડના જીવોને આમંત્રણ છે કે "અરે જીવો! તમારામાં પરમાત્મા થવાનું સામર્થ્ય ભર્યું છે.....તમે મુક્તિને લાયક છો.....સંસાર તો એક સમયનો ઉપરનો વિકાર છે, તેનું મૂળ ઊંડું નથી.....મોક્ષનાં મૂળ તો ઊંડા છે.....અંદર સ્વભાવના ઊંડાણમાં વિકાર ભર્યો નથી પણ મોક્ષનું સામર્થ્ય ભર્યું છે.....આવા તમારા સ્વભાવની શ્રદ્ધા કરો.....એ જ ધર્મનું મૂળ છે. ધર્મના મૂળિયા ઊંડા છે.....ને વિકાર તો ક્ષણિક છે.....સંસારના કાળ કરતાં મોક્ષ અવસ્થાઓનો કાળ અનંતગણો છે.....સંસાર કરતાં અનંતગણી મોક્ષપર્યાયો પ્રગટવાનું સામર્થ્ય આત્મામાં ભર્યું છે .....આવા આત્મસ્વભાવનું ભાન કરતાં, એક સમયનો સંસાર છે તે ટળી જાય છે.....આવા આત્માને ઓળખો.....તેનો મહિમા કરો....."

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## (૫૯) મુક્ત થનારની જ વાત

અનાદિથી એકેક સમય કરીને ગમે તેટલો કાળ મલિનતા સેવી છતાં તે મલિનતા એક સમય કરતાં ગાઢી થઈ નથી. અનંતકાળ પહેલાં જે સિદ્ધ થયા તેમને ઓછી મલિનતા હતી ને અત્યારે જે સિદ્ધ થાય તેને વધારે મલિનતા હતી–એમ નથી; અશુદ્ધતાનો કાળ લંબાય તેથી કાંઈ અશુદ્ધતાની પુષ્ટિ થઈ જતી નથી. ત્રિકાળી દ્રવ્ય-ગુણ તો બધા આત્માને શુદ્ધ જ છે, ને એક સમય પૂરતી પર્યાયમાં અશુદ્ધતા છે, તે અશુદ્ધતાનો કાળ લંબાય પણ બે સમયની અશુદ્ધતા ભેગી થઈને એક સમયની પર્યાયમાં તેની ઉગ્રતાની પુષ્ટિ થાય—એમ ન બને. મારા ત્રિકાળ ધ્રુવ રહેનાર પવિત્ર સ્વભાવ પાસે એક સમયના વિકારનું જોર નથી. સ્વભાવની મહત્તા પાસે તે વિકારની મહત્તા નથી પણ તુચ્છતા છે, એટલે સ્વભાવની દૃષ્ટિથી મારા આત્મામાં વિકાર છે જ નહિ, માટે હું વિકારનો કર્તા નથી, હું તો જ્ઞાનસ્વરૂપ છું. –આ પ્રમાણે ઓળખીને વિકારરહિત સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરવા તે ધર્મી આત્માનું કાર્ય છે, એવા કાર્ય વડે ધર્મી જીવ ઓળખાય છે. —આમ ભગવાને દિવ્યધ્વનિમાં કહ્યું; તે જ વાત શ્રી કુંદકુંદભગવાને સમયસારમાં બતાવી છે, ને તે જ અહીં કહેવાય છે. જે જીવ પાત્ર થઈને આ વાત સમજશે તે અલ્પકાળે મુક્ત થશે.....અને જે નહિ સમજે તે તો અનાદિથી રખડી જ રહ્યા છે એટલે તેની શું વાત કરવી? સંસાર, મોક્ષ અને મોક્ષનો માર્ગ–બધું અનાદિ અનંત છે, તેમાંથી એકેયનો કદી સર્વથા અભાવ થવાનો નથી. હા, એક જીવ પોતાના સંસારનો અભાવ કરીને મોક્ષદશા પ્રગટ કરે છે, તેની અપેક્ષાએ સંસારનો અંત અને મોક્ષની આદિ છે. ચૈતન્યતત્ત્વને જે જીવ સમજે તેની મુક્તિ થાય છે.....બાકી રખડવાની અહીં વાત નથી.

## (૬૦) અહો! ધર્માત્માની નિર્માનતા

દિવ્યધ્વનિના નિમિત્તરૂપ રજકણો બંધાવાના કાળે જીવને તદ્દન નિર્માનતા હોય છે; અંતરમાં ચૈતન્યભગવાનનો મહિમા ભાસ્યો છે

એટલે પરમાં ક્યાંય અભિમાન થતું નથી. માનના વિકલ્પનેય જ્ઞાની પોતાનું કાર્ય માનતા નથી. જુઓ, તીર્થંકરનામકર્મ કોને બંધાય? —અજ્ઞાનીને ન બંધાય. અજ્ઞાની તો ક્ષણેક્ષણે જગતના પદાર્થોનું અભિમાન કરીને સ્વભાવને ભૂલે છે. જ્ઞાની પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવને જાણે છે ને માનને પોતાનું માનતા નથી, સ્વભાવ સિવાય બીજે ક્યાંય ધણીપણું રહ્યું નથી, જગત પાસેથી માન લેવાનું માનતા નથી. અહો! મારા અનંત ચૈતન્યસ્વભાવનું માન મારી પાસે છે, જગતના પદાર્થોમાં મારું માન નથી, કોઈ પરને લીધે મારા આત્માનો મહિમા નથી, મારો મહિમા મારા સ્વભાવથી જ છે. —આ પ્રમાણે સ્વભાવના મહિમાના જોરે માનને ગાળીને નિર્માનતા થઈ ગઈ અને નિર્મળ સ્વરૂપમાં સમાતાં સમાતાં કાંઈક રાગ બાકી રહી ગયો ત્યાં તે ધર્માત્માને, ત્રિભુવનનાથ થાય એવું તીર્થંકરનામકર્મ બંધાઈ જાય છે, ને ઈંદ્રો તેના ચરણમાં શીર ઝૂકાવે છે. માન માગે તેને મળતાં નથી. સાચું માન તો પોતાના પરિપૂર્ણ સ્વભાવની માન્યતા કરવી તેમાં જ છે. અજ્ઞાની પરનું માન કરે છે—પરથી પોતાની મોટાઈ માને છે, તેને તીર્થંકરનામકર્મ બંધાતું નથી, જ્ઞાનીને ચૈતન્યસ્વભાવના મહિમા પાસે પરનો અહંકાર ઊડી ગયો છે, તે ત્રણલોકના નાથ થાય છે.

## (૬૧) ધર્માત્માનું ધર્મકર્તવ્ય

મારા સ્વભાવ તરફ વળીને જે પર્યાય અભેદ થઈ તેનો હું કર્તા, ને તે નિર્મળ પર્યાય મારું કર્મ છે, વિકાર ખરેખર મારું કર્મ નથી, તો પછી જડની ક્રિયા તો મારું કર્મ ક્યાંથી હોય? હું ચૈતન્યસ્વરૂપ આત્મા કર્તા, ને નિર્મળ પર્યાય મારું કર્મ, તેનું સાધન પણ હું જ છું. સંપ્રદાન પણ હું જ છું, અપાદાન અને અધિકરણ પણ હું જ છું. પરમાર્થે દ્રવ્ય-પર્યાયની અભેદતામાં તો કર્તા-કર્મ વગેરે ભેદનો વિકલ્પ પણ નથી, —હું એક અખંડ જ્ઞાયક છું. —એમ ધર્મીની દૃષ્ટિ અભેદ સ્વભાવમાં પડી છે, ને તે દૃષ્ટિમાં નિર્મળ નિર્મળ પર્યાયો થતી જાય છે તે ધર્મીનું ધર્મ કર્તવ્ય છે.

## (૬૨) રાગ વખતે ધર્મી ને અધર્મી જીવની માન્યતામાં મોટો ફેર

ધર્મીનેય શુભરાગ વખતે દેવ-ગુરુ-શાસ્ત્રના બહુમાનનો ભાવ આવે, પણ ખરેખર તો તે પરનું બહુમાન નથી કરતા, કેમ કે તે પર પદાર્થને કારણે બહુમાનનો શુભરાગ થયો નથી અને દૃષ્ટિમાં શુભરાગનું કર્તવ્ય રહ્યું નથી. પર્યાયબુદ્ધિવાળો જીવ દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરને દેખીને તેમના કારણે બહુમાનનો ભાવ થવાનું માને છે, દેવ-ગુરુ-શાસ્ત્ર સારાં માટે મને તેમના બહુમાનનો રાગ થાય છે—એમ માનીને તે રાગ કરે છે, ને સ્વભાવદૃષ્ટિ નહિ હોવાથી તે રાગને જ પોતાનું સ્વરૂપ માનીને તેનો કર્તા થાય છે, —એને ભગવાને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે તો જગતમાં સદાય છે, જો તેને લીધે રાગ થાય તો તો રાગ સદા થયા જ કરે. પરને લીધે મને રાગ થાય છે એમ જેણે માન્યું તેના અભિપ્રાયમાં રાગ સદા થયા જ કરે છે, પરથી પાછો ખસીને સ્વમાં ઠરવાનું તેને રહેતું નથી. ધર્મીને રાગ થાય ત્યાં તે જાણે છે કે આ રાગ મારી પર્યાયની કચાશથી થાય છે, મારી પર્યાયમાંથી હજી રાગ થવાની લાયકાત સર્વથા ટળી નથી તેથી રાગ થાય છે, પરને લીધે રાગ થતો નથી, ને સ્વભાવમાં રાગ છે નહિ. સ્વમાં એકાગ્રતાથી પર્યાયની સબળાઈ થતાં તે રાગ ટળી જશે. એટલે ધર્મીને પરની કે રાગની ભાવના નથી, પરિપૂર્ણ સ્વભાવની જ ભાવના છે. —એ રીતે ધર્મી અને અધર્મી જીવની માન્યતામાં મોટો ફેર છે.

## (૬૩) રાગનું કારણ કોણ ?

હે ભાઈ, તું ભાવના તો સ્વભાવની કર ! સ્વભાવની ભાવના કરવા માટે પહેલાં યથાર્થ વસ્તુસ્થિતિ નક્કી કર. જો ખરેખર પરવસ્તુ જ તારા રાગનું કારણ હોય તો તો પરવસ્તુ જ રાગની ખાણ થઈ; અને એમ થતાં તો પરવસ્તુ ત્રિકાળ હોવાથી રાગ પણ ત્રણેકાળ થયા જ કરશે. માટે તારો એ અભિપ્રાય છોડ, પરના કારણે રાગ થતો નથી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પણ પોતાની પર્યાયના અપરાધથી જ રાગ થાય છે–એમ સમજ, અને ધ્રુવ ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા કરીને તે રાગની બુદ્ધિ પણ છોડ. –આ જ તારા કલ્યાણનો રસ્તો છે. જ્ઞાનીને પર્યાયની નબળાઈથી અલ્પ રાગાદિ થાય છે, પણ તેનું કારણ પરને માનતા નથી તેમ જ તે પર્યાયના રાગને દ્રવ્યસ્વભાવમાં સ્વીકારતા નથી. આ પ્રમાણે જે રાગના કારણને ન સમજે તેને તો વસ્તુસ્થિતિની ખબર નથી, અને વસ્તુના ભાન વગર તે રાગને ટાળી શકશે નહિ.

જુઓ, ખરેખર આ જિનમંદિર કે વીતરાગી ભગવાનની પ્રતિમા તે શુભરાગનું કારણ નથી. જો તે જ રાગનું કારણ હોય તો તો બધાય જીવો તેમનું બહુમાન કરવા આવવા જોઈએ; માટે તે રાગનું કારણ નથી. જે જીવોને પર્યાયમાં તે પ્રકારના રાગની લાયકાત હોય છે તેઓને જ તેવો રાગ થાય છે, ને તેવા રાગ વખતે તે નિમિત્તો ઉપર લક્ષ જાય છે. એ રીતે પર્યાયની લાયકાત સિવાય બીજું કોઈ કારણ છે જ નહિ. બીજા જે કોઈ કારણ કહેવાતા હોય તે બધાય ઉપચારથી છે. ‘શ્રી મહાવીર ભગવાનની હયાતીને કારણે ગૌતમસ્વામીને રાગ હતો, ને ભગવાનનું નિર્વાણ થતાં તે રાગ ટળ્યો’—એ માન્યતા અજ્ઞાનીની છે. ખરેખર મહાવીર ભગવાન હતા તે કારણે ગૌતમસ્વામીને રાગ ન હતો, પણ તેમની પોતાની તેટલી નબળાઈથી જ તે રાગ રહ્યો હતો ને પછી તેમની સબળાઈથી તે રાગ ટળ્યો. વળી, ‘પોતાના નિર્વાણ વખતે ભગવાને ગૌતમસ્વામીને દૂર મોકલ્યા ને પાછળથી ગૌતમસ્વામીએ વિલાપ કર્યો’ –એ વાત પણ જૂઠી છે. અહો! ગૌતમ ગણધર તે કોણ છે! –કેવળજ્ઞાન લેવાની તૈયારીમાં ઝૂલતા મહાન સંત છે, એને તે વળી રૂદન હોય? અનંત આનંદનું ધામ એવી મુક્તિને સાધનારા મુનિવરો પરમ પ્રસન્ન હોય છે, તેઓને કદી રૂદન હોતું નથી.

શ્રી શાંતિનાથ ભગવાનનો દિવ્યધ્વનિ કહે છે કે હે જીવો! તમારો મૂળ ચૈતન્યસ્વભાવ સિદ્ધ જેવો શુદ્ધ છે, તે સ્વભાવ રાગનું કારણ નથી તેમ જ કોઈ પર વસ્તુ પણ રાગનું કારણ નથી, રાગનો

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

મૂળ હેતુ ચારિત્રપર્યાયની નબળાઈ સિવાય બીજો કોઈ નથી. આવું સ્વરૂપ સમજ્યા વિના પંડિતાઈ ને વ્રતાદિ એ બધાં 'રણમાં પોક' જેવાં છે, તેનાથી પુણ્ય બંધાય પણ આત્માને શરણ ન મળે—ધર્મ ન થાય.

## (૬૪) દિવ્યધ્વનિનો ઢંઢેરો.....અને.....મુક્તિનો પંથ

ભગવાનના દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે દરેક દ્રવ્ય સ્વતંત્ર, તેના ગુણો સ્વતંત્ર, તેમ જ તેની અવિકારી કે વિકારી પર્યાયો પણ સ્વતંત્ર છે. દ્રવ્ય-ગુણ-પર્યાયની આવી સ્વતંત્રતા સમજે તો નિર્વિકારી દ્રવ્ય-ગુણના આશ્રયે પર્યાયનો વિકાર ટળીને નિર્મળાનંદી મુક્ત દશા થયા વિના રહે નહિ. ભગવાન આ રીતે મુક્તિ પામ્યા, અને આવો મોક્ષનો માર્ગ તેમણે જગતને કહ્યો. જેમ ભગવાન મુક્તિ પામ્યા તેમ તેમની વાણીમાં કહેલા આ માર્ગને સમજીને જગતના જીવો મોક્ષ ન પામે એમ બને નહિ. જે સમજે તે મોક્ષ પામે.....ન સમજે તેની વાત નથી.....સમજે તેની બલિહારી છે.....દિવ્યધ્વનિ એ મુક્તજીવની વાણી છે ને તે દિવ્યધ્વનિનું ફળ મુક્તિ છે. સમવસરણમાં ભગવાનનો ઉપદેશ સાંભળીને તે કાળે ઘણા મુનિ થયા.....શ્રાવક થયા.....ધર્મ પામ્યા.....અત્યારે પણ તે વાણીના પ્રવાહથી જીવો ધર્મ પામે છે ને ભવિષ્યમાં પણ અનેક જીવો ધર્મ પામશે. .....એ રીતે ભગવાને બતાવેલો મોક્ષનો માર્ગ શાશ્વત છે.

"શ્રમણો જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને
સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને."

# (૫)
# જિનવરતુલ્ય જિનપ્રતિમા

વીર સં. ૨૪૭૫ ના જેઠ સુદ પાંચમે શ્રુતપંચમીના મંગળ દિવસે લાઠી શહેરના જિનમંદિરમાં ભગવાન શ્રી સીમંધરસ્વામી વગેરે જિનબિંબોની પંચકલ્યાણક પ્રતિષ્ઠા થઈ તે પ્રસંગે પૂ. ગુરુદેવશ્રીનું માંગળિક પ્રવચન.


## (૬૫) માંગળિક

આજે અહીંના જિનમંદિરમાં ભગવાન શ્રી સીમંધરપ્રભુની પ્રતિષ્ઠાનો દિવસ છે તેથી માંગળિક છે. અને શ્રુતપૂજાનો પવિત્ર દિવસ (–શ્રુતપંચમી) હોવાથી પણ આજે માંગળિક છે. બે હજાર વર્ષ પહેલાં શ્રુતજ્ઞાનની પ્રતિષ્ઠાનો મહા મહોત્સવ આજના દિવસે થયો હતો અને આજે અહીં શ્રી જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠા થાય છે, એટલે આજે બમણો માંગળિક મહોત્સવ છે.

## (૬૬) શ્રુતપંચમીનો ઇતિહાસ

આ સૌરાષ્ટ્ર દેશમાં આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં, ગીરનાર પર્વતની ચંદ્રગુફામાં શ્રી ધરસેનમુનિ નામના મહાન દિગંબર સંત આચાર્ય ધ્યાન કરતા હતા. તેમને અંગ–પૂર્વના એકદેશનું જ્ઞાન હતું. તેઓ ભારે વિદ્વાન અને શ્રુતવત્સલ હતા.

તેમને એવો ભય થયો કે 'હવે મારી પાછળ અંગશ્રુત વિચ્છેદ થઈ જશે!' તેથી પોતાની પાસેનું અંગશ્રુતજ્ઞાન કોઈ સમર્થ મુનિઓને ભણાવવાનો વિકલ્પ ઊઠ્યો. તે માટે, દક્ષિણ દેશમાં ધર્મોત્સવ પ્રસંગે ભેગા થયેલા આચાર્યો ઉપર સમાચાર મોકલ્યા અને ધરસેનાચાર્યદેવના આશયને સમજીને તે આચાર્યોએ પુષ્પદંત અને ભૂતબલિ નામના બે મહાસમર્થ અને વિનયવંત મુનિઓને તેમની પાસે મોકલ્યા.



શ્રુતપંચમીની પૂજા કરતો ચતુર્વિધસંઘ

જ્યારે તે બે મુનિઓ આવી રહ્યા હતા ત્યારે અહીં ધરસેનાચાર્યદેવે એવું મંગળ સ્વપ્ન જોયું કે બે ઉત્તમ સફેદ બળદો ત્રણ પ્રદક્ષિણા દઈને નમ્રતાપૂર્વક પોતાના ચરણે નમી રહ્યા છે. એ સ્વપ્ન જોતાં ઉત્સાહથી 'શ્રુતદેવતા જયવંત હો' એવું આશીર્વાદ વચન આચાર્યદેવના મુખમાંથી નીકળ્યું. એ જ દિવસે શ્રી પુષ્પદંત અને ભૂતબલિ મુનિરાજ આવી પહોંચ્યા. શ્રી આચાર્યદેવે હીનાધિક અક્ષરોવાળી વિદ્યા સાધવા આપીને તેમની પરીક્ષા કરી. પછી સર્વજ્ઞ પરંપરાથી ચાલ્યા આવતા શ્રુતજ્ઞાનનો અંશ (ષટ્ખંડાગમ) તેમને ભણાવ્યો. ત્યાર પછી તે પુષ્પદંત અને ભૂતબલિ આચાર્યભગવંતોએ ષટ્ખંડાગમની રચના કરી. અને જેઠ સુદ ૫ ના રોજ અંકલેશ્વરમાં મહામહોત્સવ કરીને ચતુર્વિધ સંઘસહિત એ પવિત્ર શ્રુતજ્ઞાનની પૂજા કરી, ત્યારથી આજનો દિવસ 'શ્રુતપંચમી' તરીકે પ્રસિદ્ધ છે અને તે દર વર્ષે ઊજવાય છે.

એ રીતે આજે શ્રુતની પ્રતિષ્ઠાનો મહા માંગળિક દિવસ છે. અને અહીં પણ શ્રી સીમંધર ભગવાનની પ્રતિષ્ઠાનો મહોત્સવ છે, એ રીતે માંગળિકમાં માંગળિકનો મેળ થઈ ગયો છે.

## (૬૭) 'जिनप्रतिमा जिनसाररवी'

ભગવાનના વિરહ વખતે ભગવાનની પ્રતિમામાં તેમની સ્થાપના કરવામાં આવે છે. તીર્થંકર ભગવાનની વીતરાગી પ્રતિમા પણ તીર્થંકરતુલ્ય છે. જુઓ, પંડિત બનારસીદાસજી કહે છે કે— ''जिनप्रतिमा जिन सारखी'' હે ભગવાન! આપની વીતરાગી ધ્યાનસ્થ પ્રતિમાને જોતાં જ્ઞાયકબિંબનું સ્મરણ થાય છે. આવા પ્રતિમાને ભગવાન તરીકે કોણ માને? તો કહે છે કે—

'कहत बनारसी अलप भव थिति जाकी
सोइ जिनप्रतिमा प्रवानै जिन सारखी।'

અંદરના ચૈતન્યભગવાન આત્માનું જેને લક્ષ છે, અને બહારમાં નિમિત્ત તરીકે પૂર્ણદશાને પામેલા શ્રી સર્વજ્ઞ પરમાત્માની જેને ઓળખાણ થઈ છે, તે સાક્ષાત્ સર્વજ્ઞદેવના વિરહ વખતે તેમની પ્રતિમાને સર્વજ્ઞદેવ તરીકે સ્થાપે છે, ને એ રીતે ભાનપૂર્વક જિનપ્રતિમાને જિનવરતુલ્ય માનીને દર્શન–પૂજનાદિ કરે છે. અહો, ભગવાન આવા પૂર્ણ સર્વજ્ઞપદને પામ્યા ને મારો સ્વભાવ પણ આવો જ છે–આવી ભાવનાથી પણ ઘણી નિર્જરા થાય છે. ભગવાન જેવો પોતાનો સ્વભાવ છે એવા લક્ષપૂર્વક જે જિનપ્રતિમાને જિનતુલ્ય માને છે તેને વિશેષભાવ હોતા નથી.

## (૬૮) ચૈતન્યનું ભાન અને ભગવાનની ભક્તિ

શ્રી પરમાત્મ પ્રકાશમાં કહે છે કે આ જીવને અનાદિ સંસારમાં બે વસ્તુ મળવી અત્યંત દુર્લભ છે. કઈ બે વસ્તુ? –એક તો શુદ્ધ સમ્યક્ત્વ અને બીજા શ્રી જિનવરસ્વામી. જિનવરસ્વામી ખરેખર ક્યારે મળ્યા કહેવાય? સંયોગરૂપે તો ભગવાન ઘણી વાર મળી ગયા, પણ અંતરમાં ભગવાન જેવા પોતાના આત્માનું લક્ષ કરે તો ખરેખર જિનવરસ્વામી મળ્યા કહેવાય. શ્રી કુંદકુંદાચાર્યભગવાન

પ્રવચનસારમાં કહે છે કે—જે જીવ અરિહંતભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે જીવ ખરેખર પોતાના આત્માને જાણે છે ને તેનો મોહ ક્ષય પામી જાય છે. આત્માને વાસ્તવિક તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થવું અનંતકાળે દુર્લભ છે, અને એ તત્ત્વજ્ઞાન પામવાનો યોગ મળવો પણ ઘણો દુર્લભ છે. સાચા દેવ-ગુરુ શું કહે છે તે સમજવાનો અવસર અનંતકાળે આવે છે. આવા પ્રસંગને બરાબર ઉત્સાહથી વધાવી લેવો જોઈએ. બહારનો પ્રસંગ તો તેના કારણે ભજે છે. પણ અંદર સાચી સમજણનો ઉત્સાહ જોઈએ. આત્માની સમજણની દરકાર વગર એકલી બહારની હો—હા કરે તેમાં કલ્યાણ નથી. આત્માના ભાન પછી પણ વીતરાગી દેવ-ગુરુ પ્રત્યે બહુમાન અને ભક્તિનો ભાવ તો આવે પણ જ્ઞાની તેને ધર્મ ન માને, તે શુભરાગમાં જ સર્વસ્વ માનીને તેમાં અટકી ન જાય. અજ્ઞાનીઓ તો તે રાગમાં જ સર્વસ્વ માનીને, તેને જ ધર્મ માનીને ત્યાં અટકી પડે છે. અષ્ટાહ્નિકા મહોત્સવ વખતે ઘણા સમ્યગ્દષ્ટિ દેવો પણ નંદિશ્વર દ્વીપે જાય છે, અને ત્યાં શાશ્વત બિરાજમાન રત્નમણિના જિનબિંબના દર્શન-પૂજન કરીને ભક્તિથી નાચી ઊઠે છે. અંતર્દૃષ્ટિપૂર્વકના જ્ઞાનીના ભક્તિના ખેલ અજ્ઞાનીને સમજવા મુશ્કેલ પડે તેમ છે. ભગવાનની ઉપશાંત પ્રતિમા પાસે ત્રણ જ્ઞાનધારી એકાવતારી સમ્યગ્દષ્ટિ ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ પણ નાની બાળિકાની જેમ ભક્તિભાવથી નાચી ઊઠે છે. અંદર ચૈતન્યબિંબ આત્માનું ભાન છે, એવી નિશ્ચયની ભૂમિકા હોવા છતાં નીચલીદશામાં તેવો રાગ વચ્ચે આવે છે, ને તે રાગના નિમિત્તભૂત વીતરાગી જિનબિંબ છે. એવા રાગને તથા તેના નિમિત્તને ન જ માને તો તે અજ્ઞાની છે, અને તે રાગથી કે નિમિત્તથી જ ધર્મ માને તો તે પણ અજ્ઞાની છે. વસ્તુસ્થિતિ જેમ છે તેમ જાણવી જોઈએ.

શ્રી પદ્મનંદીપચ્ચીસીમાં દરરોજ કરવા યોગ્ય શ્રાવકના છ કર્તવ્યોનું વર્ણન કરતાં કહે છે કે—

देवपूजा गुरोषास्ति स्वाध्याय संयमस्तपः।
दानंश्चेति गृहस्थाणां षट्कर्माणि दिनेदिने॥७॥

—શ્રાવકાચાર

શ્રી જિનેન્દ્રદેવની પૂજા, ગુરુઓની ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન—તે છ કાર્યો ગૃહસ્થોએ દિનદિન પ્રતિ–હંમેશાં–કરવા યોગ્ય છે. સર્વજ્ઞભગવાન કેવા હોય, ગુરુ કેવા હોય તેની ઓળખાણની મુખ્યતા સહિતની આ વાત છે. મુનિઓ તો જ્ઞાનધ્યાનમાં લીન રહે છે તેથી તેમની વાત જુદી, પણ ગૃહસ્થો તો અનેક પ્રકારના હિંસાદિ પાપમાં પડેલ છે તે પાપભાવથી બચવા દેવપૂજા વગેરેનો ઉપદેશ છે. તે ઉપદેશમાં ગૃહસ્થોને આવા પ્રકારનો રાગ હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. ધર્મ તો અંતરના ધ્રુવ ચૈતન્યસ્વભાવના આશ્રયે જે વીતરાગી ભાવ થાય તેમાં જ છે. અનાદિ વીતરાગ શાસનનું આ વર્ણન છે. અહીં જેમની સ્થાપના થાય છે તે શ્રી સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહક્ષેત્રમાં આ જ વાત કહી રહ્યા છે. જે આ સમજે તેનું કલ્યાણ છે. ન સમજનારા તો રખડી જ રહ્યા છે એટલે તેની શું વાત કરવી? ભગવાનના પંચકલ્યાણકમાં ભગવાને કહેલો આત્મસ્વભાવ સમજે તો કલ્યાણ થાય. માટે આત્માનો સ્વભાવ શું છે તેની સમજણ કરવી તેની જ મુખ્યતા છે, ને તે જ ધર્મનું મૂળ છે.

# લાઠીમાં થયેલા પંચકલ્યાણક મહોત્સવનાં સંસ્મરણો

વર્તમાનમાં સૌરાષ્ટ્ર દેશમાં શ્રી જિનેન્દ્રશાસનની પ્રભાવનાનો મહાન સુઅવસર પ્રવર્તી રહ્યો છે. પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજી સ્વામી પોતાની ભગવતી વાણી વડે ઉપદેશ આપીને સૌરાષ્ટ્રમાં શ્રુતગંગાનો પ્રવાહ રેલાવી રહ્યા છે; અને પોતાનું ઊંડું આધ્યાત્મિકજ્ઞાન ભવ્ય જીવોને આપી રહ્યા છે. તેથી આજે સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર તત્ત્વચર્ચા ચાલે છે અને અનેક પાત્ર જીવો સાચું તત્ત્વજ્ઞાન સમજતા થયા છે. જેમ જેમ લોકો સત્ય તત્ત્વજ્ઞાન સમજતા જાય છે તેમ તેમ શ્રી વીતરાગશાસનના દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તેમને બહુમાન અને ભક્તિ જાગતા જાય છે, અને શ્રી વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના દિન દિન વધતી જાય છે. એના પરિણામે સૌરાષ્ટ્રમાં અનેક સ્થળે શ્રી વીતરાગી જિનબિંબની સ્થાપના થઈ છે ને થતી જાય છે; તેમ જ શ્રી ગુરુભક્તિ અને શાસ્ત્રપ્રચાર પણ વધતા જાય છે. એ રીતે સૌરાષ્ટ્ર દેશમાંથી શ્રી જિનેન્દ્રશાસનના જયનાદ ગાજી રહ્યા છે.

જેઠ સુદ ૫–શ્રુતપંચમીના મંગળ દિવસે શ્રી લાઠી શહેરમાં ભગવાન શ્રી સીમંધરાદિ જિનદેવના વીતરાગી પ્રતિમાની પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો મહોત્સવ હતો. એ મહામંગળ પ્રસંગે પૂ. ગુરુદેવશ્રી લાઠીમાં પધાર્યા હતા. વૈશાખ વદ ૧૧ થી પ્રતિષ્ઠાવિધિ શરૂ થઈ હતી. સવારમાં ભગવાન શ્રી મહાવીર પ્રભુની શ્રીમંડપમાં પધરામણી થઈ અને શ્રી સમવસરણ મંડલવિધાનની શરૂઆત થઈ, તથા સવા લાખ જાપની શરૂઆત થઈ. વદ ૧૨ તથા ૧૩ ના રોજ સમવસરણ મંડલનું પૂજન ચાલુ રહ્યું. વદ ૧૩ ના રોજ બપોરે લાઠીના ભાઈશ્રી છગનભાઈ અને ભવાનભાઈએ પોતપોતાના ધર્મપત્ની સહિત પૂ. ગુરુદેવશ્રી પાસે આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી. રાત્રે

ભક્તિ ભાવના થઈ હતી.

વૈશાખ વદ ૧૪ : સવારે મૃત્તિકાનયનવિધિ થયો. વ્યાખ્યાન બાદ હરિચંદભાઈએ સજોડે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી. બપોરે અંકુરારોપણ વિધિ થઈ. આવા વિધવિધ પ્રસંગ નિમિત્તે ખરેખર તો ભક્તો ભગવાન શ્રી જિનદેવના પવિત્ર ગુણોનું સ્મરણ–પૂજન ને બહુમાન કરે છે. રાત્રે બાળકોએ "ચાલો, દાદાને દરબાર" એ વિષયનો વૈરાગ્ય ગર્ભિત સંવાદ ભજવ્યો હતો. ભરત મહારાજાના નાની નાની ઉંમરના પુત્રો રમવા ગયા છે. ત્યાં તત્ત્વચર્ચા કરી રહ્યા છે; એવામાં સેનાપતિ જયકુમારની દીક્ષાના સમાચાર સાંભળીને તે બધા બાળકો ત્યાં જ વૈરાગ્ય પામે છે અને દીક્ષા લઈને મુનિ થવા માટે ત્યાંથી સીધા ભગવાન શ્રી આદિનાથ પ્રભુના સમવસરણમાં એટલે કે દાદાના દરબારમાં ચાલ્યા જાય છે. —એવું વૈરાગ્યદૃશ્ય સંવાદમાં બતાવવામાં આવ્યું હતું, એ ઉપરાંત ડાંડિયારાસ સાથે ભક્તિ થઈ હતી.

વૈશાખ વદ અમાસની સવારે શ્રી સમવસરણ મંડલવિધાન પૂર્ણ થઈને શ્રીજિનેન્દ્ર અભિષેક થયો હતો. અભિષેકનું જળ ભરવા માટે જલયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો તથા ધ્વજદંડ, કળશ અને વેદીશુદ્ધિ થઈ હતી.

## ✻ ગર્ભકલ્યાણક ✻

જેઠ સુદ એકમથી પંચકલ્યાણકની શરૂઆત થઈ હતી. પ્રતિષ્ઠામાં મૂળનાયક શ્રી સીમંધર ભગવાન હતા અને વિધિનાયક શ્રી શાંતિનાથ પ્રભુ હતા. એકમના દિવસે ઈન્દ્ર-પ્રતિષ્ઠા થઈ અને તેનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. રાત્રે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાનું દૃશ્ય થયું હતું; તેમાં શ્રી શાંતિનાથ પ્રભુ માતાના ગર્ભમાં આવ્યા પહેલાં છ મહિના સુધી રત્નવર્ષા અને દેવો દ્વારા માતાની સેવા વગેરે દૃશ્ય હતું.

જેઠ સુદ બીજને દિવસે સવારે ગર્ભકલ્યાણકનું દૃશ્ય હતું. તેમાં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



માતાજીને ૧૬ સ્વપ્નો આવે છે, દિગ્કુમારી દેવીઓ માતાજીની સેવા કરે છે, માતાને તત્ત્વચર્ચાના પ્રશ્નો પૂછે છે ને માતાજી તેના વિદ્વતા ભરેલા જવાબો આપે છે તથા દેવો માતા-પિતાને વસ્ત્રોની ભેટ કરે છે– એ વગેરે દૃશ્યો થયા હતા. પ્રતિષ્ઠાવિધિ કરાવનાર પંડિતજી પ્રસંગોચિત વિવેચન કરીને દરેક પ્રસંગની સમજણ આપતા હતા.

વ્યાખ્યાન બાદ લાઠીના શેઠ શ્રી લાલજીભાઈ, તલકચંદભાઈ, મગનભાઈ અને જમનાદાસભાઈ—એ ચારેએ પોતપોતાના ધર્મપત્ની સહિત બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી હતી. બ્રહ્મચર્યવિધિ બાદ શ્રી તલકચંદભાઈએ એક પ્રસંગોચિત કાવ્યદ્વારા પોતાની ભક્તિભાવના વ્યક્ત કરી હતી. રાત્રે બાળકોનો સંવાદ ''ચાલો, દાદાને દરબાર'' એ ફરીથી થયો હતો.

### * જન્મકલ્યાણક મહોત્સવ *

જેઠ સુદ ૩ ના રોજ સવારે ૬॥ થી ૯॥ સુધી જન્મકલ્યાણક મહોત્સવ થયો હતો. એ પ્રસંગ ઘણા ઉત્સાહથી ભવ્ય રીતે ઊજવાયો હતો. સવારમાં શ્રી અચિરામાતાજીની કુંખે ભગવાન શ્રી શાંતિનાથનો જન્મ થાય છે, દેવીઓ ભગવાનના જન્મની વધાઈ આપે છે ને ચારે બાજુ મંગળનાદ ગાજી ઊઠે છે. પ્રભુજન્મના ઉત્સાહમાં દેવાંગનાઓ નૃત્ય કરે છે. ઇંદ્ર-ઇંદ્રાણી જન્મોત્સવ કરવા આવે છે, અને બાળ–ભગવાન શાંતિકુમારને મેરુ પર્વત ઉપર લઈ જાય છે. જન્માભિષેક કરવા માટે ભગવાનને મેરુ પર્વત ઉપર લઈ જતી વખતનો મહાન ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. પૂ. ગુરુદેવશ્રી, ઇંદ્રધ્વજ, ચાંદીના રથમાં સમયસારજી તથા ભક્તિથી નાચી રહેલા મુમુક્ષુસંઘની વચ્ચે હાથી ઉપર બાલ-પ્રભુજી બિરાજતા હતા. ચારે બાજુ ઇંદ્ર-ઇંદ્રાણીઓ ભક્તિ કરતા હતા. અમરવિલાસમાં મેરુ પર્વતની રચના કરવામાં આવી હતી ત્યાં પહોંચ્યા બાદ મેરુ પર્વતને ત્રણ પ્રદક્ષિણા કરી. એ વખતે જયકાર ધ્વનિથી વાતાવરણ ગૂંજતું હતું. પછી ભગવાનને મેરુ ઉપર

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

બિરાજમાન કરીને ઇંદ્રોએ જન્માભિષેક શરૂ કર્યો. ક્ષીરસમુદ્રમાંથી કળશ ભરી ભરીને દેવો ઇંદ્રોને આપે છે ને ઇંદ્રો અભિષેક કરે છે. એ વખતે અભિષેક કરવા માટે ઉલ્લસી રહેલા ભક્તોના ટોળાંને મેરુ પર્વત પણ નાનો પડ્યો હતો! મેરુ ઉપર બિરાજમાન એ બાળકની દિવ્યમુદ્રા જોતાં ભક્તોને અંતરમાં એમ થતું હતું કે : "અહો, આ આત્માએ જન્મ પૂરા કરી લીધા, હવે એને ફરીથી આ સંસારમાં જન્મ નહિ થાય. એક છેલ્લો જન્મ હતો તે પૂરો કરીને ભગવાન જન્મ રહિત થઈ ગયા. અપૂર્વ આત્મદર્શનના પ્રતાપે તેમને જન્મ-મરણનો અંત આવ્યો; એવા ભગવાનના ભવરહિતપણાના આ મહોત્સવ ઉજવાય છે." જન્માભિષેક બાદ ઇંદ્રાણીએ પ્રભુને વસ્ત્રાલંકાર પહેરાવ્યા. અને પછી જન્માભિષેકની મહા રથયાત્રા પાછી ફરી. પાછા આવ્યા બાદ ઇંદ્રે 'અબ તો મિલે જગત કે નાથ' એવી સ્તુતિ સહિત પ્રભુ સન્મુખ તાંડવ નૃત્ય કર્યું.

બપોરે ભગવાન શાંતિકુમારનું પારણું ઝૂલાવવાની ક્રિયા થઈ. ચાંદીના પારણિયે ઝુલી રહેલા એ ભગવાનને જોતાં એમ થતું હતું કે 'અહા! આ પારણે ઝુલતા બાળકનો આત્મા જ્ઞાની છે, એ મોટો થઈને મુનિ થશે ને આત્માના આનંદમાં ઝુલતાં ઝુલતાં સંસારથી મુક્ત થશે.'

રાત્રે યુવરાજ શ્રી શાંતિનાથકુમારનો રાજ્યાભિષેક થયો. વિશ્વસેન મહારાજાએ પોતાનો રાજમુગટ ઉતારીને શ્રી શાંતિનાથકુમારને પહેરાવ્યો. શ્રી શાંતિનાથ ભગવાન કામદેવ, ચક્રવર્તી અને તીર્થંકર—એ ત્રણ મહાન પદવીઓના સ્વામી હતા. થોડીવાર પછી મહારાજા શાંતિનાથ ભગવાનનો રાજદરબાર ભરાયો. રાજદરબારનો દેખાવ ઘણો ભવ્ય હતો. રાજદરબારની મધ્યમાં ચક્રરત્ન શોભી રહ્યું હતું. રાજદરબારમાં દેશો–દેશના રાજા–મહારાજાઓ આવતા હતા અને ઉત્તમ પ્રકારની વસ્તુઓ લાવીને ભગવાનને ભેટ ધરતા હતા.

## * દીક્ષા કલ્યાણક મહોત્સવ *

જેઠ સુદ ૪ના દિવસે ભગવાનના વૈરાગ્યનો અને દીક્ષા કલ્યાણકનો પવિત્ર દિવસ હતો. ચક્રવર્તી મહારાજા શાંતિનાથપ્રભુ એકવાર અરીસામાં જુએ છે, ત્યાં તેમાં પોતાના બે રૂપ દેખીને આશ્ચર્ય પામે છે અને અંતર્વિચાર કરતાં તેમને પૂર્વભવોનું જાતિસ્મરણજ્ઞાન થાય છે; તેથી એકદમ વૈરાગ્ય પામીને દીક્ષાની તૈયારી કરે છે. ભગવાનના વૈરાગ્યની ખબર પડતાં જ લૌકાંતિક દેવો આવીને પ્રભુની સ્તુતિ કરે છે અને તેમના વૈરાગ્યની પુષ્ટિ કરે છે કે : 'અહો પ્રભો! આપશ્રીની પવિત્ર વૈરાગ્ય ભાવનાને ધન્ય છે. આ સમસ્ત સંસારભાવથી વિરક્ત થઈને, આત્માના ચિદાનંદ સ્વભાવમાં સમાઈ જવા માટે આપશ્રી જે ચિંતવન કરી રહ્યા છો તેને અમારી અત્યંત અનુમોદના છે. છ ખંડના રાજભોગને છોડીને આપશ્રી ભગવતી જિનદીક્ષા ધારણ કરવાની તૈયારી કરી રહ્યા છો તે ખરેખર અમારા ધન્યભાગ્ય છે. પ્રભો! આપ શીઘ્ર કેવળજ્ઞાન પામો અને ભવ્ય જીવોને માટે મોક્ષના દ્વાર ખુલ્લાં કરો.....હે દેવ! આપ તો સ્વયંબુદ્ધ છો. આપને સંબોધન કરનારા અમે તે કોણ? આપના પવિત્ર વૈરાગ્યનો જય હો.....

ત્યારબાદ દીક્ષાકલ્યાણક ઊજવવા માટે ઈંદ્રો પાલખી લઈને જયજયકાર કરતા આવે છે અને વૈરાગ્યની સાક્ષાત્મૂર્તિ ભગવાન શાંતિનાથપ્રભુ દીક્ષા લેવા માટે તપોવનમાં જઈ રહ્યા છે, તેમની પાછળ પાછળ વૈરાગ્ય ભાવનામાં મગ્ન ભક્તજનો જઈ રહ્યા છે. એ વખતે દીક્ષાકલ્યાણકનું સ્તવન ગવાતું હતું—

વંદો વંદો પરમ વિરાગી ત્યાગી જિનને રે,
થાયે જિન દિગંબર મુદ્રાધારી દેવ,
શાંતિનાથ પ્રભુજી તપોવનમાં સંચર્યા રે.....

ભગવાનની દીક્ષાના આ વરઘોડાનું દૃશ્ય ઘણું ભાવના ભરેલ

હતું. વનમાં જઈને પ્રભુશ્રી એક વૃક્ષ નીચે બિરાજમાન થયા. ભવ્યલોકો એકી ટસે પ્રભુ સામે તાકી રહ્યા હતા. ભગવાને એક પછી એક રાજવસ્ત્રો છોડીને નગ્નમુદ્રા ધારણ કરી અને પછી પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રભુનો કેશલોચ કર્યો. ભગવાનની દીક્ષા વખતનું દૃશ્ય બહુ જ વૈરાગ્યપ્રેરક હતું. તે વખતનું કુદરતી વાતાવરણ પણ એ મહા વૈરાગ્ય પ્રસંગને અત્યંત શોભાવી રહ્યું હતું.–જાણે કે ભગવાનના વૈરાગ્યનું દૃશ્ય જોઈને આખું આકાશ વૈરાગ્યથી છવાઈ ગયું હોય! અને ભગવાન ઉપર ગંધોદક છાંટી રહ્યું હોય!—એવું એ દૃશ્ય હતું.

દિગંબર મુનિ થયા બાદ પ્રભુશ્રી આત્મધ્યાનમાં લીન થયા અને તરત જ મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. પછી એ મુનિરાજ તો વનમાં વિહાર કરી ગયા.....

પ્રભુશ્રીનો દીક્ષાવિધિ પૂરો થયા બાદ ત્યાં વનમાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ દીક્ષાકલ્યાણક પ્રસંગને શોભતું અપૂર્વ વ્યાખ્યાન કર્યું હતું. એ વ્યાખ્યાનમાં તો વૈરાગ્યભાવનાની રમઝટ બોલાવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રી વૈરાગ્યની મસ્તીએ ચડ્યા હતા અને અંતરમાં વહેતો વૈરાગ્યનો પ્રવાહ વાણી દ્વારા વહેતો મૂક્યો હતો.....શ્રોતાજનો એ વૈરાગ્યપ્રવાહમાં તરબોળ થઈ ગયા હતા.

વ્યાખ્યાન બાદ એ તપોવનમાં જ શેઠશ્રી ત્રિભોવનભાઈ, કાનજીભાઈ અને મૂળજીભાઈ—એ ત્રણેએ પોતપોતાના ધર્મપત્ની સહિત બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરીને એ પ્રસંગને દીપાવ્યો હતો.

એ રીતે પ્રભુશ્રીનો દીક્ષાકલ્યાણક ઊજવીને, 'અહો! જે પંથે ભગવાન શાંતિનાથ વિચર્યા તે પવિત્ર પંથે અમે વિચરીએ–એવો અપૂર્વ અવસર ક્યારે આવશે?' ઈત્યાદિ પ્રકારે ભાવના કરતાં કરતાં ભક્તજનો પાછા ફરતા હતા. તે વખતે પાલખીમાં માત્ર પ્રભુના કેશ હતા, તે કેશને ક્ષીરસમુદ્રમાં પધરાવી દીધા હતા.

બપોરે ૧૦ વાગ્યા પછી પ્રભુશ્રી શાંતિનાથ મુનિરાજ આહાર

માટે ગામમાં પધાર્યા, આહારદાનનો શુભપ્રસંગ ભાઈશ્રી વ્રજલાલ ફૂલચંદ ભાયાણીને ત્યાં થયો હતો. એ પ્રસંગે ભક્તોનો ઉલ્લાસ ઘણો હતો. ખરેખર શ્રીતીર્થંકર ભગવાન વિચરે છે ત્યાં ગંધોદક વૃષ્ટિ થાય છે તેમ અહીં જ્યારે પ્રભુશ્રી આહાર માટે પધાર્યા ત્યારે આકાશમાંથી કુદરતી મંદમંદ ગંધોદક વરસી રહ્યું હતું.

### * અંકન્યાસવિધિ *

બપોરે ૧॥ વાગે શ્રીજિનપ્રતિમાઓ ઉપર અંકન્યાસવિધિ કરવા માટે પૂ. ગુરુદેવશ્રી પધાર્યા. અને મહા પવિત્ર જિનપ્રતિમાઓ ઉપર, મહાપવિત્ર ભાવથી, પવિત્ર હસ્તે અંકન્યાસવિધિ કર્યો અને અત્યારસુધી અપૂજ્ય પ્રતિમા હવે પૂજ્ય બન્યા.....એ રીતે પ્રતિષ્ઠાવિધાનમાં આ અંકન્યાસવિધિ ઘણો મહત્ત્વનો છે. એ પવિત્ર પ્રસંગને ભક્તજનોએ ઘણા મહાન મંગળ જયનાદથી વધાવ્યો હતો. ત્યારબાદ સર્વે પ્રતિમાજી ઉપર નેત્રોન્મિલન વિધિ પૂ. ગુરુદેવશ્રીએ કર્યો હતો.

### * કેવળજ્ઞાનકલ્યાણક મહોત્સવ *

બપોરે ૩ વાગે પ્રભુશ્રીના કેવળજ્ઞાન કલ્યાણકનું દૃશ્ય હતું. પ્રભુશ્રી શાંતિનાથમુનિ આત્મધ્યાનમાં મગ્ન હતા ને શુક્લધ્યાન શ્રેણીએ ચડતાં તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું. તરત જ દેવોએ આવીને પ્રભુની સ્તુતિ કરી અને સમવસરણની રચના કરી. આ પ્રસંગે સમવસરણની રચનાનો સુંદર દેખાવ થયો હતો. સમવસરણની મધ્યમાં પ્રભુશ્રી બિરાજતા હતા. પ્રભુજી આગળ ધર્મચક્ર ચમકી રહ્યું હતું. રાજચક્રવર્તીપણું ત્યાગીને ભગવાન ધર્મચક્રી થયા. બાર સભા ભરાણી અને ભગવાને દિવ્યધ્વનિ વડે ધર્મનો ઉપદેશ કર્યો. આ પ્રસંગે ભગવાનના દિવ્યધ્વનિના સારરૂપે પૂ. ગુરુદેવશ્રીએ અદ્ભુત પ્રવચન કર્યું હતું. રાત્રે સમવસરણસ્થિત ભગવાનની સ્તુતિ થઈ હતી અને પૂ. ગુરુદેવશ્રીનું રેકોર્ડીંગ થયેલું વ્યાખ્યાન સંભળાવવામાં આવ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## ✻ નિર્વાણકલ્યાણક મહોત્સવ ✻

જેઠ સુદ ૫ના રોજ જિનમંદિરમાં ભગવાનની સ્થાપનાનો તેમજ શ્રુતપંચમીનો પવિત્ર દિવસ હતો. આજે સવારમાં નિર્વાણકલ્યાણકનો દેખાવ થયો હતો. શ્રી શાંતિનાથ ભગવાન સમ્મેદશિખર ઉપર નિર્વાણ પામ્યા છે તેથી અહીં સમ્મેદશિખર પર્વતની સુંદર રચના થઈ હતી. એ શાશ્વતી નિર્વાણભૂમિ ઉપર પ્રભુશ્રી યોગનિરોધદશામાં બિરાજતા હતા અને થોડીવારમાં નિર્વાણ પામ્યા. જીવન્મુક્ત ભગવાન દેહમુક્ત થઈને અનંત સિદ્ધોની વસ્તીમાં બિરાજમાન થયા. તરત જ દેવો નિર્વાણકલ્યાણક ઊજવવા આવ્યા અને અગ્નિકુમાર દેવોએ મુકુટ વડે અગ્નિસંસ્કાર કર્યો—ઈત્યાદિ દૃશ્યો થયા હતા. અગ્નિસંસ્કાર બાદ શેષભસ્મ લઈને મસ્તકે ચડાવતા ભક્તજનો ભાવના કરતા હતા કે ‘‘હે પ્રભો! આપશ્રી જે પવિત્રદશા પામ્યા તે પવિત્રદશા અમને પણ પ્રાપ્ત થાઓ.’’

અહીં પંચકલ્યાણક પૂર્ણ થયા. હે તીર્થંકરો! તમારા પંચકલ્યાણક મારા આત્માનું કલયાણ કરો.

ત્યારબાદ, પ્રતિષ્ઠિત થયેલા શ્રી સીમંધર ભગવાન વગેરે જિનબિંબોની શ્રી જિનમંદિરમાં પધરામણી થઈ. એ વખતે ભવ્ય સ્વાગતયાત્રા નીકળી હતી. પ્રભુશ્રી મંદિરમાં પધારતા હતા તે વખતનું દૃશ્ય અદ્‌ભુત હતું. ભક્તોને એવો ઉલ્લાસ હતો–જાણે કે શ્રી સીમંધર પ્રભુશ્રી મહાવિદેહમાંથી વિહાર કરીને અહીં મંદિરમાં પધારી રહ્યા હોય! લાઠીના ભક્તજનો તો પ્રભુની આગળ નાચી ઊઠતા હતા. શ્રી સીમંધરપ્રભુ જિનમંદિરમાં પધાર્યા અને પૂ. ગુરુદેવશ્રીએ પવિત્રભાવે પ્રભુજીનું સ્વાગત કરીને તેઓશ્રીને વેદી ઉપર બિરાજમાન કર્યા અને ‘બોલો સીમંધર કી જય, બોલો વીર પ્રભુ કી જય’ વગેરે ધૂનથી મંદિર ગાજી ઊઠ્યું. પછી સીમંધર ભગવાનની જમણી તરફ મહાવીર પ્રભુજી અને ડાબી તરફ શ્રી આદિનાથ પ્રભુજીની પ્રતિમાનું સ્થાપન થયું. તેમ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



જ શાંતિનાથપ્રભુ અને સિદ્ધપ્રતિમાજીનું પણ સ્થાપન થયું. પછી જિનમંદિર ઉપર કળશ તથા ધ્વજદંડ ચડાવ્યા. આ પ્રસંગે પણ આકાશમાંથી કોઈ કોઈ ટીપાં પડીને માંગળિકનું સૂચન કરતા હતા. એ રીતે લાઠીના શ્રી જિનમંદિરમાં મહા પવિત્ર દેવાધિદેવ ભગવંતોની પ્રતિષ્ઠા થઈ. લાઠીનું જિનમંદિર રળિયામણું છે તથા તેમાં પ્રતિષ્ઠિત શ્રી જિનબિંબોની મુદ્રા ઘણી ભવ્ય અને ઉપશમ ભાવમાં નિમગ્ન છે.

શ્રી જિનેન્દ્ર-પ્રતિષ્ઠા બાદ જિનમંદિર પાસેના સ્વાધ્યાય મંદિરમાં પવિત્ર શ્રુતમૂર્તિ શ્રી સમયસારજીની પધરામણી કરી અને આજે શ્રુતપંચમીનો પવિત્ર દિવસ હોવાથી તેનું પૂજન કર્યું. એ વખતે પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વાધ્યાય મંદિરમાં માંગળિક તરીકે ‘‘नमः समयसाराय’’ નું પ્રવચન કર્યું હતું. બપોરે સવા લાખ જાપની પૂર્ણતા થઈને શાંતિયજ્ઞ થયો. સાંજે મહાન ઉત્સાહથી ભવ્ય રથયાત્રા નીકળી હતી. એવી ભવ્ય રથયાત્રા લાઠીને માટે અપૂર્વ હતી.

રાત્રે બાલિકાઓએ અદ્ભુત સંવાદ ભજવ્યો હતો; આખો સંવાદ તત્ત્વચર્ચાથી ભરપૂર હતો, અને વારંવાર જિનભક્તિથી શોભતો હતો. આઠ આઠ વર્ષની બે બાલિકાઓ પણ સુંદર તત્ત્વચર્ચા કરતી હતી–ઈત્યાદિ અનેક પ્રકારની વિવિધતાથી ભરેલો સંવાદ જોઈને સભા પ્રસન્ન થઈ હતી અને બાલિકાઓને સેંકડો રૂપિયાના ઈનામની જાહેરાત થઈ હતી. બાલિકાઓએ તે ઈનામની રકમ જિનમંદિરમાં ભેટ આપી દીધી હતી.

આ રીતે શ્રી જિનેન્દ્ર ભગવાનની પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો પવિત્ર અવસર શાંતિથી નિર્વિઘ્નપણે સમાપ્ત થયો.

સૌરાષ્ટ્ર દેશમાં શ્રી જિનેન્દ્રશાસનની પ્રભાવનાનો આવો મહાન સુઅવસર અત્યંત ઉત્સાહપૂર્વક પાર પાડવા માટે લાઠીના સર્વે મુમુક્ષુમંડળને ધન્યવાદ છે. આ પવિત્ર પ્રસંગે લાઠીના રાજમહેલમાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ખાસ જુદું 'મુક્તિનગર' વસાવીને ત્યાં સર્વ ઉત્સવ ઊજવાયો હતો. ભાઈશ્રી વજુભાઈ અને તેમના સ્વયંસેવકમંડળે આ ઉત્સવમાં અગત્યની સેવા કરી હતી. ઉપરાંત લાઠીના ઠાકોરસાહેબ વગેરે તરફથી અનેક પ્રકારની સુવિધાઓ મળી હતી. તેમ જ સર્વે મુમુક્ષુઓએ મહાન ઉત્સાહપૂર્વક આ અમૂલ્ય અવસરને દીપાવ્યો હતો. ઈંદોરના પ્રતિષ્ઠાચાર્ય સંહિતાસૂરી પં. શ્રી નાથુલાલજી સાહેબ ઉત્સાહી અને શાંતસ્વભાવી હતા. તેઓએ ઘણા ભક્તિભાવથી પ્રતિષ્ઠાવિધિ કરાવ્યો હતો અને પંચકલ્યાણકના દરેક પ્રસંગે ટુંક વિવેચન કરીને સમજાવતા હતા. પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો સાંભળીને તે ઘણા પ્રસન્ન થયા હતા. કાંઈ પણ ભેટના સ્વીકાર વગર, ખાસ ઈંદોરથી આવીને તેઓશ્રીએ પ્રતિષ્ઠા મહોત્સવનો સર્વ વિધિ ઘણી સારી રીતે કરાવ્યો તે માટે તેમનો આભાર માનવામાં આવે છે. ઈંદોરથી સર શેઠ હુકમીચંદજી સાહેબને આ પ્રતિષ્ઠા ઉપર આવવાની ઘણી અંતર્ભાવના હતી પણ નાદુરસ્ત તબિયતને કારણે આવી શક્યા ન હતા.

ઉત્સવ દરમિયાન પણ હંમેશાં પૂ. ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનો થતા હતા. એક તરફ શ્રી જિનેન્દ્રભક્તિનો ઉલ્લાસ હતો અને બીજી તરફ પૂ. ગુરુદેવશ્રી હંમેશા તત્ત્વજ્ઞાનની રેલમછેલ કરી રહ્યા હતા. એ રીતે જ્ઞાન અને ભક્તિનો સુંદર સુમેળ જાગ્યો હતો. સામાન્ય ઉત્સવો તો ઘણા થતા હશે પણ તત્ત્વજ્ઞાનની મુખ્યતા પૂર્વકના આવા પવિત્ર ઉત્સવો બહુ જ વિરલ છે. પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુનિત પ્રતાપે અને બળવાન પ્રભાવના યોગે આજે સેંકડો વર્ષે આ સૌરાષ્ટ્ર દેશમાં ફરીથી પવિત્ર જિનેન્દ્રશાસનની સ્થાપના થઈ રહી છે. પૂ. ગુરુદેવશ્રીના મંગળહસ્તે આવા પવિત્ર શાસનપ્રભાવનાના સેંકડો મહાન કાર્યો થાઓ અને શ્રી જિનેન્દ્રધર્મચક્ર સર્વદા સર્વત્ર પ્રવર્તો. કલ્યાણમૂર્તિ શ્રી સદ્‌ગુરુદેવનો પ્રભાવના ઉદય જગતનું કલ્યાણ કરો.

* जैन जयतु शासनम् *

# પંચકલ્યાણક – પ્રવચનો

## (૪)

## સોનગઢ – પ્રતિષ્ઠા મહોત્સવનાં પ્રવચનો

સોનગઢ–પ્રતિષ્ઠામહોત્સવ આજથી દસ વર્ષ પહેલાં થયો હતો; તેથી બીજાં ગામોની માફક સોનગઢના પંચકલ્યાણકના પાંચ પ્રવચનો આપી શકાયા નથી.....છતાં જે પ્રવચનો મળ્યાં તેમાંથી કેટલાંક પ્રવચનો અહીં આપ્યા છે.....ને છેવટના ભાગમાં એ પ્રતિષ્ઠામહોત્સવનાં કેટલાંક સંસ્મરણો પણ આપ્યાં છે. આ પ્રવચનો અને સંસ્મરણો દસ વર્ષ જૂના હોવા છતાં તેમાં રહેલો ભક્તિરસ તો આજે પણ એવો ને એવો તાજો જ છે.....

# સીમંધરનાથની પ્રતિષ્ઠા

અહો ! અત્યારે મહાવિદેહમાં તો ગણધરો ને ઇંદ્રો, સંતો અને ચક્રવર્તિઓ સીમંધર પ્રભુનો આદર કરે છે.....તેમની ધર્મસભામાં દિવ્ય નગારું વાગે છે તે કહે છે કે : આવો.....રે.....આવો ! જેને ચૈતન્ય ભગવાનને ભેટવું હોય તે આ ભગવાન પાસે આવો. તમારે આત્માની લગની લગાડવી હોય તો આવો સીમંધર નાથ પાસે !

ભગવાનના ભક્ત ભગવાનને હાથ જોડીને કહે છે કે હે પ્રભો ! હું આપનો દાસ, હું આપનો ભક્ત.....મને શરણ આપો.....ભાવે અને દ્રવ્યે હું આપની સ્થાપના કરું છું. હે નાથ ! તારા વિયોગમાં તારી પ્રતિષ્ઠા કરીને તને અમારા અંતરમાં પધરાવીએ છીએ.

ભરતક્ષેત્રના ભક્તો કહે છે કે હે નાથ ! આ ભરતક્ષેત્રે તારા વિરહ પડ્યા છે. અહો ! મહાવિદેહમાં બિરાજતા ચૈતન્યમૂર્તિ પ્રભુ, –જેના ચરણની સો સો ઇન્દ્રો સેવા કરી રહ્યા છે એવા નાથનો અમને અહીં વિરહ પડ્યો. અધૂરે આંતરા પડ્યા છે.....તે આંતરો અત્યારે તો આપની પ્રતિષ્ઠા કરીને ટાળીએ છીએ.

સોનગઢ : પંચકલ્યાણક–પ્રવચનોમાંથી


શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર

# (૧)
# ભગવાનના ભક્તના હૃદયમાં ઊછળતી ભક્તિની લહરીઓ

તીર્થધામ સોનગઢમાં ભગવાન શ્રી સીમંધરપ્રભુની પંચકલ્યાણક પ્રતિષ્ઠાના અઠ્ઠાઈ મહોત્સવ પ્રસંગે, વીર સં. ૨૪૬૭ ના માહ વદ ૧૧ ના રોજ, પદ્મનંદી પંચવિંશતિના શાંતિનાથ સ્તોત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ભક્તિભર્યું પ્રવચન.

## (૧) વીતરાગ ભગવાનની ભક્તિ કોને ઉલ્લસે?

આ દેહદેવળમાં ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા રહેલો છે, તે પોતે શાંતિ અને સુખ સ્વભાવવાળો છે. શાંતિ કે સુખ માટે તેને દેહ-મન-વાણીની જરૂર નથી. દેહ અને ઈંદ્રિયોના લક્ષે માનેલું સુખ તે ખરેખર સુખ નથી પણ વિકાર છે. જેને આત્માનું ભાન નથી ને લક્ષ્મી વગેરેમાં સુખ માન્યું છે તે જીવને લક્ષ્મીની રુચિ હોવાથી તે લક્ષ્મીવાળાંના વખાણ કરે છે; અને જેને રાગરહિત આત્માનું ભાન છે ને વીતરાગતા ગોઠી છે તે જીવ વીતરાગપરમાત્માને ઓળખીને તેમનાં ગુણગ્રામ કરે છે. જેમ ઘરે લક્ષ્મીવાળા બે-પાંચ મોટા મહેમાન કે રાજા આવે ત્યાં અજ્ઞાની લક્ષ્મીની રુચિવાળો તેમનાં ગુણગ્રામ કરતાં કહે છે કે 'આજ મારે સોનાનો સૂરજ ઉગ્યો.....' પણ ત્યાં તો માત્ર મમતાનું પોષણ છે. અહીં વીતરાગતાની ભાવનાવાળા ભગવાનના ભક્ત કહે છે કે ધન્ય ભાગ્ય! આજ અમારા આંગણે ભગવાન પધાર્યા.....આજે અમારે સોનાનો સૂરજ ઊગ્યો. આમ પરમાત્માને ઓળખીને તેમનાં ગાણાં ગાય તે સાચી ભક્તિ છે. જેમ નાના છ મહિનાના બાળકને પૈસા શું કહેવાય તેની ખબર નથી, તેણે તો ફક્ત માતાનું દૂધ ભાળ્યું છે એટલે તેને લક્ષ્મીવાળા ઉપર પ્રેમ શેનો આવે? તેમ જેણે આત્માના વીતરાગસ્વભાવને ઓળખ્યો નથી, વીતરાગ ભગવાનને ઓળખ્યા

નથી તેને વીતરાગ ભગવાન ઉપર ખરો પ્રેમ આવતો નથી. જેને વીતરાગતાનું ભાન છે તે તો વીતરાગ ભગવાનને જોતાં ભક્તિથી ઉલ્લસી જાય છે.

આ શરીર તો હાડકાં વગેરેનું ઢીંગલું છે, તે તો અનાજ દૂધ વગેરેમાંથી થયું છે. આત્મા માતાના પેટમાં આવ્યો ત્યારે આ શરીરને સાથે લાવ્યો ન હતો.....તેમજ પછી પણ શરીરની તો સ્મશાનમાં રાખ થશે ને આત્મા બીજે ચાલ્યો જશે. અંદર આત્મા દેહથી ભિન્ન છે તે કાયમ ટકનાર છે. એવા આત્મામાં જ સુખ છે, તેને ભૂલીને અજ્ઞાની જીવ શરીર-આબરૂ-લક્ષ્મી વગેરે બાહ્ય પદાર્થોમાં સુખ માને છે, એટલે તે તેનું બહુમાન કરે છે, તો તે જીવ સર્વજ્ઞ વીતરાગદેવનું બહુમાન કેમ કરી શકે ? દેહ અને ઇંદ્રિયો વિનાનું સાચું સુખ જેમને પ્રગટી ગયું છે એવા વીતરાગી પરમાત્માનું સ્વરૂપ જાણ્યા વિના તેમના ગુણગ્રામ થઈ શકે નહિ. જેને વિષયોમાં સુખની બુદ્ધિ છે તે કદાચ ભગવાન પાસે જશે તો ત્યાં પણ પુણ્ય અને સ્વર્ગાદિનાં વખાણ કરશે. ‘‘હે પરમાત્મા ! આપ પૂર્ણ થઈ ગયા છો, આપને જ્ઞાન અને સુખ પૂર્ણ પ્રગટી ગયાં છે.....હું પણ શક્તિએ આપના જેવો પરિપૂર્ણ હોવા છતાં હજી અવસ્થાએ અધૂરો છું; મારું સુખ મારા સ્વભાવમાં ભર્યું છે તે પ્રગટ કરવા, આપની પૂર્ણતાનું અનુમોદન કરતાં.....તેનાં ગાણાં ગાતાં.... સંસારનો પ્રેમ તોડીને વીતરાગતા વધારીશ.’’—જેનું આવું જ્ઞાન હોય તે જ વીતરાગ પ્રભુની સાચી સ્તુતિ કરે છે.

## (૨) ‘સીમંધર’ પ્રભુની સ્તુતિ

જુઓ, અહીં શ્રી સીમંધર પરમાત્માની પ્રતિષ્ઠા થવાની છે. તે સીમંધર પરમાત્મા અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે. ‘સીમંધર’ એટલે શું ? ‘સીમન્’ એટલે સીમા અર્થાત્ મર્યાદા અને ‘ધર’ એટલે ધરનાર; આત્માના સ્વરૂપની મર્યાદાને જે ધારણ કરે તે સીમંધર. આત્માના જ્ઞાનસ્વરૂપની મર્યાદામાં રાગ-દ્વેષાદિ નથી. એ

રીતે રાગ-દ્વેષ-રહિત જ્ઞાનસ્વભાવની મર્યાદાને ભગવાને ધારણ કરી છે અર્થાત્ ભગવાનના આત્માને ઉત્કૃષ્ટ જ્ઞાનદશા પ્રગટી છે. ભગવાન જેવો પોતાના આત્માનો સ્વભાવ ઓળખવો તેને ભગવાનની સ્તુતિ કહેવાય છે. ભગવાનની સ્તુતિ કહો કે ભગવાનના ગુણગાન કહો. 'હે નાથ! આપના જેવી પૂર્ણદશા મારામાં પ્રગટી નથી, પરંતુ હે પ્રભો! જેટલું સામર્થ્ય આપનામાં છે તેટલું જ પરિપૂર્ણ સામર્થ્ય મારામાં ભર્યું છે, તારા જેવા મારા સ્વભાવમાં એકાગ્ર થતાં મારો રાગ ટળે ને સુખ મળે.....એ રીતે હું પણ પૂર્ણ પરમાત્મા થઈશ.' આનું નામ ભગવાનની ભક્તિ! જેને આવું ભાન નથી તે ખરેખર ભગવાનનાં ગાણાં કે ભગવાનની સ્તુતિ કરતો નથી, તે તો માત્ર રાગ અને પુણ્યનાં ગાણાં ગાય છે.

## (૩) ત્રણ છત્રોના વર્ણનદ્વારા ત્રિલોકપતિ શાંતિનાથ પ્રભુની સ્તુતિ

અહીં પદ્મનંદિ પંચવિંશતિના આ અધિકારમાં આચાર્યદેવે શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. તેમાં પહેલા શ્લોકમાં કહે છે કે—

**त्रैलोक्याधिपतित्वसूचनपरं लोकेश्वरैरुद्धृतं।**
**यस्योपर्युपरीन्दुमण्डलनिभं छत्रत्रयं राजते।।**
**अश्रांतोद्गतकेवलोज्ज्वलरुचा निर्भर्त्सितार्कप्रभं।**
**सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्री शांतिनाथः सदा।।**

જેમના મસ્તક ઉપર ત્રણ લોકનું સ્વામીત્વ સૂચવનારા અને ચન્દ્ર સમાન, ઈન્દ્રરચિત ત્રણ છત્રો શોભી રહ્યા છે તેમ જ નિરંતર ઉદયમાન એવી કેવળજ્ઞાનની નિર્મળ કાંતિ વડે જેમણે સૂર્યની પ્રભાને પણ ઢાંકી દીધી છે અને જેઓ સર્વ પાપથી રહિત છે એવા શ્રી શાંતિનાથ ભગવાન સદા અમારી રક્ષા કરો.

જેઓ પૂર્ણ આત્મસ્વરૂપને પામ્યા હોય અને પુણ્યમાં પણ પૂરા

હોય તે તીર્થંકરભગવાન છે. પૂર્ણ આત્મસ્વરૂપને પામીને મુક્ત થનારા ઘણા જીવો હોય છે, પણ જે પોતે પૂર્ણ આત્મસ્વરૂપ પામીને પોતાનું કલ્યાણ કરે તેમ જ બીજા લાખો–કરોડો જીવોને કલ્યાણમાં નિમિત્ત થાય એવા તીર્થંકર થનારા જીવો તો બહુ થોડા હોય છે. ભરતક્ષેત્રમાં છેલ્લી ચોવીસીમાં શ્રી શાંતિનાથ ભગવાન સોળમા તીર્થંકર થયા. અત્યારે તો તેઓ મોક્ષદશામાં સિદ્ધપણે બિરાજે છે પણ જ્યારે તેઓ આ ભરતક્ષેત્રમાં તીર્થંકરપણે વિચરતા હતા ત્યારનો ઉપચાર કરીને શ્રી આચાર્યદેવ તેમની સ્તુતિ કરે છે.

ભગવાનને પૂર્ણ આત્મદશા પ્રગટી છે અને ભગવાનની ઉપર ભક્તિપૂર્વક મણિ-રત્નના ત્રણ છત્રો ઇંદ્ર રચે છે, તે તેમના પુણ્યનો અતિશય છે. આચાર્યદેવ કહે છે કે હે નાથ! આ ત્રણ છત્રો એમ સૂચવે છે કે આપ જ ત્રણલોકના નાથ છો.....ત્રણલોકમાં સારમાં સાર હોય તો તે અનંતજ્ઞાનને પામેલો આપનો આત્મા જ છે. એ સિવાય દેહ-મન-વાણી કે ઇંદ્રિયવિષયો તે કોઈ આ જગતમાં ઉત્તમ નથી.

## (૪) ગર્ભકલ્યાણક પ્રસંગે ઇંદ્રદ્વારા માતા-પિતાની સ્તુતિ

જુઓ, અહીં સીમંધરપ્રભુની પ્રતિષ્ઠામાં મહાવીર ભગવાનના પંચકલ્યાણક થશે; તેમાં ઘણું આવશે. જ્યારે ગર્ભકલ્યાણક થશે ત્યારે ઇંદ્ર આવીને ભગવાનના માતા-પિતાની સ્તુતિ કરતાં કહેશે કે અહો! ધન્ય માતા! ને ધન્ય પિતા! હે માતા! તમે જગતના માતા છો. તમારી ઉજ્જ્વળ કૂખે છ મહિના પછી એક ત્રિલોકનાથ તીર્થંકરનો આત્મા આવવાનો છે. હે ત્રિલોકનાથની જનેતા! હે જગત જનની! તને ધન્ય છે! હજી તો ભગવાનનો આત્મા સ્વર્ગાદિમાં હોય, ને ત્યાંનું આયુષ્ય છ મહિના બાકી રહેતાં જ્યાં તીર્થંકરના ભવનું આયુષ્ય બંધાય ત્યાં તો ઇંદ્રોના આસન ચળે અને ઇંદ્ર અવધિજ્ઞાનથી જુએ કે આ શું!! અહો! ત્રિલોકનાથ તીર્થંકરભગવાન છ મહિના પછી આ માતાની કૂખે પધારવાના.....એમ જાણીને ઇંદ્રો પણ તીર્થંકરપ્રભુના માતા-પિતાની

પ્રશંસા કરે છે.....ને રોજ રોજ રત્નવર્ષા થાય છે. ભગવાનના ગુણનો આ બધો મહિમા છે. જેમ આસો સુદ પુનમના બીંદુઓ જે છીપમાં પડે તે છીપું પણ જુદી જાતની હોય ને તેમાંથી કિંમતી રતન પાકે. તેમ ત્રિલોકનાથ તીર્થંકરનો આત્મા જેને ત્યાં અવતરે તે માતાપિતા પણ અલ્પકાળે મોક્ષગામી હોય છે. સાધારણ ઘરે ભગવાન અવતરે નહિ.

## (૫) ભગવાનના સાચા ભક્તો અને સાચી સ્તુતિ

ભગવાન બાળકપણે જન્મે ત્યારે ઈન્દ્રો તેમની સામે ભક્તિ કરે.....તો પછી કેવળજ્ઞાન થાય ત્યારે મુનિવરો ને ઈન્દ્રો તેમની સ્તુતિ કરે તેમાં શું નવાઈ! ભગવાન તો વીતરાગ છે. ભગવાનની ધર્મસભામાં કોઈ તત્ત્વજ્ઞાનનો સીધો વિરોધ ન કરી શકે. મુનિવરો પણ સર્વજ્ઞવીતરાગ ભગવાનનું સ્તોત્ર બનાવીને અંતરમાં પોતાની વીતરાગતાને ઘૂંટે છે. ઈંદ્રો તો સ્તુતિ કરે જ છે ને મુનિવરો પણ ભગવાનની સ્તુતિ કરે છે. અહો! ભગવાનને સર્વજ્ઞતા પ્રગટી.....એવું કેવળજ્ઞાન લેવા માટે, સંસારનો તીવ્રરાગ છેદવા સર્વજ્ઞવીતરાગપણું શું છે તે ઓળખીને, 'મારે પણ આવું સર્વજ્ઞપણું અને વીતરાગતા જ આદરણીય છે, બીજા કોઈ રાગાદિ ભાવો આદરણીય નથી'—એવી શ્રદ્ધા અને જ્ઞાન કરતાં કર્મનાં તો ખોખાં ઊડી જાય છે. રાગરહિત સ્વભાવનું ભાન થવા છતાં અસ્થિરતાનો અલ્પ રાગ રહે તે રાગથી ઊંચા પુણ્ય બંધાઈ જાય છે, પણ ધર્મીને તે રાગની ભાવના નથી. ઘણું અનાજ પાકે ત્યાં સાથે ઘાસ પણ થાય, પણ ખેડૂતની દૃષ્ટિ અનાજ ઉપર હોય છે તેમ સાધક ભૂમિકામાં રાગને લીધે પુણ્ય થઈ જાય પણ ધર્માત્માની દૃષ્ટિ રાગરહિત સ્વભાવ ઉપર હોય છે.

અહીં આચાર્યદેવ શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તવન કરે છે. બધા આત્માનો સ્વભાવ શાંતિનાથ ભગવાન જેવો છે. શક્તિરૂપે અંદર પરમાત્મપણું ભર્યું છે, તે ઓળખીને જેણે પ્રગટ કર્યું તે ત્રિલોકનાથ ભગવાન થયા છે. એવી ઓળખાણ કરવી તે ભગવાનની સાચી સ્તુતિ છે.

હે નાથ! આપને કેવળજ્ઞાન પ્રગટ્યું છે તે જ સાર છે. આપના કેવળજ્ઞાનની પ્રભા તો નિરંતર ઉદયમાન છે. સૂર્યની પ્રભા તો સવારે ઊગે ને રાત્રે અસ્ત થઈ જાય. પણ આપના કેવળજ્ઞાનની પ્રભા તો ઊગી તે ઊગી.....તે કદી અસ્ત પામે નહિ. હે પ્રભો! આપના આવા ત્રિકાળીજ્ઞાનના મહિમા પાસે ચાર જ્ઞાનનો પણ મહિમા અમને લાગતો નથી, તો રાગાદિનો આદર તો હોય જ ક્યાંથી? કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાય છે. આ આત્માને સારમાં સાર વસ્તુ હોય તો તે કેવળજ્ઞાન છે. હે નાથ! મને સમ્યક્મતિ–શ્રુતજ્ઞાન છે પણ મારી મીટ કેવળજ્ઞાન ઉપર છે. અંદર પૂર્ણ સ્વભાવશક્તિ પડી છે તેનું ભાન છે, ને તે શક્તિમાં લીન થઈને પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરવાની ભાવના છે.....આ અલ્પજ્ઞાન વર્તે છે તેનો મહિમા નથી. –આમ સ્તુતિ કરતાં આચાર્યદેવ કહે છે કે 'શ્રી શાંતિનાથ ભગવાન અમારી રક્ષા કરો.' ભક્તિમાં તો નિમિત્તથી બોલાય, પણ તેનો ભાવ એવો છે કે આત્માનું શાંતિસ્વરૂપ વર્તમાન વિકાર અવસ્થામાંથી બચાવો ને પૂર્ણ પરમાત્મપદ પ્રગટ કરો.

હે વીતરાગ પરમાત્મા! આત્મા નિર્મળ આનંદઘન છે તેવી દશા મને પ્રગટો, તેની હું ભાવના કરું છું..... ને આપને તેવી પૂર્ણાનંદદશા પ્રગટી ગઈ છે તેથી આપના ગાણાં ગાઉં છું.....મને જે ગોઠ્યું છે તેનાં હું ગાણાં ગાઉં છું. મારી જે વર્તમાન સાધક અવસ્થા છે તેમાંથી હું પાછો ન પડું ને સ્વભાવદષ્ટિના જોરે અપ્રતિહતપણે આગળ જ વધીને પૂરો થાઉં–એવી ભાવનાથી સ્તુતિકાર નિમિત્તથી કહે છે કે હે શાંતિનાથ ભગવાન! આપ અમારી રક્ષા કરો.

## (૬) ભગવાનનો ભક્ત કે જડનો?

ભગવાન પાસે જે જીવ શરીરનું રક્ષણ કરવાની ભાવના કરે છે તેને તો અશુભભાવ છે; કોઈ કહે કે શરીર સારું હોય તો સંયમ પળે, તો તેની વાત જૂઠી છે. શરીર હાડકા–ચામડાનો પિંડ છે, શું તેના આધારે સંયમ રહેતો હશે? સંયમ તો આત્માની નિર્મળ દશા છે.

આત્માના પવિત્ર ગુણોનું ભાન કરીને તેના આશ્રયે રહેતાં ઇંદ્રિયદમનનો ભાવ પ્રગટે છે, તેનું નામ સંયમ છે. તે સંયમભાવ આત્માના આશ્રયે છે, શરીરના આધારે નથી. શરીરમાં રોગ–નિરોગ અવસ્થા થવી તે તેને આધીન છે, ને અંદર આકુળતા કે શાંતિ કરવી તે આત્માને આધીન છે.

પ્રશ્ન :—આત્મા તો અનંતબળનો ધણી છે એમ આપ કહો છો ને?

ઉત્તર :—હા, આત્મા અનંતબળનો ધણી છે એ વાત સાચી, પણ તે બળ પોતામાં કે પરમાં? આત્માની શક્તિ પરમાં કાંઈ કરી ન શકે. જડ દેહ-મન-વાણી વગેરે ઉપર આત્માનો પુરુષાર્થ કાંઈ કામ કરે કે અસર કરે એવી માન્યતા તે મહા મૂર્ખતા છે, જડ ચેતનના જુદાપણાનું પણ તેને ભાન નથી. પોતામાં અનંતજ્ઞાન, સુખ વગેરે પ્રગટ કરવાની અનંત શક્તિ આત્મામાં છે, પણ શરીરાદિમાં ફેરફાર કરવાની આત્મામાં જરાપણ શક્તિ નથી. ભગવાન પાસે પોતાના અનંત કેવળજ્ઞાનની ભાવના કરવાને બદલે શરીરની ને પુણ્યની ભાવના કરે તો તેને સાચી ભાવના કરતાં જ નથી આવડ્યું. જેમ ચક્રવર્તી રાજા પ્રસન્ન થઈને કહે કે 'માગ.....માગ, તું જે માંગ તે આપું.' ત્યારે કોઈ મૂર્ખો એમ કહે કે 'કાઢી નાખ વાસીદું.'—તો તેને માગતાં જ નથી આવડ્યું. તેમ ચૈતન્યચક્રવર્તી ભગવાનમાં કેવળજ્ઞાન આપવાની તાકાત છે. તેને બદલે ભગવાન પાસે જઈને કોઈ એવી ભાવના કરે કે હે ભગવાન! શરીર સારું રાખજો ને પુણ્ય આપજો.....' તો તે મૂર્ખ છે, જેને જડની અને રાગની ભાવના છે તે ભગવાનનો ભક્ત નથી.....વીતરાગનો દાસ નથી, તે આત્માનો દાસ નથી પણ જડનો દાસ છે.

## (૭) દુંદુભીના વર્ણન દ્વારા ભગવાનના દિવ્યજ્ઞાનની સ્તુતિ

જેને પોતાની પૂર્ણતાની ભાવના છે તે સર્વજ્ઞપરમાત્માની

પૂર્ણતાને ઓળખીને તેમની સ્તુતિ કરે છે. અહીં શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ પદ્મનંદીઆચાર્ય કરે છે. તેમાં પહેલા શ્લોકમાં ત્રણ છત્રનું વર્ણન કરીને ભગવાનના કેવળજ્ઞાનની સ્તુતિ કરી. હવે બીજા શ્લોકમાં દેવદુંદુભીનું વર્ણન કરીને ભગવાનના કેવળજ્ઞાનની સ્તુતિ કરે છે—

'देवः सवविदेष एव परमो नान्यस्त्रिलोकीपतिः
संत्यस्यैव समस्ततत्त्वविषया वाचः सतां संमताः ।।'
एतद्घोषयतीव यस्य विबुधैरारफालितो दुन्दुभिः
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्री शांतिनाथः सदा ।।२।।

હે નાથ! આપના સમવસરણમાં દેવતાઓ વડે બજાવવામાં આવતી દુંદુભી (દિવ્ય નગારું)નો નાદ માનો કે જગતમાં આ જ વાતને પ્રગટપણે કહી રહ્યો છે કે—'સમસ્ત પદાર્થોને જાણનારા, ઉત્કૃષ્ટ અને ત્રિલોકપતિ પરમદેવ શ્રી શાંતિનાથ ભગવાન જ છે, અને સમસ્ત તત્ત્વોનું વર્ણન કરનારા તેમના જ વચનો સજ્જનોને માન્ય છે; એ સિવાય બીજું તો કોઈ સમસ્ત પદાર્થોને જાણનાર, ઉત્કૃષ્ટ કે ત્રિલોકપતિ નથી તેમ જ તેનાં વચન સંમત નથી.' એવા નિરંજન શ્રી શાંતિનાથ ભગવાન અમારી રક્ષા કરો.

## (૮) નગારાના નાદમાં ભગવાનની સર્વજ્ઞતાનો પોકાર

હે પ્રભુ! સત્પુરુષોને એક તારું જ શરણ છે.....પ્રભુ! તું જ સર્વજ્ઞ વીતરાગ છો.....જુઓ, ભગવાનના સમવસરણમાં દેવદુંદુભી વાગે છે તેનો શાસ્ત્રમાં લેખ છે ને મહાવિદેહમાં તે પ્રમાણે થઈ રહ્યું છે.....શ્રી સીમંધર ભગવાનની ધર્મસભામાં દેવદુંદુભી—નગારાં—વાગે છે. બાપુ! આ પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી સિદ્ધ છે. જગતના નાના ગજમાં આ વાત ઝટ ન બેસે, તેનો કલ્પનાનો ગજ તો ખોટો પડે.....પણ આ ગજ ખોટો પડે તેમ નથી. હે ભગવાન! તારા દુંદુભીના નાદમાં અમને તો એવું જ સંભળાય છે કે—'અરે! મનુષ્યો ને દેવો! —જગતના

જીવો! તમારે શરણભૂત હોય તો શાંતિનાથ ભગવાન બિરાજે છે તે જ છે, ત્યાં આવો.....અને તેમનાં જ વચન સાંભળો.....કેમ કે ત્રણ લોકનું જ્ઞાન હોય તો તેમને જ છે. સ્તુતિકાર કહે છે કે હે નાથ! આ નગારાનો નાદ આપની સર્વજ્ઞતાનો જ પોકાર કરી રહ્યો છે. હે જીવો! તમે અહીં આવો.....અહીં આવો.....આ ભગવાનનું શરણ લ્યો. જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન પ્રગટ છે એવા આ ભગવાનનાં વચનો જ સંમત કરો.....ત્રણલોકના નાથ ને પરમ દેવાધિદેવ હોય તો આ સીમંધર ભગવાન છે.....શાંતિનાથ ભગવાન છે. તમારે જો સર્વજ્ઞવીતરાગ પદ જોઈતું હોય તો અહીં આવો.....આ ભગવાનનું સેવન કરો.....ભગવાનના વચનમાં કહેલા આત્માની શ્રદ્ધા કરો.....

લોકમાં જેમ લક્ષ્મી વગેરેની રુચિવાળા લોકો રાજા વગેરેની પાસે જઈને તેની પ્રશંસા કરે છે, તેમ અહીં લોકોત્તર માર્ગમાં પ્રભુતાના ભાનવાળા ભક્તો પ્રભુની સ્તુતિ–પ્રશંસા કરે છે.....તેમાં પોતાની પ્રભુતાની ભાવના તે પ્રભુતા પ્રગટાવવાનું કારણ છે.

## (૯) આવો રે.....આવો.....ભગવાનને ભેટવા!

આત્મા જ્ઞાનસ્વભાવ છે.....ત્રણકાળ ત્રણલોકને જાણે તેવું એક એક આત્મામાં સામર્થ્ય છે.....તેનું ભાન કરીને જેને તેવી પૂર્ણ શક્તિ પ્રગટ થઈ ગઈ છે તે સર્વજ્ઞદેવ છે. તેને રાગ નથી.....જ્ઞાનની કાંઈ અધૂરાશ નથી; તેમને સ્ત્રી નથી, વસ્ત્ર નથી, શસ્ત્ર નથી. તેમની ધર્મસભામાં દિવ્ય નગારું વાગે છે તે કહે છે કે : '.....જેને આત્મા જો'તો હોય.....જેને અશાંતિ ટાળીને શાંતિના કુંડમાં ન્હાવું હોય.....આત્માના અનંત સાગરમાં રસબોળ થવું હોય.....સુખમાં તરબોળ થવું હોય.....તે જીવો અહીં ભગવાનની ધર્મસભામાં આવો ને તેમની વાણી સમજો.....જેને ચૈતન્યભગવાનને ભેટવું હોય તે આ ભગવાન પાસે આવો. આવો રે આવો! ધર્મસભામાં, આત્માને ઓળખીને અનંત કાળની ભૂખ ભાંગવી હોય ને સ્વરૂપસંયમ મેળવવો



હોય.....દુઃખ ટાળવું હોય ને શાંતિ જોઈતી હોય તો.' —આમ ભગવાનનું દુંદુભીનગારું પોકાર કરે છે.....અને ભગવાનના સમવસરણમાં અનેક સંતો–મુનિઓ, જંઘાચરણાદિ ઋદ્ધિધારક મુનિઓનાં ટોળેટોળાં, દેવો ને વિદ્યાધરો આકાશ માર્ગે આવી આવીને દર્શન કરે છે. જંગલમાં ત્રાડ પાડતા સિંહ વગેરે તિર્યંચો પણ ભગવાન પાસે આવીને શાંત થઈ બેસી જાય છે. પહેલાં સર્વજ્ઞભગવાન કેવા હોય તે ઓળખવું જોઈએ. જેના હાથમાં કાંઈ શસ્ત્ર હોય તો તેને કોઈ પ્રત્યે વેરબુદ્ધિ છે એટલે તે વીતરાગ નથી, બાજુમાં સ્ત્રી રાખી હોય તે બ્રહ્મચારી પણ થયો નથી તો તે ભગવાન ક્યાંથી હોય? જે હાથમાં માળા ગણતો હોય તે કોઈની સ્તુતિ કરે છે એટલે તે પણ પૂરો નથી, અધૂરો છે. જે પોતે રાગી ને અપૂર્ણ હોય તે બીજાને પૂર્ણતાનું કારણ કેમ થાય? —એટલે તે દેવ ન હોય. વળી જે વસ્ત્ર રાખે તેને શરીર ઉપરનો રાગ ટળ્યો નથી એટલે તે પણ દેવ ન હોય.

જેને આત્માના પૂર્ણસ્વરૂપને ઓળખીને.....આત્માના વીતરાગીસ્વરૂપની લગની લગાડવી હોય તે આ સર્વજ્ઞ વીતરાગભગવાનને ઓળખો. 'નગારું' કહે છે કે તમારે આત્માની લગની લગાડવી હોય તો આવો.....સીમંધરનાથ પાસે! ભગવાનના કેવળજ્ઞાનની પ્રતીત કરનારને ખરેખર પોતાના પૂર્ણ જ્ઞાનસ્વભાવની પ્રતીત થાય છે.

## (૧૦) ભગવાનની ઓળખાણ અને સાચું શરણ

અહીં સ્તુતિમાં આચાર્યદેવે એ વાત સિદ્ધ કરી છે કે આત્મામાં કેવળજ્ઞાનસામર્થ્ય છે અને ત્રણકાળ ત્રણલોકને જાણવાની તાકાત ઊઘડે છે; આવું સામર્થ્ય દરેક આત્મામાં છે. જેને આવું સામર્થ્ય પ્રગટ્યું હોય એવા ભગવાનને દેહ ઉપર વસ્ત્રાદિક ત્રણકાળ ત્રણલોકમાં હોતાં નથી. અહો, આવી પૂર્ણ પરમાત્મદશાના સાધક એવા સંતમુનિઓને પણ વસ્ત્ર ન હોય, વસ્ત્રસહિત તો મુનિદશા પણ ન હોય, તો પછી પૂર્ણદશા પામેલા ત્રણલોકના નાથ એવા પરમાત્માને તો વસ્ત્રાદિ શેનાં હોય? આ કોઈ વાડાની વાત નથી પણ વસ્તુના સ્વરૂપની વાત છે. ઘરમાં હજારો સ્ત્રીઓના સંગમાં રહેતો હોય અને કોઈ કહે કે મને સ્ત્રી વગેરેનો જરાય રાગ નથી, —તો એ કેમ બને? રાગ ટળ્યો હોય તો રાગના નિમિત્તો પણ ટળી જ જાય. જેમ બદામમાં અંદરનું રાતું ફોતરું નીકળી જાય તો ઊપલી છાલ પણ નીકળી જ ગઈ હોય. તેમ નિર્મળ આનંદઘન આત્મસ્વભાવમાં લીન થઈને જેણે અંદરથી રાગરૂપી રાતપને કાઢી નાંખી તેને બાહ્યમાં વસ્ત્ર–સ્ત્રી–આદિ રાગનાં નિમિત્તો પણ છૂટી જ જાય છે. અરિહંતદેવ અને નિર્ગ્રંથ ગુરુનું સ્વરૂપ શું છે તે જાણ્યા વિના ઘણા બોલે છે કે 'અરિહંતદેવ અને નિર્ગ્રંથ ગુરુનું શરણ ભવોભવ હોજો.' પણ અરે ભાઈ! અરિહંતદેવ અને નિર્ગ્રંથ ગુરુ કેવા હોય તેના ભાન વગર તું શરણ કોનું લઈશ? ઓળખાણ તો કર, ઓળખાણ વગર તેને સાચું શરણ નહિ મળે. રાગરહિત ભગવાનને જાણ્યા વગર તારો પોતાનો આત્મા રાગરહિત કેવો છે તે પણ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ઓળખાય નહિ અને તેની ઓળખાણ વગર આત્માને સાચું શરણ થાય નહિ. અરિહંતદેવ તો વ્યવહારશરણ છે, પરમાર્થશરણ તો પોતાનો આત્મા જ છે. હજી જેને અરિહંતનુંય ભાન નથી તે પોતાના આત્માનું શરણ તો ક્યાંથી લેશે? જેને બાહ્યમાં રાગાદિનાં સાધન વર્તતા હોય તેને અંદરનો રાગ ટળ્યો નથી, અને જે રાગી છે તે સાચા દેવ નથી. એવા રાગી જીવને જે દેવ તરીકે માને છે તેને અરિહંતપ્રભુનો આદર નથી. જે પોતે રાગમાં વર્તી રહ્યા છે તે તો પોતે જ અશરણ છે, તો તે બીજાને શરણભૂત ક્યાંથી થાય? માટે સ્તુતિકારે કહ્યું છે કે હે નાથ! દેવાધિદેવ સર્વજ્ઞ તો આપ જ છો, સંતોને આપનું જ શરણ છે. અહો! અત્યારે મહાવિદેહમાં તો ગણધરો ને ઈંદ્રો, સંતો અને ચક્રવર્તીઓ સીમંધર પ્રભુનો આદર કરે છે.....અહીં તો રાંકા... ભિખારી... પુણ્યમાં નબળા ને ટૂંકા મનવાળા જીવો ભગવાનનો શું આદર કરશે? અહીં તો ભગવાનનો વિરહ છે.....છતાં જે જીવ ભાવ કરે તેને ભાવ તો પોતામાં છે ને! પોતાના ભાવનો લાભ પોતાને છે.

## (૧૧) 'ધર્મવૃદ્ધિનો મહોત્સવ'.....'કલ્યાણનાં ટાણાં'..... 'આત્માના શુક્રવાર'.....'ભગવાનના ભેટા.....'

કોઈ શ્રોતાજન કહે છે કે હે નાથ! અમારે તો આજે અહીં જ સુવર્ણપુરી બની ગઈ.....અહીં જ અમારે મહાવિદેહ જેવું બની ગયું!

શ્રી ગુરુ કહે છે કે હે ભાઈ! આ તો હજી શરૂઆત છે. હજી 'કળશ' ચડવાનો તો બાકી છે. આમાં બે વાત આવી જાય છે–એક તો શ્રી જિનમંદિર ઉપર કળશ ચડવાનો બાકી છે તે; અને એ ઉપરાંત હજુ કાંઈ કાંઈ નવીન (–ધર્મવૃદ્ધિ) થશે.....જેનાં ભાગ્ય હશે તે જોશે.....જે થાય છે તે અત્યારે જોઈ રહ્યા છે. અહો! આવા પંચકલ્યાણકના પવિત્ર ઉત્સવો માટે તો દેવ પણ ઝંખના કરે.....ઈન્દ્રો પણ ભગવાનની પ્રાર્થના કરે.....અત્યારે આ ભરતક્ષેત્રે શું વાત કરીએ? સાધારણ પ્રાણીને આ વાત ન બેસે, પણ પ્રતીત કરીને માનજો.....જ્ઞાનીના ગજ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જુદા હોય છે, અજ્ઞાનીના ગજે માપ ન આવે. વળી અત્યારે દેશ–કાળ ટૂંકા અને વિષયકષાયમાં ડૂબેલા જીવોની વૃત્તિ પણ ટૂંકી, તેને ભગવાનની કલ્પના પણ શું આવે? જેમ બાપે ૫૦ હાથનો તાકો લાવીને ઘેર રાખ્યો હોય, નાનો છોકરો પોતાના નાના હાથથી માપીને કહે કે 'આ તો ૧૦૦ હાથનો છે, માટે બાપા ભૂલ્યા હશે?' પણ બાપ તેને કહે છે કે ભાઈ! તારા હાથનું માપ અમારા લેવડદેવડના વ્યવહારમાં કામ ન આવે, તેમ જ્ઞાનીની અપૂર્વ વાત અજ્ઞાનીની કલ્પનામાં ન આવે, પણ તેથી જ્ઞાનીની વાત ખોટી નથી. વસ્તુનું સ્વરૂપ સમજે તો બધી વાત અંતરમાં બેસી જાય.....બાપુ! અણસમજણે ક્યાંય આરા આવે તેમ નથી. અરે! અનંતકાળે આ મોંઘો મનુષ્યભવ મળ્યો, વળી આવા દેવ-ગુરુ ભેટ્યા, સત્ સમજીને કલ્યાણ કરવાનાં ટાણાં આવ્યાં છે; દેવને પણ દુર્લભ એવા ટાણાં છે, આવા ટાણે ભક્તિ કરવા દેવો પણ આવે! આજે શુક્રવાર.....ને સામા શુક્રવારે ભગવાનની પ્રતિષ્ઠા.....જુઓ, આ શુક્રવારે દાળિયા થવાના છે.....આત્માનું દાળદર ટાળવું હોય તો ટળી જશે. જુઓ તો ખરા, કુદરત શું કરે છે? લોકોમાં બોલે છે કે કાંઈ 'શક્કરવાર' થાય તેમ છે એટલે કે કાંઈ આપણા દાળિયા થાય તેવું છે? તો કહે છે કે–હા, અહીં શુક્રવારે દાળિયા થવાના છે.....દાળદર ટળવાનાં છે.....ત્રિલોકનાથ ભગવાન ભેટવાના છે.....પ્રતિષ્ઠાનું મંગલમુહૂર્ત બીજ ને શુક્રવારનું આવ્યું છે. ભગવાન પોતે સાક્ષાત્ ન આવે પણ તે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની આજ્ઞા અનુસારે શ્રી સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા થવાની છે; તેમાં એવા શુક્રવાર થવાના છે કે જે ભગવાનની યથાર્થ ઓળખાણ કરે તેને ભવ ન રહે.....જન્મ-મરણ ત્રણકાળમાં ન રહે.....ભગવાનને ઓળખીને તેના ગાણાં ગાય તેને ત્રણલોકમાં ભવમાં રખડવાની શંકા ન રહે. વળી ભગવાનની પ્રતિષ્ઠાના દિવસે બીજ છે. જેમ ચંદ્રની બીજ ઊગી ને વધીને પુનમ થાય જ.....તેમ આ ભગવાનને ઓળખીને તેમની પોતાના આત્મામાં જે પ્રતિષ્ઠા કરે એટલે કે હું પણ ભગવાન



જેવો છું—એમ સ્વભાવનું ભાન કરે તેના આત્મામાં સમ્યગ્જ્ઞાનરૂપી બીજનો ચંદ્ર ઊગ્યો તે વધીને પૂર્ણિમા કેવળજ્ઞાન થયા વિના રહે નહીં. વળી ઉપરના ભાગમાં શ્રી નેમનાથપ્રભુની પ્રતિષ્ઠા થશે, તેમાં પણ કુદરતનો કેવો મેળ છે? જુઓ, ગયા વર્ષે નેમનાથ પ્રભુની કલ્યાણક ભૂમિ ગીરનાર પર્વત ઉપર સમશ્રેણીની ટૂંકે બરાબર ફાગણ સુદ બીજે હતા.....ને અહીં આ વર્ષે બરાબર ફાગણ સુદ બીજે જ સવારે શ્રી નેમનાથ ભગવાનની પ્રતિષ્ઠા થશે.....સમશ્રેણીની ટૂંકે ભગવાનની ભક્તિ અને આત્માની ધૂન કરીને જ્યારે નીચે આવ્યા ત્યારે લોકો હોંશથી એમ કહેતા હતા કે 'અમે તો જાણે મોક્ષમાં જઈ આવ્યા.....તેવું લાગે છે.' ત્યાં જે દિવસ હતો તે જ દિવસે અહીં ભગવાનની પ્રતિષ્ઠા થશે.....માંગળિકમાં બધો મેળ કુદરતે થઈ જાય છે.

## (૧૨) જિનેન્દ્રપ્રતિષ્ઠા અને પ્રતિષ્ઠાકારનું વેદન

શ્રી જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠાનો આવો યોગ મહા ભાગ્ય હોય તેને મળે છે. શાસ્ત્રમાં પ્રતિષ્ઠા કરાવનાર ગૃહસ્થનું વર્ણન આવે છે. તે ગૃહસ્થ શ્રી ગુરુ પાસે જઈને વિનયથી કહે છે કે—હે સ્વામી! મારી પાસે આવેલી આ લક્ષ્મી કુલટા સ્ત્રી સમાન અનિત્ય છે, એ લક્ષ્મી ક્યારે વહી જશે તેનો ભરોસો નથી. તેથી હું શ્રી વીતરાગ ભગવાનની પ્રતિષ્ઠા કરાવીને તેનો સદુપયોગ કરવા માંગું છું; માટે મને આજ્ઞા આપો. —એમ આજ્ઞા લઈને તે જીવ ભગવાનની પ્રતિષ્ઠા કરાવે છે. શ્રી ગુરુ તેને કહે છે કે તારું જીવન ધન્ય છે! ભગવાનની પ્રતિષ્ઠા થતાં ભક્તો કહે છે કે અહો! આ વીતરાગદેવ પધાર્યા.....આજે અમને ભગવાન ભેટ્યા.....જેને અંતરમાં પૂર્ણાનંદ પરમાત્મસ્વભાવનું લક્ષ થયું હોય, ને બહારમાં નિમિત્ત તરીકે સાક્ષાત્ પરમાત્માને ન ભાળે ત્યારે તે પ્રતિમામાં પ્રભુની પ્રતિષ્ઠા કરે છે. હે નાથ! તારા વિયોગમાં તારી પ્રતિષ્ઠા કરીને તને અમારા અંતરમાં પધરાવીએ છીએ. ભક્તો ભગવાન પાસે કહે છે—હે નાથ! —

ભરતક્ષેત્ર માનવપણો રે....લીધો દુઃસમ કાળ.....
જિન પૂરવધર વિરહથી રે.....દુલહો સાધન ચાલો રે.....
ચંદ્રાનનજિન.....(—સીમંધરજિન)

ભરતક્ષેત્રના ભક્તો કહે છે કે હે નાથ! આ ભરતક્ષેત્રે તારા વિરહ પડ્યા છે. અહો! મહાવિદેહમાં બિરાજતા ચૈતન્યમૂર્તિ પ્રભુ, જેના ચરણની સો સો ઈન્દ્રો સેવા કરી રહ્યા છે એવા નાથનો અમને અહીં વિરહ પડ્યો.....આવો મનુષ્ય ભવ મળ્યો.....પણ ઉત્તમમાં ઉત્તમ સાધનનો વિયોગ પડ્યો.....હે પ્રભો! તારા આ જાતના વિરહથી અમારો કાળ જાય છે.....હે સીમંધર નાથ.....તારો—સાક્ષાત્ પતિનો વિરહ છે તે અહીં પ્રતિષ્ઠા કરીને ટાળશું.....હે નાથ! જ્યાં આપ સાક્ષાત્ બિરાજો ત્યાં અમારા અવતાર નહિ.....અમે આપનાથી દૂર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પડ્યા.....તો પણ હે સ્વામી! અમે અમારા આત્મામાં આપની પ્રતિષ્ઠા કરીને અમારું પૂરું કરશું.

અહો, જ્યાં ભગવાન બિરાજે છે ત્યાં તો ધર્મ ધોખબંધ ચાલી રહ્યો છે. ગણધરો, સંતો, ઈન્દ્રો, ચક્રવર્તી વગેરે મોટા મોટા પુરુષો ભગવાનના ધર્મને ભક્તિપૂર્વક સેવી રહ્યા છે. અહીં જે ધર્મ કહેવાય છે તે ત્રણકાળ ત્રણલોકમાં ફરે તેમ નથી, –જેને માટે ઈન્દ્રો, ગણધરો ને તીર્થંકરો સાક્ષી છે. અહીં જેવો આત્મસ્વભાવ કહીએ છીએ તેવો એકવાર પણ સમજે તો એવું અપૂર્વ જ્ઞાન પ્રગટે કે બસ! ભવનો અંત આવી જાય. અહો! આવી પરમ સત્ય વાત, આત્મકલ્યાણની અપૂર્વ વાત! પામર જીવો તેનો વિરોધ કરી રહ્યા છે, ધર્મના નામે હળાહળ થઈ રહ્યું છે.....જ્યાં જુઓ ત્યાં ઘણો ફેરફાર છે.....ધર્મનો યથાર્થ માર્ગ ભૂલીને કોઈ કાંઈ માને ને કોઈ કાંઈ માને.....જેને જેમ ફાવે તેમ મનાવી રહ્યા છે.....હે નાથ! તીર્થંકરના વિરહે ભરતક્ષેત્રમાં જુદા જુદા અભિપ્રાય થઈ ગયા.....પરંતુ હે પ્રભુ! આપના પ્રતાપે અમારા નીવેડા આવી ગયા.....પાર આવી ગયો.....આપના પ્રતાપે બધા નીવેડા અને સમાધાન આવી ગયા....પણ જગતને કેમ સમજાય! કોઈ મહાભાગ્યવાન જીવો સમજીને કલ્યાણ પામી જાય છે. હે નાથ.....આપની દિવ્ય વાણીનો ધોધ છૂટતો હતો અને ત્યાં તો અનેક સંતો કેવળજ્ઞાન પામતા....તેને બદલે અહીંના પ્રાણીમાં તો અલ્પ પુણ્ય ને અલ્પ પુરુષાર્થ! છતાં ય—ભલેને તે અલ્પ હોય પરંતુ કેવળજ્ઞાનને ઓળખીને તેની શ્રદ્ધા છે ને! એટલે તે પુરુષાર્થ અલ્પ હોવા છતાં કેવળજ્ઞાન સાથે સંધિવાળો છે, તેથી વચ્ચે ભંગ પડ્યા વિના પૂર્ણ કેવળજ્ઞાનનો ભેટો થયે છૂટકો! તે ત્રણકાળ ત્રણલોકમાં ન ફરે.....હે નાથ! પૂર્ણતાનો સંદેહ નથી.....પણ અધૂરે આંતરા પડ્યા છે.....તે આંતરો અત્યારે તો આપની 'પ્રતિષ્ઠા' કરીને ટાળીએ છીએ.....

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## (૧૩) પ્રભુના દિવ્યધ્વનિની ગર્જના

હે સીમંધરનાથ! મહાવિદેહમાં જ્યાં તારી ધ્વનિનો ધોધ છૂટે ત્યાં ગણધરો ઝીલે ને ઈન્દ્રો સેવે, તેનાથી પાખંડીના પાખંડ તૂટી પડે..... જેમ સિંહ જીવતો હોય ત્યારે તો બકરાં તેની સામે ક્યાંથી ઊભા રહી શકે? જીવતો સિંહ જે માર્ગે સંચરે તે માર્ગના તરણાંને હરણીયાં ખાય નહિ. જીવતા સિંહ સામે તો બકરું ન ટકી શકે, અને મરેલા સિંહના ચામડાનું બનાવેલું નગારું પડ્યું હોય તે નગારા પાસે બકરાનાં ચામડાનું નગારું ન રહી શકે.....સિંહના ચામડાનું બનાવેલું નગારું હોય તેના ઉપર જ્યાં ડાંડી પડે ત્યાં તેના અવાજથી બકરાના ચામડાનું બનાવેલું નગારું ફાટી પડે.....તેમ હે નાથ! હે જિનેન્દ્ર! તારા પ્રતાપ સામે કોઈ ન ટકી શકે.....જ્યાં તારી ધ્વનિના દિવ્યનાદ છૂટે ત્યાં અજ્ઞાનીઓના અજ્ઞાન તૂટી પડે....પાખંડીઓના પાખંડ છૂટી જાય.....કુતર્કીઓના કુતર્ક નાશ પામે. પ્રભુ! આવો હો તો જગતમાં એક તું જ છો.....તારા શરણ વિના કોઈ ઉપાયે પુરું થાય તેવું નથી. તારા સમવસરણમાં દિવ્ય દુંદુભી એમ પોકાર કરી રહ્યો છે કે હે જીવો! તમારા બધા પ્રમાદ કાર્યો છોડીને અહીં આવો અને મોક્ષના સાથીદાર એવા આ ભગવાનનું સેવન કરો.....તેમનો દિવ્યધ્વનિ સાંભળીને આત્માની સમજણ કરો.....

## (૨)

# વીતરાગના ભક્ત કેવા હોય ?

તીર્થધામ સોનગઢમાં ભગવાન શ્રી સીમંધર પ્રભુની પંચ કલ્યાણક પ્રતિષ્ઠાના અઠ્ઠાઈ મહોત્સવ પ્રસંગે, વીર સં. ૨૪૬૭ ના માહ વદ ૧૨ ના રોજ પદ્મનંદિ પંચવિંશતિના શાંતિનાથ સ્તોત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

### (૧૪) વીતરાગના ભક્તની જવાબદારી

આ શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તોત્ર વંચાય છે. આત્મા શાંત અવિકારી સ્વરૂપ છે, શાંતિ માટે તેને કોઈ પર પદાર્થોનું આલંબન નથી. આત્માની શાંતિ સ્વાવલંબી છે, બાહ્ય પદાર્થોનું આલંબન લેવું પડે તે વિકાર છે. ભગવાનને પૂર્ણ સ્વાવલંબી શાંતિ પ્રગટી ગઈ છે, જેને એવી શાંતિની રુચિ હોય તે ભગવાનને ઓળખીને તેમની ભક્તિ કરે છે. ઈન્દ્રો આવીને ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુના ચરણે નમી પડે છે ને સ્તુતિ કરતાં કહે છે કે હે નાથ ! પુણ્યના ફળમાં મળેલા આ ઈંદ્રપદ ને દેવાંગનાઓ વગેરે વૈભવ તે કાંઈ અમારે આદરણીય નથી, પ્રભો ! આપને જે વીતરાગી શાંતસ્વભાવ પ્રગટ્યો છે તેનો જ અમને આદર છે. —આમ જે સમજે તેણે ભગવાનની ભક્તિ કરી કહેવાય. પુણ્યને આદરવા જેવાં માને તો તેણે ભગવાનની ખરી ભક્તિ કરી નથી. ભગવાનનો આદર કરનાર પુણ્યનો આદર ન કરે.

ઈંદ્રને પુણ્યનો ઠાઠ હોવા છતાં, જેણે પુણ્યવૈભવોનો ત્યાગ કર્યો છે એવા સંતના ચરણે તે નમે છે.....કેમ કે તેનામાં વીતરાગતા છે તેનું જ તે બહુમાન કરે છે. આનો અર્થ એ થયો કે ભગવાનને નમન કરનાર જીવને પુણ્યની રુચિ નથી પણ વીતરાગતાનું જ બહુમાન છે. અહો ! વીતરાગદેવને નમતા જીવને દૃષ્ટિમાં વીતરાગતા રુચિ, હવે તે જીવ આત્મસ્વભાવથી વિરુદ્ધ ભાવોને નમે એ કેમ બને ? —એક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મ્યાનમાં બે તલવાર ન હોય.

## (૧૫) ભગવાનના ભક્ત–જ્ઞાનીની દશા કેવી હોય?

અહો! વીતરાગસ્વભાવી આત્માની રુચિ કરીને, તેનાં ગાણાં ગાઈને અનુમોદન કર્યું છે.....હવે આવો આત્મા પ્રાપ્ત કર્યે જ છૂટકો.....એનાથી વિરુદ્ધ પુણ્યનાં ફળની રુચિ નથી. એકની અસ્તિમાં બીજાની નાસ્તિ છે. જ્ઞાનસ્વભાવી આત્માની રુચિની અસ્તિમાં વિકારની રુચિની નાસ્તિ છે. જ્ઞાનની રુચિ થાય ને વિકારની રુચિ ન ટળે એમ બને નહિ. બનારસીદાસજી કહે છે કે—

જ્ઞાનકલા જિસકે ઘટ જાગી તે જગમાંહી સહજ વૈરાગી,
જ્ઞાની મગન વિષયસુખ માંહી યહ વિપરીત સંભવે નાંહી.

અહો.....જેના અંતરમાં આત્મજ્ઞાનરૂપી કળા પ્રગટી તે જીવ જગતમાં સહજ વૈરાગી હોય છે.....જ્ઞાની વિષયસુખમાં મગ્ન હોય એવી વિપરીત વાત કદી સંભવતી નથી. આત્મજ્ઞાન થાય ને વિષયોમાંથી સુખબુદ્ધિ ન ટળે એમ કદી ન બને. સમયસારના નિર્જરા અધિકારમાં સમ્યગ્દષ્ટિનું વર્ણન કરતાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે—મિથ્યાત્વની ગાંઠ ટળીને, હું આત્મા નિર્મળ જ્ઞાયક છું એવું જેને ભાન થયું તે જ્ઞાની, પાખંડીની પ્રીતિ કરે કે વિષયોમાં સુખ માને—એવી ઊંધાઈ કદી સંભવે નહિ. એકનો હકાર ત્યાં બીજાનો નકાર....સ્વની રુચિ ત્યાં પર પ્રત્યે ઉદાસીનતા.....જ્ઞાન સાથે વૈરાગ્ય સહજ હોય જ છે. કોઈ કહે કે 'આત્મા શુદ્ધ, પૂર્ણ વીતરાગ છે' એવું ભાન થયું છે પણ મારી રુચિ પર ઉપરથી ખસી નથી, —તો તે બને નહિ. પર ઉપરથી રુચિ ન ખસી હોય તો આત્માની રુચિ થઈ જ નથી. જ્ઞાનીને આત્મા સિવાય બીજા વિષયોની રુચિ હોય નહિ. ધર્મની ઓળખાણ થાય, આત્માની પ્રીતિ થાય ને બીજા ઉપરથી પ્રીતિ ન ખસે એ કેમ બને? 'હું જ્ઞાનમૂર્તિ આત્મા પરથી નિરાળો છું, મારી શાંતિ મારામાં છે'—એવું ભાન કરીને વીતરાગ આનંદઘન સ્વભાવના ગુણ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ગાનાર જીવ વિષયોનાં ગાણાં કેમ ગાય? કદી ન ગાય. અહીં સર્વજ્ઞ ભગવાનની સ્તુતિ ચાલે છે. ભગવાનને આત્માનું ભાન થયું.....ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન થયું.....આત્મા શક્તિપણે તો પૂરો હતો જ ને હવે તે પૂર્ણ શક્તિ ઉઘડી ગઈ.....આવા વીતરાગ ભગવાનને ઓળખીને તેમનાં ગુણ ગાનાર વિકારના કોઈ પડખાંને વખાણી ન શકે.....અને જો વિકારનાં પડખાંને વખાણે તો તે વીતરાગનો ભક્ત નહિ, ધર્મી નહિ. જેને વીતરાગસ્વભાવની રુચિ નથી તે જ વિષયોની પ્રીતિ કરે છે. વીતરાગસ્વભાવની રુચિવાળાના હૃદયમાં બીજે ક્યાંય આનંદ ન આવે. ભગવાનની ભક્તિ કરવાથી કાંઈ ભગવાન કોઈને કંઈ આપી દેતા નથી. પણ, જેવા ભગવાન તેવો હું, ભગવાન પણ આત્માની શક્તિમાંથી જ થયા છે–આવું ભાન કરીને પોતે પોતામાંથી ધર્મ કાઢે છે. લોકો પણ કહે છે કે 'કોઈનું આપ્યું–તાપ્યું પહોંચે નહિ' એટલે જો ભગવાન મુક્તિ આપતા હોય તો વળી બીજો કોઈ આવીને તે પડાવી લ્યે.....પણ એમ નથી. પોતે પોતાના ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ મુક્તિ પ્રગટ કરે છે, ને નિત્યના આશ્રયે પ્રગટેલી તે મુક્તિ પણ નિત્ય ટકી રહે છે, પોતાના આવા સ્વભાવનું ભાન કરે તો તેણે 'ભગવાનનું શરણ લીધું' એમ વ્યવહારથી બોલાય છે.

## (૧૬) એકવાર વંદે જો કોઈ.....

શક્તિરૂપે દરેક આત્મા પોતે 'શાંતિનાથ ભગવાન' છે; ને વ્યક્તિરૂપે જે પ્રગટ પરમાત્મા થયા છે એવા ત્રિલોકનાથ તીર્થંકર વીતરાગી ચૈતન્ય ભગવાન.....અહો! તેનું શરણ જોઈએ. ભક્તિમાં આવે છે કે એક વાર જો યથાર્થપણે પ્રભુવંદના થાય તો કાર્યની સિદ્ધિ થઈ જાય....અત્યારે મહાવિદેહમાં સીમંધરનાથ પ્રભુ બિરાજે છે. હે ત્રિલોકીનાથ દેવાધિદેવ ભગવાન! આપને જો એકવાર ઓળખીને વંદના કરે તો તેને જન્મ-મરણ ન રહે. કઈ રીતે? –'હે નાથ! જેવો આપનો સ્વભાવ તેવો જ મારો સ્વભાવ છે, હું શુદ્ધ પવિત્રસ્વરૂપ છું,

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કોઈ બીજા પાસેથી મારે લેવું નથી, મારી અખંડ ચૈતન્યરિદ્ધિ મારી પાસે જ છે' આવા ભાનસહિત ભગવાનને નમ્યો તેને ભવ રહે નહિ. ભગવાનને 'ત્રિલોકનાથ, ત્રિલોકપતિ' કહેવાય છે, ત્યાં ભગવાન કાંઈ જડના કે પરના ધણી નથી પણ તેમના દિવ્ય જ્ઞાનમાં ત્રણલોક પ્રતિભાસે છે માટે તેમને 'ત્રિલોકપતિ' કહેવાય છે. આવા ભગવાનને ઓળખીને તેમની ભક્તિ કરતાં 'હું જ મારો રક્ષક છું' એમ ન કહેતાં, 'હે ભગવાન! આપ અમારા રક્ષક છો'—એમ વિનયના ભાવની ભાષા આવે છે.

## (૧૭) વીતરાગના ભક્તને રાગનો આદર ન હોય

ભક્તિમાં જે શુભરાગ છે તેનો આદર ધર્માત્માને હોતો નથી. અહો! જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય કે ઈંદ્રપદ, ચક્રવર્તીપદ કે બળદેવ-વાસુદેવની પદવી મળે, તે ભાવને ધર્મી જીવ શુભવિકાર જાણે છે, વીતરાગતાના આદર પાસે તે કોઈ ભાવનો આદર તેમને હોતો નથી. જે રાગથી પુણ્યની પ્રકૃતિ બંધાય તે પણ બંધનભાવ છે, ધર્મીને તે રાગનો આદર ન હોવા છતાં, હજી વીતરાગતા પૂરી થઈ નથી એટલે અધૂરી દશામાં ધર્મવૃદ્ધિના શુભ વિકલ્પથી તીર્થંકરપ્રકૃતિ વગેરે બંધાઈ જાય છે. દેવાધિદેવ તીર્થંકરનો આત્મા જ્યારે માતાના ગર્ભમાં આવે ત્યારે ચૌદ બ્રહ્માંડમાં પ્રકાશ થાય. ભગવાન તો મહા પવિત્રતા અને પુણ્યના પૂતળાં છે. હું મારી વીતરાગતા પૂર્ણ કરું, તે સિવાય બીજું કાંઈ જોઈતું નથી–એવી ભાવનામાં વચ્ચે અલ્પ રાગ રહ્યો તેનાથી તીર્થંકરપ્રકૃતિ બંધાઈ ગઈ.....ને ત્રિલોકપૂજ્ય તીર્થંકરપદ થયું.

પ્રશ્ન :—એક રાગના કણીયામાં આટલું થાય, તો ઝાઝા રાગમાં તો કેટલું થાય!

ઉત્તર :—અરે ભાઈ! રાગની ભાવનાવાળાને એ પદ નથી મળતાં, જે રાગથી તીર્થંકરાદિ પદ મળે એ રાગ વિષયકષાયનો નહિ.....પણ તે તો આત્માના ભાનપૂર્વક ધર્મવૃદ્ધિનો રાગ હતો,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આત્મસ્વભાવની ભાવના હતી, રાગની ભાવના ન હતી. જેને રાગનો રાગ છે તેને તો અધર્મનો રાગ છે, તેને ઊંચા પુણ્ય બંધાતા નથી. 'હું નિર્મળજ્ઞાનઘન આત્મા છું. રાગનો એક અંશ પણ મારો નથી'—એવા ભાન સહિત ધર્મનું વલણ છે ત્યાં કંઈક રાગ રહી ગયો તે પ્રશસ્ત રાગ છે, ને તે રાગમાં પણ આદરબુદ્ધિ નથી, ત્યાં તીર્થંકરપ્રકૃતિ વગેરે પુણ્ય બંધાઈ જાય છે. જે જીવ આત્માના વીતરાગી સ્વરૂપને તો સમજે નહિ ને રાગને આદરણીય માને તે આત્મસ્વરૂપનો ભક્ત નથી, વીતરાગદેવનો સેવક નથી. જેને આત્માની રુચિ હોય તે વીતરાગ પરમાત્મા સિવાય બીજા કોઈના ગાણાં ન ગાય, એના અંતરમાં લક્ષ્મી કુટુંબના ગાણાં ન હોય.

### (૧૮) આત્મભાન ન કરે તો જીવનની સાર્થકતા શી?

દીકરા, મકાન, લક્ષ્મી વગેરે પાછળ મૂકીને ચાલ્યો જાય ત્યાં પાછળના લોકો કહેશે કે 'બાપા લીલીવાડી મૂકીને ગયા'.....પણ જ્ઞાની કહે છે કે અરે બાપુ! એ તો પૂર્વનાં જે પુણ્ય લઈને આવ્યો હતો તે બાળીને ચાલ્યો ગયો.....જીવનમાં આત્માની ઓળખાણ ન કરી તો તેની શી ગણતરી! પાછળ બધું રહ્યું તેમાં તેના આત્માને શો લાભ? એ તો આત્માના ભાન વિના મરીને ક્યાંય ચાલ્યો ગયો. જગતના ઘણા જીવો આત્માની દરકાર વગર અણશીયા ને કૂતરાં-ગલૂડીયાંની જેમ મરે છે. અહો! અનંતકાળના અજાણ્યા જીવો.....ને અજાણ્યા પંથ.....તેમાં આત્માની શાંતિનું ભાન ન કરે ને આત્માની રુચિ પણ ન કરે તો જન્મ-મરણ ક્યાંથી મટે?

### (૧૯) ઇન્દ્રની ભક્તિ અને ભાવના

અહીં વીતરાગભગવાનની ભક્તિનું વર્ણન છે, ઓળખાણ સહિતની વાત છે. જેને આત્માનું ભાન છે અને જે એકાવતારી છે એવા ઈન્દ્રો ભગવાન પાસે ભક્તિથી નાચી ઊઠે છે..... તીર્થંકરભગવાનનો જન્મ થતાં ઈન્દ્રો આવીને ભગવાનના માતાની

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સ્તુતિ કરતાં કહે છે કે હે માતા! તેં જગતનો દીવો દીધો.....હે જગતદીપકની દાતાર, માતા! તેં અમને જગતપ્રકાશક દીવો આપ્યો. હે લોકની માતા! તેં અમને જગતનો નાથ આપ્યો.....તું તીર્થંકરભગવાનની જનેતા છો.....ઈન્દ્રને પોતાને ત્રણ જ્ઞાન છે, આત્માનું ભાન છે, એક ભવે મોક્ષ જવાનું છે તે પોતાને અંદર નક્કી થઈ ગયું છે, ને આ ભગવાન તો આ જ ભવે મોક્ષ જવાના છે. જેને એક ભવે મોક્ષ જવું છે એવા ઈન્દ્ર, એ જ ભવે મોક્ષ જનારા ભગવાનના ગાણાં પેટ ભરીને ગાય છે અર્થાત્ ગાણાં ગાતા ધરાતા નથી. ઈન્દ્રને પુણ્યની ભાવના નથી.....ઈન્દ્રાસને બેસે ત્યારેય ભાવના કરે છે કે—આ ઈન્દ્રની રિદ્ધિ તે કંઈ અમારી નથી, અમે તો ચૈતન્યસ્વરૂપ છીએ.....અહા, ધન્ય તે ઘડી અને ધન્ય તે પળ, —કે જે ટાણે મનુષ્યભવ પામી, ચારિત્ર લઈને મુનિ થશું ને કેવળજ્ઞાન પામશું. એ ચારિત્રદશા પાસે આ ઈન્દ્રપણાની રિદ્ધિ તો તુચ્છ છે. ચારિત્રનું ઉત્તમમાં ઉત્તમ સાધન જે મુનિદશા—કેવળજ્ઞાનને હથેળીમાં લેવાની તૈયારી—તેનાં તો ઈન્દ્ર પણ ગાણાં ગાય છે ને તેની ભાવના કરે છે. મંદમતિના નાના ગજના માપે મોટી વાત ન બેસે તોપણ ત્રણકાળમાં એમ જ છે, મહાવિદેહમાં ભગવાનની ધર્મસભામાં એ પ્રમાણે થાય છે. જેમ મેડી ઉપરના રાચ-રચીલા અને વૈભવ તદ્દન હેઠે ઉભેલો શું ભાળે? દાદરે ચડેલો દેખીને કહે કે—અહીં ઘણા વૈભવ ભર્યા છે, પણ નીચે ઉભેલો કહે છે કે 'મને તો કાંઈ દેખાતું નથી.' પણ ભાઈ! દાદરે ચડીને ઊંચે જો તો દેખાય ને? તેમ ચૈતન્યભગવાન આત્માની અનંત સમૃદ્ધિ, ને આત્માના કેવળજ્ઞાનની સમૃદ્ધિ તેમ જ તીર્થંકરના સમવસરણની વિભૂતિ (અર્થાત્ ઊર્ધ્વગામી આત્મારૂપી મેડીનો વૈભવ) જોવા માટે ઊર્ધ્વગામી થા એટલે કે અંતરમાં ત્રિકાળી સ્વભાવની શ્રેણીના પગથિયે ચડ, અંતરમાં જાગીને વીતરાગસ્વભાવને જોવાની ઓળખાણ લાવ. બહારમાં જોયે કાંઈ નહિ દેખાય, અંતરના સ્વભાવમાં આગળ જા તો અનંત કેવળજ્ઞાનની વૃદ્ધિ દેખાશે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## (૨૦) ભગવાનની સાચી ભક્તિ અને ભગવાનનો ભેટો

આચાર્યદેવ કહે છે કે ભગવાનની ધર્મસભામાં દેવો દ્વારા જે દુંદુભી–નગારું વાગે છે તે ભગવાનની પ્રભુતાનો પોકાર કરી રહ્યું છે કે જગતમાં સેવવાયોગ્ય દેવાધિદેવ હોય તો તે એક આ જ છે; આના જેવો કોઈ ઊંચો પુરુષ નથી, આના સિવાય કોઈ ત્રિલોકનાથ ન હોઈ શકે. અને ત્રિલોકનાથ ભગવાને દિવ્યધ્વનિરૂપી નગારામાં આત્માની પ્રભુતાની ઘોષણા કરી કે બધા જીવો સ્વભાવે ભગવાન જ છે.....તમે તમારા સ્વભાવને સમજીને ધર્મ પામી જાઓ.....આત્માના સ્વભાવની પૂર્ણ થયેલી દશામાં વર્તતા અરિહંતભગવાનને જે વાણી નીકળી, તે આત્મહિતકારી વાણી કોને માન્ય છે? –કે સજ્જનોને માન્ય છે. હે નાથ! હે તીર્થંકર! જેઓ આત્મહિતના કામી છે એવા ઊંડા પુરુષોને–આત્માર્થી પુરુષોને–આત્માની રૂડી શ્રદ્ધા ને નિર્મળજ્ઞાન કરે તેવા ધર્મી જીવોને–આપની જ વાણી માન્ય છે. દુર્જનોએ પોતાની કલ્પનાથી જે માન્યું છે તે યથાર્થ સ્વરૂપ નથી. અજ્ઞાની માણસ તો જાણે કે ભગવાન કાંઈક લક્ષ્મી વગેરે આપી દેશે–એમ માનીને 'હે દીનાનાથ દયા કરજો'—એમ સ્તુતિમાં બોલે છે, તે ખરેખર વીતરાગદેવની સ્તુતિ નથી કરતો, પણ વિષય–કષાયની સ્તુતિ કરે છે, તેણે વીતરાગને ઓળખ્યા નથી. 'હે દીનબંધુ! દયા કરજો' એમ જ્ઞાનીની ભાષામાં આવે પણ જ્ઞાની સમજે છે કે આ તો ફક્ત ભક્તિના ઉપચારની ભાષા છે, ભગવાનને કાંઈ દયાનો રાગભાવ હોતો નથી, ને ભગવાન મને કાંઈ દેતા નથી, મારી પ્રભુતા મારા સ્વભાવમાંથી આવવાની છે. આમ પોતાની પ્રભુતાનું ભાન રાખીને ધર્માત્મા જીવ ભગવાનની ભક્તિ કરે છે. 'દીનદયાળ' એવા બિરુદનો અર્થ સમજ્યા વગર, ખરેખર ભગવાન મને કાંઈ આપી દેશે એમ માનીને, ભગવાન પાસેથી કાંઈ લેવાની ઈચ્છાથી જે સ્તુતિ કરે છે તે તો પોતાને રાંકો–રાગી અને પરનો ઓશિયાળો માને છે, પોતે પોતાને ગાળ દે છે. –એને ધર્મ થતો નથી. જેમ સૂરજ સામે ધૂળ ઉડાડનાર ખરેખર પોતે પોતાની આંખમાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જ ધૂળ નાંખે છે. તેમ ભગવાનને રાગી માનનાર ખરેખર પોતે પોતાના આત્માને જ ગાળ દે છે. હે નાથ! આપને તો કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ નથી, આપ પૂર્ણ સર્વજ્ઞતાને પામ્યા છો, ને હું હજી અધૂરો છું. તેથી આપને ઓળખીને પૂર્ણતાની ભાવનાથી આપની ભક્તિ કરું છું. પૂર્ણતાની ભાવનાથી સો ઈન્દ્રો ને ગણધરાદિ સંતો ચરણકમળ સેવે તેમના પ્રત્યે આપને રાગ નથી, ને કોઈ નિંદા કરે તો તેના પ્રત્યે દ્વેષ નથી. મારું પૂર્ણ સ્વરૂપ અંતરમાં છે તે પ્રગટતાં વચ્ચે વિકલ્પ ઊઠ્યો છે એટલે હે વીતરાગી નાથ! વચ્ચે આપને રાખીને વંદન કરું છું. પરમાર્થે તો ભગવાનની ભક્તિ એટલે આત્માની ઓળખાણ અને બહુમાન; તેમાં વચ્ચે વિકલ્પ ઊઠ્યો તે વ્યવહાર ભક્તિ છે, રાગ છે; તે રાગના ફળમાં પુણ્ય બંધાય અને બાહ્યમાં સાક્ષાત્ ભગવાનનો ભેટો થાય.....ને અંદરની પરમાર્થ ભક્તિના ફળમાં પોતાની પરમાત્મદશા પ્રગટે. આત્મા શુદ્ધ છે તેની શ્રદ્ધા અને સ્થિરતારૂપી ભક્તિ જામી જાય તો અંદરના ભગવાનનો ભેટો થાય.

શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરતાં આચાર્યદેવ કહે છે કે હે નાથ! આપનાં જ વચનો સજ્જનોને માન્ય છે; કેમ કે તત્ત્વનો નિર્ણય કરવામાં ભગવાનનું વચન કામ કરે છે તેવું અન્ય કોઈનું વચન ઉપયોગી થતું નથી. માટે સજ્જનો આપની વાણી સિવાય કોઈને આદરતા નથી. ‘એવા શાંતિનાથ ભગવાન અમારું રક્ષણ કરો;’ રક્ષણનો અર્થ શું? કે મારા આત્મસ્વરૂપની જેટલી દશા પામેલો છું ત્યાંથી હેઠે પડું નહિ ને આગળ વધીને પૂરો થાઉં—એનું નામ આત્માનું રક્ષણ છે. પોતે પોતાના ભાવથી તેવું રક્ષણ કરે છે ત્યાં વિનયથી કહે છે કે ‘શ્રી શાંતિનાથ ભગવાન અમારું રક્ષણ કરો.’

## (૨૧) દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન નિરાલંબી જિનેન્દ્રની સ્તુતિ

પહેલા શ્લોકમાં ત્રણ છત્રનું વર્ણન કરીને ભગવાનની સ્તુતિ કરી, બીજા શ્લોકમાં દેવ દુંદુભીનું વર્ણન કરીને ભગવાનની સ્તુતિ કરી, હવે ત્રીજા શ્લોકમાં સિંહાસનનું વર્ણન કરીને ભગવાનની સ્તુતિ કરે છે—-

**दिव्यस्त्रीमुखपंकजैकमुकुरप्रोल्लासिनानामणि**
**स्फारीभूतविचित्ररश्मिरचितानम्रानरेन्द्रायुधैः ।।**
**सश्चित्रीकृतवातवर्त्मनि लसत्सिहासने यः स्थितः**
**सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्री शांतिनाथः सदा ।।३ ।।**

દેવાંગનાઓના મુખકમળરૂપી એક દર્પણમાં દેદીપ્યમાન અનેક પ્રકારના રત્નોના ચારે બાજુ ફેલાયેલા કિરણો વડે રચાયેલું તથા નમતું જે ઈન્દ્રધનુષ, તેનાથી ચિત્રવિચિત્ર થયેલા આકાશમાં દિવ્ય સિંહાસન ઉપર જે બિરાજમાન છે એવા નિરંજન જિનેન્દ્રદેવ શ્રી શાંતિનાથ ભગવાન સદા અમારી રક્ષા કરો.

જુઓ, આચાર્યદેવની ભક્તિ! ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન ધર્મસભામાં બિરાજતા હોય છે ને ઈંદ્ર-ઈંદ્રાણી તેમને નમસ્કાર કરે છે. તે દેવાંગનાના મુખને દર્પણની ઉપમા છે, તે દર્પણમાં રત્નોના પ્રતિબિંબ પડે છે, ને તેના પ્રકાશની ઝાંઈથી આકાશમાં જુદી જુદી જાતના રંગ થાય છે તેથી ઈન્દ્રધનુષ જેવું લાગે છે. —એવા આકાશની વચમાં દિવ્ય સિંહાસન ઉપર હે નાથ! આપ બિરાજો છો. છત્ર, દુંદુભી, ઈન્દ્રાણી કે સિંહાસન વગેરે જોતાં અમને તો એક ભગવાન જ યાદ આવે છે.....એક ભગવાનની જ મુખ્યતા ભાસે છે. હે નાથ! તારા પુણ્યની અલૌકિક ઋદ્ધિમાં જ્યાં નજર કરું છું ત્યાં સારમાં સાર એવા એક આપને જ દેખું છું. સમવસરણમાં ભગવાન સિંહાસનથી પણ ચાર આગળ ઊંચે આકાશમાં નિરાલંબીપણે બિરાજે છે. તે નિરાલંબી

ભગવાનને જોતાં, સારમાં સાર નિર્મળ નિરાલંબી ભગવાન આત્માનું લક્ષ થાય છે. જેમ ભગવાનનો દેહ નિરાલંબી છે તેમ આત્માનો સ્વભાવ પણ નિરાલંબી છે. જેમ સમવસરણમાં સંયોગને ન જોતાં ભગવાનને જ મુખ્ય ભાળું છું તેમ અહીં પણ, સંયોગને ન જોતાં અંદરમાં ચૈતન્ય ભગવાન બિરાજે છે તેને જ ભાળું છું. આ દેહ-મન-વાણી વગેરે ચિત્રવિચિત્ર પદાર્થો છે, તે સંયોગ વિનાનો એકલો ભગવાન અંદર બિરાજે છે ત્યાં જ મારી દૃષ્ટિ પડી છે. આવો આત્મા સારમાં સાર છે. હે નાથ ! હું આવા પૂર્ણ વીતરાગસ્વભાવનો દાસ છું, એ સિવાય અધૂરાનો દાસ નથી. —આમ પહેલાં પૂર્ણ સ્વભાવને શ્રદ્ધામાં—રુચિમાં લેવો તે ધર્મ છે.

## (૨૨) ધર્મ

ધર્મ એટલે શું ? કે 'ધારપતીતિ ધર્મઃ' એટલે કે જે ધારી રાખે તે ધર્મ છે. અખંડ શુદ્ધ આત્માને સમ્યક્ શ્રદ્ધામાં ધારી રાખવો ને અવગુણમાં ન પડવા દેવો તેનું નામ ધર્મ છે. પહેલાં ઊંધી શ્રદ્ધામાં વિષય—કષાય વગેરેનું ધારણ હતું તે અધર્મ હતો ને તેનાથી જીવ સંસારમાં પડતો હતો. તેને બદલે હવે ચૈતન્યમૂર્તિ વીતરાગી આત્મસ્વભાવને શ્રદ્ધામાં ધારણ કર્યો ને આત્માને સંસારમાં પડતાં ધારી રાખ્યો—અટકાવ્યો—તે ધર્મ છે. પહેલાં આવી આત્માની શ્રદ્ધા કરવી તે ભગવાનની સાચી ભક્તિ છે. આ સિવાય ભગવાનની ભક્તિથી શરીરાદિ સામગ્રીની રક્ષા થવાનું ભગવાન પાસે માંગે તો તે અજ્ઞાની છે, ભગવાનનો ભક્ત નથી.

## (૨૩) ભગવાનના ભક્તની ભાવના કેવી હોય ?

'અહો ! મારો આત્મા ભગવાન જેવો સર્વજ્ઞ વીતરાગી પરિપૂર્ણ છે'—આમ સમજીને જે ભગવાનની ભક્તિ કરે તે જીવ જગતની કઈ ચીજની સ્પૃહા રાખે ? —જગતની કઈ ચીજનો આદર કરે ? અત્યારે તો કોઈ એમ પણ માને છે કે 'ભગવાન પાસે ભક્તામર—સ્તોત્ર બોલીએ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તો અન્ન–વસ્ત્ર વગરના ન રહીએ.' અરે ભાઈ! શું ભગવાન પાસે તે આવી આશા હોય? જ્ઞાની તો ભાવના કરે છે કે હે નાથ! અમારું રક્ષણ કરો એટલે કે અમારા આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન ને વીતરાગતા પ્રગટ થાવ.....વીતરાગી પરિણામમાં ભગવાનનું નિમિત્ત છે એટલે, 'ઘીના ઘડા'ની જેમ, 'ભગવાન અમારી વીતરાગતાનું રક્ષણ કરો' એમ વ્યવહારથી કહેવાય છે, પણ ખરેખર ભગવાન પાસેથી કાંઈ લેવાનું નથી, આત્માનો પોતાનો સ્વભાવ ક્યાં અધૂરો છે તે કોઈક પાસે રક્ષણ માંગે? ધર્મસભામાં વીતરાગી ત્રિલોકનાથ પરમાત્માએ જ્યારે ધર્મની પ્રરૂપણા કરી ત્યારે જે જીવો સ્વભાવ સમજ્યા તેઓ ધર્મ પામ્યા..... એટલે ભગવાન તેના ધર્મમાં નિમિત્ત થયા. ત્યાં તે જીવોને ભગવાન પ્રત્યે ભક્તિ ઊછળે છે. ભગવાનના ઉપદેશ વખતે તે ઝીલીને ધર્મ પામનારા જીવો ન હોય એમ બને નહિ.

## (૨૪) તીર્થંકરની વાણી છૂટે ત્યાં ધર્મની વૃદ્ધિ કરનારા જીવો હોય જ.

મહાવીર ભગવાનને વૈશાખ સુદ દસમે કેવળજ્ઞાન થયું પણ છાસઠ દિવસ સુધી વાણી ન છૂટી.....ઇંદ્ર વિચારે છે કે–આ શું? ભગવાનને ત્રિકાળી જ્ઞાન થયું.....શરીરના રજકણો સ્ફટિક જેવા ઊજળા થઈ ગયા.....દેહ અધર આકાશમાં પાંચસો ધનુષ ઊંચે ચડી ગયો.....સમવસરણની રચના થઈ.....બાર સભા ભરાણી.....છતાં ભગવાનની વાણી કાં ન છૂટે? તેણે ઉપયોગ મૂકીને જ્ઞાનમાં જોયું કે ભગવાનની ઉત્કૃષ્ટ વાણી ઝીલી શકે તેવા ગણધરપદને લાયક પુરુષની સભામાં ગેરહાજરી છે. અને એવા સમર્થ શ્રી ઇંદ્રભૂતિ (–ગૌતમ) છે. પછી ઇંદ્ર તેમની પાસે જઈને, ભગવાન સાથે વાદવિવાદ કરવાના બહાને તેને તેડી લાવે છે.....માનસ્તંભ પાસે આવતાં જ ઇંદ્રભૂતિનું માન ગળી જાય છે.....ભગવાનની દિવ્યવાણીની ધારા છૂટે છે ને ઇંદ્રભૂતિ ગણધર થાય છે.....પહેલાં તો તે પહેલી ભૂમિકામાં હતા ને

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

હવે છઠ્ઠી-સાતમી ભૂમિકામાં વિચરવા લાગ્યા. અહીં વાણીની લાયકાત અને સામે ગણધરપદની લાયકાત એવો મેળ સહેજે થઈ જાય છે. તીર્થંકરભગવાનની દેશના છૂટે ત્યાં તે ઝીલીને ધર્મની વૃદ્ધિ કરનારા જીવો—ગણધર વગેરે તૈયાર હોય જ છે. ભગવાનની વાણી નીકળે ને સભામાં ધર્મની વૃદ્ધિ ન થાય—એમ કદી બને નહિ. સામે ગણધર ન હતા તો અહીં ભગવાનની વાણી પણ ન નીકળી, જુઓ મેળ! વાણી ઝીલનાર ન હોય ને ભગવાનની વાણી એમ ને એમ નીકળી જાય—એમ કદી બને નહિ. આ જે વાત કહેવાય છે તે ત્રણે કાળે સત્ય છે, પૂર્વે સાધકદશામાં ધર્મવૃદ્ધિના ભાવે વાણી બંધાણી, તે વાણી બીજાને ધર્મ પમાડનારી છે.....તીર્થંકર ભગવાનની વાણી ધર્મ પામવાનું ઉત્કૃષ્ટ નિમિત્ત છે.....તે વાણી છૂટે ને ધર્મનો લાભ પામનાર જીવો ન હોય એમ બને નહિ. જેમ જ્યાં ચક્રવર્તી પાકે ત્યાં ચૌદ રત્નો પણ જગતમાં પાકે છે, તેમ જ્યાં તીર્થંકર પાકે ત્યાં ગણધર વગેરેની લાયકાતવાળા જીવો પણ પાકે છે. વીતરાગની ઉત્કૃષ્ટવાણી તે જીવોની લાયકાતનો મેળ ખાતાં મોક્ષનાં કણસલાં પાકે છે. જેમ કલ્પવૃક્ષ પાકે ને તેનું ફળ લેનારા ન હોય તેમ ન બને, તેમ જ્યાં તીર્થંકર ભગવાન પાકે ત્યાં તેમનો ઉપદેશ ઝીલીને મોક્ષ પામનારા જીવો ન હોય એમ બને નહિ. એવા શ્રી સીમંધરાદિ તીર્થંકર ભગવાન અત્યારે મહાવિદેહમાં સાક્ષાત્ બિરાજે છે, અને ત્યાં ઘણા જીવો મોક્ષ પામે છે.....તે સીમંધર ભગવાનની આપણે અહીં સ્થાપના થવાની છે.

# (૩)
# શ્રી સીમંધરનાથની પ્રતિષ્ઠા પ્રસંગે પૂ. ગુરુદેવના શ્રીમુખથી વહેલી ભક્તિ-સરિતા

તીર્થધામ સોનગઢમાં ભગવાન શ્રી સીમંધર પ્રભુની પંચ કલ્યાણક પ્રતિષ્ઠાના અટ્ઠાઈ મહોત્સવમાં, વીર સં. ૨૪૬૭ ના માહ વદ ૦)) ના રોજ પ્રભુશ્રીના જન્મકલ્યાણક પ્રસંગે, પદ્મનંદિ પંચવિંશતિના શાંતિનાથસ્તોત્ર ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન.

## (૨૫) ભગવાનનો જન્મ અને ઇન્દ્રોની ભક્તિ



શ્રી જિનેન્દ્ર ભગવાનને ઐરાવત હાથી ઉપર બેસાડી જન્માભિષેક માટે લઈ જતા ઇન્દ્ર

આ વીતરાગ ભગવાનની સ્તુતિ ચાલે છે. જે વીતરાગસ્વરૂપના ગાણાં ગાય તેના અંતરમાં રાગની–પુણ્યની હોંશ ન હોય. જે જીવ વીતરાગતાના ગાણાં ગાય તે સંસારભાવની હોંશ કેમ કરે? એકની રુચિ થતાં બીજાની રુચિ ટળી જાય છે. અસંખ્ય દેવોના લાડકા શકેન્દ્ર ને ઐશાનેન્દ્ર પણ ભગવાનનો જન્મ થતાં મોટો જન્મોત્સવ કરવા આવે છે ને જન્માભિષેક કરીને ભક્તિથી થૈ થૈ કરતાં નાચે છે. હે તીર્થંકરનાથ! તારી ભક્તિની શી વાત કરીએ? સાધરણ જીવોના કાળજે તારી ભક્તિની વાત બેસવી કઠણ પડે તેવી છે.

તીર્થંકરના પુણ્ય અલૌકિક હોય છે.....જેનાથી તીર્થંકરપદ, ચક્રવર્તીપદ, ઈન્દ્રપદ, બળદેવ-વાસુદેવ પદ મળે એવાં પુણ્ય આત્મજ્ઞાની સિવાય બીજાને ન બંધાય. ભગવાનને પૂર્વે આત્માનું ભાન હતું.....વીતરાગસ્વરૂપની ઓળખાણ હતી.....તે ઓળખાણ પોતે પુણ્યબંધનનું કારણ નથી પણ રાગનો ભાગ બાકી હતો તે રાગથી પુણ્ય બંધાયા. જેમ વહાલા પુત્રને જોતાં માતાનું હૈયું પ્રેમથી નાચી ઊઠે તેમ ભગવાનને જોતાં ઈન્દ્રો ભક્તિથી નાચી ઊઠે છે.

જેને આત્માના વીતરાગસ્વરૂપની પ્રીતિ થઈ છે તેને ત્રિલોકનાથ તીર્થંકર વીતરાગ પરમાત્માને દેખતાં અંતરમાં ભક્તિનો પોરહ ચડે છે. ઈંદ્ર-ઈંદ્રાણી જેવા એકાવતારી ધર્માત્માઓ પણ તીર્થંકરનો જન્મ થતાં ભક્તિ કરવા આવે છે. ઈંદ્રાણી તે બાળકને લઈને ઈંદ્રના હાથમાં આપે, ઈંદ્ર હજાર નેત્ર બનાવીને ભગવાનને નીરખે તોય તેને તૃપ્તિ ન થાય. પોતે સમકિતી છે ને એક ભવે મોક્ષ જવાના છે પણ જ્યાં ભગવાનને હાથમાં તેડે છે ત્યાં અંદરથી પાનો ચડી જાય છે.....ત્યાં વીતરાગતાના બહુમાનના જોરે ભવના ભૂક્કા ઊડી જાય છે.

## (૨૬) ધર્મીને ભગવાનની ભક્તિ ઊછળ્યા વિના રહેશે નહિ.

ત્રણ ખંડના ધણી શ્રીકૃષ્ણ, તેની માતા દેવકી; તેને નાનપણથી કૃષ્ણનો વિયોગ પડ્યો છે.....પછી જ્યારે ઘણા કાળે કૃષ્ણને દેખે છે

ત્યારે તેને દેખતાં જ 'અહો! મારા કૃષ્ણ' એમ પુત્રપ્રેમથી તેનું હૈયું ફૂલાય છે ને સ્તનમાંથી દૂધની ધાર છૂટે છે. પુત્રને તો કાંઈ હવે દૂધની જરૂર નથી પણ માતાના સ્તનમાંથી દૂધ છૂટ્યા વિના નહિ રહે.....તેમ આત્મા વીતરાગસ્વરૂપ ચૈતન્યમૂર્તિ આનંદઘન છે તેની જેને રુચિ હોય તે જીવને, બાહ્યમાં પણ વીતરાગતાના નિમિત્તભૂત અરિહંત પરમાત્માને જોતાં જ 'અહો મારા ભગવાન.....' એમ ભક્તિ ઊછળ્યા વિના રહેતી નથી. જગત્‌ગુરુ તીર્થંકરને જોતાં જ અંદરથી ભક્તિનો આહ્લાદ જાગે છે. ભગવાન તો વીતરાગ છે તેને કાંઈ ભક્તિની જરૂર નથી પણ જેને વીતરાગતાની સાચી પ્રીતિ છે તેને ભક્તિનો ભાવ ઊછળ્યા વગર રહેશે નહિ. અત્યારે ભરતક્ષેત્રે સાક્ષાત્ ભગવાનના તો વિરહ પડ્યા છે.....સાક્ષાત્ વીતરાગપ્રભુના વિરહમાં તેમની વીતરાગી મુદ્રાવાળી પ્રતિમાને જોતાં ભગવાનનું સ્મરણ કરીને ભક્તિ કરે છે, ને પ્રતિમામાં પણ 'અહો! આ ભગવાન જ છે' એમ પોતાના ભાવનો નિક્ષેપ કરે છે. પં. બનારસીદાસજી કહે છે કે—

કહત બનારસી અલપ ભવ થિતિ જાકી
સોઈ જિનપ્રતિમા પ્રવાને જિન સારખી.

ધર્મીને અંતરમાં વીતરાગી આત્મસ્વરૂપ ભાસ્યું છે પણ હજી પૂરી વીતરાગતા થતી નથી એટલે વીતરાગ પ્રભુનું બહુમાન કરે છે. આત્માના વીતરાગપણાની ભાવનાના ઉલ્લાસપૂર્વક વીતરાગ ભગવાનની સ્થાપના કરે છે, અને તેમની ભક્તિ કરે છે.

## (૨૭) ધન્ય એ અલંકારયુક્ત ભક્તિ!

અહીં પદ્મનંદી આચાર્યદેવ શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરે છે. તેમાં પાંચમા શ્લોકમાં કહે છે કે 'હે નાથ! તારા ભામંડળની દિવ્યતા પાસે આ સૂરજ અને ચંદ્ર પણ ઝાંખા લાગે છે.....જાણે કે અગ્નિના બે તણખા હોય, અથવા તો સફેદ વાદળાના ટુકડા હોય.' આચાર્યદેવ જ્યાં ત્યાં ભગવાનનો મહિમા જ ભાળી રહ્યા છે.....

'હરતાં ફરતાં પ્રગટ હરિ દેખું રે.....
મારું જીવ્યું સફળ તવ લેખું રે.....'

સમસ્ત પાપને ટાળીને આત્માનો આનંદ જેમણે પ્રગટ કર્યો છે એવા ત્રિલોકનાથ ભગવાનને અહીં 'હરિ' તરીકે સંબોધીને કહે છે કે અમારા પાપનો નાશ કરનાર હે હરિ! આકાશમાં ઊડતા આ સૂરજ ને ચંદ્ર તો વાદળાના કટકા જેવા લાગે છે. જ્યારે મેરુ પર્વત ઉપર આપનો જન્માભિષેક થયો અને ઈન્દ્રે આપની ભક્તિ કરી, ત્યારે આપની ભક્તિ કરતાં તેના હાથ પહોળા થઈને વાદળાં સાથે અથડાતાં વાદળાંના ટુકડા થઈ ગયા, તેમાંથી બે કટકા આ સૂરજ ને ચંદ્ર તરીકે હજી આકાશમાં ઊડે છે! જુઓ અલંકાર અને ભક્તિ! આચાર્યદેવ જ્યાં ને ત્યાં ભગવાનને અને ભગવાનના કલ્યાણકને તથા ઈન્દ્રની ભક્તિને જ ભાળે છે. સૂર્ય-ચંદ્રને દેખતાં પણ હે નાથ! તારા કલ્યાણક જ યાદ આવે છે. હે નાથ! જેમ ઈન્દ્ર ભક્તિ કરતા હતા ત્યારે આકાશમાં ઘનઘોર વાદળાના કટકા થઈ ગયા, તેમ તારી વીતરાગતાની ભક્તિથી અમારા આત્મા ઉપર જે કર્મનાં વાદળ હતાં તે ફાટી ગયાં.

વાહ રે વાહ! પદ્મનંદી આચાર્યદેવની ભક્તિ! આ પદ્મનંદી આચાર્યદેવ મહાન દિગંબર સંત હતા..... જંગલમાં વિચરતા..... આત્માના આનંદની રમણતામાં ઝૂલતા હતા.....મહા વીતરાગી હતા..... તેમને વિકલ્પ ઊઠતાં વીતરાગ ભગવાનની આ સ્તુતિ કરી છે. તેમાં અલંકારથી કહે છે કે હે નાથ! આકાશમાં આ વાદળનાં કટકા નથી પણ તારી સ્તુતિ કરતાં કર્મના કટકા થાય છે, કર્મરૂપી વાદળ ફાટીને તેના કટકા ઊડી ઊડીને ત્યાં જાય છે. આકાશમાં વાદળાં દેખાતાં અંતરમાં એમ થાય છે કે હે નાથ! હું તો તારી ભક્તિથી નિર્મળ થઈ ગયો છું, ને મારા કર્મના કટકા ઊડીને ત્યાં ચોંટ્યા છે. જુઓ! વીતરાગતાનું બહુમાન!

વળી હે નાથ! આકાશમાં દેખાતા સૂર્ય-ચંદ્ર પણ આપના ભામંડળ પાસે અગ્નિના અંગારા જેવા લાગે છે. કેવળજ્ઞાનજ્યોતિ પ્રગટ કરવા માટે આપે જ્યારે ઊગ્ર ધ્યાનઅગ્નિ પ્રગટાવીને કર્મોને બાળી નાખ્યા ત્યારે તેના તણખાં ઊડીને હજી સૂર્ય-ચંદ્રરૂપે આકાશમાં ફરે છે. હે નાથ! તારા ધ્યાનાગ્નિથી બળેલા કર્મના રજકણો (સૂર્ય ને ચંદ્ર) પણ જગતમાં પ્રકાશ કરે તો તારા દિવ્ય કેવળજ્ઞાન પ્રકાશની તો વાત શું કરવી? આમ ભગવાનના કેવળજ્ઞાનની સ્તુતિ કરી કરીને આચાર્યદેવે પોતાના કેવળજ્ઞાનની ભાવનાને મલાવી છે. અંદર પૂર્ણ સ્વભાવનું બહુમાન જાગ્યું છે તે વીતરાગનાં ગાણાં ગવરાવે છે.

## (૨૮) ધર્માત્માની, વીતરાગતાપોષક ભક્તિ

ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુને જોતાં ઈન્દ્ર ભક્તિથી વિચારે છે કે હે નાથ! તમારી ને મારી સત્તા જુદી પણ સ્વભાવ સરખો. આપને તે સ્વભાવ પૂરો પ્રગટ્યો છે ને હજી અમે અધૂરા છીએ.....પર્યાયે આંતરા પડ્યા છે.....પણ હે નાથ! સ્વભાવના જોરે હું તે આંતરો તોડી નાખીશ. જે આમ જાણે તેને ભગવાન પ્રત્યે ભક્તિ ઊછળે છે. જે આમ ન જાણે તેને યથાર્થ ભક્તિ ક્યાંથી ઉલ્લસે? વિષય-કષાયના પાપ ભાવો ટાળવા અને વીતરાગતાની ભાવના પોષવા વીતરાગભગવાનની ભક્તિ જિજ્ઞાસુને આવે છે. રાગ હોવા છતાં જેને વીતરાગભગવાનની ભક્તિ નથી ગોઠતી તે તીવ્ર મૂઢ છે. અહો! જેમના આત્માની તો વાત જ શું કરવી, પણ જેમના દિવ્ય શરીરના તેજમાં હજારો સૂર્યનું તેજ પણ ઢંકાઈ જાય એવા તીર્થંકર ભગવાનનાં ગાણાં ઈન્દ્રો અને ગણધરો ગાય તોય પૂરા નથી પડતાં! અત્યારે મહાવિદેહમાં દૈવી સમવસરણને વિષે ગંધકૂટી ઉપર સિંહાસનથીયે ચાર આંગળ ઊંચે શ્રી સીમંધર ભગવાન બિરાજી રહ્યા છે. ત્યાં કલ્પવૃક્ષનાં ફળથી ને મણીરત્નોના દીપકથી ભગવાનની પૂજા કરતાં સમકિતી ચક્રવર્તી કહે છે કે હે જિનેન્દ્ર! આપની વીતરાગતાની ભક્તિ કરવા માટે મારી પાસે કાંઈ નથી.....હે નાથ! પૂર્ણ વીતરાગતાનું ભાન છે ને વીતરાગતાનો અંશ

પ્રગટ્યો છે; જ્યારે અંદરથી પૂરી વીતરાગતા પ્રગટ કરશું ત્યારે આપની ભક્તિ પૂરી થશે. જ્યાં રાગ વગરના આત્માની શ્રદ્ધા થાય ત્યાં સ્થૂળ રાગભાવો તો ટળી જ જાય એટલે કુદેવાદિનો રાગ ટળીને વીતરાગભગવાન પ્રત્યે ભક્તિ જાગ્યા વિના ન રહે.

## (૨૯) જિનેન્દ્ર-ભક્તિનો ઉલ્લાસ કોને ન આવે!

કોઈ જીવ સંસાર ખાતર તો ચોવીસે કલાક પાપનાં પરિણામ સેવે ને ભગવાનની ભક્તિનો પ્રસંગ આવતાં શિથિલ થાય તો તે પાપી છે, પાખંડી છે, અજ્ઞાની છે, આચાર્યદેવ તેને જૈન સંપ્રદાયમાં ગણતા નથી. જૈન કહેવડાવે અને જિનેન્દ્ર ભગવાનની ભક્તિ ન ઊછળે, તો તે જૈન શેનો? અને સાથે સાથે એ પણ સમજવું કે ધર્મી જીવ તે ભક્તિના રાગને ધર્મ નથી માનતા. ભગવાનની ભક્તિ વખતેય ધર્મીની દૃષ્ટિ શુદ્ધ સ્વભાવ ઉપર પડી છે, શુદ્ધદૃષ્ટિપૂર્વક જેટલો રાગ ટળ્યો તેટલો લાભ છે, જે રાગ રહ્યો તે ધર્મ નથી. અજ્ઞાની તો ભડકે છે કે 'હાય! હાય! ભગવાનની ભક્તિથી મુક્તિ ન થાય?—ભગવાનની ભક્તિથી ધર્મ ન થાય?' હા, ભાઈ! સત્ય તો ત્રણે કાળે એમ જ છે. ભક્તિના રાગથી તો પુણ્યબંધન જ થાય છે. અને 'હું શુદ્ધ જ્ઞાન છું'—એવો જે શુદ્ધસ્વભાવ ઉપરનો અભિપ્રાય રહે તે ધર્મ, અને મુક્તિનું કારણ છે, તે જ ભગવાનની નિશ્ચયભક્તિ છે. જ્યારે જ્યારે ભગવાનની ભક્તિના ટાણાં આવે ત્યારે આ વાત દૃષ્ટિમાં રાખવી. હમણાં તો ભગવાન પધારે છે એટલે આઠેય દિવસ ભગવાનને ભાવવાના છે. કોઈ પૂછે કે ભગવાનને ભાવવાથી શું થવાનું? તો કહે છે કે ભગવાનને ભાવવાથી ભગવાન થવાના! જેને જેનો રંગ લાગે તેનું ત્યાં વલણ વળે. સૂતાં ને જાગતાં જેને સર્વજ્ઞ ભગવાનનો રંગ લાગ્યો અને મારો આત્મા ભગવાન જેવો—એવું ભાન થયું તેનું વલણ આત્મા તરફ વળીને તે ભગવાન થયા વિના રહે નહિ. અહો, અંદર વિચારો કે 'હું ક્યાં ઊભો છું!' જૈન વાડામાં જન્મીને પણ કદી ભગવાનની ભક્તિનાં પાનાં ચડ્યા નહિ.....રંગ લાગ્યા નહિ, તો તે અંદરના ભગવાન તરફ તો વળે ક્યાંથી?

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ભગવાનની ભક્તિની વાત આવે ત્યાં કોઈ એમ કહે કે 'ભક્તિ તો રાગ છે ને તેનાથી પુણ્યબંધન થઈ જાય, માટે અમને ભક્તિનો ઉલ્લાસ નથી આવતો!' તો તેને કહે છે કે હે ભાઈ! જો તું વીતરાગપણે રહી શકતો હો તો તારી વાત સાચી, પણ હજી સ્ત્રી, લક્ષ્મી, શરીરાદિના અશુભ પાપરાગમાં તો તને ઉલ્લાસ આવે છે ને ભગવાનની ભક્તિના ટાણે ઉલ્લાસ નથી આવતો ને ત્યાં પુણ્યબંધન કહીને તે વાત ઉડાડે છે. તો તું શુષ્ક સ્વચ્છંદી છે. શ્રીમદે એક ગાથામાં કહ્યું છે કે—

ઉપાદાનનું નામ લઈ એ જે તજે નિમિત્ત,
પામે નહિ સિદ્ધત્વને રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬.

ઉપાદાનનો જે શુદ્ધભાવ છે તે તો પ્રગટ્યો નથી ને નિમિત્તરૂપ વીતરાગ ભગવાનની ભક્તિને પણ છોડી દે છે, તો તે તો એકલા પાપમાં પડીને સંસારમાં જ રખડશે. નિમિત્તનો રાગ આદરણીય નથી એ વાત સાચી. પરંતુ, તે કથન પકડીને જે વીતરાગી નિમિત્તોની ભક્તિ છોડીને સંસારના નિમિત્તોના રાગને પોષે છે તેને તો પુણ્ય-પાપનોય વિવેક નથી, નિમિત્તનોય વિવેક નથી, તો તેને ઉપાદાનમાં ધર્મ હોય નહિ.

## (૩૦) ભક્તોની ભક્તિ

પરને માટે તો કોઈ કાંઈ કરતું જ નથી, માત્ર પોતાના ભાવને પોષે છે. બાયડીના શરીર ઉપર દાગીના વગેરે દેખીને પોતાનો પાપરાગ પોષાય છે તેથી તે રાગને ખાતર દાગીના-વસ્ત્ર વગેરે લાવીને સ્ત્રીને આપે છે. તેમ વીતરાગ ભગવાનને દેખતાં ધર્મીને પોતાની વીતરાગભાવના પોષાય છે એટલે ત્યાં તેને ભક્તિ આવ્યા વિના રહે નહિ; તે કાંઈ ભગવાનને ખાતર ભક્તિ કરતો નથી પણ પોતાને તે જાતનો શુભરાગ આવે છે તેથી ભક્તિ કરે છે. જેમ સ્ત્રીના રાગીને સ્ત્રીને મળતાં હોંશ આવે છે તેમ વીતરાગતાના પ્રેમીને વીતરાગ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ભગવાનને ભેટતાં હોંશ આવે છે. ભગવાનના ભક્ત ભગવાન પાસે જઈને કહે છે કે હે નાથ! હે પ્રભુ! આપની વીતરાગતાના પ્રેમથી આપને મળવા આવ્યો છું.....પ્રભુ! મારા અંતરમાં તારા પ્રત્યે પ્રેમ જાગ્યો છે તે બીજા શું જાણશે? નાથ! આપ જાણો ને હું જાણું! હે નાથ! તારી વીતરાગીમુદ્રા નિહાળતાં નિહાળતાં અંદરથી એવો આહ્લાદ આવી જાય છે કે જાણે હમણાં અંદરથી પ્રભુતા પ્રગટી.....કે.....પ્રગટશે! હે નાથ! તને ભાળતાં હું મારી પ્રભુતાને જ ભાળું છું....મારા જ્ઞાનને જ ભાળું છું. જુઓ! આ ભક્તિના ટાણાં આવ્યા છે....આવા મોંઘા દિવસો બહુ ઓછા આવે છે. સંસારની પ્રીતિ ઘટાડીને વીતરાગ ભગવાનની ઓળખાણ કરીને તેમનાં ગાણાં પાત્ર જીવો ગાય છે.....તેમાં તેમની રુચિ તો ભગવાન જેવા પોતાના શુદ્ધ આત્મસ્વભાવ ઉપર જ પોષાય છે.

## (૩૧) 'જ્યાં જોઉં ત્યાં નજરે પડતી ભક્તિ જિનેન્દ્ર તારી!'

હવે, શ્રી તીર્થંકર ભગવાનના સમવસરણમાં જે અશોકવૃક્ષ હોય છે તેમાં અલંકાર કરીને ભગવાનની સ્તુતિ કરતાં છઠ્ઠા શ્લોકમાં શ્રી આચાર્યદેવ કહે છે કે—હે નાથ! આ અશોકવૃક્ષ પણ આપની ભક્તિ જ કરી રહ્યું છે. કઈ રીતે? —તેના ખીલેલાં પુષ્પો ઉપર બેઠેલા ભમરાઓનો જે ગુંજારવ છે તે એવો લાગે છે કે જાણે અશોકવૃક્ષ આપના નિર્મળયશના ગુણગાન જ કરી રહ્યું છે.....અને પવનથી કંપતી તેની ડાળીઓનો અગ્રભાગ જોતાં એમ લાગે છે કે તે પોતાના હાથ ફેલાવીને આપની પાસે ભક્તિથી નૃત્ય કરી રહ્યું છે.....જુઓ! આચાર્યદેવને પોતાને ભગવાન પ્રત્યે ભક્તિ છે એટલે અશોકવૃક્ષને પણ ભગવાનની ભક્તિ કરતું ભાળે છે. —ભાવ તો પોતાનો છે ને! વાહ રે વાહ, મુનિ તારી ભક્તિ! તારી ભક્તિએ તો અશોકવૃક્ષને પણ ભાષા આપીને બોલતું કરી દીધું! હે જિનેન્દ્ર! મન વિનાનું આ અશોકવૃક્ષ પણ જ્યાં તારી સ્તુતિ કરી રહ્યું છે તો પછી મનવાળા એવા મુનીન્દ્રો ને દેવેન્દ્રો આપની સ્તુતિ કરે એમાં શું આશ્ચર્ય! —આમ

કહીને, જેને ભગવાન પ્રત્યે ભક્તિ નથી જાગતી તેના ઉપર આચાર્યદેવે કટાક્ષનો પ્રહાર કર્યો છે. હે નાથ! તારા જ્ઞાનાદિ ગુણોની સુગંધથી આકર્ષાઈને ભમરાને પણ ગૂંજારવ વડે તારી સ્તુતિ કરવાનું મન થયું તો પછી બીજા કોને આપના પ્રત્યે ભક્તિ ન જાગે? ઈન્દ્ર વગેરે તારા ગુણોની સ્તુતિ કરે એમાં શી નવાઈ? અંદર એકદમ નિર્માનતાપૂર્વક આચાર્યદેવ સ્તુતિ કરે છે. સ્તુતિમાં પણ વીતરાગતાનું જ ઘોલન ચાલે છે, અલ્પ રાગ છે તેનું ધણીપણું નથી. સ્વરૂપની વીતરાગી અવસ્થા પ્રગટી તેમાં અભિમાન શેનું રહે? અભિમાન તો મેલ છે, નિર્મળ અવસ્થા પ્રગટી તેમાં મેલ હોય નહિ.

## (૩૨) ભક્તિરસમાં ભીંજાયેલા ભક્તોનાં હૃદય કોણ જાણશે?

અહીં તો આચાર્યદેવે સ્તુતિ કરી છે; ઈન્દ્ર વગેરે પણ ભગવાન પાસે એવી સ્તુતિ કરે કે અત્યારના સાધારણ પ્રાણીથી તો જીરવાય નહિ, એને તો એમ જ થઈ જાય કે અરે! આ શું! પણ ભાઈ! ભક્તિ શું છે તેનું તને ભાન નથી. જગતડાં કહે છે કે ભગતડાં ઘેલા છે, પણ ઘેલા ન જાણશો રે.....એ તો પ્રભુને ઘેર પહેલાં છે. વળી જગતડાં કહે છે કે ભગતડાં કાલા છે, પણ કાલા ન જાણશો રે.....એ પ્રભુને ત્યાં વહાલા છે. કોઈ કહેશે કે ‘અરે! આચાર્યે કેવી સ્તુતિ કરી? શું ભમરા તે કોઈ દી ભક્તિ કરતા હશે? —આવી સ્તુતિ તો અમે સાધારણ પણ ન કરીએ; તો અહીં તેને કહે છે કે—અરે....જા....જા.....નમાલા! આચાર્ય ભગવાનની ભક્તિની તને શી ખબર પડે? તારામાં અક્કલ કેટલી? આચાર્યદેવે સમજીને ગાણાં ગાયાં છે. જેવા ત્રણલોકના નાથ પરમાત્માના ગાણાં ગાયા છે તેવા જ ત્રણલોકના નાથ પોતે થવાના છે. અરે પાખંડી! તને ધર્માત્માના હૃદયની શી ખબર પડે? આત્મતત્ત્વનો મહિમા તને ભાસ્યો નથી એટલે જેણે આત્મતત્ત્વનું પૂરું સામર્થ્ય પ્રગટી ગયું છે એવા પરમાત્માના મહિમાની પણ તને ખબર નથી. અઢી હજાર વર્ષ પહેલાં અહીં ભરતક્ષેત્રે પણ શ્રી મહાવીર પરમાત્મા

બિરાજતા હતા ત્યારે આકાશમાંથી ઈન્દ્રો તેની સ્તુતિ કરવા ઊતરતા. આ વાતની જેને શ્રદ્ધા ન બેસે તે નાસ્તિક છે.....તેણે સર્વજ્ઞદેવનો મહિમા જાણ્યો નથી તેમ જ આત્માના ધર્મના મહિમાનું પણ તેને ભાન નથી. અને ભગવાનની ભક્તિનો પણ જે નિષેધ કરે છે તેને તો દુર્ગતિમાં જવાનાં લક્ષણ છે.....શાસ્ત્રોમાં ભગવાનની ભક્તિનું જે વર્ણન આવે તે તેના કાળજામાં શ્યે સમાય? અહો! આ તો નગ્ન મુનિ.....જંગલમાં વસનારા.....પંચ મહાવ્રતના પાળનારા.....માથા સાટે સત્યને રાખનારા.....ને આત્મસ્વભાવમાં ઝૂલનારા.....મહા વીતરાગી સંત (પદ્મનંદી આચાર્ય) વીતરાગની સ્તુતિનું વર્ણન કરે છે. આત્માનો મહિમા જાણ્યા વગર અજ્ઞાનીને વીતરાગનો સાચો મહિમા ક્યાંથી આવે?

## (૩૩) હે સીમંધરનાથ.....! અમને તારા વિરહ.....!

જેમના જન્મે ચૌદ બ્રહ્માંડમાં આનંદનો ખળભળાટ ફેલાઈ જાય.....જેમના જન્મે આખા લોકમાં અજવાળાં થાય.....ને ઈંદ્રો ભક્તિથી નાચે—એવા તીર્થંકરપ્રભુના કલ્યાણક અત્યારે ઊજવાય છે. અહીં તો સીમંધરપ્રભુની સ્થાપના છે. સીમંધરપ્રભુ અત્યારે મહાવિદેહમાં સાક્ષાત્ બિરાજે છે ને આ બધું જે કહેવાય છે તે મહાવિદેહમાં ઈંદ્રો કરી રહ્યા છે. આ કલ્પના નથી.....વીતરાગદેવના આ ગાણાં સાચે સાચાં ગવાય છે. જેણે ગારા—માટીના ને સાંઠીકડાના ઝૂંપડાં જ ભાળ્યા હોય તેને કહે કે અમુક ઠેકાણે તો હાથીદાંતના મોટા મહેલ થાય છે.....તો તેને એ વાત કેમ ગળે ઊતરે? તેમ વીતરાગદેવના આ ગાણાં અજ્ઞાનીઓને ગળે ઊતરવાં કઠણ પડે છે.....કેમકે કદી જોયું નથી.....જાણ્યું નથી. સીમંધર ભગવાન અત્યારે સમવસરણમાં બિરાજે છે ત્યાં અનેક સંતો કેવળજ્ઞાન પામે છે.....ઈંદ્રો અને દેવો સ્તુતિ કરવા આવે છે ને ભાવના કરે છે કે હે નાથ! અમે મનુષ્યપણું પામીને ક્યારે કેવળજ્ઞાન પામીએ? અહીં ભક્તિના ભાવમાં ઊછળેલા ભક્તો કહે છે કે હે સીમંધરનાથ! અમને

મહાવિદેહના માનવીઓની ઈર્ષા થાય છે.....અરેરે! મહાવિદેહના માનવી આપના સાક્ષાત્ ચરણને સેવે.....અને અમારે આ ભરતક્ષેત્રના અવતાર.....આટલા આંતરા? અમને તારા વિરહ.....! હે નાથ! આત્માને તેના ઓરતા થાય છે.....પરમાર્થે, ભગવાન અંદરમાં છે તેનું ભાન તે ભગવાનની સ્તુતિ છે.....નિમિત્ત તરીકે તીર્થંકર ભગવાનની સ્તુતિ છે.....સમજી સમજીને જે ભગવાનનાં ગાણાં ગાશે તે ભગવાન થાશે.

## (૩૪) ભક્તના હૃદયમાં કોતરાયેલી વીતરાગની ભક્તિ

હે ભગવાન! આપના નિર્મળ સ્વરૂપની સ્તુતિ કરતા ઈન્દ્રાદિકને દેખીને મન વિનાના ભમરાનેય તેની ઈર્ષા થઈ અને તે પણ ગૂંજારવ વડે આપની સ્તુતિ કરવા લાગ્યો.....તો હે જિનેન્દ્ર! જેને મનુષ્યનો અવતાર મળ્યો.....આર્યક્ષેત્ર મળ્યું.....જૈન સંપ્રદાય મળ્યો.....સત્યનું શ્રવણ મળ્યું ને અપૂર્વ વાતો કાને પડી તેને લાભ ન થાય ને તારી ભક્તિ ન જાગે એ કેમ બને? હે પ્રભો! તારા સમવસરણમાં ફૂલ વરસતા હોય તે પણ જાણે કે તારી સ્તુતિના શબ્દોના હારડા જ વરસતા હોય એમ અમને લાગે છે. જુઓ તો ખરા! ભક્ત ક્ષણે ને પળે ભગવાનને જ ભાળે છે.....ચોવીસે કલાકની ક્રિયામાં 'ભગવાન આત્મા વીતરાગ' એવું રટણ ચાલે છે. હે વીતરાગ! તેં તો તારું કાર્ય પૂરું કરી લીધું.....ને અમારે હજી અધૂરું રહી ગયું છે એટલે ચોવીસ કલાકમાં ક્ષણ પણ તારી વીતરાગતાનાં વિસ્મરણ કેમ થાય? જેમ માતાથી વિખૂટા પડેલા બાળકને માતાનું ક્ષણ પણ વિસ્મરણ ન થાય તેમ ધર્માત્માઓના હૃદયમાં તીર્થંકરોની સ્તુતિ એવી કોતરાઈ ગઈ છે કે એક સમય પણ તે ન ભૂલાય.

ભરત ચક્રવર્તી ઋષભદેવના પુત્ર છે, ભગવાનના પરમ ભક્ત છે, સમ્યગ્દષ્ટિ છે, તે જ ભવે મોક્ષમાં જનારા છે, છખંડના ધણી છે, જેના લખવાના ચાકની (કાકિણી રત્નની) એક હજાર દેવો સેવા કરે

છે, તે દિગ્વિજય કરીને વૃષભાચલ પર્વત ઉપર જ્યારે પોતાનું નામ લખે છે ત્યારે કહે છે કે અરે! આ પર્વત ઉપર અનંત ચક્રવર્તીઓનાં નામ લખાયા ને ભૂંસાયા.....મારું નામ લખવા માટે મારી પહેલાંના ચક્રવર્તીઓએ લખેલા નામને મારે ભૂંસાડવું પડે છે.....ને મારા લખેલા નામને વળી કોઈ બીજો ભૂંસાડશે.....ધિક્કાર છે આ મોહને! ધન્ય છે ત્રિલોકનાથ પ્રભુ વીતરાગને.....મારે આ ભવે મોક્ષ જવું છે, ભગવાને મને કહ્યું છે કે તું આ ભવે મોક્ષ જઈશ.....છતાં આ અસ્થિરતાનો મોહ થાય છે તેને ધિક્કાર છે. અહો! અંતરમાં વીતરાગતા સિવાય બીજા ભાવનો જરાય આદર નથી.....મોહને કર્તવ્ય માન્યું નથી.....ભિન્નપણાનું ભાન ખસીને મોહમાં ભળતા નથી. અંદર પોતાની પ્રભુતાનું નિઃશંક ભાન છે, અવસ્થાની અપેક્ષાએ આત્માને વખોડે છે ને પૂર્ણ સ્વભાવનાં ગાણાં ગાય છે. એ રીતે, હે વીતરાગદેવ! મોટા મોટા ચક્રવર્તીઓના હૃદયમાં પણ તારી સ્તુતિ કોતરાઈ ગઈ છે.

## (૩૫) ભક્તિ-સરિતા.....અને કેવળજ્ઞાન—સમુદ્ર

અહીં સ્તુતિકાર કહે છે કે અહો! જેને મન ન હતું એવા ભમરા પણ ભગવાનને દેખીને સ્તુતિ કરવા લાગ્યા.....અને, અમારું આ ભક્તિનું સ્તોત્ર સાંભળતાં જો તને અંતરમાં આહ્લાદ ન આવે તો અરે જીવ! તું ભમરામાંથી યે જઈશ? પોતાને ભક્તિનો ભાવ ઊછળ્યો છે તેથી આચાર્યદેવ તો જ્યાં જુએ ત્યાં બધાયને ભગવાનની ભક્તિ કરતા જ ભાળી રહ્યા છે. હે ભગવાન! ભમરાને મન ન હોય ને તારી સ્તુતિ કરવા માટે મન આપ્યું, તો હે પ્રભુ! મારામાં કેવળજ્ઞાન નથી તે પૂરું આપ. ભમરાને પણ મન આપ્યું તો મને શું નહિ આપ? એમ અલંકાર કરીને ભક્તિમાં પણ આચાર્યદેવ પોતાના કેવળજ્ઞાનના જ ભણકાર બોલાવે છે. (એ રીતે આ ભક્તિ—સરિતા કેવળજ્ઞાન—સમુદ્રમાં જઈને મળે છે.)

# ભગવાનની ભાવના કોને જાગે ?

ધર્માત્મા પોતાના ભાવને જુએ છે, પોતાના ભાવમાં રાગ ટળીને વીતરાગતાની વૃદ્ધિ કેમ થાય? તે જ જુએ છે. વીતરાગતાના નિમિત્ત તો નિમિત્તને કારણે હોય છે. અંદર પોતે ભગવાન જ બેઠો છે, તે ભગવાનપણું જેને ગોઠ્યું છે તે બાહ્યમાં વીતરાગી પ્રતિબિંબમાં ભગવાનને સ્થાપે છે. પોતાના ભાવનો નિક્ષેપ કરીને કહે છે કે 'આ ભગવાન છે.' ત્યાં ભાવ તો પોતાનો છે ને! પ્રતિષ્ઠા પછી જ્યારે સીમંધર ભગવાન જિનમંદિરમાં પધારતા હતા ત્યારે ભક્તો કહેતા હતા કે પધારો.....ભગવાન પધારો! હે ભગવાન.... આપને અમે અહીં પધરાવીએ છીએ.....એટલે હવે અંદરથી આપના જેવું સ્વરૂપ છે તે પ્રગટ્યે છૂટકો..... બહારમાં તો ભગવાનની સ્થાપના છે ને અંદરમાં સાક્ષાત્ ભગવાન છે.....જેને ભાવમાં ભગવાનપણું ગોઠ્યું છે તે નિમિત્તમાં 'આ ભગવાન છે' એમ સ્થાપે છે.....તે અંદરના ભગવાનને સ્વીકારતો થકો.....ભગવાનપણું પ્રગટ કર્યા વિના રહેશે નહિ. અહો! જે ક્ષણે આત્મામાં ભગવાનપણું પ્રગટે તે ઘડી ને તે પળને ધન્ય છે.....આવી ભાવના કોને જાગે? –કે જેને અંતરમાં ભગવાન જેવો પોતાનો સ્વભાવ ભાસ્યો હોય તેને આવી ભાવના થાય, ને તે અલ્પકાળે ભગવાન થયા વિના રહે નહિ.

—સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવના પ્રવચનોમાંથી

# પ્રકાશ પહેલાંની સંધ્યા

ચેતન જડ ન થાય ને જડ ચેતન ન થાય. જડના સ્વભાવમાં ચેતનપણું ન હોય ને ચેતનના સ્વભાવમાં જડપણું ન હોય. જડના સંયોગે થતો વિકાર પણ ખરેખર ચેતનનો સ્વભાવ નથી. જેવા સર્વજ્ઞદેવ વીતરાગબિંબ છે તેવો જ આત્માનો સ્વભાવ છે.—આવા લક્ષ સહિત વીતરાગ ભગવાનની ભક્તિ વગેરેનો રાગ આવે તે સવારની સંધ્યા જેવો છે. જેમ સવારની સંધ્યા પાછળ સૂર્ય ઊગે છે ને સાંજની સંધ્યા પાછળ સૂર્ય અસ્ત થઈ જાય છે. તેમ વીતરાગતાના લક્ષપૂર્વક ભગવાનની ભક્તિ વગેરેનો જે શુભરાગ છે તે સવારની સંધ્યા જેવો છે. તેની પાછળ ઝળહળતો ચૈતન્યસૂર્ય ઊગવાનો છે. જેને વીતરાગતાનું લક્ષ નથી, વીતરાગદેવની ભક્તિ નથી અને એકલા શરીરાદિ જડના રાગને જ પોષે છે તેને તો તે સંધ્યા પાછળ અંધારું આવશે, તેનાથી ચૈતન્યસૂર્ય ઢંકાઈ જશે. જ્યાં સ્વભાવનું લક્ષ છે ત્યાં વર્તમાન રાગની રાતપની મુખ્યતા નથી; પણ આ રાગ મારું સ્વરૂપ નથી—એમ વીતરાગસ્વરૂપના લક્ષે તે રાગ ટળીને ચૈતન્યપ્રકાશ પ્રગટશે ને પૂર્ણ કેવળજ્ઞાન થશે.

—સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવનાં પ્રવચનોમાંથી.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# જેનાથી જન્મમરણનો નાશ થાય એવી ભગવાનની ભક્તિ

જડ દેહ અને ભગવાન આત્મા જુદા છે, એટલે શરીરની સ્તુતિથી ભગવાન આત્માની સ્તુતિ પરમાર્થે થતી નથી. ભગવાનના આત્માની સ્તુતિથી જ પરમાર્થસ્તુતિ થાય છે, અને પરમાર્થમાં તો જેવો ભગવાનનો આત્મા છે તેવો જ પોતાનો આત્મા છે તેથી પોતાના શુદ્ધ જ્ઞાયક આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા તે જ ભગવાનની પરમાર્થસ્તુતિ છે, તે ધર્મ છે; ને તેના લક્ષે વચ્ચે ભગવાન તરફનો વિકલ્પ ઊઠે તે વ્યવહારસ્તુતિ છે, તેનાથી પુણ્યબંધન છે.

જે અલ્પજ્ઞપ્રાણી છે ને વીતરાગતાની પ્રીતિ છે તે જીવને વીતરાગ ભગવાન પ્રત્યે ભક્તિનો રાગ આવ્યા વિના રહેશે નહિ. ત્યાં ભગવાનના સાચા ભક્તને ભાન છે કે જેવો વીતરાગ કેવળીભગવાનનો આત્મા છે તેવો જ મારો આત્મા છે, ભક્તિ કરતાં જે રાગ થાય છે તે પુણ્યબંધનું કારણ છે, તે રાગ મારો સ્વભાવ નથી. —આવું ભાન કરવું તે જ ભગવાનની પ્રથમ પરમાર્થસ્તુતિ છે. પણ, ભગવાન પાંચસો ધનુષ ઊંચા, ભગવાન કંચનવરણા—એવા વર્ણનદ્વારા ભગવાન આત્માની પરમાર્થસ્તુતિ થતી નથી કેમ કે તે તો દેહનું વર્ણન છે, જો તે વખતે દેહથી જુદા આત્માના સ્વભાવનું લક્ષ હોય તો તે સ્તુતિને ભગવાનની વ્યવહારસ્તુતિ કહેવાય. તેમાં વ્યવહારસ્તુતિથી પુણ્ય છે, ને આત્મસ્વભાવની ઓળખાણરૂપ જે પરમાર્થભક્તિ છે તે ધર્મ છે, તેનાથી જન્મમરણનો નાશ થાય છે. જો આત્માના પરમાર્થસ્વભાવને ન ઓળખે તો ભગવાનની ભક્તિથી જન્મ-મરણ ટળતા નથી, તેણે ખરેખર ભગવાનની ભક્તિ કરી નથી પણ રાગની ભક્તિ કરી છે. સાધક ધર્માત્માને ભગવાનની બંને પ્રકારની સ્તુતિ હોય છે, પણ તેમાં વ્યવહારભક્તિનો જે શુભરાગ છે તે રાગને તે આદરવા જેવો માનતા નથી. રાગને જે રાખવા જેવો માને તે જીવ વીતરાગનો ભક્ત નથી પણ મિથ્યાદૃષ્ટિ છે. વીતરાગનો ભક્ત રાગને રાખવા જેવો કેમ માને?

—સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવનાં પ્રવચનોમાંથી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## કોનું નામ વીતરાગનો ભક્ત?

ભગવાનને કારણે મને શુભરાગ થયો એમ જ્યાં સુધી પરને કારણે રાગ થવાની બુદ્ધિ છે ત્યાં સુધી વીતરાગપણું અંશમાત્ર પણ થતું નથી. તેમ જ શુભરાગથી ધર્મ માને તો તેને પણ જરાય વીતરાગતા થતી નથી; પ્રથમ શ્રદ્ધામાં પણ વીતરાગતા થયા વિના રાગ ટળશે ક્યાંથી? આત્મા પોતે જ પરાશ્રયભાવે રાગ કરે છે ને સ્વાશ્રયભાવે રાગ ટાળીને વીતરાગતા પણ પોતે જ કરે છે–એમ ઓળખે તો સ્વાશ્રય તરફ વળીને વીતરાગતા પ્રગટ કરે. —એનું નામ વીતરાગતનો ભક્ત.

—સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવનાં પ્રવચનોમાંથી



# વીતરાગમુદ્રિત જિનપ્રતિમા

## —'જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપનું લક્ષ થાય'—

ભગવાનનો પરમ ભક્ત.....સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા.....જેને આત્માનું ભાન છે તે અંતરમાં વીતરાગી સ્વભાવ સિવાય કોઈ રાગભાવને આદરતો નથી ને બાહ્યમાં નિમિત્ત તરીકે પણ વીતરાગી પ્રતિમા સિવાય બીજાનું બહુમાન કરતો નથી. શ્રી જિનેન્દ્રભગવાનના પ્રતિમાજીની મુદ્રામાં એકદમ વૈરાગ્યતા દેખાવી જોઈએ.....જ્ઞાયકબિંબ વીતરાગમુદ્રા હોવી જોઈએ.....જેની મુદ્રા જોતાં એમ જ લાગે કે અનંતજ્ઞાન અનંત આનંદ ને અનંતબળમાં લીનપણાથી ભગવાન તૃપ્ત તૃપ્ત હોય! એવી વીતરાગની પ્રતિમા હોય. જોકે વીતરાગભાવ તો પોતાને પોતામાંથી જ કાઢવો છે પણ જ્યારે બહારમાં લક્ષ જાય ત્યારે નિમિત્ત તરીકે એવી વીતરાગી મુદ્રા જ હોય. ભગવાન વીતરાગ છે, તેમની પ્રતિમા ઉપર શૃંગાર ન હોય, તેમને આહાર ન હોય. ભગવાનની મુદ્રા તો પરમ ઉપશમરસમાં ઝૂલતી હોય.....જે જોતાં જ જ્ઞાયકસ્વભાવી આત્મા સ્મરણમાં આવે. ભગવાનનું આવું સ્વરૂપ ઓળખ્યા વગર ભગવાનની સાચી ભક્તિ ઊછળે નહિ. જેણે જીવનમાં કદી વીતરાગ ભગવાનને જોયા નથી.....જાણ્યા નથી તેને સાચી ભક્તિ ક્યાંથી આવશે? તે ભગવાનની ભક્તિના નામે પુણ્ય બાંધશે પણ તેને ધર્મ નહિ થાય.....સંસારથી છૂટકારો નહિ થાય.

અહીં કોઈ અજ્ઞાની એમ કહે કે 'વ્યવહારનયને તો અસત્યાર્થ કહ્યો છે અને ભગવાનનું શરીર તેમ જ પ્રતિમા તો જડ છે, તો તેની સ્તુતિ શા માટે કરવી? તો તેને અહીં આચાર્યભગવાન કહે છે કે અરે મૂઢ! અમે વ્યવહારનયને સર્વથા અસત્યાર્થ કહ્યો નથી. છદ્મસ્થ જીવને પોતાનો કે પરનો આત્મા કેવળીની જેમ સાક્ષાત્ તો દેખાતો નથી, શરીર દેખાય છે. ત્યાં જેને અંતરમાં વીતરાગી આત્માનું લક્ષ છે તેને

શાંતભાવરૂપ મુદ્રા દેખતાં પોતાને પણ શાંતભાવ થાય છે. પ્રતિમાની શાંતમુદ્રા દેખીને અંતરંગમાં આત્માના વીતરાગભાવનો નિર્ણય થાય છે. માટે પરમાર્થના ભાનસહિત સાધકને વ્યવહારસ્તુતિ પણ વચ્ચે હોય છે. તેનો જો સર્વથા નિષેધ કરે તો તે અજ્ઞાની છે, તેમ જ તેને જ જો ધર્મ માની લ્યે તો તે પણ અજ્ઞાની છે.

ભગવાનને દેખીને અંતરમાં વીતરાગી આત્માનું સ્મરણ કોણ કરશે? –કે જેણે અંતરમાં આત્માના વીતરાગસ્વભાવને નક્કી કર્યો હશે તે. અલ્પજ્ઞપ્રાણી આત્માને કેવળીભગવાન જેવો સાક્ષાત્ દેખી ન શકે પણ અંદરમાં સ્વાનુભવથી આત્માના સ્વભાવનો નિઃશંક નિર્ણય બરાબર કરી શકે છે. અને તે જીવ ભગવાનની શાંતમુદ્રા દેખીને આત્માના સ્વભાવને સ્મરણમાં લાવે છે. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં સમવસરણ વચ્ચે શ્રી સીમંધર પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે, ત્યાં પણ તેમનો આત્મા નજરે ન દેખાય પણ શાંત દેહ દેખાય છે તે ઉપરથી ભગવાનની વીતરાગતાનું અનુમાન થઈ જાય છે. સમવસરણમાં સોનાનું સિંહાસન હોય છે તેનાથી પણ ભગવાન ચાર આંગળ ઊંચે આકાશમાં બિરાજે છે, ભગવાનના દેહ ઉપર વસ્ત્ર નથી હોતાં, હાથમાં માળા કે શસ્ત્ર નથી હોતાં, ને બાજુમાં સ્ત્રી નથી હોતી; વળી તેમના શરીરમાં રોગાદિ નથી હોતા, આહાર નથી હોતો, મુદ્રા ઉપર ભય, શોક કે હાસ્ય પણ નથી હોતું, એકદમ શાંત વીતરાગી નિર્વિકાર ધ્યાનસ્થ મુદ્રા હોય છે. વળી ઈચ્છા વિના સહજપણે દિવ્યધ્વનિ સર્વાંગેથી છૂટી રહી છે તેમાં સર્વ પદાર્થોના વસ્તુસ્વભાવનું કથન આવે છે.–આવા ભગવાનને જોતાં ચૈતન્યબિંબ આત્મસ્વભાવ લક્ષમાં આવે છે.....કે અહો! આવો મારો આત્મસ્વભાવ.....અવિકારી આત્મસ્વભાવનું સ્મરણ અને બહુમાન થતાં સંસારનું સ્મરણ ભૂલાઈ જાય છે ને રાગની રુચિ ટળી જાય છે. આનું નામ ભગવાનનું સાચું સ્તવન છે. *—સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવના પ્રવચનોમાંથી.*

## ભક્તો કહે છે—
## ‘અમને ભગવાન ભેટ્યા.....’



श्री शान्तिनाथ भगवान श्री सीमन्धरस्वामी श्री पद्मप्रभ भगवान

ભગવાનની વીતરાગીમુદ્રાને નિહાળતાં અંતરમાં પોતાના વીતરાગભાવની વૃદ્ધિ માટે ભગવાનના ભક્ત પ્રસન્નતાથી કહે છે કે—


ઉપશમરસ વરસે રે.....પ્રભુ! તારા નયનમાં.....
હૃદયકમલમાં દયા અનંત ઉભરાય જો.....
વદનકમલ પર પ્રસન્નતા પ્રસરી રહી.....
ચરણકમલમાં ભક્તિરસ રેલાય જો.....

જુઓ ભક્તિ!!.....ભાવ તો પોતાનો છે ને? પોતાને વીતરાગતા ગોઠી છે તેનું જ પોતે બહુમાન કરે છે. ભગવાનની પ્રતિમાને જોતાં ભક્તો કહે છે કે—અહો! અમને ભગવાન ભેટ્યા... સાક્ષાત્ સીમંધરભગવાન અમારા આંગણે પધાર્યા.....પ્રતિષ્ઠા પછી ભગવાન જ્યારે જિનમંદિરમાં પધારતા હતા ત્યારે ભક્તો કહેતા હતા

કે 'પધારો.....હે નાથ! પધારો.....' એ ભક્તો કાંઈ ગાંડપણથી કહેતાં ન હતા પણ ભક્તિના ભાવથી કહેતા હતા. –હે નાથ! આપ ત્યાં બિરાજો અને અમે અહીં ભરતમાં રહ્યા.....પણ હે નાથ! અમ–ભક્તોની વિનતી સૂણીને આપ અહીં પધાર્યા.....આમ ભાવનાથી ભગવાન સાથે વાતું કરે! ભગવાનને જ્યારે મંદિરમાં સ્થાપે છે ત્યારે ભક્તો ભાવના કરે છે કે હે ભગવાન આત્મા! હવે અંદરમાંથી તું પ્રગટ થા.....આત્મામાં ભગવાનને સ્થાપ્યા, હવે ભગવાનપણું સ્થાપ્યું તે એક ક્ષણ પણ ભગવાનને કેમ ભૂલે? હે નાથ! હે ચૈતન્યમૂર્તિ ભગવાન! આખી દુનિયા ભૂલાય પણ એક તને કેમ ભૂલાય? તારી વીતરાગતાને એક ક્ષણ પણ ન ભૂલું. અજ્ઞાની જીવ પોતાની વીતરાગતાને ભૂલીને સાક્ષાત્ તીર્થંકર ભગવાનના સમવસરણમાં ગયો, પણ તેને કાંઈ લાભ ન થયો. પોતે તત્ત્વ ન સમજે તો ભગવાન પણ શું કરે? જેમ, પારસમણિનો તો સ્વભાવ એવો છે કે તેનો સ્પર્શ થતાં લોઢામાંથી સોનું થઈ જાય. પણ જો લોઢામાં ઉપર કાટ હોય તો પારસમણિ શું કરે? અહીં કુંદકુંદભગવાન કહે છે કે હે નાથ! આપની પવિત્રતા પાસે પુણ્ય તો થોથાં છે.....પુણ્ય વડે આપની પરમાર્થસ્તુતિ થઈ શકતી નથી. શુદ્ધ જ્ઞાયક આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા વડે જ આપની પરમાર્થસ્તુતિ થાય છે. હે ભગવાન! આપ તો પવિત્ર ને આપની સ્તુતિ પણ પવિત્ર. જે જીવ આત્માના પવિત્રસ્વભાવને ઓળખે છે તે જ કેવળીભગવાનનાં સાચા ગાણાં ગાય છે ને તે જ પરમાર્થસ્તુતિ કરે છે. જેને પોતાના ગુણની ઓળખાણ થઈ છે તે બીજા વિશેષ ગુણવંતને દેખીને તેના ગુણનું બહુમાન કરે છે ને પોતે પણ તેવા ગુણ પ્રગટ કરીને પૂર્ણ પરમાત્મા થાય છે; એ રીતે ભગવાનની સાચી ભક્તિનું ફળ મુક્તિ છે.

—સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવનાં પ્રવચનોમાંથી.

# ભગવાનની વ્યવહારસ્તુતિ પણ કોને હોય ?



સમવસરણમાં બિરાજમાન શ્રી તીર્થંકર ભગવાનની વ્યવહારસ્તુતિ આ પ્રમાણે કરવામાં આવે છે કે હે જિનેન્દ્ર! આપનું શરીર પરમ સુંદર અને અવિકાર છે, આપનો દેહ દિવ્ય પરમઔદારિક છે, જન્મ્યા ત્યારથી આપને આહાર હતો પણ નિહાર ન હતો, ને પરમાત્મદશા થયા પછી તો આહાર પણ ન રહ્યો; આપનું રૂપ સર્વને સુંદર લાગે છે, આપની વાણી ભવ્ય જીવોને અમૃત જેવી લાગે છે; આપની મુદ્રા સમુદ્ર જેવી અતિ ગંભીર છે, આપના જ્ઞાનમાં બધું પ્રતિભાસ્યું હોવાથી મુદ્રા ઉપર જરા પણ વિસ્મય કે કુતૂહલતા થતી નથી; વળી આપની મુદ્રા ચળાચળતારહિત છે, દુનિયાના વિવિધ બનાવો જ્ઞાનમાં પ્રતિભાસવા છતાં આપની મુદ્રા વીતરાગતાથી જરા પણ ચલાયમાન થતી નથી. વળી હે નાથ! આપની ધર્મસભામાં સિંહ અને હરણ જેવા પ્રાણીઓ પણ નિર્ભયપણે એક સાથે બેસે છે ને કોઈ કોઈની હિંસા કરતાં નથી. આવા આવા પ્રકારે શરીરાદિના વર્ણનથી ભગવાનની જે સ્તુતિ કરવામાં આવે તે પરમાર્થસ્તુતિ નથી. શરીરનું રૂપ કે દિવ્યધ્વનિ વગેરે કાંઈ ભગવાનનું ખરું સ્વરૂપ નથી, તે તો પુણ્યનું ફળ છે. જો તે બાહ્ય પુણ્યના ફળના વર્ણનને જ ભગવાનનું ખરું સ્વરૂપ માની લ્યે અને તે પુણ્યથી ભિન્ન ભગવાનના

વીતરાગસ્વરૂપને ન ઓળખે (એટલે કે જ્ઞાનસ્વભાવી આત્માને ન ઓળખે) તો તે જીવ અજ્ઞાની છે, તે બહુ તો પુણ્ય બાંધે પણ તેને ભગવાનની સાચી સ્તુતિ (નિશ્ચયથી કે વ્યવહારથી) હોતી નથી. ભગવાન આત્માનું પરમાર્થસ્વરૂપ જાણે તેને જ ભગવાનની સાચી સ્તુતિ હોય છે. ભગવાન આત્માના પરમાર્થસ્વરૂપને જાણે તે જીવ પુણ્યને આત્માનું સ્વરૂપ માને નહિ, પુણ્યથી ધર્મ માને નહિ. કથનમાં ભલે દેહનું વર્ણન આવે, પરંતુ તે વખતેય, 'ભગવાનનો આત્મા તો દેહથી જુદો જ્ઞાનસ્વરૂપ છે, વીતરાગ છે અને મારો આત્મા પણ તેવો જ જ્ઞાનસ્વરૂપ, વીતરાગ છે' એવું લક્ષ અંતરમાં હોય તો જ ત્યાં ભગવાનની વ્યવહારસ્તુતિ છે, પણ જો તેવું લક્ષ ન હોય તો તો વ્યવહારસ્તુતિ પણ સાચી નથી, તે જીવ ભગવાનની સ્તુતિ નથી કરતો, પણ વિકારની અને જડની સ્તુતિ કરે છે. ધર્મીને શુભ રાગ થાય અને શરીરના ગુણની વાત વ્યવહારે આવે, પણ ત્યાં તે ધર્મીનું લક્ષ તો જ્ઞાનસ્વરૂપ આત્મા ઉપર છે, ભગવાનના આત્માના ગુણ સાથે તે પોતાના આત્માના ગુણને માપે છે, અને જેટલો ગુણનો અંશ પ્રગટ્યો તેટલી ભગવાનની સ્તુતિ થઈ એમ તે જાણે છે; તે જ ભગવાનના સાચા ગાણાં ગાય છે, ત્યાં જે શુભરાગ રહ્યો તેને 'ભગવાનની વ્યવહાર સ્તુતિ'નો આરોપ આવે છે. કેવળીપ્રભુ જેવો મારો આત્મા, —જેનાથી ધર્મ થાય ને જેનાથી જન્મ-મરણ ટળે.....એમ જેણે પોતાના સ્વભાવની શ્રદ્ધા કરી તે ભગવાનનો ભક્ત થયો, જિનેન્દ્રનો નંદન થયો.....તેને ઇંદ્રિયાધીનપણું ટળ્યું એટલે તે જિતેન્દ્રિય થયો... ધર્માત્મા થયો. આ રીતે આત્માનું સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન તે જ ભગવાનની વાસ્તવિક સ્તુતિ છે.

—સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવનાં પ્રવચનોમાંથી.

# ભગવાનનો ભક્ત શું કરે....?

જેમને પૂર્ણ પરમાત્મદશા ઊઘડી ગઈ છે એવા શ્રી તીર્થંકરદેવના શરીરની સ્તુતિ કરવામાં માત્ર પુણ્ય પરિણામ છે, તેનાથી આત્માને ધર્મનો કંઈ લાભ થાય નહિ. ધર્મ કરનાર જીવ એટલે કે ભગવાનનો સાચો ભક્ત તો ભગવાનના અવિનાશી જ્ઞાનસ્વરૂપી આત્માને ઓળખીને અને તેવા જ પોતાના આત્માને ઓળખીને પોતામાં અવિનાશીપણું પ્રગટ કરે છે. સર્વજ્ઞ વીતરાગ ભગવાને જે કેવળજ્ઞાનાદિ પ્રગટ કર્યાં છે તે અવિનાશી છે, પુણ્ય-પાપના ભાવો તો નાશવાન છે તેનાથી અવિનાશીપણું પ્રાપ્ત ન થાય. ભગવાનનો ભક્ત થવા માટે પહેલાં વસ્તુનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ. આત્માને સમજવાના પ્રયત્નમાં કાળ જાય તેનો વાંધો નહિ, ત્યાં થોડી વાર લાગે તો પણ તે સત્યના રસ્તે છે, પણ જો આત્માનું સત્ય સ્વરૂપ સમજવાનો માર્ગ નહિ લ્યે તો તે જીવ અજ્ઞાનભાવે સંસારના ભવમાં જ ભટક્યા કરશે.....આત્માની સમજણ વિના ક્યાંય તેના આરા નહિ આવે. સાચી સમજણ હશે તો અલ્પકાળમાં ભવનો અંત આવી જશે. ભગવાનનો સાચો ભક્ત થવા માટે, પ્રથમ આત્માની સ્થિરતા ઓછી-વધતી ભલે હોય, પણ જેવો પરિપૂર્ણ આત્મસ્વભાવ છે અને તેનો જે માર્ગ છે તેવો જ શ્રદ્ધામાં તો બરાબર લેવો જોઈએ.....સમ્યક્શ્રદ્ધા કરવી તે પણ સત્યનો માર્ગ છે.....તે શ્રદ્ધાથી પણ ધર્મીપણું ટકી રહેશે. પણ જે ઊંધી શ્રદ્ધા કરશે તેનો તો મનુષ્યભવ એળે ચાલ્યો જશે.....

—સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવનાં પ્રવચનોમાંથી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# ભગવાનનાં દર્શન

જડથી અને રાગાદિભાવોથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપી આત્માને જે અનુભવે છે તે ખરેખર ધર્મી છે.....તે જ ખરેખરો ભક્ત છે. ભગવાનનો ભક્ત પરમાર્થે પોતે પોતાના આત્મસ્વભાવની જ સ્તુતિ (શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર) કરે છે. લોકો કહે છે કે દેવદર્શન કરવા જવું છે; ત્યાં જાણે કે ભગવાન પાસેથી ધર્મ લેવા જતા હોય એમ માને છે. પણ ધર્મ તો અંતરના ચૈતન્યભગવાન પાસે પડ્યો છે તેનું તેમને ભાન નથી. જ્ઞાની પણ હંમેશાં દેવદર્શન કરવા જાય, પણ તેને અંતરમાં ભાન છે કે હું તો મારા ભાવ સુધારવા માટે જાઉં છું.....મારો ધર્મ તો મારા સ્વભાવમાં છે.....આ ભગવાન તેનું પ્રતિબિંબ છે, તેમના દર્શને સ્વભાવની ભાવના કરીને મારી વીતરાગતામાં જેટલી વૃદ્ધિ કરું તેટલો મને લાભ છે, અને જે રાગ રહી જાય તે મારો સ્વભાવ નથી. ભગવાનની અને મારી સત્તા જુદી....આત્મા જુદા.....પણ સ્વરૂપ સરખું છે. મારું સ્વરૂપ ભગવાનથી જરાય ઓછું કે અધૂરું નથી. —આમ જે યથાર્થ ઓળખે છે તે જ ભગવાનનો ખરો ભક્ત છે, તેણે જ પરમાર્થે ભગવાનનાં દર્શન કર્યાં છે.

—સોનગઢ પ્રતિષ્ઠામહોત્સવનાં પ્રવચનોમાંથી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સાચી ભક્તિનું ફળ મુક્તિ

(સોનગઢ–પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે વીર સં. ૨૪૬૭ના
ફાગણ સુદ બીજના પ્રવચનમાંથી)

## (૧) ભગવાનની ભક્તિ

વીતરાગદેવ તીર્થંકરભગવાનની સાચી સ્તુતિ કરનાર જીવ કેવો હોય છે? તેની વાત આ સમયસારજીની ૩૧ મી ગાથામાં છે; ને આપણે અહીં પણ સીમંધર ભગવાનની ભક્તિનો મોટો પ્રસંગ છે. પાંચ જડ ઇંદ્રિયો, તેના વિષયભૂત બાહ્ય પદાર્થો તેમ જ તે તરફ વળતા ખંડખંડ જ્ઞાનરૂપ ભાવેન્દ્રિયો–તે મારું સ્વરૂપ નહિ. હું તો અખંડ જ્ઞાયક છું–આમ જે સમજે તે જીવ વીતરાગપ્રભુની સાચી સ્તુતિ કરે છે. આ સિવાય પરને, વિકારને કે ખંડખંડરૂપજ્ઞાનને જ જે આત્માનું સ્વરૂપ માને તેણે વીતરાગને ઓળખ્યા નથી. વીતરાગ ભગવાનનો આત્મા તો અતીન્દ્રિય અખંડ જ્ઞાન–આનંદમય છે. તેમની સાચી ભક્તિ કરવા માટે તેવા આત્મસ્વરૂપને ઓળખવું તો પડશેને? ઓળખ્યા વિના ભક્તિ કોની કરશે? શુદ્ધ આત્મસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન કરવા તે ભગવાનની પહેલી સ્તુતિ છે. જેવા ભગવાન છે તેના જેવો કાંઈક ભાવ પોતામાં પ્રગટ કરે તો તે ભગવાનનો ભક્ત કહેવાયને! ભગવાન ઇંદ્રિયોથી જાણતા નથી માટે ઇંદ્રિયોથી ભિન્ન છે, રાગરહિત છે ને પૂર્ણજ્ઞાનમય છે. એવો જ પોતાનો આત્મા છે, પોતે ભગવાનથી જરાય ઊણો કે અધૂરો નથી–એવી શ્રદ્ધાથી ધર્મની શરૂઆત થાય છે ને તે જ ભગવાનની ભક્તિ છે.

## (૨) ભગવાનના દર્શનનું ફળ

જે જીવ ધર્મ કરવા માગે છે તેને ધર્મ કરીને પોતામાં ટકાવી રાખવો છે, પોતે જ્યાં રહે ત્યાં ધર્મ સાથે જ રહે એવો ધર્મ કરવો છે. ધર્મ જો બહારના પદાર્થથી થતો હોય તો તો તે બાહ્યપદાર્થ ખસી જતાં

ધર્મ પણ ખસી જાય. —માટે એવો ધર્મ ન હોય. ધર્મ તો અંતરમાં આત્માના જ આશ્રયે છે. આત્મા સિવાય બહારના કોઈ પદાર્થના આશ્રયે આત્માનો ધર્મ થતો નથી. લોકો ભગવાનના દર્શન કરવા જાય ત્યાં એમ માની લ્યે છે કે અમે ધર્મ કરી આવ્યા.....કેમ જાણે ભગવાન પાસે એનો ધર્મ હોય? અરે ભાઈ! જો બહારમાં ભગવાનના દર્શનથી જ તારો ધર્મ હોય તો તો તે ભગવાનના દર્શન કરે તેટલો વખત ધર્મ રહે ને ત્યાંથી ખસી જતાં તારો ધર્મ પણ ખસી જાય.....એટલે ઘરમાં તો કોઈને ધર્મ થાય જ નહિ! જેવા ભગવાન વીતરાગ છે તેવો જ ભગવાન હું છું—એમ ભાન કરીને અંતરમાં ચૈતન્યમૂર્તિ ભગવાનના સમ્યક્‌દર્શન કરે તો તે ભગવાનના દર્શનથી ધર્મ થાય છે, ને એ ભગવાન તો જ્યાં જાય ત્યાં સાથે જ છે એટલે તે ધર્મ પણ સદાય રહ્યા જ કરે છે. જો એક વાર પણ એવા ભગવાનના દર્શન કરે તો જન્મ મરણ ટળી જાય.

## (૩) આત્મામાં ભગવાનની પ્રતિષ્ઠા કરે તે ભગવાન થાય

ભગવાનની સ્તુતિમાં ઘણા કહે છે કે 'હે નાથ! હે જિનેન્દ્ર! આપ પૂર્ણ વીતરાગ છો, સર્વજ્ઞ છો;' પરંતુ—'મારો આત્મા પણ રાગરહિત સર્વજ્ઞસ્વરૂપ છે'—એમ પોતાના આત્માની પણ શ્રદ્ધાને ભેગી ભેળવીને જો ભગવાનની સ્તુતિ કરે તો જ તે સાચી સ્તુતિ છે. અહીં ભગવાનની પ્રતિષ્ઠા થાય છે તેમાં પણ ભગવાનની ભક્તિમાં આવું લક્ષ રાખવું જોઈએ. જે આવું લક્ષ રાખે તેણે જ ખરેખર ભગવાનને સ્થાપ્યા કહેવાય.....તેણે પોતાના આત્મામાં ભગવાનની પ્રતિષ્ઠા કરી કહેવાય.....તે અલ્પકાળે સાક્ષાત્ ભગવાન થઈ જશે.

## (૪) આત્માની સમજણ અને ભક્તિનો ભાવ

લોકો ધર્મ કરવાનું માને છે પણ જ્ઞાની તેને આત્માની ઓળખાણ કરવાનું કહે ત્યારે તે કહે છે કે કોણ જાણે, આત્મા ક્યા હશે! ને કેવો હશે! તે કાંઈ ખબર પડતી નથી. જ્ઞાની કહે છે કે અરે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ભાઈ! જેને ધર્મ કરવો છે તેને જાણ્યા વગર તું ધર્મ કઈ રીતે કરીશ? આત્માને જાણ્યા વિના આત્મા તરફ વળીશ કઈ રીતે? અને આત્મા તરફ વળ્યા વિના તને ધર્મ ક્યાંથી થશે? સમજ્યા વિના પુણ્યમાં ધર્મ માની લઈશ તેમાં તો ઊંધી દૃષ્ટિનું પોષણ થશે. જ્ઞાની ધર્માત્માને ભગવાનની ભક્તિ વગેરેનો ભાવ આવશે પણ તેની દૃષ્ટિ આત્મા ઉપર પડી છે, —તેને આત્માનું ભાન છે, તે ભાનમાં તેને ક્ષણેક્ષણે ધર્મ થાય છે. સાચું સમજે તેને વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર ભક્તિનો પ્રશસ્ત રાગ આવ્યા વિના રહેશે નહિ. ભગવાનની ભક્તિના ભાવનો નિષેધ કરીને જે ખાવા-પીવા વગેરેના ભૂંડા રાગમાં જોડાય તે તો મરીને દુર્ગતિમાં જશે. વીતરાગી આત્માનું લક્ષ થાય અને આકરા રાગ ન ટળે એ કેમ બને? મારું સ્વરૂપ જ્ઞાન છે, રાગ મારું સ્વરૂપ નથી એમ જે સત્યને જાણે છે તેને લક્ષ્મી વગેરેની મમતા ઉપર સહેજે કાપ મૂકાઈ જાય છે, ને ભગવાનની ભક્તિ—પ્રભાવના વગેરેનો ભાવ ઊછળે છે. છતાં ત્યાં તે જાણે છે કે આ રાગ છે, આ કાંઈ ધર્મ નથી. અંતરમાં શુદ્ધ ચિદાનંદ સ્વરૂપને જાણીને તે પ્રગટ કર્યા વિના જન્મ-મરણ ટળશે નહિ.

## (૫) સીમંધર ભગવાનની સાચી ભક્તિ, ને એ ભક્તિનું ફળ મુક્તિ

જુઓ....ધર્મની આ યથાર્થ વાત મળવી બહુ મોંઘી છે.....બાહ્ય સાધુ થઈને બધું છોડી જંગલમાં જઈને સૂકાઈ જાય તોય આ વસ્તુદૃષ્ટિ મળે તેમ નથી.....અત્યારે લોકોને સત્ય વાત સાંભળવા મળવી પણ દુર્લભ થઈ ગઈ છે. જેને સ્વ ઉપર દૃષ્ટિ પડી નથી તેને ધર્મ ક્યાંથી થાય? ધર્મ તો આત્મામાંથી થાય છે એટલે પહેલાં પરથી નીરાળા આત્મસ્વભાવની શ્રદ્ધા કરે તો ધર્મ થાય; એ સિવાય બહારથી કાંઈ મળે તેમ નથી. —આવું ભાન કરવું તે જ સીમંધર ભગવાનની સાચી ભક્તિ છે ને એ ભક્તિનું ફળ મુક્તિ છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# સોનગઢમાં થયેલા
# પંચકલ્યાણક મહોત્સવનાં સંસ્મરણો

શ્રી જિનેન્દ્રદેવના પંચકલ્યાણક એટલે દુનિયાનો સર્વોત્કૃષ્ટ માંગળિક મહોત્સવ! એ પંચકલ્યાણક સંસારમાંથી જીવોને ઓછા કરીને મોક્ષમાં જીવોની વૃદ્ધિ કરનારા છે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે, સૌરાષ્ટ્રમાં એવા પંચકલ્યાણકના મંગળ મહોત્સવો ઊજવવાનું અને નીહાળવાનું સૌભાગ્ય મુમુક્ષુઓને પાંચ વાર સાંપડ્યું છે. તેમાં સૌથી પહેલો પ્રસંગ સોનગઢમાં સીમંધર પ્રભુની પંચકલ્યાણક પ્રતિષ્ઠા થઈ ત્યારે ઊજવાયો.

વીર સં. ૨૪૬૭ ના ફાગણ સુદ બીજે સોનગઢના જિનમંદિરમાં સીમંધર પ્રભુની પ્રતિષ્ઠા થઈ. આજે તો એ પ્રસંગને દસ વર્ષ વીતી ગયા.....છતાં ભક્તજનોના હૃદયમાં તે વખતનો ઉલ્લાસ એવો ને એવો તાજો છે.....તેનું સ્મરણ કરતાં આજે પણ ભક્તજનોનાં હૃદય ભક્તિરસમાં ભીંજાઈ જાય છે.

વીર સં. ૨૪૬૫ માં પૂ. ગુરુદેવશ્રી સંઘસહિત પાલીતાણા શત્રુંજયતીર્થની યાત્રાએ પધાર્યા.....ત્યાં ભગવાનનાં દર્શન કરતાં કરતાં કોઈ વિરલા ભક્તોને એવી ભાવના જાગી કે 'અરેરે! આપણને સાક્ષાત્ ભગવાનનો તો વિરહ પણ ભગવાનની વીતરાગીમુદ્રાનાં પણ દર્શન ન મળે?' એમ ભાવ થતાં સોનગઢમાં વીતરાગી પ્રતિમા સ્થાપવાનું દિલ થયું.....

.....પછી તો ભગવાનને સ્થાપવા માટેની ભક્તોની એ ભાવના ફેલાતી ફેલાતી પૂ. ગુરુદેવશ્રી પાસે પહોંચી અને પૂ. ગુરુદેવશ્રીને પણ વીતરાગી જિનપ્રતિમા સ્થાપવાના ભાવ થયા.....ને એકવાર પદ્મનંદિ પંચવિંશતિના વાંચન વખતે પ્રવચનમાં જિનપ્રતિમા સંબંધી એવી વાત

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આવી કે 'જે ભવ્ય જીવ નાનામાં નાનું જિનમંદિર અને જવ જેવડા જિનપ્રતિમા બનાવે છે તેને પણ એવા પુણ્યની પ્રાપ્તિ થાય છે કે સાક્ષાત્ સરસ્વતી પણ તેના પુણ્યનું વર્ણન કરી શકતી નથી; તો બીજાની તો શું વાત?' પૂ. ગુરુદેવના શ્રીમુખેથી એ વાત સાંભળતાં રાજકોટના શેઠ શ્રી નાનાલાલભાઈ તથા તેમના બંધુઓને સોનગઢમાં વીતરાગી જિનમંદિર કરાવવાની ભાવના થઈ.....અને તેમના તરફથી જિનમંદિર બંધાયું. એ રીતે ભક્તોના અંતરની ઊંડી ભાવનાનાં બીજડાં ફાલ્યાં ને ખરેખર સોનગઢમાં સીમંધર ભગવાન ભેટ્યા.....

પ્રતિષ્ઠા પહેલાં માહ સુદ ૨ ના રોજ સુપ્રભાતે સૂર્યના કિરણો બહાર નીકળતાં મંગલ મુહૂર્તે ઘણા ઉલ્લાસપૂર્વક શ્રી સીમંધરાદિ ભગવંતોનો ગ્રામપ્રવેશોત્સવ થયો હતો. ભગવાન પધાર્યા.....ને પહેલી વખત તેમની ભવ્ય મુદ્રા નીરખતાં જ પૂ. ગુરુદેવ ભક્તિથી સ્તબ્ધ થઈ ગયા.....આંખોમાંથી આંસુ વહી ગયા. હજી ભગવાનની પ્રતિષ્ઠા થઈ ન હતી પણ પૂ. ગુરુદેવને એટલી બધી લગની લાગી હતી કે વારે વારે ભગવાન પાસે જઈને બેસતા ને દિવસનો ઘણો વખત ભગવાન પાસે બેસી રહેતાં.....'હરતાં ફરતાં પ્રગટ હરિ દેખું રે.....' એના જેવી તે વખતની સ્થિતિ હતી. ભગવાનની મુદ્રા એટલી બધી ભવ્ય હતી કે ગુરુદેવને તો તે જોતાં તૃપ્તિ જ થતી ન હતી.....વારંવાર હરતાં ને ફરતાં પ્રભુ પાસે જઈને બેસતા અને ભગવાનની શાંત મુદ્રા નિહાળી નિહાળીને કહેતા કે—'અહો.....

અમિયભરી મૂરતિ રચી રે.....ઉપમા ન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતી રે.....નિરખત તૃપ્તિ ન હોય.....
સીમંધર જિન.....દીઠા લોયણ આજ.....'

વળી બહારગામના જે નવા નવા ભક્તજનો આવે તેમને પણ પૂછતાં કે 'તમે ભગવાન જોયા? ચાલો.....તમને ભગવાન બતાવું.'—એમ કહીને ઓરડીમાં લઈ જઈને બતાવતા કે જુઓ, આ ભગવાન!

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આપણે અહીં પ્રતિષ્ઠા થવાની છે તે આ ભગવાન છે.

માહ વદ ૧૧ થી ફાગણ સુદ ૨ સુધી ભગવાનની પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો અઠ્ઠાઈ મહોત્સવ ઊજવાયો.....જીવનમાં પહેલી જ વાર પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો પ્રસંગ હોવાથી, ને પહેલ વહેલા જ ભગવાન ભેટતા હોવાથી ભક્તજનોને અપૂર્વ ઉલ્લાસ હતો.....જાણે પ્રભુના પંચકલ્યાણક સાક્ષાત્ જ થતા હોય એવું લાગતું હતું.....ત્યારે ભક્તો હોંશથી ગાતા હતા કે—

'સુંદર સ્વર્ણપુરીમાં સ્વર્ણ–રવિ આજે ઊગ્યો રે,<br>
ભવ્યજનોના હૈયે હર્ષાનંદ અપાર.....<br>
શ્રી સીમંધર પ્રભુજી પધાર્યા છે અમ આંગણે રે.....'

પ્રતિષ્ઠા મહોત્સવના એ દિવસોમાં પૂ. ગુરુદેવશ્રીનાં વ્યાખ્યાનો પણ વીતરાગી સીમંધર ભગવાનને ભેટવાની ધૂનથી ભરેલાં આવતાં હતાં.....ભક્તિરસના ભાવભીનાં એ પ્રવચનોમાં વારંવાર ભગવાનને યાદ કરતાં પૂ. ગુરુદેવ આંસુભીની આંખે કહેતાં.....'હે ભગવાન્ !' આપના વિરહમાં આપની સ્થાપના કરીને વિરહને ભૂલાવ્યું !' દસ વર્ષ પહેલાંના એ પ્રવચનો આજે પણ મુમુક્ષુ ભક્તજનોનાં હૈયાને હચમચાવી મૂકે છે ને તેમના રુંવાટે રુંવાટે ભક્તિ જગાડે છે.

એ પ્રતિષ્ઠા મહોત્સવને નજરે નિહાળવા ભાગ્યવંત થયેલ ભક્તજનોને તે વખતના ઉલ્લાસનું વર્ણન કરતાં આજે પણ તૃપ્તિ થતી નથી અને અતિ પ્રમોદિત થતાં કહે છે કે 'અહો ! શું કહીએ ! એ વખતે તો પહેલી જ વખત પ્રતિષ્ઠાનો મહોત્સવ.....જીવનમાં કદી નહિ જોયેલ ભગવાનના ભેટા.....અને તેમાંય વળી મૂળનાયકપણે શ્રી સીમંધરનાથ ભગવાન ! એટલે પછી શું બાકી રહે ?' પ્રભુભક્તોના અંતરપટમાં કોતરાઈ ગયેલા એ ધન્ય પ્રસંગના સંસ્મરણોનો અંશ માત્ર આજે દસ વર્ષે અહીં શબ્દારૂઢ થયો છે.

એ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ‘કહાનનગર’ વસાવ્યું હતું.....પ્રતિષ્ઠા મહોત્સવમાં એક હાથી પણ હતો. પ્રભુજીના જન્મકલ્યાણક વગેરે પ્રસંગે જ્યારે કહાનનગરને પ્રદક્ષિણા કરવાનું આવતું હતું ત્યારે તે હાથી પણ એવી ગંભીરપણે પ્રદક્ષિણા કરતો હતો–જાણે કે તે પણ ભગવાનની ભક્તિનું સૌભાગ્ય પોતાને મળ્યું તે માટે પોતાનો પ્રમોદ જાહેર કરી રહ્યો હોય.....ને પોતાને ધન્ય માની રહ્યો હોય! આમ તેની મલપતિ ચાલ ઉપરથી ભક્તોને લાગતું હતું.★

માહ વદ અમાસે, ભગવાનનો જન્મકલ્યાણક થયો ત્યારે, એક બાજુ જન્મની વધાઈનાં વાજાં.....બીજી બાજુ દીપકોનો ઝગમગાટ..... એમ અચાનક દશ્યો જોઈને ભક્તો થોડી વાર તો ‘આ શું?.....આ શું?’ એવા આશ્ચર્યમાં પડી જતાં.....ને પછી જ્યારે ખબર પડતી કે અહો! આ તો ભગવાનના જન્મની વધાઈ! કે તરત જ પાછું વાતાવરણ ઉલ્લાસથી ઊભરાઈ જતું. અહો! એ પ્રસંગો નજરે નિહાળનારા તો કહે છે કે તે દિવસે અમને એમ જ લાગતું હતું કે આ સોનગઢ જાણે કે મહાવિદેહ બની ગયું હતું અને અહીં જ સીમંધર ભગવાનના પંચકલ્યાણક થતા હતા.

હાથી ઉપર, ભગવાનના જન્મકલ્યાણકની ભવ્ય યાત્રા નીકળી હતી. જન્માભિષેક માટે નદી કિનારે મેરુપર્વતની રચના થઈ હતી. હજારો ભક્તોનાં ટોળાં વચ્ચે મેરુપર્વત ઉપર જ્યારે ભગવાનનો જન્માભિષેક થતો હતો તે વખતે આકાશ એવું વિચિત્ર રંગબેરંગી થતું હતું–જાણે કે.....પ્રભુના જન્માભિષેકને દેખીને પ્રભુના ચરણોમાં કોઈ રંગબેરંગી સાથિયા પૂરી રહ્યું હોય! ✻ ✻ ✻

---

★ આ પ્રતિષ્ઠામહોત્સવ દરમિયાન લેવાયેલા હાથી ઉપર જિનેન્દ્રદેવની રથયાત્રા, મેરુ પર જન્માભિષેક, દીક્ષાકલ્યાણક, આહારદાન વગેરે પ્રસંગના વિધવિધ દશ્યો આજેય સોનગઢના જિનમંદિરમાં એ પવિત્ર પ્રસંગોની સ્મૃતિને નજર સમક્ષ તાજી કરે છે.

ફાગણ સુદ એકમે ભગવાનના દીક્ષાકલ્યાણકનો પ્રસંગ હતો. તેમાં જ્યારે પ્રભુશ્રીનો કેશલોચ કરવાનું આવ્યું ત્યારે દીક્ષાવનમાં આમ્રવૃક્ષ નીચે પૂ. ગુરુદેવશ્રીએ અતિ ગંભીરતાથી ભગવાનનો કેશલોચ કરતાં કહ્યું કે 'હે ભગવાન! આપ તો સ્વયંબુદ્ધ છો.....આપ તો આપના સ્વહસ્તે જ કેશલોચ કરો, પણ આ તો આપની સ્થાપના હોવાથી માત્ર અમારો ઉપચાર છે.'

દીક્ષાવિધિ પૂરો થતાં વનમાંથી પાછો ફરવાનો સમય આવ્યો ત્યારે, ભગવાનને ન દેખવાથી અનેક ભક્તો પૂછવા લાગ્યા કે 'ભગવાન ક્યાં? ભગવાન ક્યાં?' અને જ્યારે પ્રતિષ્ઠા કરાવનાર પંડિતજીએ ખુલાસો કરતાં કહ્યું કે 'ભગવાન તો હવે મુનિ થયા.....ને તેઓ તો વનજંગલમાં વિચરી ગયા. હવે તે આપણી સાથે પાછા નહિ આવે....' ત્યારે બધા ભક્તો ઉદાસ ચિત્તે પાછા ફર્યા....ભગવાન વગર બધાને સૂનું લાગતું હતું.

કેટલાક વખત બાદ, વનમાં વિહાર કરીને પ્રભુજી જ્યારે પાછા પધાર્યા ત્યારે, સ્વરૂપાનંદમાં ઝૂલતા એ પરમ વીતરાગી નાથને નીરખતાં જ જે અતિ અતિ ભાવથી પૂ. ગુરુદેવશ્રીએ તેમને નમસ્કાર કર્યા હતા.....તે પ્રસંગનું ભાવભર્યું દૃશ્ય ભક્તોના સ્મૃતિપટમાં આજેય તરવરી રહ્યું છે.

પછી જ્યારે મુનિ થયેલા ભગવાન ગામમાં આહાર માટે પધાર્યા ત્યારે અતિ પ્રસન્નતાપૂર્વક પ્રભુને આહાર દેતાં ભક્તોના હૈયે હરખ સમાતો ન હતો.....ઉપરથી રત્નવૃષ્ટિ થઈ રહી હતી.....અને જ્યારે હાથમાં ખીર લઈને પ્રભુજીને આહાર કરાવ્યો ત્યારે તો જાણે સાક્ષાત્ ભગવાનને આહારદાન કરતા હોઈએ તેવો આહ્લાદ અંતરમાં જાગતો હતો. 'અહો! તે વખતના ભાવોની શું વાત કરીએ?'

પહેલી ફાગણ સુદ બીજે ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકનો પ્રસંગ આવ્યો. ભગવાનને કેવળજ્ઞાન થયું.....દીપકોથી જગમગતા

સમવસરણની રચના થઈ.....એ સમવસરણને દેખી દેખીને ભક્તજનો ભક્તિથી નાચવા લાગ્યા અને વાજિંત્રો લઈને સમવસરણની પ્રદક્ષિણા કરવા લાગ્યા.

ફાગણ સુદ બીજે પ્રભુશ્રીના નિર્વાણકલ્યાણક પ્રસંગે પાવાપુરીનો દેખાવ થયો હતો. (પ્રતિષ્ઠામાં વિધિનાયક શ્રી મહાવીર પ્રભુજી હતા.)

પંચકલ્યાણકના વિધવિધ પ્રસંગોએ વારંવાર 'उदक चंदन....' આદિ શ્લોકો દ્વારા જિનેન્દ્રપૂજન થતું હતું તે પણ સૌરાષ્ટ્રના મુમુક્ષુઓને માટે આનંદાશ્ચર્યજનક હતું.

આ પ્રતિષ્ઠા મહોત્સવમાં પંચકલ્યાણકના નવા નવા ભક્તિભીનાં દૃશ્યો દેખીને કઠણ હૈયાં પણ ભક્તિથી પીગળી જતાં હતાં.....પ્રતિષ્ઠા મહોત્સવ દેખીને શેઠ શ્રી બેચરલાલભાઈને પ્રમોદ આવી જતાં પોતાના મોટાભાઈ (શેઠ શ્રી નાનાલાલભાઈ) ના પગમાં પડીને આંસુભીની આંખે કહેતા કે 'ભાઈ ! આ બધું તમારા પ્રતાપે અમને જોવા મળ્યું છે.....' ત્યારે નાનાલાલભાઈ કહેતા.....'ગુરુદેવનો એ બધો ઉપકાર છે.'

પંચકલ્યાણક વખતે જ્યારે ભગવાનને મંડપમાં લાવવામાં આવતા હતા ત્યારે પૂ. ગુરુદેવશ્રી ભક્તિવશે ભગવાનની પાછળ પાછળ જ ફરતા હતા.....જાણે કે એક ક્ષણ પણ પ્રભુથી અળગા રહેવું ગમતું ન હતું.....અને, અહો ! પ્રતિષ્ઠિત થયેલા શ્રી સીમંધર ભગવાને જ્યારે જિનમંદિરમાં પ્રવેશ કર્યો ત્યારે તો ગુરુદેવ બારણામાં જ તેમનું સ્વાગત કરતાં પ્રભુજી પાસે નમી પડ્યા.....જિનમંદિરના દ્વારમાં પ્રભુ પધારતાં જ તેમનાથી સાષ્ટાંગનમન થઈ ગયું.....તે વખતે ઘણાં ભક્તોના નયનમાંથી ભક્તિરસ વરસતો હતો.....જેમ ચક્રવર્તી પોતે જ્યારે કોઈના ચરણે ઢળી પડે ને એ દૃશ્ય તેના સેવકોને નિઃસ્તબ્ધ

બનાવી દે.....તેમ ભગવાન શ્રી સીમંધરનાથની સન્મુખ જ્યારે ગુરુદેવ બહુ ભક્તિપૂર્વક નમી પડ્યા ત્યારે સૌ ભક્તજનો એ દૃશ્ય નિઃસ્તબ્ધપણે નિહાળતા રહી ગયા.....અને કોઈ જુદું જ વાતાવરણ છવાઈ ગયું.....ખરેખર! આવા આવા કોઈક પ્રસંગે ભગવાન પાસે બાળક જેવા બની જનારા એ મહાત્માઓનાં હૃદયના ભાવો કળવા ઘણીવાર મુશ્કેલ બની જાય છે. એ ખાસ પ્રસંગનું વર્ણન કરતાં આત્માર્થી ભાઈ શ્રી હિંમતલાલભાઈ પૂ. ગુરુદેવશ્રીના જીવનચરિત્રમાં લખે છે કે—

'સીમંધર ભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત નિશ્ચેષ્ટ ભાસવા લાગ્યો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિ રસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ બે ત્રણ મિનિટ સુધી નિશ્ચેષ્ટપણે પડી રહ્યો. આ ભક્તિનું અદ્‌ભુત દૃશ્ય, પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમનાં નેત્રોમાં અશ્રુ ઊભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. ગુરુદેવે પોતાના પરમ પવિત્ર હાથે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વ ભાવે કરી હતી.'

શ્રી સીમંધર ભગવાનના પ્રતિમાજી એટલા બધા ભવ્ય.....સુંદર.....અને ભાવવાહિ છે કે તેમના દર્શન કરનારને તૃપ્તિ જ નથી થતી.....ફરી ફરીને એ જિનમુદ્રા જોયા જ કરવાનું મન થયા કરે છે.....એની મુખમુદ્રા પણ જાણે કે મહાવિદેહના સીમંધર ભગવાનની મુદ્રાને મળતી આવતી હોય!—એવું જ લાગે છે. તેમાંય જ્યારે ચારે બાજુ પ્રકાશ હોય ત્યારે તો શાંતસુધારસ ઝીલતી ભગવાનની મુદ્રા ઉપશમરસથી રેલાઈ રહે છે.....એ પાવનકારી ભવ્યમુદ્રાના દર્શનથી દૂરદૂરના યાત્રાળુજનો પોતાને કૃતકૃત્ય માને છે. ખરેખર—



'જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે,
જેની ભક્તિથી ચારિત્ર વિમળતા થાય.....
એવા ચૈતન્યમૂર્તિ પ્રભુજી અહો! અમ આંગણે રે.....'

ભગવાનની પ્રતિષ્ઠા બાદ રાજકોટના મુમુક્ષુસંઘે પૂ. ગુરુદેવશ્રીને રાજકોટ પધારવાની વિનંતી કરેલ ત્યારે પૂ. ગુરુદેવશ્રીએ કહેલ કે 'આ વર્ષે તો વિહાર કરવો નથી.....અહીં ભગવાન પધાર્યા છે એટલે તેમનાં ધરાઈ ધરાઈને દર્શન કરવા માટે આ વર્ષે તો ક્યાંય વિહાર કરવો જ નથી.'

સોનગઢના જિનમંદિરમાં મૂળનાયક ભગવાન શ્રી સીમંધરપ્રભુ છે; ને તેમની આજુબાજુમાં શ્રી પદ્મપ્રભુ તથા શ્રી શાંતિનાથપ્રભુ છે; એ ઉપરાંત શ્રી મહાવીરપ્રભુ, શ્રી આદિનાથપ્રભુ અને શ્રી પાર્શ્વનાથપ્રભુ છે. તથા જિનમંદિરના ઉપરના ભાગમાં ગિરીનગરના વાસી શ્રી નેમનાથ પ્રભુજી બિરાજે છે. વીર સં. ૨૪૬૬ ના ફાગણ સુદ બીજે નેમનાથપ્રભુની કલ્યાણકભૂમિ ગીરનારની ટોચ ઉપર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



નેમનાથપ્રભુની ભક્તિ ને શુદ્ધાત્માની ધૂન થઈ હતી.....ને ૨૪૬૭ ના બરાબર ફાગણ સુદ બીજે અહીં જિનમંદિરમાં નેમનાથ પ્રભુજી પધાર્યા.....જાણે કે ભક્તિએ ભગવાનને આકર્ષી લીધા!

એ રીતે સોનગઢનો એ પ્રતિષ્ઠા મહોત્સવ સૌરાષ્ટ્રને માટે અપૂર્વ હતો.....એ મહોત્સવ નજરે નિહાળવાનું મહાભાગ્ય જેમને મળ્યું હશે તેમના અંતરપટમાં તે વખતના ઉલ્લાસિત સંસ્મરણો હજી ગૂંજતાં હશે.....અહોભાગ્ય છે ભક્તજનોનાં કે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે ભગવાન ભેટ્યા.....અને તેઓશ્રીના જ મહાન ઉપકારથી ભક્તજનો ભગવાનને ઓળખતા થયા.....આજેય ભક્તજનો ગૌરવપૂર્વક ગદ્ગદ્ ભાવે વારંવાર કહે છે કે.....

'હે ગુરુદેવ.....હે ગુરુદેવ! આપના જ પરમ પરમ પ્રતાપથી અમને અહીં શ્રી સીમંધરાદિ જિનેન્દ્ર ભગવંતોનો ભેટો થયો.....આવા આવા સર્વ પ્રસંગોમાં, હે કૃપાનાથ! આપનો જ મહાન ઉપકાર છે.....અમારા જીવનમાં આપનો પરમ ઉપકાર છે.....

જેના દ્વારા જિનજી આવ્યા ભવ્યે ઓળખ્યા રે,
તે શ્રી કાન ગુરુનો પણ અનુપમ ઉપકાર.....
નિત્યે દેવ–ગુરુનાં ચરણકમળ હૃદયે વસો રે.....'

તીર્થધામ સોનગઢમાં
જયવંત વર્તો તે જિનેન્દ્ર.....ને.....જિનેન્દ્રના લઘુનંદન!

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250



## (૫)

# સોનગઢમાં થયેલ

## સમવસરણ પ્રતિષ્ઠામહોત્સવનાં સંસ્મરણો

(વીર સં. ૨૪૬૮માં સોનગઢના સમવસરણમંદિરમાં સીમંધરપ્રભુની પંચકલ્યાણક પ્રતિષ્ઠા થઈ; તે પ્રતિષ્ઠા મહોત્સવનાં પ્રવચનો મળી શક્યા નથી.....માત્ર કેટલાક સંસ્મરણો મળ્યાં છે તે અહીં આપ્યા છે.)

“શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્ય મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા...કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તો પણ એમ જ છે, ન માનો તો પણ એમ જ છે. યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.”

પૂ. ગુરુદેવશ્રીના જીવનચરિત્રમાંથી.

# હે સીમંધરનાથ !

આ ભરતક્ષેત્રે તારા વિરહ પડ્યા છે. અહો! મહાવિદેહમાં બિરાજતા ચૈતન્યમૂર્તિ પ્રભુ–જેના ચરણની સો સો ઈંદ્રો સેવા કરી રહ્યા છે એવા નાથનો અમને અહીં વિરહ પડ્યો.....હે નાથ! અમે આપનાથી દૂર પડ્યા.....તો પણ અમારા આત્મામાં આપની પ્રતિષ્ઠા કરીને અમે અમારું પૂરું કરશું.....હે પ્રભો! આપના પ્રતાપે અમારા નીવેડા આવી ગયા.....પાર આવી ગયો. સમવસરણની મધ્યમાં બિરાજમાન હે સીમંધરનાથ! મહાવિદેહમાં જ્યાં તારી ધ્વનિનો ધોધ છૂટે ત્યાં ગણધરો ઝીલે ને ઈન્દ્રો સેવે. તેનાથી પાખંડીના પાખંડ તૂટી પડે.....તારી ધ્વનિના દિવ્યનાદ છૂટે ત્યાં અજ્ઞાનીઓનાં અજ્ઞાન તૂટી પડે. પાખંડીઓના પાખંડ છૂટી જાય.... કુતર્કીઓના કુતર્ક નાશ પામે. પ્રભુ! તારા સમવસરણમાં દિવ્યદુંદુભી એમ પોકાર કરી રહ્યો છે કે હે જીવો! તમારા બધા પ્રમાદ કાર્યો છોડીને અહીં આવો અને મોક્ષના સાથીદાર એવા આ ભગવાનનું સેવન કરો.....તેમનો દિવ્યધ્વનિ સાંભળીને આત્માની સમજણ કરો.....

સોનગઢ : પંચકલ્યાણક પ્રવચનોમાંથી.





વીર સં. ૨૪૬૭ માં સુવર્ણપુરીના જિનમંદિરમાં શ્રી સીમંધરાદિ જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા થયા બાદ બીજે જ વર્ષે કેટલાક મુમુક્ષુ ભાઈઓ દ્વારા સીમંધર ભગવાનના સમવસરણ મંદિરની (–ધર્મસભાની) રચના થઈ અને વીર સં. ૨૪૬૮ ના વૈશાખ વદ છઠ્ઠ તેમાં સીમંધર ભગવાનના ચૌમુખી પ્રતિમાજીની પ્રતિષ્ઠા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવનહસ્તે થઈ. તેમ જ તે સમવસરણમાં સીમંધર ભગવાન પાસે ગયેલા કુંદકુંદાચાર્યપ્રભુના પ્રતિમાની પણ પ્રતિષ્ઠા થઈ.

એ પ્રસંગે, સીમંધર પ્રભુની પ્રતિષ્ઠા થઈ ગયા બાદ જ્યારે શ્રી કુંદકુંદાચાર્યપ્રભુની પ્રતિષ્ઠા માટે તેમના પ્રતિમાજીનો ધર્મસભામાં પ્રવેશ થતો હતો ત્યારનું દૃશ્ય જોતાં કેટલાક ભક્તોને એમ થતું હતું કે “અહા ! સીમંધર ભગવાનના સમવસરણમાં આવીને કુંદકુંદાચાર્યદેવ તેઓશ્રીને વંદન કરી રહ્યા છે—એ પ્રસંગ જાણે કે પોતાની નજર સમક્ષ જ બની રહ્યો હોય !”—એ વખતે મુમુક્ષુઓનાં અંતરમાં કેવા કેવા ભાવો ઉલ્લસ્યા હશે !

સીમંધર ભગવાનની સન્મુખ અતિ ભક્તિપૂર્વક હાથ જોડીને તેમના દર્શન કરી રહેલા શ્રી કુંદકુંદપ્રભુને જોતાં જ ભક્તોના અંતરમાંથી સહેજે એ શબ્દો સરી પડે છે કે—

‘જેની વાણી ઝીલી કુંદપ્રભુ શાસ્ત્રો રચ્યાં રે.....
જેની વાણીનો વળી સદ્‌ગુરુ પર ઉપકાર.....
.....એવા ત્રણ ભુવનના નાથ અહો અમ આંગણે રે.....’

‘આ સમવસરણમાં આગમ વગેરેના આધારે સુંદર આઠ ભૂમિકા, કોટ, મુનિઓ–અર્જિકાઓ–દેવો–મનુષ્યો–તિર્યંચો વગેરેની સભા સહિત શ્રી મંડપ, ત્રણ પીઠિકા, કમળ, ચામર, છત્ર, ભામંડળ, અશોકવૃક્ષ, વિમાનો વગેરેની અતિ આકર્ષક રચના છે. મુનિઓની સભામાં શ્રી સીમંધર ભગવાન સામે અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ઊભેલા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યનાં અતિ સૌમ્યમુદ્રાવંત પ્રતિમાજી છે. શ્રી સમવસરણના દર્શન કરતાં, શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્ય સર્વજ્ઞ

વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા તે પ્રસંગ મુમુક્ષુઓનાં નેત્રો સમક્ષ ખડો થાય છે અને તેની સાથે સંકળાયેલા અનેક પવિત્ર ભાવો હૃદયમાં સ્ફુરતાં મુમુક્ષુઓનું હૃદય ભક્તિ ને ઉલ્લાસથી ઊછળી પડે છે. શ્રી સમવસરણ મંદિર થતાં, મુમુક્ષુઓને તેમના અંતરનો એક પ્રિયતમ પ્રસંગ દૃષ્ટિગોચર કરવાનું નિમિત્ત પ્રાપ્ત થયું છે.'

આ સમવસરણની એક ખાસ સ્તુતિ આત્માર્થી ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે બનાવેલ છે, તેમાં ઘણા ભાવો ભરેલા છે. સમવસરણના પ્રતિષ્ઠા મહોત્સવ વખતે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રવચનોમાં તે સ્તુતિના ભક્તિભરેલા અર્થો કરેલા. તેમાં જયારે—

"આચાર્યને મન એકદા જિનવિરહતાપ થયો મહા,
—રે! રે! સીમંધરજિનના વિરહા પડ્યા, આ ભરતમાં!"

—એ કડી આવેલી ત્યારે પૂ. ગુરુદેવશ્રીએ ગદ્‌ગદ્‌ભાવે સીમંધરપ્રભુ અને કુંદકુંદપ્રભુ પ્રત્યેની જે ભક્તિ વ્યક્ત કરેલી તેનું અહીં વર્ણન કરવું શક્ય નથી.

હાલમાં પણ, દર મહિનાની વદ છઠ્ઠે સમવસરણ મંદિરમાં સમવસરણ સ્તુતિ ગવાય છે તેમાં જ્યારે ઉપર્યુક્ત 'રે! રે! સીમંધરજિનના વિરહા પડ્યા આ ભરતમાં' ઈત્યાદિ કડી બોલાતી હોય છે ત્યારે પૂ. ગુરુદેવશ્રી આંખો મીંચીને કોઈ વિશિષ્ટ ઊંડા વિચારમાં મગ્ન થઈ જતા હોય એમ મુમુક્ષુઓને દેખાય છે.

અહો! પૂ. સદ્‌ગુરુદેવનો અચિંત્ય પ્રતાપ,—કે જેણે સીમંધરનાથના સમવસરણને આ સુવર્ણપુરીમાં ઊતાર્યું.....ને ભક્તોને ભગવાનનો ભેટો કરાવ્યો.....! આ કાળે આવા સમવસરણનાં દર્શન થાય છે ને એ સમવસરણના દિવ્યધ્વનિની પ્રસાદી પણ પૂજ્ય ગુરુદેવશ્રીની અમોઘ આત્મસ્પર્શી વાણી દ્વારા મળે છે તે આ કાળના મુમુક્ષુ જીવોનાં મહા સદ્‌ભાગ્ય છે. जैनं जयति शासनम्

## સમવસરણમાં બિરાજમાન
## સીમંધર જિનેન્દ્રની સ્તુતિ

(વસંતતિલકા)

અંકુર એક નથી મોહ તણો રહ્યો જ્યાં;
અજ્ઞાન અંશ બળી ભસ્મરૂપે થયો જ્યાં;
આનંદ, જ્ઞાન, નિજ વીર્ય અનંત છે જ્યાં,
ત્યાં સ્થાન માગું—જિનના ચરણાંબુજોમાં.

જે આભમાં જગત આ પરમાણુતુલ્ય,
તે અંતહીન નભનું જહીં પૂર્ણ જ્ઞાન;
સૌ દ્રવ્યના યુગપદે ત્રણ કાળ જાણે,
તે નાથને નમન હો મુજ નમ્રભાવે.

દૈવી સમોસરણમાં નહિ રાગ કિંચિત્,
ધૂલિ મલિન પર જ્યાં નહિ દ્વેષ કિંચિત્;
ધૂલિ, સમોસરણ કેવળ જ્ઞેય જેમાં,
તે જ્ઞાનને નમન હો જિનજી! અમારા.

(શિખરિણી)

ભલે સો ઈંદ્રોના, તુજ ચરણમાં શિર નમતા,
ભલે ઈંદ્રાણીના રતનમય સ્વસ્તિક બનતા;
નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા,
સ્વરૂપે ડૂબેલા, નમન તુજને, ઓ જિનવરા!

(વસંતતિલકા)

જગના અગાધ તિમિરે પ્રભુ! સૂર્ય તું છે,
અજ્ઞાન—અંધ જગનું પ્રભુ! નેત્ર તું છે;
ભવસાગરે પતિતનું પ્રભુ! નાવ તું છે,
માતા, પિતા, ગુરુ, જિનેશ્વર! સર્વ તું છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તીર્થંકરો જગતના જયવંત વર્તો,
ૐકારનાદ જિનનો જયવંત વર્તો;
જિનના સમોસરણ સૌ જયવંત વર્તો,
ને તીર્થ ચાર જગમાં જયવંત વર્તો.

(અનુષ્ટુપ)

સમોસર્ણ જિનેશ્વરનું, શાસ્ત્રમાં બહુ વર્ણવ્યું;
પરંતુ એ મહાર્ણવનું, બિંદુ માત્ર નહીં કહ્યું.
વિના જોયે ન સમજાયે, સમોસર્ણ જિનેશનું;
ભરતે ભાગ્ય ન આ કાળે, મહાભાગ્ય વિદેહીનું.

(વસંતતિલકા)

જિનના સમોસરણનું અહીં ભાગ્ય છે ના,
દિવ્યધ્વનિ શ્રવણનું પણ ભાગ્ય છે ના;
તોયે સીમંધર અને વીરના ધ્વનિના
પડઘા સુણાય મધુરા હજી આગમોમાં.

સમવસરણ–સ્તુતિમાંથી : પૃ. ૧૨–૧૩



Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સીમંધરભગવાનના સમવસરણમાં
# શ્રી કુંદકુંદાચાર્યદેવ
## ગયેલા તે પ્રસંગનું વર્ણન



(અનુષ્ટુપ)

વિક્રમશક પ્રારંભે, ઘટના એક બની મહા;
વિદેહી ધ્વનિના રણકા, જેથી આ ભરતે મળ્યા.

(હરિગીત)

બહુ ઋદ્ધિધારી કુંદકુંદ મુનિ થયા એ કાળમાં,
જે શ્રુતજ્ઞાનપ્રવીણ ને અધ્યાત્મરત યોગી હતા;
આચાર્યને મન એકદા જિનવિરહતાપ થયો મહા,
—રે! રે! સીમંધરજિનના વિરહા પડ્યા આ ભરતમાં!

(શાર્દૂલવિક્રીડિત)

એકાએક છૂટ્યો ધ્વનિ જિનતણો ‘સદ્ધર્મવૃદ્ધિ હજો’
સીમંધરજિનના સમોસરણમાં, ના અર્થ પામ્યા જનો;
સંધિહીન ધ્વનિ સૂણી પરિષદે આશ્ચર્ય વ્યાપ્યું મહા,
થોડીવાર મહીં તહીં મુનિ દીઠા અધ્યાત્મમૂર્તિ સમા.

જોડી હાથ ઊભા પ્રભુ પ્રણમતા, શી ભક્તિમાં લીનતા!
નાનો દેહ અને દિગંબર દશા, વિસ્મિત લોકો થતાં;

ચક્રી વિસ્મય–ભક્તિથી જિન પૂછે 'હે નાથ! છે કોણ આ?'
—છે આચાર્ય સમર્થ એ ભરતના સદ્ધર્મવૃદ્ધિકરા.

(અનુષ્ટુપ)

સૂણી એ વાત જિનવરની, હર્ષ જનહૃદયે વહે,
નાનકડા મુનિકુંજરને, 'એલાચાર્ય' જનો કહે.

(હરિગીત)

પ્રત્યક્ષ જિનવર દર્શને બહુ હર્ષ એલાચાર્યને,
ૐકાર સૂણતાં જિન તણો, અમૃત મળ્યું મુનિહૃદયને;
સપ્તાહ એક સૂણી ધ્વનિ, શ્રુતકેવળી પરિચય કરી,
શંકા નિવારણ સહુ કરી, મુનિ ભરતમાં આવ્યા ફરી.

(વસંતતિલકા)

વીરનો ધ્વનિ ગુરુપરંપર જે મળેલો,
પોતે વિદેહે જઈ દિવ્ય ધ્વનિ ઝીલેલો;
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.

આ ક્ષેત્રના ચરમ જિન તણા સુપુત્ર,
વિદેહના પ્રથમ જિન તણા સુભક્ત;
ભવમાં ભૂલેલ ભવિ જીવ તણા સુમિત્ર,
વંદું તને ફરી ફરી મુનિ કુંદકુંદ!

(અનુષ્ટુપ)

નમું હું તીર્થનાયકને, નમું ૐકારનાદને;
ૐકાર સંઘર્યો જેણે, નમું તે કુંદકુંદને.
અહો! ઉપકાર જિનવરનો, કુંદનો, ધ્વનિ દિવ્યનો;
જિન-કુંદ-ધ્વનિ આપ્યા, અહો! તે ગુરુકહાનનો.

સમવસરણ સ્તુતિમાંથી : પૃ. ૧૪-૧૫

# વિદ્યમાન તીર્થાધિપતિ સીમંધર ભગવાન

## (પ્રભુજીના સંબંધમાં જાણવાયોગ્ય કેટલીક વિગતો)

સીમંધર ભગવાનના પરમ ભક્ત પૂ. ગુરુદેવશ્રીના પવિત્ર હસ્તે, સૌરાષ્ટ્રમાં પાંચ વખત પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં એકંદર ૯૭ વીતરાગી જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ છે.....તેમાંથી દસ પ્રતિમાઓ શ્રી સીમંધર ભગવાનનાં છે.

જેમ અઢી હજાર વર્ષ પહેલાં આ ભરતભૂમિ ઉપર શ્રી મહાવીર ભગવાન તીર્થંકરપણે વિચરી રહ્યા હતા તેમ અત્યારે પણ આ પૃથ્વી ઉપરના 'મહાવિદેહ' નામના ક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન તીર્થંકરપણે સાક્ષાત્ વિચરી રહ્યા છે. તેઓ અત્યારે અરિહંતપદે બિરાજે છે. 'ણમો અરિહંતાણં' એમ આપણે કહીએ તેમાં તે સીમંધર ભગવાનને પણ નમસ્કાર આવી જાય છે.

જ્યાં શ્રી સીમંધર ભગવાન બિરાજે છે તે મહાવિદેહક્ષેત્ર અહીંથી પૂર્વ દિશામાં એટલું બધું દૂર આવેલું છે કે કોઈ વાહન દ્વારા અત્યારે ત્યાં પહોંચી શકાય નહિ. આમ છતાં, જે જંબુદ્વીપમાં આપણું ભરતક્ષેત્ર છે તે જ દ્વીપમાં મહાવિદેહક્ષેત્ર આવેલું છે.....બંને ક્ષેત્ર એક જ દ્વીપમાં આવેલા છે એટલે, શ્રી સીમંધર ભગવાન જે દ્વીપમાં વિચરે છે તે જ દ્વીપમાં આપણે રહીએ છીએ.

શ્રી સીમંધર ભગવાનનું બીજું નામ સ્વયંપ્રભ ભગવાન છે;

* તેમના પિતાજીનું નામ શ્રેયાંસરાય અને માતાજીનું નામ સત્યદેવી છે;
* તેમની કાયા કંચનવરણી છે;
* દેહની ઊંચાઈ પાંચસો ધનુષ છે;

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



* તેમનું લંછન વૃષભ છે;
* તેમનો જન્મ સીતા નામની નદીની ઉત્તરે આવેલા પુષ્કલાવતી દેશના પુંડરીકપુર નગરમાં થયો હતો;
* તેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું છે તેમાંથી અત્યારે લગભગ ૮૩ લાખ પૂર્વ વીત્યા છે;
* તેમનું સમવસરણ બાર યોજન વ્યાસનું છે;
* તેમના સમવસરણમાં મનુષ્યોની સભાના નાયક શ્રી પદ્મરથ ચક્રવર્તી છે.

જ્યારે શ્રીકૃષ્ણની રુક્મિણી રાણીનો પુત્ર પ્રદ્યુમનકુમાર ખોવાઈ ગયો હતો ત્યારે અહીંથી શ્રી નારદજી તે પ્રદ્યુમનકુમારનું ચરિત્ર સાંભળવા માટે મહાવિદેહક્ષેત્રે સીમંધરપ્રભુ પાસે ગયા હતા. ત્યારે તે પદ્મરથ ચક્રવર્તીએ આશ્ચર્યથી ભગવાનને પૂછ્યું હતું કે 'આ શું છે... આ કોણ છે ?' —આ પ્રકારનું વિસ્તારથી વર્ણન શ્રી પ્રદ્યુમનચરિત્રના છઠ્ઠા સર્ગમાં છે.

વળી 'પદ્મપુરાણ'માં પણ, અહીં મુનિસુવ્રત તીર્થંકરના વખતમાં થયેલા નારદનું મહાવિદેહમાં સીમંધરપ્રભુ પાસે જવાનું વર્ણન આવે છે, તેમાં આ પ્રમાણે કહ્યું છે : ‟જિનેન્દ્રની કથામાં જેમનું મન આસક્ત છે એવા દશરથ મહારાજાના દરબારમાં એકવાર નારદ આવે છે અને દશરથરાજા તેમને નવીન સમાચાર પૂછે છે ત્યારે, જિનેન્દ્રચંદ્રનું ચરિત્ર પ્રત્યક્ષ દેખવાથી જેને પરમહર્ષ ઊપજ્યો છે એવા તે નારદ કહે છે કે હે રાજન્! હું મહાવિદેહક્ષેત્રે ગયો હતો; તે ક્ષેત્ર ઉત્તમ જીવોથી ભરેલું છે, ત્યાં ઠેર ઠેર શ્રી જિનરાજનાં મંદિરો છે ને ઠેર ઠેર મહામુનિઓ બિરાજે છે; ત્યાં ધર્મનો મહાન ઉદ્યોત છે; શ્રી તીર્થંકરદેવ, ચક્રવર્તી, બળદેવ-વાસુદેવ, પ્રતિવાસુદેવ વગેરે ત્યાં ઊપજે છે; ત્યાં જઈને પુંડરિકિણી નગરીમાં મેં શ્રી સીમંધરસ્વામીનો તપકલ્યાણક દેખ્યો; તથા જેવો અહીં શ્રી મુનિસુવ્રતનાથનો સુમેરુ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250



શ્રી સીમંધરસ્વામી ભગવાનનો તપકલ્યાણક મહોત્સવ

પર્વત ઉપર જન્માભિષેક આપણે સાંભળ્યો છે તેવો શ્રી સીમંધરસ્વામીના જન્માભિષેકનો ઉત્સવ મેં સાંભળ્યો.....તેમના પવિત્ર દીક્ષાકલ્યાણકને તો મેં પ્રત્યક્ષ જ દેખ્યો.'

(જુઓ, પદ્મપુરાણ સર્ગ ૨૩ પૃ. ૨૫૮)

આ ઉપરાંત, પ્રભુશ્રી કુંદકુંદાચાર્યદેવ અહીંથી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા ને આઠ દિવસ સુધી ત્યાં રહીને પ્રભુના દિવ્યધ્વનિનું શ્રવણ, તેમ જ ત્યાંના શ્રુતકેવળી આદિ મુનિવરોનો પરિચય કર્યો હતો.....એ વાત તો 'સુપ્રસિદ્ધ' છે. 'સમવસરણસ્તુતિ' માં આ પ્રસંગનું વર્ણન કર્યું છે. (એ પાવનદૃશ્ય માટે જુઓ, સોનગઢમાં સીમંધરપ્રભુનું સમવસરણ.)

જ્યાં શ્રી સીમંધરાદિ તીર્થંકર ભગવંતો વિચરે છે એવા વિદેહક્ષેત્રના દેશો અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે મરકી આદિ ઉપદ્રવોથી રહિત છે; તેમ જ શ્રી જિનદેવ સિવાયના કોઈ કુદેવો, કુલિંગ કે કુમત પણ ત્યાં હોતા નથી, તે દેશો સદાય કેવળી ભગવંતો અને તીર્થંકરોથી તેમ જ ચક્રવર્તી વગેરે શલાકા પુરુષોથી ભરેલા હોય છે.....

''ધન્ય હો તે ધર્મભૂમિના ધર્માત્માઓને.....!''






શ્રી વર્ધમાનસ્વામી દિગંબર જિનમંદિર, વઢવાણ શહેર

## પૂ. ગુરુદેવશ્રીના શુભહસ્તે પ્રતિષ્ઠિત થયેલા ૯૭ વીતરાગી જિનબિંબો

### (૧) સોનગઢ–પ્રતિષ્ઠામહોત્સવ : વીર સં. ૨૪૬૭

| | | |
|---|---|---|
| ૧ | શ્રી સીમંધર ભગવાન (મૂળનાયક) | સોનગઢ |
| ૨ | શ્રી પદ્મપ્રભુ ભગવાન | સોનગઢ |
| ૩ | શ્રી શાંતિનાથ ભગવાન | સોનગઢ |
| ૪ | શ્રી મહાવીર ભગવાન (વિધિનાયક) | સોનગઢ |
| ૫ | શ્રી આદિનાથ ભગવાન | સોનગઢ |
| ૬ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | સોનગઢ |
| ૭ | શ્રી નેમિનાથ ભગવાન | સોનગઢ |
| ૮ | શ્રી જિનેન્દ્ર ભગવાન (સ્ફટિકના) | જુનાગઢ |
| ૯ | શ્રી જિનેન્દ્ર ભગવાન (સ્ફટિકના) | જુનાગઢ |
| ૧૦ | શ્રી જિનેન્દ્ર ભગવાન (સ્ફટિકના) | જુનાગઢ |

### (૨) સોનગઢ–પ્રતિષ્ઠામહોત્સવ : વીર સં. ૨૪૬૮

| | | |
|---|---|---|
| ૧૧ | શ્રી સીમંધર ભગવાન (સમવસરણમાં, ચૌમુખી) | સોનગઢ |

### (૩) વીંછીયા–પ્રતિષ્ઠામહોત્સવ : વીર સં. ૨૪૭૫

| | | |
|---|---|---|
| ૧૨ | શ્રી ચંદ્રપ્રભ ભગવાન (મૂળનાયક) | વીંછીયા |
| ૧૩ | શ્રી સીમંધર ભગવાન | વીંછીયા |
| ૧૪ | શ્રી શાંતિનાથ ભગવાન | વીંછીયા |
| ૧૫ | શ્રી સુપાર્શ્વનાથ ભગવાન | વીંછીયા |
| ૧૬ | શ્રી આદિનાથ ભગવાન | વીંછીયા |

| | | |
|---|---|---|
| ૧૭ | શ્રી આદિનાથ ભગવાન (વિધિનાયક) | વીંછીયા |
| ૧૮ | શ્રી સિદ્ધ ભગવાન | વીંછીયા |
| ૧૯ | શ્રી સીમંધર ભગવાન | વઢવાણ શહેર |
| ૨૦ | શ્રી શાંતિનાથ ભગવાન | વઢવાણ શહેર |
| ૨૧ | શ્રી મહાવીર ભગવાન | વઢવાણ શહેર |
| ૨૨ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | વઢવાણ શહેર |
| ૨૩ | શ્રી શાંતિનાથ ભગવાન | વઢવાણ કેમ્પ |
| ૨૪ | શ્રી મહાવીર ભગવાન | વઢવાણ કેમ્પ |
| ૨૫ | શ્રી મહાવીર ભગવાન | રાણપુર |
| ૨૬ | શ્રી સીમંધર ભગવાન | રાણપુર |
| ૨૭ | શ્રી આદિનાથ ભગવાન | રાણપુર |
| ૨૮ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | રાણપુર |
| ૨૯ | શ્રી સીમંધર ભગવાન | બોટાદ |
| ૩૦ | શ્રી શાંતિનાથ ભગવાન | બોટાદ |
| ૩૧ | શ્રી આદિનાથ ભગવાન | સાવરકુંડલા |
| ૩૨ | શ્રી મહાવીર ભગવાન | સાવરકુંડલા |
| ૩૩ | શ્રી મહાવીર ભગવાન | મલકાપુર |
| ૩૪ | શ્રી વાસુપૂજ્ય ભગવાન | અંજડ |
| ૩૫ | શ્રી મુનિસુવ્રત ભગવાન | કાનપુર |
| ૩૬ | શ્રી મહાવીર ભગવાન | ભેલસા |
| ૩૭ | શ્રી સિદ્ધ પ્રભુજી | સોનગઢ |
| ૩૮ | શ્રી પાર્શ્વનાથ ભગવાન (ચાંદીના) | ઇંદોર |
| ૩૯ | શ્રી શાંતિનાથ ભગવાન (સ્ફટિકના) | ઇંદોર |
| ૪૦ | શ્રી જિનેન્દ્ર ભગવાન (સ્ફટિકના) | ઇંદોર |

| | | |
|---|---|---|
| ૪૧ | શ્રી જિનેન્દ્ર ભગવાન (સ્ફટિકના) | ઈંદોર |
| ૪૨ | શ્રી સિદ્ધ ભગવાન | ઈંદોર |
| ૪૩ | શ્રી સિદ્ધ ભગવાન | ઈંદોર |
| ૪૪ | શ્રી સિદ્ધ ભગવાન | ઈંદોર |
| ૪૫ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | ઈંદોર |
| ૪૬ | શ્રી વર્દ્ધમાન ભગવાન | ઈંદોર |
| ૪૭ | શ્રી ચંદ્રપ્રભ ભગવાન (ચાંદીના) | ઈંદોર |
| ૪૮ | શ્રી જિનેન્દ્ર ભગવાન (પન્નાના) | અજમેર |
| ૪૯ | શ્રી શાંતિનાથ ભગવાન | પેરડા રોડ |
| ૫૦ | શ્રી નેમિનાથ ભગવાન | બાવલી |
| ૫૧ | શ્રી ચંદ્રપ્રભ ભગવાન | કલકત્તા |
| ૫૨ | શ્રી મહાવીર ભગવાન | કલકત્તા |
| ૫૩ | શ્રી શાંતિનાથ ભગવાન | કલકત્તા |

**(૪) લાઠી પ્રતિષ્ઠા મહોત્સવ : વીર સં. ૨૪૭૫**

| | | |
|---|---|---|
| ૫૪ | શ્રી સીમંધર ભગવાન (મૂળનાયક) | લાઠી |
| ૫૫ | શ્રી મહાવીર ભગવાન | લાઠી |
| ૫૬ | શ્રી આદિનાથ ભગવાન | લાઠી |
| ૫૭ | શ્રી શાંતિનાથ ભગવાન | લાઠી |
| ૫૮ | શ્રી સિદ્ધ ભગવાન | લાઠી |

**(૫) રાજકોટ – પ્રતિષ્ઠા મહોત્સવ : વીર સં. ૨૪૭૬**

| | | |
|---|---|---|
| ૫૯ | શ્રી સીમંધર ભગવાન (મૂળનાયક) | રાજકોટ |
| ૬૦ | શ્રી શાંતિનાથ ભગવાન | રાજકોટ |
| ૬૧ | શ્રી ચંદ્રપ્રભ ભગવાન | રાજકોટ |
| ૬૨ | શ્રી નેમિનાથ ભગવાન | રાજકોટ |

| | | |
|---|---|---|
| ૬૩ | શ્રી ઋષભદેવ ભગવાન | રાજકોટ |
| ૬૪ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | રાજકોટ |
| ૬૫ | શ્રી ચંદ્રપ્રભ ભગવાન (ચાંદીના, વિધિનાયક) | રાજકોટ |
| ૬૬ | શ્રી મહાવીર ભગવાન | રાજકોટ |
| ૬૭ | શ્રી સિદ્ધ ભગવાન | રાજકોટ |
| ૬૮ | શ્રી અરનાથ ભગવાન | રાજકોટ |
| ૬૯ | શ્રી પદ્મપ્રભ ભગવાન | રાજકોટ |
| ૭૦ | શ્રી કુંથુનાથ ભગવાન | રાજકોટ |
| ૭૧ | શ્રી સીમંધર ભગવાન | વઢવાણ કેમ્પ |
| ૭૨ | શ્રી સુમતિનાથ ભગવાન | વઢવાણ કેમ્પ |
| ૭૩ | શ્રી આદિનાથ ભગવાન | અજમેર |
| ૭૪ | શ્રી આદિનાથ ભગવાન | અજમેર |
| ૭૫ | શ્રી આદિનાથ ભગવાન | ઈંદોર |
| ૭૬ | શ્રી શાંતિનાથ ભગવાન | ઈંદોર |
| ૭૭ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | ઈંદોર |
| ૭૮ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | ઈંદોર |
| ૭૯ | શ્રી મહાવીર ભગવાન (સ્ફટિકના) | ઈંદોર |
| ૮૦ | શ્રી શાંતિનાથ ભગવાન (નાશિક માટે) | ઈંદોર |
| ૮૧ | શ્રી મહાવીર ભગવાન | ઈંદોર |
| ૮૨ | શ્રી શાંતિનાથ ભગવાન (પાવાગીરી માટે) | ઈંદોર |
| ૮૩ | શ્રી ઋષભદેવ ભગવાન (નાશિક માટે) | ઈંદોર |
| ૮૪ | શ્રી પાર્શ્વનાથ ભગવાન (ચાંદીના) | ઈંદોર |
| ૮૫ | શ્રી સિદ્ધ ભગવાન | ઈંદોર |

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



| | | |
|---|---|---|
| ૮૬ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | ઈંદોર |
| ૮૭ | શ્રી મહાવીર ભગવાન | ઈંદોર |
| ૮૮ | શ્રી અનંતનાથ ભગવાન (નાશિક માટે) | ઈંદોર |
| ૮૯ | શ્રી ચંદ્રપ્રભ ભગવાન | મુંબઈ |
| ૯૦ | શ્રી સીમંધર ભગવાન | મુંબઈ |
| ૯૧ | શ્રી શાંતિનાથ ભગવાન | મુંબઈ |
| ૯૨ | શ્રી મહાવીર ભગવાન | મુંબઈ |
| ૯૩ | શ્રી ઋષભદેવ ભગવાન | મુંબઈ |
| ૯૪ | શ્રી સિદ્ધ ભગવાન | રાણપુર |
| ૯૫ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | પોરબંદર |
| ૯૬ | શ્રી શાંતિનાથ ભગવાન | ઊજ્જૈન |
| ૯૭ | શ્રી સિદ્ધ ભગવાન (ચાંદીના) | ઊજ્જૈન |

ઉપર મુજબ, સૌરાષ્ટ્રના પાંચ વખતના પંચકલ્યાણકોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર હસ્તે કુલ ૯૭ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ છે. એ ઉપરાંત—

પરમ ગુરુ શ્રી કુંદકુંદાચાર્ય ભગવાનની પ્રતિમા સોનગઢમાં 'સીમંધર ભગવાનની ધર્મસભા'માં પ્રતિષ્ઠિત છે.....અને

પવિત્ર શાસ્ત્ર શ્રી સમયસાર–જિનવાણી માતાની પ્રતિષ્ઠા સોનગઢમાં શ્રી જૈન સ્વાધ્યાય મંદિરમાં પૂ. ભગવતી બેન શ્રી ચંપાબેનના શુભ હસ્તે થઈ છે.

"જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી.....ત્યાં ત્યાં કરું પ્રણામ'

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.